**શુભ ભાવની બલિહારી છે ! એ (૧) બાહ્ય કષ્ટ વખતે ય માનસિક કષ્ટને અટકાવે, અને (૨) જીવને આરાધનામાં જોડે.**

શુભ ભાવે કુમારપાળ મહારાજાને ઝેરથી ભયંકર મરણાન્ત કષ્ટ વખતે મનોવેદના ટાળી, (૧) શત્રુને ય ક્ષમાપના, (૨) સર્વ દુષ્કૃતગર્હા, ચાર શરણ સ્વીકાર, આહાર-ઉપધિ-દેહની વોસિરામણપૂર્વક મમતાનો ત્યાગ, અને પંચ પરમેષ્ઠિ સ્મરણની આરાધનામાં જોડ્યા. જોડનાર છે શુભ ભાવ.

પેલા રોહિણિયાને ભૂલતા નહિ એને જામેલા શુભ ભાવે પોતાનું શેષ જીવન મહાવીર પ્રભુનાં ચરણે સમર્પિત કરાવ્યું. શુભ ભાવની જેવી ભાવના પર ? પ્રભુનાં ત્રણ વચને મને જીવતદાન આપ્યું.

**પ્રભુએ આ મને નવું જીવન આપ્યું, તો હવેનું આ જીવન પ્રભુને જ સમર્પિત કરાય.**

કેટલો સુંદર વિચાર ! એ વિચાર પર રોહિણિયા ચોરે પ્રભુનાં ચરણે ચારિત્ર લઇ લીધું. પણ તમારે કાંઇ પ્રભુનાં વચને જીવતદાન-નવું જીવન મળ્યું નથી ને ? એટલે જ ચારિત્ર લઇ જીવન પ્રભુને સમર્પિત નથી કરતા ને ? આ શું મૂઢતા નથી ? લાગે છે ખરું કે કેવા મૂઢ બની જીવનને સંસારના કીચડમાં રંગદોળી રહ્યા છીએ ? મૂઢ બની મન-વચન-કાયાને કેવી સંસારના પાપોમાં વિડંબી રહ્યા છીએ ?'

શી મૂઢતા ?

મૂઢતા આ, કે વર્તમાન ઉચ્ચ જનમ પ્રભુના પ્રભાવે મળ્યો છે, કહો પ્રભુએ આપ્યો છે.

પ્રભુએ આપેલ જનમ આટલો મનમાન્યો ભોગવી લીધા પછી પણ પ્રભુનાં ચરણે સમર્પિત નથી કરવો એ મૂઢતા છે.

શું જીવનમાં ક્યારેક ગેબી બચાવ નથી મળ્યો ! આજના મોટર વગેરેના અકસ્માતના કાળમાં શું પૂછવાનું ? ચાર ઇંચના અંતરેથી મોટર ઢીંગ કરતીક ચાલી ગઇ હોય એવું ક્યારેક બને છે. ત્યાં ધર્મની રૂએ બચાવ મળી ગયો, કહો, ધર્મે નવું જીવન મળ્યું, તો હવે શેષ જીવન ધર્મને નહિ સોંપવાનું ?

વાત આ છે, **પ્રભુને દિલમાં વસાવવા હોય તો તનનો, મનનો ને ધનનો ભોગ આપવો જોઇએ.** રોહિણિયા ચોરને જીવતદાન મળ્યું એ મહાવીર પ્રભુના ત્રણ વચન પર એટલે એ જોઇ રોહિણિયાના દિલમાં પ્રભુ આવ્યા. આવ્યા પછી પ્રભુને દિલમાં





કાયમી વસાવવા એણે સાંસારિક સુખમય જીવનનો ભોગ આપ્યો, ને પ્રભુની પાસે ચારિત્ર લઇ લીધું.

**કેવું તારક શાસન !** આ જિનશાસને રોહિણિયા જેવા ચોરને તાર્યા ! ચંડકોશિક-અર્જુન માળી જેવા ક્રૂર હિંસકને તાર્યા ! ચંદ્રશેખર જેવા ભગિની લંપટને તાર્યા ! વંકચૂળ જેવા ડાકુને તાર્યા ! એ શું આપણને ન તારે ? તારે, પણ ક્યારે ? જેમ પેલાઓએ ભારે ભોગ આપીને પ્રભુને, ધર્મને દિલમાં વસાવ્યા, એમ,

**આપણે ભારે ભોગ આપીને પ્રભુને, ધર્મને દિલમાં વસાવીએ ત્યારે શાસન આપણને તારે.**

## ભવ-૪-અમિતતેજ વિદ્યાધર:

આ ઊંચા જનમની કદર જોઇએ. કદર એનું નામ કે જનમ જેટલો ઉચ્ચ એટલો જીવન જીવવાનો ઉચ્ચ ઉદ્દેશ જોઇએ, અને ઉદ્દેશને અનુકૂળ શક્ય એટલી ઉંચી કાર્યવાહી, ઉંચા વિચાર, ઉંચા બોલ, ઉંચા વર્તાવ જોઇએ.

શાંતિનાથ ભગવાનના ૧૨ ભવનાં ચરિત્રમાં આ જોવું છે. પહેલા ભવમાં એ શ્રીષેણ રાજા, તે પોતાના પુત્રોને વેશ્યાની ખાતર લડતા જોઇ એમને વારવા અને વેશ્યાગમન જેવા નિંદ્ય કાર્યને છોડવા સમજાવે છે, છતાં પુત્રો સમજતા નથી, તેથી ઉંચા કુળમાં આ પોતાને શી નાલેશી કે પોતાના પુત્રો અયોગ્ય માર્ગે જાય ? એ શુભ ભાવમાં ઝેરવાળું પુષ્પ સૂંઘી મર્યા ને બીજે ભવે યુગલિકનો અવતાર પામ્યા. ત્યાંથી કાળ કરીને ત્રીજા ભવે દેવના અવતાર પામ્યા.

હવે ચોથા ભવે એ સ્વર્ગમાંથી અવતરી અમિતતેજ નામના વિદ્યાધર રાજાનો અવતાર પામે છે.

આ અમિતતેજ રાજ્યની અપ્સરા સમકોઇ સ્વયંપ્રભા ત્રિપૃષ્ઠ વાસુદેવને પરણાવવામાં આવી છે, ને વાસુદેવ વડે એ સ્વયંપ્રભાને પટ્ટરાણી બનાવવામાં આવી છે, તેથી ત્રણ ખંડના માલિક ત્રિપૃષ્ઠ વાસુદેવે બદલામાં અમિતતેજના દાદાને વૈતાઢ્ય પર્વત પર વિદ્યાધર રાજાઓના ચક્રવર્તી બનાવ્યા છે. એટલે હવે ક્રમશઃ અમિતતેજ રાજા પણ વિદ્યાધર ચક્રવર્તીપણું પામેલા છે.

અમિતતેજની એક બેન સુતારા નામની થાય છે. એ પેલા કપિલ નામના બનાવટી બ્રાહ્મણની પત્ની સત્યભામાનો જીવ છે. એને પૂર્વ ભવે શ્રીષેણ રાજાએ આશરો આપેલો, ને એ ય શ્રીષેણની પાછળ એની બે રાણીઓની જેમ ઝેરી પુષ્પ

સુંઘીને મરેલી, તે ય યુગલિક અને દેવ થઇ અહીં અમિતતેજની બેન સુતારા થાય છે. આમ-

**શ્રીષેણ અમિતતેજ, સત્યભામા સુતારા, ને અભિનંદિતા શ્રી વિજય રાજા (ગણધરનો જીવ) થાય છે.**

ત્યારે શ્રીષેણ રાજાની બે રાણીઓ અભિનંદિતા શિખિનંદિતામાં, અભિનંદિતા એ શાન્તિનાથ ભગવાનના પ્રથમ ગણધરનો જીવ છે. એ અભિનંદિતા પણ યુગલિક થઇ, પછી દેવ થઇ. અહીં અમિતતેજની ફોઇ સ્વયંપ્રભા જે ત્રિપૃષ્ઠ વાસુદેવને પરણાવેલી છે, એનો પુત્ર શ્રી વિજય નામે થાય છે, ને એ ત્રિપૃષ્ઠ વાસુદેવની ગાદીએ રાજા થાય છે.

અહીં અમિતતેજની બેન સુતારાને શ્રી વિજય સાથે પરણાવવામાં આવે છે. એથી અમિતતેજ અને શ્રી વિજય આમે ય મામા-ફોઇના પુત્ર, તે હવે સાળા બનેવીના નવા સંબન્ધે જોડાવાથી બંને વચ્ચે ગાઢ મિત્રતા જામે છે.

## સંસાર કેવો વિચિત્ર છે !

શ્રીષેણ રાજાની પત્ની અભિનંદિતા, તે હવે આ જનમમાં શ્રીષેણના જીવ અમિતતેજની ફોઇનો પુત્ર ભાઇ શ્રી વિજય બને છે, અલબત્ પહેલા ભવમાં પતિ પત્ની રુપે ગાઢ સંબન્ધ, તો અહીં ચોથા ભવે ભાઇ ભાઇ ઉપરાંત સાળા-બનેવીની મિત્રાચારીનો ગાઢ સંબન્ધ બન્યો. પરંતુ સંબન્ધ ગમે તેટલો ગાઢ અને પર જનમમાં ચાલુ રહેનારો, છતાં અમુક જ તરીકેનો અર્થાત્ પત્ની તરીકેનો કે પતિ તરીકેનો સંબન્ધ તો આગળ નહિ ચાલનારો ને ? તો પછી એવા પતિ તરીકેની કે પત્ની તરીકેની માયા શી કરવી કે આ તો મારી પ્રાણપ્રિય પત્ની યા 'આ તો મારા પ્રાણપ્રિય પતિ' અથવા શોક શો કરવો કે 'હાય ! મારી ખાસ પ્રિય પત્ની મરી !' કે 'હાય ! મારા પ્રાણ સમા પતિ મર્યા ?' જીવને કોણ સમજાવે કે નાદાન ! એ શાની તારી પ્રાણ સમી પત્ની ? એ જ મરીને ભલું હશે તો તારી માતા જ બની બેસશે ! ત્યાં ક્યાં રહેશે પત્ની તરીકેનો રાગ ? માટે,

**સંસારમાં પત્ની તરીકેના કે પતિ તરીકેના, એમ પિતા-પુત્ર તરીકેનાં મમતાનાં દર્શન ખોટાં.**

**સાધર્મિક તરીકેનાં દર્શનમાં મમતા કેમ સારી?**

પ્ર.- તો પછી કેવા તરીકેનાં દર્શન કરવાં?





ઉ.-દર્શન સાધર્મિક તરીકેનાં કરવાં. એમ ન કહેતા, કે

પ્ર.- એમાં શો ફરક પડ્યો ? મમતા તો સાધર્મિક તરીકે પણ થવાની ને ?

ઉ.-મોટો ફરક છે. પતિ-પત્ની તરીકેનાં દર્શનમાં કામ-રાગ પોષાય છે, પિતા-પુત્ર, માતા-પુત્ર, કે મિત્ર-મિત્ર તરીકેનાં દર્શનમાં સ્નેહ રાગ-પોષાય છે, જ્યારે સાધર્મિક તરીકેનાં દર્શનમાં ધર્મરાગ પોષાય છે, આ મારી પત્ની એ રીતે જોતાં એનું શરીર મારે ભોગ્ય એ ભાવ મનમાં આવી જાય છે. 'આ મારી બેન' એ તરીકે જોવામાં એ ભાવ નહિ આવે માટે તો ચોથું વ્રત બ્રહ્મચર્ય લઇ લીધા પછીય સામાન્ય જીવને આ મારા ઘરવાળા ને 'આ મારા બેન' એવાં દર્શનમાં ફરક પડે જ છે ને ?

**સાધર્મિક તરીકેના પ્રેમમાં-મમતામાં શુધ્ધ ધર્મનો રાગ ઝળહળે છે.**

માટે જ પત્નીમાં કે પતિમાં પણ સાધર્મિક તરીકેનાં જ દર્શન કરવા જેવાં છે. પછી જેમ અન્ય સ્ત્રીને સાધર્મિક માની એનાં અંગોપાંગ ન જોવાય. અચાનક દેખાઇ જતાં રાગ ન કરાય, એમ પત્નીમાં સાધર્મિક તરીકેનું દર્શન અંગોપાંગ નહિ જોવા દે. એનો રાગ નહિ જાગવા દે. આ ખાસ હકીકત છે. નહિતર તો કામનો સંબન્ધ તો અમુક ક્ષણ, પરંતુ આખો દિવસ પત્નીમાં પત્ની તરીકેનાં દર્શનથી મરવાનું થાય, મન એજ એકેક અંગને રાગથી જોઇ જોઇ ઢગલો કર્મ બંધાવ્યા જ કરે.

## સાધર્મિક દર્શનમાં કઇ કઇ વિશિષ્ટતાઃ

**સાધર્મિક તરીકેનાં દર્શનથી**

(૧) એ પોતાને કેવી કેવી રીતે ધર્મમાં સહાયક થાય, ને પોતે એને કેવી રીતે ધર્મમાં સહાયક થાય એના વિચાર આવે.

(૨) 'આ મારા પ્રભુના શ્રાવિકા કે પ્રભુના શ્રાવક' એ દ્રષ્ટિ રહે. વળી.

(૩) દેવગુરુને ભૂલી સગાંને દુન્યવી સગા તરીકે દેખી જે વધારે પડતો ખરચ કરાતો હોય તે સાધર્મિક તરીકેનાં દર્શનમાં અટકે. એમ

(૪) સાધર્મિક તરીકેનાં દર્શનમાં એની પ્રત્યે સ્વાર્થ-માયા ભુલાય. તેથી ખોટા ગુસ્સા કે અભિમાન નહિ થાય. એમ

(૫) સાધર્મિક તરીકેના દર્શનમાં, સામાને ખોટી સલાહ શિક્ષા પાપશિક્ષણ નહિ અપાય, સ્વાર્થભંગ નહિ ખટકે.

શ્રેણિકરાજાએ અભયકુમારને કહ્યું કે હવે મારી ઉંમર થઇ છે, તો તું આ રાજ્યગાદી સંભાળી લે.

ત્યાં અભયકુમારે કહ્યું 'જરા ખમો, ભગવાનને પૂછી આવું.' અહીં શ્રેણિકે વાંધો ન લીધો કે 'આવી સાંસારિક વાતમાં ભગવાનને શું પૂછવાનું હતું ?' કેમકે શ્રેણિક ભગવાનની પ્રત્યે અનન્ય ભક્તિ ધરાવતા હતા. ભગવાનની અનન્ય ભક્તિ ધરનાર ક્યાંય પણ ભગવાનને આગળ કરવામાં આવે, એ તો વધાવી જ લેનારો હોય, પછી શ્રેણિક પોતાની સામે અભયકુમાર ભગવાનને આગળ કરે એમાં વાંધો શાનો લે ? ભગવાનને આગળ કરવાની વાતને વધાવી જ લે ને ? નિયમ છે.

**જો ભગવાન પર અનન્ય ભક્તિ-રાગ, તો જ્યાં ભગવાન આગળ કરવામાં આવે એ વાત વધાવી જ લેવાય.**

દુનિયામા દેખાય છે કે જો પત્ની પર અનન્ય રાગ છે, એવો રાગ જાત પ્રત્યે કે ધનાદિ પર નથી, તો જ્યાં છોકરાને બાપના કશું કહેવા પર જો છોકરો કહે 'ઊભા રહો, મારી બાને પૂછી આવું' તો બાપ એ વાતને વધાવી લે છે, વાંધો નથી લેતો કે 'આમાં તારી બાને શું પૂછવું હતું ?' મન સમજે છે કે 'મારા કરતાં એની બા વિશેષ રૂપ છે, તો એની બાને એ આગળ કરે, તો એ વાતને વધાવી જ લેવાય, એમાં વાંધો ન ઘલાય.'

એમ, એક વિદ્યાર્થી બીજાને કહે 'ચાલ રિસેસ છે તો જરા બહાર ફરી આવીએ, ત્યાં જો સામો કહે 'ઊભો રહે માસ્તર સાહેબને પૂછી આવું' તો પોતે જો માસ્તર પર અથાગ બહુમાન ધરાવતો હશે તો એમ નહિ કહે કે એમાં માસ્તર સાહેબને શું પૂછવાનું હતું ? બા, આમે પાંચ મિનિટમાં પાછા આવીએ છીએ.

**દિલનો ભારે ભક્તિ રાગ-બહુમાન એવી ચીજ છે કે ભક્તિપાત્રનું નામ પડે ત્યાં હાથ જોડાઇ જાય, એ શિરોમાન્ય થઇ જાય.**

વિચારજો, તમારા ઘરમાં આ છે ? તમારા દીકરાને એની બા કાંઇક કહે ત્યાં દીકરો કહે 'ઊભી રહે, મારા બાપાને પૂછી આવું.' તો શું એની બા એ વાત વધાવી જ લે ને કે હા, જરૂર, પૂછી આવ ?' જો એની બાને તમારા પર અનન્ય બહુમાન હોય, તો તો તમારું નામ પડે ત્યાં હાથ જોડી દે. વાંધો ન લે. 'ના, આવી વાતમાં તારા બાપાને શું પૂછવું હતું ?' એવું કોણ બોલાવે છે ? બાપ કરતાં માતાને પોતાની જાત પર વધુ રાગ, વધુ બહુમાન છે એ બોલાવે છે. 'હું કહું છું ને તને ? એ તારે માની લેવાનું. એમાં તારા બાપાને પૂછવાનું કામ નથી' આવો પતિ કરતાં જાત પર વધુ રાગ એમ બોલાવે છે. તો જો પતિને પત્ની પર વધુ રાગ હશે તો કાંઇક કરવાનું આવે ત્યારે એને પૂછીને કરશે, સ્થૂલભદ્રજીને કોશા પરથી રાગ





ઉતરી ગયો તો પછી મંત્રિમુદ્રિકા લેવા અંગે પૂછવાનું ન રાખ્યું.

સ્થૂલભદ્રજીને નંદ રાજા કહે છે 'લ્યો આ અત્યાર સુધી તમારા પિતાજીએ ધારણ કરી હતી તે મંત્રિમુદ્રિકા હવે તમે ધારણ કરો. મારી ભૂલના કારણે તમારા પિતાજીનું મૃત્યુ થયું, પણ હવે એવી ભૂલ નહિ થાય એની ખાતરી રાખજો.

ત્યાં સ્થૂલભદ્રજી કહે 'ઊભા રહો, જરા વિચાર કરી આવું.' એમ કહી પાછળ વાટિકામાં વિચાર કરવા ગયા. ત્યાં,

**મંત્રિમુદ્રિકા સામે સ્થૂલભદ્રજીએ શું વિચાર્યું ?**

એ નહિ વિચાર્યું કે કોશાવેશ્યાને પૂછી લઉં કે મંત્રિમુદ્રિકા સ્વીકારું કે નહિ ?' કેમકે પિતાનું દુઃખદ મૃત્યુ જોઇ અને એના મૂળ કારણમાં સંસારની દુઃખદ વિચિત્રતા નિહાળી હવે એમને કોશા પરના અનન્ય રાગને ધક્કો લાગી ગયો હતો. તેથી કોશાને શું કામ આગળ કરે ? એમણે તો એ વિચાર્યું કે,

આ મંત્રિમુદ્રિકા કોશા સાથેના બહુ યોગના સુખમાં તો ભંગ કરનારી છે જ, તો શા સારુ એને સ્વીકારું ? પરંતુ એમ તો કોશાનો બહુ યોગ એ મારી પરલોકહિતકારી પ્રવૃત્તિમાં ભંગ કરનારો છે, તો એ પણ હવે શા સારુ રાખું ? કોશાવેશ્યાનો યોગ બહુ તો આ જનમના અંત સુધી, પણ પછીના જન્મોમાં આ યોગ નહિ, તેમ બીજા ઇષ્ટ યોગનાં સુખ પહોંચાડે નહિ. એ તો અહીં સંસારનાં સુખ જતાં કરી પરલોકસુખકારી જિનોક્ત ધર્મયોગની સાધના કરી લીધી. એજ પરભવે જવાબ આપે, એ સાધના જ ઠેઠ મોક્ષના અનંત સુખ સુધી પહોંચાડે. માટે જેમ કોશાના સુખ ખાતર મંત્રિમુદ્રિકા જતી કરવાની, એમ સુદીર્ઘ પરલોકહિત ખાતર મારે કોશાનો યોગ પણ જતો કરવાનો.

**સંસારના સમસ્ત સુખ છોડી ઉત્કૃષ્ટ પરલોક હિત સાધવાનું એકમાત્ર મનુષ્યભવે જ શક્ય છે.**

તો પછી મનુષ્યભવ પામ્યો છું ત્યારે એ જ કાં ન સાધી લઉં ? પછી આગળ બીજી જાતના ભવમાં એ ક્યાં થઇ શકવાનું હતું ?

સ્થૂલભદ્રજીએ આમ વિચારી ત્યાંજ કેશનો લોચ કરી લઇ સાધુપણું લઇ લીધું. હવે કોશા પર અનન્ય રાગ નહિ, કિન્તુ જિનવચન પર અનન્ય રાગ જાગી ગયો. તેથી કોશાને પૂછવાનું આગળ ન કર્યું.

**અભય-શ્રેણિકને પ્રભુ પર અધિક રાગનું ફળ ?**

જેના પર બહુ રાગ-બહુમાન હોય, માણસ એને પૂછવાનું કરે છે. એ

સ્થિતિ હતી અભયકુમારની. એને ભગવાન પર એવો રાગ, તેથી પિતા શ્રેણિક રાજ્ય ગાદી સંભાળી લેવા કહે છે ત્યારે એ ભગવાનને પૂછવાનું કરે છે. કેમ ? ભગવાન પર પિતા કરતાં અધિક રાગ છે. ત્યારે રાજા શ્રેણિક પણ મગધદેશના સામ્રાજ્ય કરતાં ય ભગવાન પર અધિક રાગ અનન્ય ધરનારા હતા, તેથી જો અભયકુમાર ભગવાનને આગળ કરે છે તો શ્રેણિક એ વાતને વધાવી લે છે, ને કહે છે, 'જા, જરૂર ભગવાનને જે પૂછવું હોય તે પૂછી આવ.'

અહીં અભયકુમાર મહાવીર ભગવાન પાસે જઇ શું પૂછે છે ? 'હું રાજ્ય લઉં કે નહિ', એવું પૂછે છે ? ના, એ એવા અવિવેકી નથી તે એવું પૂછે. એ તો વિવેકનો પ્રશ્ન કરે છે કે-

'પ્રભુ ! આપના શાસનમાં છેલ્લા રાજર્ષિ કોણ ?

ભગવાન કહે છે, 'જો પેલા ઉદાયન રાજર્ષિ બેઠા છે ને ? એ છેલ્લા રાજર્ષિ. હવે પછી મારા શાસનમાં કોઇ રાજર્ષિ નહિ થાય.'

અભયકુમાર આના પરથી તાગ કાઢી લે છે, ને વિચારે છે કે આનો અર્થ તો એ, કે જો હું રાજા થાઉં તો પછી ઋષિમુનિ ન બની શકું, મને ચારિત્ર ન મળે. જો એ ન મળે તો આ માનવભવ એળે જાય. માનવભવ તો ચારિત્ર માટે જ છે. તો આ માનવભવે એ ન પામું તો પછી બીજા કયા ભવે એ પામવાનો હતો ?' શું ?

**માનવભવ ચારિત્ર માટે જ છે. ચારિત્ર માટે માનવભવ જ છે. અહીં ચારિત્ર ન પામ્યા તો બીજે ક્યાં પામવાના ?**

અભયકુમાર આવ્યા પિતા શ્રેણિક પાસે, ને કહે છે 'પ્રભુ કહે છે છેલ્લા રાજર્ષિ ઉદાયન થઇ ગયા, હવે કોઇ રાજા થઇને ઋષિ નહિ થાય, ચારિત્રદીક્ષા નહિ લે. તો જો હું રાજા થાઉં તો મને ય ચારિત્ર ન મળે. પછી તો રાજ્યશ્રી નરકશ્રી ! ત્યારે પ્રભુનો ભક્ત એવા તમારો દીકરો, અને મહાવીર પ્રભુનો ભક્ત હું રાજ્ય લઇને નરકે જાઉં એવું શું તમે ઇચ્છો છો ? જો ના તો મને રાજ્ય નહિ ચારિત્ર અપાવો.

અહીં શું કહે શ્રેણિક ? શ્રેણિક અભયકુમારમાં હવે પુત્ર તરીકેનું દર્શન નહિ, પણ સાધર્મિક તરીકેનું દર્શન કરે છે, તેથી ત્યાં પોતાનો મોહ અને સ્વાર્થ-ભંગ જોવાનું બાજુએ મૂકી અભયકુમારનું કેમ આત્મહિત થાય અને પોતે એમાં કેમ સહાયક થાય એ જુએ છે, ને પછી તરત એને પ્રભુ પાસે લઇ જઇ દીક્ષા અપાવી દે છે. કેવી સુંદર દ્રષ્ટિ !





**પુત્રમાં સાધર્મિકનું દર્શન કરાય તો મોહ ન થાય, ને સ્વાર્થભંગ ન જોવાય.**

**સંસાર વિચિત્રઃ રાજારાણી સાળા-બનેવી બને છે**

વાત હતી સંસારની વિચિત્રતાની, શ્રીષેણ રાજા અને અભિનંદિતા રાણી હવે સાળા-બનેવી બને છે ! શ્રીષેણ બને છે અમિતતેજ વિદ્યાધર રાજા, અને અભિનંદિતા બને છે આમ તો અમિતતેજની ફોઇનો ને ત્રિપૃષ્ઠ વાસુદેવનો પુત્ર શ્રી વિજય. પણ એને અમિતતેજ પોતાની બેન સુતારા પરણાવે છે એ હિસાબે અમિતતેજ બન્યા સાળા, અને શ્રી વિજય બન્યા બનેવી. આ બેન સુતારા કોણ છે ? પૂર્વ ભવે શ્રીષેણ રાજાએ આશ્રય આપેલી કપિલપત્ની સત્યભામા બ્રાહ્મણીનો જીવ. આમ સંસારમાં સંબન્ધના વિચિત્ર પરિવર્તન હોઇ ક્યાંય સંબન્ધ પર મમત્વ કરવા જેવા નથી, અને કરવા હોય તો સાધર્મિક તરીકેનાં મમત્વ કરવાં, એ વાત થઇ.

ત્રિપૃષ્ઠ વાસુદેવના મૃત્યુ પછી એની પટ્ટરાણીનો પુત્ર શ્રી વિજય એ રાજા બને છે, અને અહીં અમિતતેજ પોતાના પિતાના ચારિત્રમાર્ગે ગમન પછી વિદ્યાધર રાજા બને છે. બંનેને પરસ્પર સ્નેહ છે તેથી એક વાર અમિતતેજ રાજા વિમાનમાં બેસીને અહીં શ્રી વિજયને ત્યાં મળવા આવી લાગે છે, ત્યારે ત્યાં મોટો મહોત્સવ જુએ છે.

**અમિતતેજ શ્રી વિજયને 'અકાળે મહોત્સવ શાનો ?'**

શ્રી વિજયને પૂછે છે 'હમણાં કોઇ પર્વ છે નહીં તો પછી આટલો મોટો ઉત્સવ શાનો ?'

શ્રી વિજય એના કારણ તરીકે પ્રસંગ વર્ણવે છે તે પ્રસંગ એવો અદ્‌ભુત બન્યો છે કે એમાંથી ઘણો બોધપાઠ મળે એવો છે. અલબત્ત જાતમાં અગર બીજામાં બનતા તેવા તેવા વિલક્ષણ પ્રસંગો પરથી બોધપાઠ લેવાની તમન્ના જોઇએ. તમન્ના ન હોય અને અદભુત પ્રસંગ જાણવા તો મળે, પરંતુ એ ખાલી આતુરતા સંતોષવા પૂરતો જ ઉપયોગી થાય. માટે કહેવાય કે

**પ્રસંગને આતુરતા શમાવવા જાણીએ એમાં બહિરાત્મભાવ પોષાય.**
**પ્રસંગને બોધપાઠ લેવા જાણીએ એમાં અંતરાત્મભાવ પોષાય.**
**આત્માની અવસ્થા ત્રણ,**

૧. બહિરાત્મદશા-આત્મા સિવાય બહારનું જ લક્ષ. ૨. અંતરાત્મદશા,

પોતાના આત્માનું જ લક્ષ અને શુદ્ધિકરણ.ઉ. પરમાત્મદશા-સર્વથા વિશુદ્ધ આત્મદશા.

આમાં બહિરાત્મદશાવાળો પોતાના આત્માને છોડીને કેવળ બહારના જ લક્ષવાળો છે, એટલે એને તો જ્યાં ને ત્યાં અને જ્યારે ને ત્યારે બહારનું જ જોવું છે. તેથી એ તીર્થંકર ભગવાન જેવાનું ય ચરિત્ર સાંભળે એમાં પણ 'હાં, પછી શું બન્યું ?' એવો માત્ર કથારસ પોષાતો રહે, આતુરતા જ શમાવાતી હોય. પોતાના આત્મામાં કશું લેવાની વાત ન હોય. એટલા જ માટે આવો આત્મા વિચારસરણીય પ્રસંગ પર પણ કશો ઠરીને વિચાર નહિ કરે.

**બાહુબળને ભોગનું પુણ્ય કેમ નહિ ?**

દા.ત. સાંભળ્યું કે 'ભરત બાહુબળનું યુદ્ધ થયું, એમાં ભરત પોતાની ચક્રવર્તીની મોટી સેનાની સમક્ષમાં હાર્યા, લજવાયાઃ' હવે આ પ્રસંગ વિચારણીય છે કે આટલી અથાગ પુણ્યાઇ અને પુણ્યસામગ્રીવાળો તથા છ ખંડનો વિજેતા બનવાના પરાક્રમવાળો હારે ? કેમ હારે ? કદાચ કહીએ કે 'બાહુબળ પાસે ભરત કરતાં અખુટ અધિક બળ છે,' તો વિચારણીય એ છે કે એવા બાહુબળ પાસે છ ખંડની ઠકુરાઇ કેમ નહિ ? કદાચ કહો-'ભરતને ભોગનું ઉંચું પુણ્ય ને બાહુબળજીને બળનું ઉંચું પુણ્ય. એમ પુણ્યાઇ જુદી જુદી હોઇ એમ જ હોય,' એમ જો કહો તો વિચારણીય એ છે, કે બંનેએ પૂર્વભવે સાધુસેવા કરી પુણ્ય ઉપાર્જેલું, તો પુણ્ય પુણ્યમાં કેમ ફરક પડ્યો ?'

❀ ❀ ❀ ❀ ❀ ❀

આમ એક પ્રસંગ પર કેટલીય વાતો વિચારવા જેવી હોય, છતાં બહિરાત્મદશાવાળાને એ કશો વિચાર જ કરવો નથી. એને તો બસ સાંભળ્યું કે 'બનેના યુદ્ધમાં ભરત હાર્યો, લજવાયો' ત્યાં ઝટ જાણવાની આતુરતા થશે કે 'હાં, તો પછી ભરતે લજવાઇને શું કર્યું ?' બસ, આટલી માત્ર જિજ્ઞાસા થવાની, આટલું જ જાણવા માટે આતુરતા થવાની આવી,

**કથા પ્રસંગમાં માત્ર આતુરતા જ પોષવાની હોય ને પોતાના આત્મા માટે કશું લેવાનું ન હોય ત્યાં બહિરાત્મદશા જ બની રહે, ત્યાં અંતરાત્મદશા શી રીતે આવે ?**

બિચારો જીવ અનંત અનંત કાળથી કેવળ બહારનો જ રસ પોષતો આવ્યો છે, તો અહીં ઉચ્ચ આર્ય માનવ અવતારમાં અને જિનશાસનની પ્રાપ્તિમાં આવ્યો





તો ય બહારમાં જ ભટકે છે ! બહારનો જ રસ રાખે છે ! ને પોતાના આત્મા માટે કશું જ વિચારતો નથી, એ કેવી દુર્દશા !

અરે ! દુર્દશા તો એવી છે કે કદાચ પહેલાં કહ્યા તેવા વિચારણીય પ્રશ્નોનો વિચાર બી કરશે, તો તે પણ એની માત્ર આતુરતા પોષવા કરશે, અને 'બીજાને આપણે એમાં સુંદર સમાધાન આપી શકીએ જેથી આપણી બહુ વિદ્વત્તા જણાય, સારા જાણકાર તરીકેનો યશ મળે' એટલી જ ભાવનાથી વિચાર કરશે ! આ પણ બહારનો જ રસ પોષે છે. પોતાના આત્માને કશો બોધપાઠ લેવો નથી, એ દુર્દશા છે.

**શાસ્ત્ર પણ બાહ્યનો જ રસ પોષવા ભણે ત્યાં બહિરાત્મદશા.**

આવી બહિરાત્મદશામાં બહુ શાસ્ત્રો ય ભણી કાઢશે પરંતુ તે પણ નવું નવું જાણવાની આતુરતા પોષવા માટે, અને જગતમાં એનાથી યશ વગેરે ચરી ખાવા માટે. એટલે શાસ્ત્રનાં તત્ત્વ જાણવાની આતુરતા પણ બાહ્યના રસવાળી જ થઇ, આત્મહિતના કશા રસવાળી નહિ, આત્મહિતનો કશો બોધપાઠ લેવા નહિ.

શું કરવાની આવી બાહ્યના જ રસવાળી આતુરતાને ? અને એ આતુરતાથી મળેલી જાણકારીને ? એવા કેટલાય માણસ જોવા મળે છે કે જેમને આત્મહિતના બોધપાઠ માટે જાણવાની આતુરતા નથી હોતી એટલે વ્યાખ્યાનમાં પ્રશ્નો જ પૂછ્યે રાખે છે. જો ખરેખર આત્મહિતનો બોધપાઠ લેવાની ગરજ હોત તો તો વ્યાખ્યાનમાં જે ગંભીર વિચારણા ચાલી રહી હોય છે એને જ મનમાં ખૂબ મમરાવત, અને પોતાના આત્માના હિતનું એમાંથી ગ્રહણ કરતે. આ કરવામાં આટલો બધો ગંભીર બન્યો હોત તો એને નવી નવી આતુરતા કરવાની ફુરસદ જ ન મળતે. વ્યાખ્યાનમાં ચાલતી ગંભીર વિચારણા લક્ષમાં ન લેવી, ને ખાલી આતુરતાથી પ્રશ્નો પૂછવા એનો શો અર્થ ? કોઇક વાર તો મજા એ થાય કે પ્રશ્નનો ઉત્તર દેવાતો હોય ત્યારે ભાઇ ઝોકું ખાતા હોય ! અથવા હજી તો ઉત્તર કહેવાનું ચાલુ હોય, પૂરું ન થયું હોય એમાં વળી બીજો પ્રશ્ન પૂછી મારે !

**ખરી વાત એ છે કે બહિરાત્મદશાવાળાને આત્મહિતકર પ્રસંગમાં પણ પોતાના આત્માના હિતમાં કશું ઉતારવાનું હોતું નથી.**

નહિતર ખાલી પ્રશ્નો પૂછપૂછ કરવાને બદલે વ્યાખ્યાનમાં કહેવાની ગંભીર વસ્તુને પોતાના આત્માના હિતમાં ઉતારતો ન જાય ? અસ્તુ.

અહીં અમિતતેજ વિદ્યાધર રાજા પોતાના બનેવી રાજા શ્રી વિજયને ત્યાં

આવ્યો છે, તે અવસરે રાજ્યમાં ઉત્સવ જોઇ પૂછે છે 'અત્યારે આ ઉત્સવનો પ્રસંગ શો છે ?'

શ્રી વિજય રાજા જે પ્રસંગ બતાવે છે તે આ છે.

**શ્રી વિજયના રાજ્યમાં ઉત્સવ કેમ ?**

બન્યું છે એવું કે સાત દિવસ પૂર્વે શ્રી વિજય રાજાની સભામાં એક નિમિત્તિયો આવેલો. રાજા એને હસતાં પૂછે છે, કેમ કાંઇ આશાએ આવ્યા છો ?

નિમિત્તિયો કહે 'અમારે તો સાહેબ ! જીવન જ એવું છે કે આપ સરખાની પાસે આશાભેર જ આવવાનું હોય. પરંતુ અત્યારે જે આવ્યો છું તે એક ભાવી દુઃખદ ઘટના બનવાની છે તે કહેવા આવ્યો છું, જેથી આપ સાવધાન થઇ જાઓ.'

રાજા કહે, 'હાં ? શી એવી દુઃખદ ઘટના બનવાની છે તે કહો.'

નિમિત્તિયો કહે 'પણ એ જણાવું તો તમને મોટો આઘાત થાય એમ લાગે છે.'

રાજા કહે 'તો પછી કેમ કહેવા આવ્યા છો ?'

નિમિત્તિયો કહે આપના આત્મહિત માટે કહેવા આવ્યો છું.

**કડવું સત્ય આઘાત લગાડે તો આત્મહિતની ગરજ નહિ.**

રાજા કહે 'તો પછી જરૂર કહો મારા આત્મહિત માટેનું કડવું પણ સત્ય સાંભળવામાં આઘાત શાનો લગાડવાનો ? આઘાત લગાડવાનો અર્થ તો એ કે મને મારા આત્મહિતની જેટલી ગરજ નથી તેટલી આઘાત ન લાગે એવું મીઠું મીઠું સાંભળવાની ગરજ છે પણ એ મૂર્ખતા છે. આ જગતમાં આત્મહિત માટે સંભળાવનારા છે ક્યાં ? મીઠું મીઠું સંભળાવનારા તો જોઇએ એટલા સ્વાર્થી માણસો મળે છે. પણ માત્ર એવું મીઠું મીઠું સાંભળી આનંદ માન્યો એ તો માત્ર આ ભવની લીલા. પછી પરભવે એથી શો લાભ ? જીવનું પરભવે એ અહીંના મીઠા મીઠા માન સન્માનના શબ્દ શું લીલું વાળે ? શું ભલું કરે ? ભલું તો અહીં કડવું પણ સત્ય સાંભળીને આત્મહિતમાં લાગી જવાય તો જ થાય. રાજા નિમિત્તયાને કહે છે-'માટે તમે ખુશીથી કહો, તમે કલ્પનાથી થોડું જ કહેવાના છો ? તમે કહેશો તે તમારા શાસ્ત્રથી જાણેલું જ કહેવાના છો ને ?'

નૈમિત્તિક કહે– હા મહારાજ ! જૈન નિમિત્ત શાસ્ત્રથી જે મને જાણવા મળ્યું તેજ મારે કહેવાનું છે.

રાજા પૂછે છે, 'હા ! તમને નિમિત્તશાસ્ત્રોનો બોધ શી રીતે થયો ? એ





જરા પહેલાં કહો એટલે પછી એ શાસ્ત્રની વાણીથી જાણેલા પર અધિક શ્રદ્ધા થાય.'

નિમિત્તિયો જરાક વિચારમાં પડી ગયો કે હવે આ ખુલાસો આ ભરી સભા વચ્ચે કેમ કહેવાય ? કારણ કે આ કહેવામાં તે પહેલાં મારી નબળી બાજુ કહેવી પડે એમ છે.' પણ પછી તરત એને લાગ્યું કે 'અત્યારે મહારાજાના મહાન હિતનો સવાલ છે, તો એ વખતે મારી હલકાઇ થવાની ચિંતા કરવાની જરૂર નથી. હું એક સામાન્ય માણસ છું, ને મહારાજા મોટી પ્રજાના પાલક છે. એમના હિત આગળ મારા જેવા નાના માણસની હલકાઇ કદાચ થાય, તો તે વિસાતમાં નથી.

નિમિત્તિઆનો વિવેક જોવા જેવો છે.

**સામે મોટું ભલું થતું હોય ત્યાં પોતાના નાના નુકસાનને નહિ ગણવું એ વિવેક છે.**

એથી ઊલટું, સામાના મોટા ભલાને ધ્યાનમાં ન લેવું અને પોતાના તુચ્છ સ્વાર્થને જ સાચવવો એ અવિવેક છે, અજ્ઞાનતા છે, મૂઢતા છે. આજનો છોકરો જો આ ધ્યાન પર લે તો માબાપના ઠપકાની સામે ઉદ્ધત બોલ અને ઉદ્ધત વ્યવહાર ન કરે. કેમકે એ સમજે કે માબાપના કડવા શબ્દમાં મારે જરા માનહાની જેવું અલ્પ નુકસાન છે, પણ એ જો સ્વીકારી લઇ ક્ષમા માગું તો માબાપના દિલને મહાન શાતા મળે, ને મારે પણ ભવિષ્યમાં સાવધાન રહેવાય. જ્યારે, આ માનહાનીથી બચવા 'એ ફરીથી ઠપકા ન દે' એ માટે જો ઉદ્ધત બોલ કાઢું તો એમનાં દિલ ઘવાય કે 'અરેરે ! આટઆટલો નાનેથી મોટો કર્યો એના ઉપકારનો બદલો તો દૂર રહ્યો પણ ઉપરથી આવા ઉદ્ધત બોલ બોલે છે !' આમ એમને મહાન અશાતા થાય. પછી નિરંતર એમના હૈયે એનો સંતાપ રહે.

જીવન જીવતાં વિવેક જોઇએ છે. ક્યાં વધારે દુઃખ ? એ જોઇ અલ્પ દુઃખની વસ્તુ વધાવી લઇને પણ મહાદુઃખની વસ્તુને ટાળવામાં આવે.

નિમિત્તિયો એટલા જ માટે પોતાની હલકાઇ થાય એને ન ગણકારતો, મહારાજાનું હિત થાય એ માટે પોતાની હકીકત કહે છે.

**નિમિત્તિયો શાસ્ત્ર શી રીતે ભણ્યો ?**

એ કહે છે, 'મહારાજા ! હું નિમિત્ત શાસ્ત્ર શી રીતે ભણ્યો એ આપની સેવામાં રજુ કરું છું. હું મારા પિતાની સાથે વૈરાગ્યથી દીક્ષિત થયેલો. તે જ્ઞાન પ્રાપ્તિ કરતાં કરતાં ગુરુએ મને યોગ્ય જાણી નિમિત્ત શાસ્ત્ર ભણાવેલું. પરંતુ વિહારક્રમે અમારે મારા જન્મ વતનમાં આવવાનું થતાં સંસારી પણે મારા ફોઇની

દીકરી જે મને દેવાયેલી અને મારા પર જે અતીવ રાગવાળી હતી તેને પરણી લેવા માટે એના સગાઓએ મારા પર દબાણું કર્યું.

મને એ લોકો કહે 'તમે તો સાધુ થઇ ગયા, પણ આ બિચારી તમારા વિના ઝૂરી ઝૂરીને મરી જશે, એમાં તમને સ્ત્રીહત્યાનું પાપ લાગશે ! આમાં ક્યાં તમારી દયા રહી ? તમારી ખાતર તો એ હજી સુધી કુંવારી રહી છે અને તમારી નિત્ય રટણા કરે છે. તમે એને નહિ પરણી લો, તો એ આમ ને આમ દુબળી પડતી પડતી સુકાઇ શોષાઇ જશે, ને વગર મોતે વહેલી મરી જશે. માટે એને બચાવી લો, અને પરણી લો એને. પછી આગળ પર એને ય વૈરાગ્યમાં તૈયાર કરી, જોઇએ તો ચારિત્ર લઇ લેજો. !'

નિમિત્તિયો આગળ કહે છે, 'મહારાજા ! આ સાંભળતાં મને મોહનો અંધાપો આવ્યો. આમે ય મને પહેલાં એના પર રાગ હતો જ, પણ વૈરાગ્યમાં એ દબાઇ ગયો હતો તે હવે પાછો ટટાર થઇ ગયો. એ રાગના અંધાપામાં હું એ જોવું ભૂલી ગયો કે કન્યા ઝૂરી મરે છે એ એના મોહથી, પણ મારી ચિંતાથી નહિ. એમાં એને મારા આત્માની કશી જ ચિંતા નથી કે 'આમના આત્માનું પરભવે શું થાય ?'

## સ્વાત્માની ચિંતા નહિ એ સામાના આત્માની ચિંતા શાનો કરે ?

જ્યાં પોતાના આત્માની જ ચિંતા ન હોય કે એ રાગ અને મોહ કરીને પરભવે આ વિરાટ સંસારમાં ક્યાં ભટકતો થઇ જશે, ત્યાં પ્રિય માનેલાની તો ચિંતા શાની જ થાય કે પરભવે આમનું શું થશે ? તો પછી એવા અજ્ઞાનતાભર્યા તુચ્છ સ્વાર્થને પોષવા મારે આ સ્વ-પર હિતકારક પવિત્ર ચારિત્ર શા માટે ગુમાવવું ? કરોડો જન્મ પછી દુર્લભ મનુષ્ય જનમ મળે ! એમાં ય વળી પવિત્ર ચારિત્ર મળવું ક્યાં સહેલુ છે ? આટઆટલું દુર્લભ ચારિત્ર જો અહીં મળી ગયું છે, તો ભવે ભવે મળનારી અને દુર્ગતિમાં ઘસડે એવા રંગરાગ કરાવનારી સ્ત્રીમાં મારે શા માટે લોભાવું ? વાસનાની ખણજ વિષયભોગથી કરોડો ભવે પણ મટતી નથી. તો એને હવે શા માટે પોષું ?

બસ, આ જોવું ભૂલ્યો, તે અજ્ઞાન અને મોહવશ પેલાઓની વિનવણી પર પીગળી ગયો, અને મેં ચારિત્ર છોડી દઇ એ બાળા સાથે સંસાર માંડ્યો. મહારાજા સાહેબ ! નિમિત્ત-શાસ્ત્ર હું આ રીતે ભણેલો. પરંતુ તુચ્છ દુન્યવી સ્વાર્થ માટે હું એનો ઉપયોગ કરતો નથી. આ તો આપના મહાન આત્મહિતને ઉદ્દેશીને એ શાસ્ત્રથી જોયેલું કહેવા આવ્યો છું.'





રાજા અને આખી સભા સ્તબ્ધ થઇને સાંભળી રહી હતી. ત્યાં રાજાને પણ લાગ્યું કે 'આ બહુ મહત્ત્વની વાત કરવા આવ્યો છે. તો એ જાણવું જ જોઇએ.' એટલે રાજા પૂછે છે-

'તો પછી હવે તમે તમારા નિમિત્ત શાસ્ત્રના હિસાબે શું જોયું છે એ કહો.' રાજાનો જાણવાનો નિર્ધાર જોઇ સભામાંથી પણ અવાજ નીકળે છે કે 'કહો કહો, શું એવું તમે જોયું છે ?'

## નિમિત્તિયાની આગાહી :-

નિમિત્તિયો કહે છે, 'આજથી સાતમે દિવસે પોતનપુરના રાજાના માથે વિજળી પડશે.'

આ સાંભળતાં જ સભામાં સન્નાટો છવાઇ ગયો એટલું જ નહિ, પણ નિમિત્તિયા પર ભારે દ્વેષ ઊભો થઇ ગયો તે સભામાંથી અવાજ નીકળે છે કે-

'તો પછી તારા માથે શું પડશે ?'

રાજા લોકોને કહે એના પર તમે દ્વેષ ન કરો, આપણે એને દબાણ કરીને પૂછ્યું છે તો એને પોતાના શાસ્ત્ર જ્ઞાનથી જોયેલું આપણને કહ્યું છે પછી એના પર દ્વેષ કેમ કરાય ?'

ન્યાયસરની વાત છે ને ? સામાના મોંમાં આંગળાં ઘાલીને એને બોલાવીએ, ને પછી એ જે કહે એના પર દ્વેષ કરીએ એ અન્યાય નથી ? ગુરુને વિનંતિ કરીને પાટ પર બેસાડી વ્યાખ્યાન કરાવો, પછી ગુરુને યોગ્ય લાગે તે હિતશિક્ષા આપે એમાં પછી દ્વેષ કરાય ખરો કે 'અમારી ભૂલો કેમ કાઢો છો ? અમને અણગમતું કેમ કહો છો ?' આ દ્વેષ ખોટો છે એ કરનારો ફરીથી હિતશિક્ષા પામે ? ને હિતશિક્ષા ન મળે તો જીવનું કલ્યાણ થાય એવું છે ? ત્યારે

## ગુરુ વિના આત્માના હિતની શિક્ષા કોણ આપે એમ છે ?

કેટલાક માણસો તો ગુરુ નજીકમાં છતાં આટલા જ માટે ગુરુ પાસે નથી આવતા કે 'જઇશું તો ધર્મ કરવાનું કહેશે.' પણ ભલા આદમી ! ગુરુ વિના ધર્મ કહેનાર બીજું છે કોણ ? અને ઊંચો આર્ય માનવ અવતાર પામીને ધર્મથી ગભરાય છે ? 'હાય ! ધર્મ કરવા જાઉં તો મારું થોડું ખાવા પીવાનું, થોડા પૈસા, કે થોડી એશઆરામી, યા થોડી વાતોચીતો જતી કરવી પડે !' આ ગભરામણ રાખે ? શું ખબર નથી કે ગમે તેટલું આ તારું વહાલું કરેલું ખાવાપીવાનું-પૈસા આરામી વગેરે અવસરે કર્મસત્તા કેવુંક લૂંટી લે છે ! એ કર્મસત્તા બિમારી કે એવું કાંઇક આપીને

મનગમતું ખાવાપીવાનું લૂંટે છે તે ? બિમારી પૈસા ય લૂંટે ને ? બીજા ય કેટલાક અણગમતા પ્રસંગ પર પૈસા ખરચવા પડે ને ? કર્મે આપેલી કોઇક તકલીફ એશઆરામીને લૂંટે ને ? છેવટે જીવનનો અંત આવતાં ખાનપાન-પૈસા-આરામી બધું જ તણાઇ જવાનું ને ? તો પછી ધર્મને થોડું લૂંટવા દે ને ?

**કહે ધર્મને,-આવો ! તમે પણ આવો, બીજા મારું કેટલુંય લૂંટી જાય છે, તો હે દયા દાન-શીલ તપ-પ્રભુભક્તિ વગેરે ધર્મ ! તમે પણ મારું લૂંટો.'**

**તમારું લૂંટનારામાં ધર્મને ય ભાગીદાર બનાવો તો હોંશથી ધર્મ થાય.**

ધર્મથી ગભરાય નહિ એ ગુરુથી ગભરાય નહિ. જાય ગુરુ પાસે, ગુરુનું સાંભળે, અને કડવું પણ સાંભળીને ગુરુ પર ગુસ્સે ન ભરાય. સમજે છે કે 'ગુરુ પાસે સાંભળવા આવ્યો છું તો એ જે સંભળાવે એના પર ગુસ્સો ન કરાય.'

પેલા શ્રી વિજય રાજાની સભાના લોકો નિમિત્તિયાના વચન પર અકળાઇ ઊઠ્યા, તો રાજા કહે છે 'ગુસ્સે શાના થાઓ ? આપણે જ એને કહેવા કહ્યું, તો પછી એ જે કહે તે સાંભળવું જ જોઇએ, અને એનાં કડવાં પણ વચન પર ગુસ્સો ન કરાય.'

અહીં લોકોનો કોલાહલ શાંત થયો ત્યારે લોકો જે બોલેલા કે તું પોતનપુરના રાજાના માથે વિજળી પડવાનું કહે છે તો એ વખતે તારા માથે શું પડવાનું ?' એનો ઉત્તર આપતાં નિમિત્તિયો હસતાં હસતાં કહે છે-'મારા માથે હીરા-માણેક-સોનૈયા વરસશે' રાજા પૂછે છે 'શું આ મશ્કરીમાં બોલે છે ?' પેલો કહે 'આપની આગળ મશ્કરીનું બોલાય ?' આ પણ નિમિત્તશાસ્ત્રના આધારે કહું છું.'

રાજા કહે, 'તો શું આ બંને વાતો બનવાની ?

નિમિત્તિયો કહે છે મહારાજા ! નિમિત્તશાસ્ત્ર પણ જિનવચન છે અને જિનવચન કોઇ કાળે ખોટું પડે નહિ, એટલે એ બંને વાતો બની આવવાની.'

ત્યારે આ ઉપરથી વિચાર કરવા જેવો છે કે નિમિત્ત-જ્યોતિષ વગેરેનાં શાસ્ત્રોએ અગાઉથી કહી મૂકેલી વસ્તુ બરાબર બની આવે છે એટલે એ જિનવચનોની સત્યતા સાબિત થાય છે, તો પછી એ હિસાબે બધાં જિનવચન સત્ય કેમ ન હોય ?

જિનવચન સમસ્ત પર શ્રદ્ધા કરવા આ એક ઉપાય છે કે-

નિમિત્ત જ્યોતિષ વગેરે કેટલાંક જિનવચનરુપી શાસ્ત્રોના જો પરચા મળે છે તો બીજાં પણ જિન વચન સત્ય કેમ ન હોય ? કેટલાકને શંકા પડે છે ને 'જો





ભવ્ય જીવો મોક્ષે જતા જાય છે તો કોઇ વારે સંસાર ભવ્ય જીવોથી ખાલી ન થાય ?'

એમ સવાલ ઉઠે છે કે અલ્પ સમયના ખોટા વિચારમાં કે ઉચ્ચારમાં કર્મની દીર્ઘ સમયની મોટી સજા ?'

એમ શંકા પડે છે કે 'આજની શોધ કહે છે સૂર્ય સ્થિર છે, અને પૃથ્વી ફરે છે, તો પછી શાસ્ત્ર પૃથ્વીને સ્થિર અને સૂર્યને ફરતો કહે છે એ સાચું કેવી રીતે ?'

આવી આવી શંકાઓ પડે છે. પરંતુ તેમાં આ વિચારવાનું છે કે જેમ જ્યોતિષ નિમિત્ત વગેરેના શાસ્ત્રવચનો-જિનવચનો સાચાં, એમ આ પણ જિન વચનો સત્ય છે. નહિતર વીતરાગસર્વજ્ઞ ભગવાનને થોડું સાચું ને થોડું ખોટું કહેવાનું પ્રયોજન શું ? એમને રાગદ્વેષ છે નહિ એટલે રાગ-દ્વેષથી જે ખોટું બોલાય છે એ એમને બોલવાનું હોય નહિ. તેમ સર્વજ્ઞ છે તેથી લેશમાત્ર અજ્ઞાન નથી, તેથી અજ્ઞાન વશ જે ખોટું બોલાય છે, તે પણ બોલવાનું એમને હોય નહિ.

વળી એ તો હકીકત છે કે આપણે જે એમ ને એમ નથી કહી શકતા કે 'મહિનામાં પ્રથમ ચંદ્રરેખા ક્યારે દેખાશે', 'સૂર્યગ્રહણ ક્યારે થશે' વગેરે વસ્તુઓ એ જ્યોતિષ શાસ્ત્ર કહી આપે છે, એમ જન્મકુંડલી-ફલાદેશ શાસ્ત્ર અને સામુદ્રિક શાસ્ત્ર ભાવી બનાવ અગાઉથી કહી આપે છે, એમ નિમિત્તશાસ્ત્ર અગાઉથી સાચી આગાહી કરે છે, તો આ આપણે ન જાણી શકવા છતાં એવા મહાજ્ઞાની પર અવિશ્વાસ કરીએ ? બોલો,

**અજ્ઞાનીને જ્ઞાની પર અવિશ્વાસનો હક નથી.**

જેમણે આ શાસ્ત્ર કહ્યાં એ અજ્ઞાની કે સામાન્ય જ્ઞાની તો નહિ ને ? તો પછી જો એ વિશિષ્ટ જ્ઞાની છે તો એમનાં વચન પર અવિશ્વાસ કેમ કરાય ? પ્રશ્ન કેમ ઉઠાવાય ? કે 'ફલાણું આમ કેમ ?' આપણું જ્ઞાન કેટલું ? બુદ્ધિશક્તિ કેટલી ? કાલે શું થવાનું છે એનું ય જ્યાં ભારોભાર અજ્ઞાન પડ્યું હોય ત્યાં આપણે દૂર ભવિષ્યનું શું જોઇ શકીએ ? તો પછી જે એ જાણે છે એવા દૂર ભવિષ્યનું પણ જાણનારા વિશિષ્ટ જ્ઞાનીનાં વચન પર આપણે શંકા કરાનારા કોણ ? શંકા કરવાનો હક શો છે ?

નિમિત્તિયો કહે છે 'જિનવચન અન્યથા હોય નહિ એમાં મીનમેખ ફરક પડે નહિ. માટે નિમિત્તશાસ્ત્રના આધારે કહેલી, મારી વાત પર શંકા રાખશો જ નહિ. ગભરાશો નહિ, સાત દિવસ હું અહીં જ રહેવાનો છું. જેથી શાસ્ત્રની સત્યતા મને ય પ્રત્યક્ષ જોવા મળશે. હવે આપને જે અગમચેતી કરવી હોય તે કરો.'

**નિમિત્તિયાની આગાહી પર રુદન**

સાંભળીને હવે બધાને લાગી ગયું કે નિમિત્તિયાની વાત ખોટી પડશે નહિ તેથી રાજાના ભક્ત પ્રજાજનોની આંખમાં પાણી આવી ગયાં, રોતાં બોલે છે કે 'હેં ? અમારા પ્રાણપ્યારા સ્વામીને આપત્તિ ? અમારે અમારા જીવનના આધારભૂત સ્વામી ગુમાવવાના ?'

શ્રી વિજયરાજાની પ્રજાહિત-વત્સલતા જોવા જેવી છે. પરહિતવત્સલતા અને પરદુઃખભંજનતા ગુણથી એણે પ્રજાને કેવી આવર્જી હશે કે અત્યારે પ્રજા પત્ની અમંગલ આગાહી સાંભળતાં રુદન કરી રહી છે !

**પરહિત વત્સલતા એ જીવનની અદ્ભુત સુવાસ છે !**

ઉત્તમ જનમ પામ્યા પછી જીવન તો જીવીએ છીએ, કિન્તુ એ જોવા જેવું છે કે એમાં ઉત્તમ જનમને યોગ્ય સુવાસ કેટલી કેટલી ને કેવી કેવી છે ? અને બદબો કેવી કેવી ને કેટલી માત્રામાં ? જન્મ પશુના જેવો અબુઝ તો નથી ને ? મૂઢતા-વાળો ને ગતાગમ વિનાનો તો નથી ને ? કાંઇક વિચારવા બુદ્ધિશક્તિ કાંઇક ગતાગમ અને અક્કલ હોશિયારી છે ને ? તો પછી આ વિચાર નહિ કરવાનો ? કે-

## હું જીવન બદબોવાળું જીવું છું ? કે સુવાસવાળું ?

બદબો અને સુવાસ જનાવરને ન સમજાય તમે તો મનુષ્ય છો તો સમજો છો ને ? કે ઊંધું જ સમજો છો કે 'ગુસ્સો એ સુવાસ, અને ક્ષમા એ બદબો ?' કેમ એમ જ ને ? કહો-

પ્ર. ના, ના, એમ તો નહિ, ગુસ્સો એ બદબો. ને ક્ષમા એ સુવાસ, એમ સમજીએ છીએ. પરંતુ અવસરે ભૂલી જઇએ છીએ. તે ગુસ્સાની બદબો જ હૈયામાં ઘલાય છે.

ઉ. આ ય સાચું કહો છો ? ગુસ્સો કરતી વખતે એ ખ્યાલ રહે છે ખરો કે હું આ ગુસ્સાની બદબો મગજમાં ઘાલી રહ્યો છું ? અરે ! ગુસ્સો કરી લીધા પછી ય જો એમાં ફાવટ આવી, તો શું એમ પસ્તાવો થાય છે ખરો કે 'અરેરે ! મેં આ બદબો મગજમાં ક્યાં ઘાલી ?' એટલું ય લાગી આવે તો બીજીવાર ગુસ્સો કરતાં વિચાર થઇ પડે. મનને એમ થાય કે બદબોવાળું જીવન ક્યાં સુધી જીવીશ ?





**વિષ્ટાની બદબોની જેમ ક્રોધાદિ બદબો પર ઘૃણા જોઇએ.**

બાજુમાં બેઠેલો જો બદબોવાળો ગેસ છોડે તો ઘૃણા થાય છે, ને પોતાને છૂટે તો ચિંતા થાય છે કે 'અરે ! મને પેટમાં બાદી લાગે છે ! કાંઇક ઉપાય કરવા દે. એક ટંક ખાવાનું બંધ રાખું. વિરેચન લઉં...આમ શરીરની બદબોની ચિંતા થાય છે, ઘૃણા છૂટે છે, ને એ કાઢવા ઉપાય છે. તો ગુસ્સો વગેરે આત્માની બદબો માટે કોઇ ચિંતા ? ઘૃણા ? ઉપાય ?

શરીરની બદબોની ચિંતા ખરી, અને આત્માની બદબોની ચિંતા આસ્તિકને નહિ ? તો આત્માને માન્યો શાનો ? કે આત્માને બદબો-સુવાસ જેવું કશું હોય નહિ, એમ માનો છો ?

**ઉદ્યાનમાં સુવાસ અને ઉકરડામાં બદબો, એમ સંતમાં સુવાસ અને શેતાનમાં બદબો.**

દુર્ગુણ-દુષ્કૃતની વાતમાં બદબો દેખાય, ને ત્યાં ચોંકી ઉઠવું જોઇએ કે 'અરે ! આ મારામાં શેતાન ક્યાં પેઠો ?'

શ્રી વિજય રાજા પરહિતવત્સલ છે. એના પર આ વિચારણા છે કે

આ પરહિત-વત્સલતા એ જીવનની એક સુવાસ છે, અને પરહિતથી પરવા ન રાખતાં કેવળ સ્વાર્થ-સાધુતા રખાય એ જીવનની બદબો છે.

પેટની બદબો આકુળ-વ્યાકુળ કરે છે, તો આત્માની બદબો કશી આકુળતા-વ્યાકુળતા ન કરે ?

**ગુણ-અવગુણ માટે 'સુવાસ' અને 'બદબો' એવા શબ્દ છે કે એ ચિત્તમાં ગુણનું આકર્ષણ અને અવગુણની ઘૃણા ઊભી કરે છે.**

કાન દુખતો હોય, ડૉકટરે જોઇને કહ્યું, કાનમાં પરુ વગેરે બદબો છે. તો એ 'બદબો' શબ્દ સાંભળતાં એના પર ઘૃણા ઊભી થાય છે, એ નીકળી જાય એવી ભાવના ઊભી થાય છે, ડૉક્ટર પાસે તરત કઢાવી નાખવા ઉદ્યમ થાય છે, એમ જો આપણે સ્વાર્થ-સાધુતા-અવિનય-મદ-માન-ગુસ્સો વગેરે બદબો છે, એમ બદબો શબ્દથી એને સંબોધીએ ઓળખીએ, તો એના પ્રત્યે ઘૃણા રહે. એટલે પછી એ કેમ નીકળી જાય એવી ભાવના રહે, તેથી સહેજે એ દોષ-બદબો નવી ઘાલવાનું મન ન રહે, પણ બદબો ઉઠવા જાય એને હટાવવાની જાગૃતિ રહે, અને એનો ઉદ્યમ થાય.

જિનવાણી રોજ શા માટે સાંભળવાની ? આટલા જ માટે કે એમાં દોષ-દુષ્કૃત્યોની બદબોની ઓળખ થાય, એનાં મહાનુકસાન સાંભળવા મળે, આ બદબોથી

ઉંચું માનવ જીવન કોહી સડી જવાનું અને આત્મામાં સડો લઇને અહીંથી ચાલતા થવાનું જાણવા મળે. આ રોજ ને રોજ એનાં દૃષ્ટાન્ત-કથા સાથે સાંભળતા જવાય, જાણતા જવાય, તેમ તેમ દોષ-દુષ્કૃત્યો પર ઘૃણા વધતી જાય. બસ,

**મૂળ પાયામાં દોષો અને હિંસાદિ પાપો પ્રત્યે ઘૃણા જ વધારવાની જરૂર છે. ને એ માટે એ જિનવાણીનાં નિત્ય શ્રવણથી બદબો તરીકે લાગી જવી જોઇએ.**

દોષો એ બદબો લાગ્યા ને એની પ્રત્યે ઘૃણા વધી ગઇ, પછી તો એને કાઢવાની ભાવના અને ઊદ્યમ જાગતા થઇ જશે. તો તપાસજો, પહેલા નંબરમાં રાગ-દ્વેષ સ્વાર્થસાધુતા, વગેરે દોષ અને આરંભ પરિગ્રહ વગેરે પાપો એ બદબો છે' એવું લાગે છે ? જો હૈયાને એ ખરેખર બદબો લાગે તો સંસારમાં જે ખુશમિશાલ રહો છો એ રહી શકાય ? પેટમાં બદબો વધી જાય તો મૂડ ઉડી જાય છે. તો પછી આત્મામાં બદબો વધી જાય તો મૂડ ન ઊડી જાય ? તમે આસ્તિક છો ને ? આસ્તિક આત્માને પોતાની જાત કઇ લાગે ? અર્થાત્ પોતે જાતે કોણ ? શરીર એ પોતે જાતે ? કે અંદર પૂરાયેલો આત્મા એ પોતે જાતે ? જો આત્મા એ પોતે જાતે, તો આત્માની ભારોભાર અને ભરચક બદબો, ખટકે નહિ ? ઘૃણા ન કરાવે ? અરે ! બદબો તરીકેની ઓળખ પણ ન થાય ?

જે જે દોષ વધારે પીડતો હોય એને દબાવવા માટે આ બહુ સરલ ઉપાય છે,

**જ્યારે જ્યારે એ દોષ દા. ત. ક્રોધ ઊઠે ત્યારે ત્યારે જીવને ડામો 'અરે ! હું આ હૈયે બદબો ઘાલી રહ્યો છું ? તો પછી હું ક્ષમા ઉમદાપણાની સુવાસ ક્યારે ઘાલીશ ?'**

ભલે ને કદાચ મન પર કાબૂ ન રહ્યો અને ગુસ્સો કરી ય નાખ્યો પરંતુ ત્યાં તરત જ ગુસ્સાને બદબો ગણી જાત પર જો આ ઘૃણા કરાય કે 'અરે ! વીતરાગનો સેવક હું, મારામાં આ બદબો ?' તો પછી ક્રોધ કાબૂમાં આવે. એમ કહેતા નહિ, કે

પ્ર.-ક્રોધને બદબો તરીકે નહિ, પણ પરલોક બગાડનાર તરીકે ઓળખીએ તો શું ક્રોધ કાબૂમાં ન આવે ?

ઉ.- આવી શકે, પરંતુ જીવની રાંક દશા જુઓ કે એને પરોક્ષ ફળ કરતાં પ્રત્યક્ષ ફળ પર વધુ શ્રદ્ધા થાય છે. તેથી પાપનું કોઇ પ્રત્યક્ષ ફળ કડવું દેખે તો પાછો હટી જાય છે, ક્રોધ કરતાં સામેથી પડે એવી હોય તો ક્રોધ દબાય કે નહિ ? કહો ને





કાકા કહીને દાબવો પડે. તો આમાં પણ એવું છે. ક્રોધ એ જો બદબો છે એવું લાગ્યું તો પ્રત્યક્ષમાં એની ખરાબી લાગી એની પ્રત્યે ઘૃણા થશે.

પરલોકની વાતમાં તો મન એ તરફ જોતું જ નથી, અને જુએ તો મન માંડવાળ કરી લે છે કે પરભવે જોયું જાશે, અત્યારે તો સામાને ક્રોધ, દેખાડી દબાવવો જ જોઇએ, દબડાવવો જ જોઇએ એમ કરી ગુસ્સો કર્યે જાય છે. પરંતુ જો ઘૃણા-ભરી દ્રષ્ટિથી જેમ પાયખાનાની બદબોને ઓળખે છે, એમ ક્રોધને બદબો તરીકે લેખે, તો એ ગુસ્સાને રોકવાનો પ્રયત્ન થાય.

મહાપુરુષોએ કામ-ક્રોધ-લોભ, મદ-મત્સર વગેરેને આત્માની બદબો તરીકે ઓળખી એના પ્રત્યે ઘૃણા-દુર્ગંછા કરી, તો એને ટાળવાનું સહજ બન્યું, ટાળવા માટે સજાગ બની ગયા. પછી ભારે કષ્ટમાં ય એ કામ-ક્રોધાદિનો ખપ ન કર્યો.

ભાગ પાડો કે જીવનની બદબો આ આ ને જીવનની સુવાસ આ આ, ને પછી બદબો તરફ ઘૃણા-દુર્ગંછા ચાલુ રાખો.

**બદબો-સુવાસના ભાગ આ રીતે પડે-**

ક્રોધ એ બદબો, ક્ષમા એ સુવાસ.
અભિમાન એ બદબો, લઘુતા એ સુવાસ.
માયા એ બદબો, નિખાલસતા એ સુવાસ.
લોભ એ બદબો, નિઃસ્પૃહતા એ સુવાસ,
ઇર્ષ્યા એ બદબો, પ્રેમ એ સુવાસ.
ક્ષુદ્રદિલ એ બદબો, ઉમદા દિલ એ સુવાસ.
વૈરવિરોધ એ બદબો, મૈત્રીભાવ એ સુવાસ.
અ-સમાધિ એ બદબો, સમાધિ એ સુવાસ.
આર્તધ્યાન એ બદબો, તત્ત્વચિંતન એ સુવાસ,
વિષયભોગ એ બદબો, ત્યાગ એ સુવાસ.
હરામહાડકાં એ બદબો, સેવા એ સુવાસ.
સ્ત્રી-આકર્ષણ એ બદબો, નફરત એ સુવાસ.
ધનરાગ એ બદબો, વૈરાગ્ય એ સુવાસ.
સ્વાર્થસાધુતા એ બદબો, પરગજુતા એ સુવાસ.

આવી આવી તો કેટલીય બદબો, આત્મામાં ભરી પડી છે, પણ પહેલાં એક

વાર ડાયરીમાં એનું લિસ્ટ કરો. જેમ જેમ નવી નવી બદબો ખ્યાલ પર આવતી જાય, તેમ તેમ એને પૂર્વ લિસ્ટમાં ઉમેરતા જાઓ. સામે સુવાસની નોંધ કરો, તો પછી રોજ એક વાર પણ એને વાંચતા જવાય, વિચારતા જવાય, તેથી એ ખરેખર બદબો છે એવું લાગવા માંડશે, ને ઘૃણા જાગતી થશે. આ થાય એટલે તો સમજો કે જગ જીત્યા. કેમકે પછી એ બદબોનો ત્યાગ કઠણ નહિ રહે, સહેજે સરળ બનશે, ને સુવાસ તરફ મીઠી દૃષ્ટિ જશે, એનો પ્રયત્ન સરળ બનશે.

**શ્રી વિજયમાં સુવાસ**

વાત આ હતી-પોતનપુરના રાજા શ્રી વિજયનાં જીવનમાં પરગજુપણાની એવી સુવાસ પ્રસરેલી કે પ્રજાને એ ખુબ પ્રિય, તે પ્રજાએ જ્યાં નિમિત્તિયાને મોંઢે સાંભળ્યું કે 'પોતનપુરના રાજાને માથે સાતમે દિવસે વિજળી પડશે,' ત્યાં પ્રજા રોવા લાગી. મંત્રીઓ વિમાસણમાં પડી ગયા. પરંતુ રાજાના જીવનમાં ધૈર્યની સુવાસ હતી, તેથી એ રોવા ન બેઠો. તેમ પ્રધાન મંત્રી વિમાસણમાં ન પડ્યો. એ બીજા મંત્રીઓને કહે છે. આમ વિમાસણમાં શું પડ્યા ? હવે મહારાજાને બચાવી લેવાનો ઉપાય શોધો.

**રાજાનો સમુદ્રમાં બચાવ ?**

ત્યારે એક મંત્રી કહે મને વિચાર કરતાં કરતાં એમ લાગે છે કે 'મહારાજાસાહેબ સાત દિવસ સમુદ્ર વચ્ચે જહાજમાં ધર્મધ્યાન કરતા રહે તો વિજળીના ઉપદ્રવથી બચી જાય. સાંભળીએ છીએ કે વિજળીના નુકસાન ગામ શહેરોમાં થાય છે, સમુદ્રમાં નુકસાન થયાનું જાણમાં નથી. ને વળી પૌષધ ધર્મધ્યાનમાં રહે એટલે ધર્મના પ્રભાવે રક્ષણ મળી જાય.'

ત્યારે બીજો મંત્રી કહે 'આપણી જાણકારી કેટલી ? આકાશના ગમે તે ભાગમાં થનારી વિજળી શું જમીન પર પડી શકે જે સમુદ્ર પર ન પડી શકે ?'

'તો પછી તમે રક્ષાનો ઉપાય બતાવો'

**વૈતાઢ્યની ગુફામાં બચાવ ?**

એ કહે મને લાગે છે કે મહારાજાસાહેબ પૌષધ વ્રત લઇને વૈતાઢ્યની મોટી ગુફામાં જઇ રહે તો રક્ષણ સારું થઇ જાય, કેમકે પર્વત પર કદાચ વિજળી પડે તો એ કાંઇ પર્વત ભેદીને ગુફામાં આવે એવું બને નહિ.'

**મહેલના ભોંયરામાં બચાવ :-**

ત્યાં બીજો એક એક બોલ્યો, 'આ વસ્તુ તમે મહત્ત્વની કહી. મને લાગતું





હતું કે મોટા મહેલની નીચે ભોંયરામાં રહે તો બચાવ મળી જાય, પરંતુ મોટી વિજળીને મહેલ પણ વિસાતમાં નહિ એટલે મહેલને ભેદીને ભોંયરામાં થઇ જમીનમાં પેસી જાય ત્યાં ભોંયરામાં રહેલા માણસનું પણ મોત કરી નાખે પરંતુ વૈતાઢ્યની ગુફાની વાત મહત્ત્વની છે. એમાં રક્ષણ થઇ જાય.

**જિનવચન સામે ફાંફા :-**

ત્યારે મુખ્ય મંત્રી કહે 'આવાં ફાંફા શું કામ મારો ? જ્યારે નિમિત્તિયો ચોક્ખું કહે છે કે જિનવચન અન્યથા થાય નહિ, તેથી જિનવચન અંતર્ગત મારું નિમિત્તિશાસ્ત્ર અન્યથા થાય નહિ' તો આવા ફાંફા શા સારુ મારો ? જ્યારે નિમિત્તશાસ્ત્રના આધારે એ કહે છે કે પોતનપુરના રાજાનું સાતમે દિવસે વિજળી પડવાથી નિશ્ચિત મૃત્યુ, પછી જે તમે કહો મહારાજા અહીં ન રહે ને તહીં રહે, એટલે બચાવ થઇ જાય, એ પેલી બ્રાહ્મણીના દીકરા જેવી વાત છે,

**બ્રાહ્મણીના દીકરાની વાત**

વિજય નામના એક નગરમાં એક રુદ્રસોમ બ્રાહ્મણ રહે. એની પત્ની જ્વલનશિખા બ્રાહ્મણી, એને કેટલાય વખત સુધી પુત્ર નહિ, તે કેટલીય બાધાઓ માન્યતાઓ એ કરતી. એમાં કાગનું બેસવું ને ડાળનું પડવું, તે કોઇક માન્યતા પછી એને એક દીકરો થયો. એનું નામ પાડ્યું શિખી.

શિખી એ ઘણી ઘણી ઝંખના પછી મળેલો ખોટનો દીકરો છે ને ? તે માતાને એના પર પારાવાર રાગ-પ્રેમ છે.

**બોલો હવે વધારે રાગ કોના પર, પતિ પર ? કે પુત્ર પર ?**

**આ તમારો સંસાર બિભત્સ છે.**

દીકરો થોડો મોટો તો થયો પણ એના પર એક મોટી અણધારી આપત્તિ આવી.

આવી માતાને અતિ અતિ પ્યારા પુત્ર પર પણ આપત્તિ ? હાજી, આ જ વસ્તુ નાસ્તિકને લપડાક છે. 'આત્મા નથી, કર્મ નથી' એમ નાસ્તિકવેડા કરનારને આ પ્રશ્ન છે કે 'અહીં કશા ગુના વિના દીકરાને કેમ સજા ? માતાને અતિ અતિ પ્યાર છે તો એ કેમ ન બચાવી લે ? કેમ આપત્તિને આવતી જ ન રોકે ?' આનો જવાબ આ જ છે કે એ પુત્રજીવનાં પૂર્વનાં કર્મ જ એવાં જોરદાર કે એ આપત્તિને લાવે છે. કર્મને માન્યાં એટલે એને ઊભા કરનાર અને પછીથી એનાં ફળ ભોગવનાર આત્માને માનવો જ પડે. અહીં નાસ્તિક ખુલાસો કરે કે કર્મ-બલ કશું નહિ, એ તો

બધું અકસ્માત્ બની જાય' તો આ કાંઇ યુક્તિ યુક્ત ખુલાસો છે ? 'અકસ્માત્' કાર્ય એટલે કાંઇ કારણ વિના કાર્ય બન્યું. બને ? તો તો દુધ વિના દહીં, અગ્નિ વિના ધુમાડો, માતા વિના પુત્ર, વગેરે કાર્યો કેમ ન બને ? માટે કહો-

**અણધારી આપત્તિ એ નાસ્તિકના મતને લપડાક છે.**

નાસ્તિકનો મત માત્ર પ્રત્યક્ષને જ માનનારો, એ અણધારી આફતમાં શું કારણ ? એનું સમાધાન ન આપી શકે. એ તે પ્રત્યક્ષ જ નહિ, પરંતુ અ-પ્રત્યક્ષ અતીન્દ્રિય વસ્તુને પણ માનનાર આસ્તિક જ સમાધાન આપી શકે કે ભલે પ્રત્યક્ષમાં કોઇ કારણ ન દેખાય, પરંતુ ભૂતકાળનું ઊભું થયેલું અતીન્દ્રિય અપ્રત્યક્ષ કારણ એમાં કારણભૂત છે.

બે વરસ પહેલાં જોયેલો માણસ ફરીથી દેખાય ત્યાં એમ થાય છે કે 'આ એ જ માણસ. આણે તે વખતે આવી આવી વાત કરેલી' આમાં ભૂતકાળની વાત અત્યારે યાદ આવી એ શી રીતે ? બે વરસ પૂર્વ થયેલી વાત તો ત્યાં જ પતી ગઇ હતી. તો અત્યારે કાંઇ એ વાત સામે નથી, પછી શી રીતે એ અત્યારે ખ્યાલમાં આવે છે ? કહેવું જ પડે કે ભલે વાત પૂર્વે પતી ગયેલી, પરંતુ એના અતીન્દ્રિય સંસ્કાર આત્મામાં પડેલા. એ અતીન્દ્રિય હતા એટલે દેખાય નહિ કે એ આત્મામાં પડ્યા છે. પરંતુ અહીં જ્યાં એ સંસ્કારને જગાડનારું તત્ત્વ મળ્યું એટલે એ જાગ્રત થઇ ગયા અને સ્મરણ થયું. વખત જતાં જો એ સંસ્કાર ભુંસાઇ જાય તો પછીથી એવો એના સ્મરણનો ખ્યાલ ન જાગે.

એવી જ આ વાત છે કે અત્યારે અણધારી આફત આવી, તો એની પાછળ કારણ ભૂતકાળમાં કોઇ એવું અતીન્દ્રિય અશુભ કર્મ ઊભું થયેલું. એ બ્રાહ્મણીના છોકરાને આ રીતે અણધારી આફત આવે છે.

**નરમાંસપ્રિય રાક્ષસનો ઉપદ્રવ–**

બન્યું છે એવું કે એક માંસભક્ષણપ્રિય રાક્ષસ વિજયનગરમાં આવી લાગેલો, તે રોજ ને રોજ નગરમાંથી માણસોને ઉપાડી ઉપાડીને ખાઇ જતો. લોકોમાં ત્રાસ ત્રાસ વ્યાપી ગયો. નગરનો રાજા તો સજ્જડ જ થઇ 'હાય, હું પ્રજાનો પાલક અને મારી પ્રજામાંથી આમ માણસોને ઉપાડી ઉપાડીને હત્યાકાંડ ચાલે ? તો હું પાલક શાનો ?' શરમ તો ઘણી લાગી ગઇ, છતાં કહે છે ને 'સત્તા આગળ શાણપણ નકામું.' એમ 'દેવતાઇ ત્રાસ આગળ માનવશક્તિ નકામી.' તે રાજા શું કરે ?

છેવટે રાજા અને લોકોએ મળીને રાક્ષસને વિનંતિ કરી કે 'ભાઇસાહેબ !





માફ કરો, દયા કરો, હવે બંધ કરો. આ નિર્દોષ માણસોને ખાઇ જવાનું.'

રાક્ષસ કહે છે 'હું શું કરું ? મારાથી ખાધા વિના રહેવાતું નથી. એટલે હું તો મારી ભૂખ પૂરી કરતો રહેવાનો.'

**રાક્ષસ પાસે વારા—**

અંતે રાજા અને લોકો કહે છે,- 'એમ કરો, અમે રોજ તમને એક માણસ સોંપીએ એનાથી સંતોષ માનવો, ને બીજા કોઇને મારવો નહિ, એટલું સ્વીકારો.'

રાક્ષસ મંજૂર થયો, ને લોકોના નામોની ચિઠ્ઠિઓની ગોળી વાળી. એમાંથી એક ગોળી ઉપડવા લાગી ને જેના નામની એ નીકળતી તે માણસને રાક્ષસના ભક્ષ્ય તરીકે મોકલાવતા. તેથી હવેથી રાક્ષસ રોજ એ એક સિવાય બીજા કોઇને મારતો નહિ.

હવે અહીં પેલી બ્રાહ્મણીના અતિપ્યારા છોકરા પર અણધારી આફત આવે છે, છોકરાના નામની મોતની ચિઠ્ઠિ નીકળે છે.

રાજા અને લોકોએ છુટકારાનો દમ ખેંચ્યો છે કે 'ચાલો હવે સંખ્યાબંધ મરતા હતા તે નહિ મરે, હવે નછુટકે એકેક જ મરશે', એમ કરી રોજ હવે મટકામાં ચિઠ્ઠિઓ નખાય છે, જેનું નામ નીકળે એને રાક્ષસની આગળ હાજર થવું પડે છે, ને રાક્ષસ એને ખાઇ જાય છે. પરંતુ એમાં એક વાર એવું બન્યું કે પેલી બ્રાહ્મણીના એકના એક છોકરાનો જ વારો આવ્યો ! ત્યારે એ બાઇ ભારે કલ્પાંત કરવા મંડી, એવો આક્રંદ કરે છે કે લોકોને ય એ જોઇની પીગળી જઇ રોવું આવે છે.

અહીં સંસારની ખુબી જુઓ કે બાઇ જોરજોરથી આક્રંદ કરે છે કે 'હાય ! હાય ! બિચારા આવા ગભરુ બાળકને રાક્ષસના મોંમાં ચવાઇ જવાનું ભયંકર દુઃખ ?' એમ છોકરાની દયા ખાય છે, પરંતુ એ મન નથી થતું કે 'લાવ ત્યારે છોકરાના બદલે હું જ રાક્ષસ પાસે જાઉં ને ચવાઇ જાઉં !'

કેવો સંસાર ? હરામી કે સારો ?

**પુત્ર જવાનો શોક કરતી માતા પુત્રના બદલે જાય ?**

કોઇ અક્કલ આપવા આવે કે 'મા ત્યારે એમ કરોને કે છોકરાને બદલે તમે જ પહોંચી જજોને ? છોકરો બિચારો બચી જશે' તો માતાનું દિલ શું બોલે ? 'હું...આવો આઘા, શું હું પોતે રાક્ષસના રાક્ષસી જડબા વચ્ચે ચવાઇ જાઉં ? આવું જ કાંઇક એના દિલમાં આવે ને ? 'સ્વારથના સહુકો સગાં મિલિયા છે સંસારો રે' એમ કવિ કહે છે તે શું ખોટું કહે છે ? અવસર ન આવ્યો હોય ત્યાં સુધી આવો

સ્વાર્થ બેહુદો ખેલ ના દેખાય, એ જુદી વાત, પરંતુ હૈયામાં તો મુખ્યપણે સ્વાર્થની જ માયા બેઠી હોય છે.

તો પછી શું એવા સ્વાર્થી સગાને પોતાના કરવાના ને પરાર્થી-પરમાર્થી દેવગુરુ-સંઘને પરાયા રાખવાના ? પરાયા-પારકા રાખવાના એટલે સમજો છો ? 'પારકા રાખવાના' એટલે પારકા-પરાયા જેવો વ્યવહાર કરવાનો. કરો છોને ? દેવાધિદેવની ભક્તિ, જેમ ઘરવાળીની સેવા-સરભરા કરો, એ રીતે કરો ને ? ઘરવાળા સ્વયં ઘી ઓછું ખાતા હોય તો જેમ એની થાળીમાં ઘી ઢોળી દો. એમ પ્રભુભક્તિમાં ઢોળી દો ખરા ને ? છોકરાને બળજબરીથી ખાસું દુધ પાઓ, એમ પ્રભુની ભક્તિમાં ચઢાવી દો ખરા ને ?

પત્ની-પુત્ર પોતાના, ને દેવાધિદેવ પરાયા, આ ભાવ હૈયે બેઠો હોય ત્યાં એ શે બને ?

**આ પાયાની ખાત્રી છે કે ભવોભવના સગા દેવ-ગુરુ-ધર્મ પરાયા લાગે, ને એક ભવના દુન્યવી એ સગા પોતાના લાગે !**

આ પાયાની ખાત્રી દૂર ન થાય ત્યાં સુધી દેવ ગુરુ ધર્મની ઉપાસના દિલથી ન થાય. માટે જ એમાં ધાર્યા કરતાં વધારે ખરચાઇ જાય તો દુઃખ લાગે છે, દીકરા-દીકરાની મા માટે એવું નથી થતું. ત્યાં વધારે ખરચાઇ ગયું તો એમ લાગે છે, કે 'ખરચ વધારે થયો તો એ ક્યાં પારકા માટે થયો છે ? બધી કમાઇ ને મૂડી કોના માટે છે ? એમના માટે જ છે ને ?' આવું મનને કેમ થાય છે ? પત્ની-પુત્ર પર પોતાના તરીકે અતિપ્યાર છે. દેવ-ગુરુ-ધર્મમાં વધુ ખરચમાં કેમ એમ નથી થતું ? કહો, પોતાના તરીકે માન્યા નથી, ને એમના પર અત્યંત પ્યાર નથી, આ પાયાની ખૂબી છે.

દેવાધિદેવની ભક્તિ, ગુરુની ભક્તિ, સંઘની સેવા વગેરે ધર્મ ગમે તેટલો કરો. પરંતુ મૂળ પાયામાં જ્યાં સુધી એ દેવ-ગુરુ-સંઘ પોતાના ન લાગે, ને એમના પર કુટુંબ કરતાંય અધિક પ્યાર અધિક હેત-સ્નેહ ન થાય, ત્યાં સુધી એ ભક્તિમાં ભલીવાર નહિ હોય, તેમ એ ભક્તિ દિલથી નહિ થતી હોય તો ભક્તિ જ શું કામ કરે ? ભક્તિ તો થાય પરંતુ કોઇ માન-પાન-કીર્તિ પૈસા ટકા વગેરેના લોભથી થાય.





કહેતા નહિ કે

**દુન્યવી લાલચથી પ્રભુભક્તિ કરે એમાં શો વાંધો ?**

પ્ર.-ભલે એમ સહી, પણ ભક્તિ તો કરે છે ને ?

ઉ.-કોની ભક્તિ કરે છે ? દેવાધિદેવની નહિ, લક્ષ્મીદેવીની ભક્તિ કરે છે ! ભક્તિ ભગવાનની તો દેખાવમાં, પરંતુ હૈયામાં તો પૈસા માનપાન વગેરેનો જ પ્રેમ પોષી રહ્યો છે, ભગવાનનો પ્રેમ નહિ. શરાફને ત્યાં હજાર રુપિયા મૂકી આવે જે શું એના પર પ્રેમ ઉભરાઇ ગયો છે માટે ત્યાં મૂકી આવે છે ? ના, પ્રેમ તો હજારના સવાહજાર લઇ આવવા છે એના પર છે. એમ શંખેશ્વરદાદાની રૂા. ૧૫૦)ની આંગી રચાવી આવે, પણ તે ઉપર બે બે મીંડા ચડાવીને થતી રકમ કમાઇમાં આવે એટલા માટે-દોઢસોની રકમની પારસનાથ અરિહંત ભગવાન પર ભક્તિ ઉભરાઇ ગઇ ? શું ભગવાન પર અતિપ્યાર થઇ ગયો ? કે પૈસા પર અતિપ્યાર ? યાદ રાખો.

**દુન્યવી પૈસા વગેરેની લાલચથી જ ધર્મ કરવામાં એ પૈસા વગેરે પર અતિ પ્યાર પોષાય છે ને સંસાર વધુ દ્રઢ બને છે.**

એમ પૂછતાં નહિ કે-

પ્ર.- તો પછી સારી સારી પ્રભાવના કરીને કેમ જગતના જીવોને ધર્મમાં ખેંચવામાં આવે છે ?

ઉ. પ્રભાવના કરાય છે તે ધર્મ કરનારનું આપણને પોતાને બહુમાન થાય એટલા માટે કરાય છે.

**પ્રભાવના કરાય એ ધર્મ કરનારાનું બહુમાન, ને ધર્મનું જ બહુમાન છે.**

ધર્મનું બહુમાન કરવું હોય તો શી રીતે થાય ? ધર્મ કોઇ મૂર્તિમાન વસ્તુ નથી કે જેના પર દાગીના ચઢાવાય. મૂર્તિમાન તો ધર્મ કરનારી મનુષ્ય વ્યક્તિ છે, ને એના ધર્મની રુએ એનું બહુમાન કરીએ એ ધર્મનું જ બહુમાન છે. સરકારી નોકર કસોટીના પ્રસંગમાં સારી પ્રામાણિકતા કે સરકાર પ્રત્યેની વફાદારી બજાવે તો સરકાર એને ઇનામ આપી બહુમાન કરે છે. એ ઇનામથી બહુમાન ખરેખર કોનું કર્યું ? વ્યક્તિનું ? વ્યક્તિ રુપાળી હતી વિદ્વાન હતી માટે કર્યું ? ના, એણે પ્રામાણિકતા ને વફાદારીનો ધર્મ બજાવ્યો જેથી બહુમાન કર્યું. એટલે એ બહુમાન

ખરેખર તો ધર્મનું જ થયું ગણાય. બસ એ રીતે ધર્મ કરનારનું પ્રભાવના-પહેરામણીથી બહુમાન કરાય છે, એ ધર્મનું બહુમાન છે.

પ્રભાવનાનો એક ઉદ્દેશ ધર્મનું બહુમાન છે. બોલો ધર્મનું બહુમાન કરવું ખપે છે ? ભૂલશો નહિ.

**ધર્મ પર અતિ પ્યાર હોય તો અતિપ્યારા ધર્મનું બહુમાન કરવાનું સહેજે મન થાય.**

પાયાની ખામી, દેવ-ગુરુ-ધર્મને પરાયા નહિ પણ પોતાના લેખી એના પર અતિપ્યાર કરવાનું નહિ હોય, તો એમના અવસરે અવસરે બહુમાન કરવાનું સ્વાભાવિક મન નહિ થાય. જો તમને ઘરવાળા પર અતિ પ્યાર છે, તો એને દાગીના સારી સાડી લાવી આપી ભાવ દેખાડાય છે. વેશ્યાગમીને જો વેશ્યા પર અતિપ્યાર છે, તો અવસરે હીરાનો દાગીનો એને આપી દે છે.

**મહારાજા શ્રેણિક તીર્થંકર કેમ થવાના છે ?**

કહો, એમને અરિહંત મહાવીર ભગવાન પર અતિ પ્યાર હતો. એવો પોતાની રૂપાળી પટ્ટરાણી ચેલણા પર નહિ. તેથી તો ભગવાનની સુખશાતાના સમાચાર લાવનારને જરૂર પડ્યે હીરાનો દાગીનો દઇ દે. ને પટ્ટરાણી ચેલણા માટે સવાલાખ સોનૈયાની રત્નકાંબળ ખરીદતા ખચકાયા. ભગવાનની સુખશાતાનું શ્રવણ મળે એ મહાન ધર્મ થયો લેખતા. શું ? દેવગુરુની સુખશાતાનું શ્રવણ એ ધર્મ છે એનું બહુમાન એ શ્રવણ કરાવનારનું બહુમાન કરવાથી થાય. પરંતુ એ ધર્મ પર અતિપ્યાર હોય તો જ બને.

**ધર્મ પર અતિપ્યારવાળા ભાગ્યશાળી તો ધર્મીનું બહુમાન કરવા શોધતા ફરે.**

માટે તો પૂર્વે બ્રહ્મચર્યના પ્રેમી ગામેગામ બ્રહ્મચર્યવ્રતવાળાને પહેરામણી કરતા. તપના પ્રેમી તપ કરનારાઓને શોધે છે, જે તપસ્વી મળતાં એનું પારણા-પહેરામણીથી બહુમાન કરે છે. મૂળ પાયામાં ધર્મ પર અતિપ્યાર હોય, ને ધર્મ પોતાનો લેખ્યો હોય, તો પછી ધર્મીનું બહુમાન સહેજે થવાનું. અથવા એમ કહો,

**ધર્મ પર અતિપ્યાર જગાવવો હોય તો ધર્મીનું બહુમાન કરતા ચાલો.**

ધર્મ કરનારનું બહુમાન કરતી વખતે મનમાં આ રાખવાનું કે 'હું એના ધર્મનું બહુમાન કરું છું. અનેકવાર આ રીતે ધર્મીનું બહુમાન કરતા રહેવાથી મને ધર્મ પર પ્યાર વધતો રહો.' જીવનમાં આવું કાંઇક લાવવું છે ? ધર્મ ઉપર અતિપ્યાર-





અતિ પ્રેમ, તો આ વાત છે કે ધર્મ કરનારનું બહુમાન કરતા ચાલો. 'ઠીક હવે, ધર્મ પર એવો અતિ પ્રેમ ન કર્યો તો શો વાંધો છે ?' આવું જો મનને હોય તો તો કાંઇ કહેવાનું નથી.

**પાઠશાળા કેમ રેઢિયાળ ?**

એટલે જ દેખાય છે કે પાઠશાળાના વિદ્યાર્થીઓનું અવસરે અવસરે એવું બહુમાન નથી કરતા, કારણ કે જ્ઞાન અને ધર્મ પર અતિ પ્રેમ નથી. 'વિદ્યાર્થીઓ જ્ઞાન ભણે છે, સામાયિક પૂજા તપ વગેરે ધર્મ કરે છે, લાવ એમનું બહુમાન કરું તો મારામાં જ્ઞાનનો અને ધર્મનો બહુ પ્રેમ પોષાય' એ પરવા જો તમારે ન હોય તો તમારે સમ્યગ્જ્ઞાન સાથે અને ધર્મ સાથે શું લાગે વળગે છે ? જો લાગતુ હોય તો આજે પાઠશાળા વિના ચલાવી લો ખરા ? અગર પાઠશાળા ચાલતી પણ હોય તોય એના દેદાર રેઢિયાળ હોય ? લાગે છે કે જ્ઞાન અને ધર્મ પર સામાન્ય.' પ્રેમ છે, કિન્તુ અતિ પ્રેમ છે પણ નહિ, ને લાવવો પણ નથી. નહિતર તો આટલું સાંભળીને ઝટ ઊભા થઇ જાઓ કે આપો સાહેબ ! નિયમ, કે મને જ્ઞાન અને ધર્મના બહુમાનમાં આટલું ખરચવું, સંસાર-ખર્ચના છેવટે પાંચ-દશ ટકા પણ ખરચવા-લેવો છે નિયમ ?

વાત આ છે, પ્રભાવનાનો એક ઉદ્દેશ ધર્મનું બહુમાન છે, પ્રભાવનાનો બીજો ઉદ્દેશ આ છે.

## (૨) પ્રભાવના બાળજીવોને ધર્મમાં ખેંચવા માટે છે.

બાળજીવોને દુન્યવી વસ્તુનો બહુ લોભ હોય છે, એથી જો એ લાલચથી પણ એ ધર્મસ્થાને આવશે, તો ધર્મનું સાંભળતાં એને (૧) પોતાના આત્માનું ભાન થશે, (૨) ધર્મનું મહત્ત્વ સમજાશે, (૩) ધર્મ પર પ્રેમ જાગશે, (૪) આત્માના કલ્યાણની ચિંતા થશે. ને પછી (૫) એ પૈસા વગેરેની લાલચ મૂકી દઇ ધર્મની ભૂખવાળો બનશે. એટલે પરિણામે ધર્મ તરફ ઝૂકવાનો છે, ને એમ ઘણા ઝૂક્યા છે, તેથી પ્રારંભે એને પ્રભાવનાની લાલચ આપવામાં સરવાળે એને ધર્મનો મહાન લાભ છે. ધર્મ એને પ્રભાવનાની અને બીજી પણ લાલચ મોળી પાડી દે છે.

તો કહો, તમે બાળ ભદ્રક જીવ છો ? કે તમે તો સમજુ છો ને ? શુદ્ધ બાળ ભદ્રક જીવ હોત તો તો દુન્યવી વસ્તુની લાલચથી પણ ધર્મ કરતાં કરતાં એ લાલચ મૂકી દીધી હોત, ને શુદ્ધ ધર્મની લાલચ લગાડી હોત. પરંતુ ના, હજી પણ તમારે દુન્યવી લાલચ તો એવી ને એવી ઊભી છે ને ? તો આ પરથી શું દિલમાં થતું નથી

કે 'હું બાળ ક્યાં છું ? હું તો ધિટ્ઠો લાગું છું.' સમજો તો છો જ કે ધર્મ પરજ અતિપ્યાર કરવા જેવો છે, અતિપ્યાર રાખવા જેવો છે, ને એ માટે ધર્મ કરનારનું વારે વારે બહુમાન ખાસ કરવું જોઇએ' આ સમજવા છતાં એ કરવાની ઉપેક્ષા, બેપરવાઇ કરાય એ શું સૂચવે છે ? 'આવા બહુમાનમાં ખરચતાં કીર્તિ ન મળે. કશુંક જાહેર દાન હોય તો કીર્તિ મળે' આમ વિચારીને ધર્મ બહુમાનનું ખરું કર્તવ્ય ઉવેખાય એ ધિટ્ઠાઇ નહિ તો બીજું શું છે ?

પણ ભૂલા ન પડો, જીવને સમજાવો કે

**'રાંકડા ! લાખ રૂપિયાનો ધર્મ કરીને રાખ જેવી કીર્તિ, તકતી કે ધન વગેરે શું ઇચ્છી રહ્યો છે ?'**

એની ઇચ્છા તો અનંતાભવ કરી, એથી શું વળ્યું ? તેમજ એ કીર્તિ વગેરે ય અનંતવાર મળી ય ખરી, પણ તેથી દળદર શા ફિટ્યા ? હજી આ ભવાટવીમાં ભટકતો જ રહ્યો છે ?

હવે કરવા જેવું આ છે. કમમાં કમ ધર્મ કહે ત્યાં ધન વગેરે દુન્યવી વસ્તુની લાલચ પડતી મૂકી ધર્મની લાલચ ઊભી કર, ધર્મ પર અતિપ્યાર કેળવ, અને એ માટે ધર્મ કરનારનાં બહુમાન-પહેરામણી કર, એમ દેવાધિદેવ પર અને ગુરુ પર અતિ પ્રેમ ઊભો કર એ ધર્મનો મૂળ પાયો છે, એના પર જે ધર્મ સાધનાઓ અને સુકૃતો થશે, એ ભલીવારવાળાં થશે, એ જ સાચી સંપત્તિરૂપ લાગશે. દેવ-ગુરુ પર અતિપ્યાર-અતિ પ્રેમ કેળવવા એમને પોતાના લેખ, અને દુન્યવી સગા જે સ્વાર્થમાં રમનારા છે એમને પરાયા લેખ, પ્રભાવના કરવાનો એક ઉદ્દેશ ધર્મનું બહુમાન કરવાનો છે.

## (૩) પ્રભાવનાનો ત્રીજો ઉદ્દેશ જીવોનું ધર્મમાં આકર્ષણ કરવાનો છે.

બાળકો આમ પાઠશાળામાં ધર્મ સમજવા કે ધર્મનું ભણવા આવતા નથી, તે પ્રભાવના હોય તો આવે ને ધર્મનું ભણે તથા ધર્મ સમજે, ને એમ ભણતાં-સમજતાં ધર્મ તરફ આકર્ષાય. આમ ધર્મમાં આકર્ષવાના ઉદ્દેશથી પ્રભાવના રખાય. બોલો, આમાં પાઠશાળામાં પ્રભાવનાની લાલચથી આવ્યા, પરંતુ એમાં ખોટું શું થયું ? પરિણામ તો ધર્મ-સમજ ને ધર્મ આકર્ષણમાં આવ્યું ને ? ધર્મ તરફ આકર્ષાયો એટલે હવે સદ્ગુરુ આવશે ને ધર્મનો મહિમા સમજાવશે, એટલે ધર્મશ્રદ્ધા જાગશે,





ધર્મપ્રવૃત્તિ કરશે. આમાં જીવનું શું ખોટું થયું ? એ મૂળમાં પ્રભાવના થઇ એના પર બન્યું. કહેતા નહિ,

પ્ર.-પ્રભાવનાની વસ્તુનો એને લોભ લાગ્યો એ ખોટું થયું ને ? ધર્મના નામ હેઠળ લોભકષાય પોષાય ?

ઉ. લોભ-રાગ કાંઇ નવા નથી, જીવને અનાદિના વળગેલા છે એટલે અહીં પ્રભાવના આવી તો જ લોભદોષ ઊભો થયો એવું નથી. એ સિવાય પણ જીવનમાં સાંપડતી દુનિયાની કેટલીય વસ્તુના લોભરાગ એ રોજ કરી જ રહ્યો છે.

પ્ર.-પણ આ તો ધર્મના ઘરમાં આવીને લોભ પોષે છે, એ ખોટું નહિ ?

ઉ.-એમ ન બોલો, પણ એ જુઓ કે 'લોભના પોષણમાં આવીને પણ ધર્મ પામવા તરફ પગલાં માંડી રહ્યો છે.' બોલો, આ ખોટું છે ? અલબત્ત પાઠશાળામાં કે વ્યાખ્યાનમાં આવતાં એનો ઇરાદો ધર્મ લેવાનો નથી, પણ પ્રભાવના લેવાનો છે, છતાં

**પ્રભાવનાની લાલચથી પણ આવનારો અજાણ્યે ધર્મ પ્રાપ્તિ તરફ પગલાં માંડી રહ્યો છે,**

કેમકે એ ત્યાં આવ્યા પછી ધર્મનું શ્રવણ કરશે, તેમજ બીજાઓને ધર્મ લેતા દેખશે, વળી ધર્મનું વાતાવરણ જોશે, ઇત્યાદિથી એ ધર્મ પામી જવાનો મોટો સંભવ છે. અનંતા આત્માઓ એમ જ ધર્મ પામ્યા છે. તેથી કહેવાય કે પ્રભાવનાદિની લાલચથી પણ આવનારો અજાણ્યે ધર્મ પ્રાપ્તિ તરફ પગલાં માંડી રહ્યો છે, ધર્મ તરફ આકર્ષાઇ રહ્યો છે. આમાં શું ખોટું છે ?

અનંતાનંત કાળથી ધર્મવિમુખ મોહમૂઢ જીવો ધર્મ તરફ આકર્ષાય એવું કરવું, એમાં તો એ જીવોની ભાવદયા છે. એથી દયા કરનારને ય લાભ અને દયાના પાત્રને પણ લાભ છે. એટલા માટે તો રથયાત્રા, તીર્થયાત્રા, સંઘ, દીક્ષા-વરસીદાન આદિના વરઘોડા, વગેરે દબદબાપૂર્વક અને અનુકંપાદાન સાથે કરવામાં આવે છે એથી જગતના બાળ જીવો એ જોવા આકર્ષાય છે, અને જોતાં જોતાં અને અનુકંપાદાન લેતાં લેતાં એવા ખુશી ખુશી થઇ જાય છે કે 'અહો ! આમનો ધર્મ કેવો ઊંચો કે એની ખાતર આ લોકો એવા પૈસા ખરચે છે કે જાણે ધર્મ આગળ પૈસા કોઇ ચીજ નથી !' આવા એક યા બીજા પ્રકારની જૈન ધર્મની ખુશીના વિચાર અને પ્રશંસામાં એમના હૈયે જૈનધર્મ પ્રત્યે આકર્ષણ ઊભું થાય.

ત્યારે, શાસ્ત્રો 'બીજં સત્પ્રશંસાદિ' કહીને બતાવે છે કે,

**ધર્મની સમ્યક્ પ્રશંસા-આકર્ષણ વગેરે એ ધર્મનું બીજ છે.**

## સમવસરણનો આડંબર શા માટે ?

ધર્મનું આકર્ષણ થયું, એટલે સમજો કે આત્મામાં ધર્મબીજનું આહ્વાહન થયું, વાવેતર થયું. હવે એમાંથી આગળ જતાં ધર્મશ્રવણ વગેરેથી અંકુર ઊગશે, નાળ-પત્ર-પુષ્પ (મહોર) વગેરે આવી ફળરૂપ ધર્મ આવશે.

હવે કહો જો, જીવોને લોભાવવા આ સંઘયાત્રા-વરઘોડા વગેરેના આડંબર કર્યા એ શું ખોટું કર્યું ? શું જીવોને ધર્મ તરફ ખેંચવા એવી લાલચ અપાય ? લાલચ આપી તો શું ખોટું કર્યું કહેવાય ? તીર્થંકર ભગવાનની દેશના માટે દેવો ચાંદી-સોના-રતનના મોટા ત્રણ ગઢ શા સારુ રચે છે ? શા માટે આટલા મોટો આડંબર ? શું એક મોટો ઊંચો પાટ કે શિલા ગોઠવે, તો પ્રભુ એના પર બેસી દેશના ન આપી શકે ? પરંતુ એમાં કાંઇ લાખો જીવો આકર્ષાય જ નહિ. મનુષ્યો આકર્ષાય નહિ, તો શહેર-જંગલના પશુ-પંખી તો આકર્ષાય જ શાના ? તો શું આમ દબદબો જોવા લોભાઇને જીવો પ્રભુ પાસે આવે એ ખોટું કામ છે ? કે ભલે પહેલાં જડ લોભથી આવ્યા છતાં 'એમ પણ આવ્યા પછી પ્રભુની દેશના સાંભળીને ધર્મનો પ્રતિબોધ પામી જાય છે' એ જોતાં, પહેલા જડથી લોભાઇને આવ્યા એ સારું છે ? એમ જીવોને લોભાવાને પ્રભુ પાસે ખેંચનારા એ સારું કામ કરે છે કે ખોટું ? અહીં એક પ્રશ્ન થાય, કે-

પ્ર. એનો અર્થ તો એ થયો કે 'લોભથી ધર્મ કરવા જાય તો ય સારો.' તો તો પછી દુન્યવી સુખોની ઇચ્છાથી ધર્મક્રિયા કરે એને વિષક્રિયા કેમ કહી ? શું એવી વિષક્રિયા કરનારો સારો ?

ઉ.-બેમાં ફરક છે, દુન્યવી સુખ માટે ધર્મ કરનારને તો ધર્મક્રિયાનો ફળમાં ધર્મ નહિ, દુન્યવી વિષયસુખો જ જોઇએ છે, ને એ ધર્મભાવનાની સામે ઝેર છે.

**ધર્મક્રિયા ધર્મભાવનાનું અમૃત પાઇ શકે, પરંતુ ક્રિયામાં દુન્યવી સુખની જ ઉત્કટ ઇચ્છા એ ઝેરરૂપ નીવડે છે.**

એ ધર્મક્રિયામાં રહેલી ધર્મભાવનાનું અમૃત જગાવવાની શક્તિને મારી નાખે છે. એટલું જ નહિ, પણ ધર્મ કરવા દ્વારા પણ એ વિષયસુખો જ જોઇએ છે, તેથી દિલમાં જો ધર્મની ઉપાદેયતા લાગી હોય તો તે નષ્ટ થઇ જાય છે, ને ન લાગી પણ ધર્મક્રિયા દ્વારા ધર્મની ઉપાદેયતા લાગવાની શક્યતા હોય તો તે ઉડી જાય છે. એટલા માટે તો દુન્યવી વિષયનું નિયાણું કરનારાઓએ પરલોકમાં અસંખ્ય વરસો સુધી ધર્મ પામવાની લાયકાત જ ગુમાવી. ધર્મ લેવો હોય તો સામે આવ્યો હોય,





પણ એની એને રુચિ જ ન થાય. એટલે 'ધર્મ કરીને મારે દુન્યવી સુખ જ જોઇએ છે' એવા ધર્મને દુન્યવી લાલચ માટે જ કરવાના દુરાગ્રહવાળાની સ્થિતિ ખરાબ છે, એને કેમ જાણે ધર્મ નથી જોઇતો એ નિર્ધાર છે.

ત્યારે, ધર્મમાં ખેંચવા માટે કોઇ સમવસરણ પ્રભાવના વગેરે જોવા-લેવાની લાલચ ઊભી કરવામાં આવી, ત્યાં ભલે એ લાલચથી જ જીવ આવે પણ એની સ્થિતિ પેલા જેવી ખરાબ નથી, કેમકે એને એવો નિર્ધાર નથી કે 'મારે તો આ જોવા-લેવાનું જ જોઇએ, ધર્મ ન જ જોઇએ.' એટલે તો ત્યાં જીવને કોઇ એવી ટકોર લાગતાં ધર્મનું આકર્ષણ ઊભું થઇ જાય છે. આ જોતાં કહેવાય કે અહીંની લાલચ એવા ઝેરરૂપ નહોતી.

આ હિસાબે વિચાર કરતાં સમજાશે કે સમકિતી જીવ સૌભાગ્યાદિ માટે સૌભાગ્યતપ, રોહિણીતપ, વગેરે કરે એ વિષક્રિયા નથી. કારણ આ જ કે અલબત્ત આમાં સૌભાગ્યાદિ દુન્યવી વસ્તુની એને ઇચ્છા-આશંસા છે, પરંતુ એ ધર્મભાવનાની મારક નથી, ઊલ્ટુ મનમાં એ અપેક્ષા છે કે 'જો આ દીર્ઘ સૌભાગ્યાદિ મળે તો દૌર્ભાગ્યાદિથી જે ચિત્તને અ-સમાધિ, આર્ત્તધ્યાન, કર્મબંધ વગેરે થતાં હોય તેમજ દેવદર્શનાદિ ધર્મમાં વ્યાકુળતા થતી હોય તે અટકે. સૌભાગ્યાદિની અનુકુળતાથી ધર્મધ્યાન ખૂબ સુખરૂપ ચાલે, પ્રસન્નતાથી કરાતા રહે.'

બોલો, આમાં સૌભાગ્યાદિ દુન્યવી વસ્તુની આકાંક્ષા અપેક્ષા-લાલચ હોવા છતાં ધર્મભાવના ક્યાં નષ્ટ થાય છે ? માટે એ આકાંક્ષા-લાલચ ઝેરરૂપ નથી. એટલે જ રોજ 'જયવીયરાય' સૂત્રમાં 'ઇટ્ઠફલસિદ્ધિ' માગવામાં દોષ નથી. ત્યાં એ માગવામાં હેતુ આ જ બતાવ્યો કે ઇષ્ટફળ સિદ્ધ થવાથી દેવદર્શનાદિ ધર્મ કોઇપણ પ્રકારના ખેદ વિના અખિન્ન ચિત્તે પ્રસન્ન ચિત્તે ચાલ્યા કરે...અહીં એક વિચાર છે, કે

## જયવીયરાય૦ માંની માગણીથી દ્રવ્યપૂજાનું બીજું ફળ રદ

પ્ર.-દ્રવ્યપૂજા પછી ભાવપૂજા-ચૈત્યવંદનમાં 'જયવીયરાય'માં ઇષ્ટફળ સિદ્ધિ માગવામાં પ્રસન્ન ચિત્તે ધર્મ ચાલ્યા કરે એ હેતુ ભલે સારો છે, કિન્તુ એ માગણી કરવામાં પૂર્વે કરેલી દ્રવ્યપૂજાનું વેચાણ તો થઇ ગયું ને ? ને જો વેચાણ થઇ ગયું, તો એ દ્રવ્ય પૂજાના ભાવી ઊંચા ફળ રદ થઇ જાય ને ?

ઉ.-આ વિચારનો પાયો ખોટો છે. 'જયવીયરાય'માં જે ભવનિર્વેદ વગેરે માગવામાં આવે છે એ કાંઇ પૂર્વે કરેલી દ્રવ્યપૂજાના ફળરૂપે નહિ, કેમકે એમાં એવું નથી બોલાતું કે 'હે ભગવન્ ! દ્રવ્ય પૂજાથી જો કાંઇ મળતું હોય તો મને

ભવનિર્વેદ...વગેરે મળો.' ત્યાં તો એ બોલાય છે કે 'હે ભગવન્ ! તમારા પ્રભાવથી (જો માંગ્યું મળતું હોય તો) મને ભવનિર્વેદ...વગેરે મળો.' એટલે કરેલી દ્રવ્યપૂજાના ઉચ્ચ ફળ તો એમ જ જાંગડ ઊભા રાખ્યા. વધારામાં વીતરાગની આટલી દ્રવ્યપૂજા કરવાનું સૌભાગ્ય મળ્યું છે, તો આત્માને એ પૂજા શોભે એટલા માટે આત્મામાં લૌકિક-લોકોત્તર સૌન્દર્ય આવો એવી અપેક્ષા-આકાંક્ષા આશંસા કરી, ને 'તે વીતરાગપ્રભુના પ્રભાવે બની આવો' એવો આશંસિત વસ્તુઓ બનાવી દેનારો વીતરાગમાં અચિંત્ય પ્રભાવ હોવાનો વિશ્વાસ ધરવા પૂર્વકની ઉત્કટ અભિલાષા છે.

વાત આ છે, વિવેક જોઇએ-કદાચ ધર્મ કરતાં દુન્યવી વસ્તુની અપેક્ષા રહી, પણ તે ધર્મભાવનાને ધક્કો પહોંચાડનારી ન જોઇએ બલ્કે ધર્મને પ્રધાનતા આપનારી જોઇએ. આ વિવેક છે.

એવો આ એક વિવેક છે કે કુટુંબી પર આફતમાં લાગણી થઇ આવતી હોય, તો પોતે કશું સહવાનું રાખી એમાં રાહત-સહાનુભૂતિ કરવી જોઇએ.

પેલી માતા, પોતાના દીકરાને રાક્ષસ પાસે જવાની ચિઠ્ઠિ ઉપડી આવી છે એટલે, રાક્ષસ દીકરાને ખાઇ જશે એ વાત પર કલ્પાંત કરી રહી છે. સંસારની આ જ ખૂબી છે કે સંસાર હજી બીજાના દુઃખ પર રડાવે ખરો, પરંતુ પોતે શક્ય હોય છતાં એનું એ દુઃખ લેવા તૈયાર ન થવા દે ! એટલે જ રોતી માતાને એમ મન નથી થતું કે 'લાવ દીકરાને બદલે હું જ રાક્ષસ પાસે જાઉં ભલે મને એ ખાઇ જાય.' સ્વાર્થની માયા શાનું એવું મન થવા દે ?

**સ્વાર્થની માયા પોતાનું સુખ જ જોવા દે, પોતાના વહાલાનું પણ દુઃખ ન લેવા દે !**

આવા સ્વાર્થ માયામાં રમનારાને જ પોતાના કરી રાખવા છે, ને દેવ-ગુરુને પોતાના નથી કરવા ? આવા ઊંચા જનમમાં આ નહિ કરો, તો પછી ભેંસના ભવમાં આ કરશો ? ત્યાં તો આટલું આવડશે કે ભેંસ પાડાને ને પાડો પાડીને પોતાના કરી જાણે. પરંતુ આર્ય મનુષ્ય પણ પત્ની-પુત્ર-પુત્રી આદિને પોતાના કરીને બેસી રહે ? કે દિલથી સ્વાર્થના સગાને પરાયા ગણી દેવ-ગુરુને પોતાના સાચા સગા કરી દે. બાકી તો એ વિના,

**સ્વાર્થી સગાને પોતાના કરી જાણવા એ અધમ પશુકાર્ય છે.**

**દેવ-ગુરુ-ધર્મને પોતાના કરી જાણવા એ ઉચ્ચ કાર્ય છે. ઉંચો માનવ-જનમ ઉચ્ચ કાર્ય કરવા માટે છે. એ ક્યારેય ન ભૂલો.**





પેલી માતાનો કલ્પાંત ભારે કરુણ જોઇ ત્યાંના નજીકના વ્યંતરદેવોને દયા આવી ગઇ, તે આવી એને કહે છે 'મા ! તું ચિંતા ન કર, એક વાર જવા દે તારા દીકરાને, અમે બચાવી લાવીશું.'

દેવતાનું આશ્વાસન મળ્યું એટલે મા તો રાજી રાજી થઇ ગઇ. બધો કલ્પાંત સુકાઇ ગયો, દિલને ટાઢક વળી કે 'હાશ ! દીકરો બચી જશે. એને કાંઇ આંચ નહિ આવે. દેવતા સહાયમાં છે પછી પૂછવાનું શું ?'

❀ ❀ ❀ ❀ ❀ ❀

આશ્વાસન કેવું કામ કરે છે ! ભલે ભવિષ્યની ખબર નથી કે 'આગળ શું થવાનું છે,' પરંતુ આશ્વાસન એક વાર તો દિલને ઠંડક આપી દે છે. અરે ! વર્તમાનમાં બચ્યા ન હોય તો પણ આશ્વાસન દિલને રાહત આપે છે. માટે તો સાપ-સમડી-બળદ જેવાને મરતી વખતે પ્રેમ-કરુણાથી નવકાર સંભળાવનાર મળ્યો તો, ભલે મોત અટકે એવું નહોતું કે મોત વખતની દારુણ પીડા ઓછી થાય એવી નહોતી, છતાં નવકારમાં દિલ કેમ લાગ્યું ? કહો, આશ્વાસનના અવાજથી દિલને રાહત થઇ ગઇ. માટે,

**દિલને રાહત હોય તો જ નવકારના અક્ષરો પર દિલ લાગે.**

સાપ વગેરેને આશ્વાસનકારી શબ્દોથી રાહત લાગી, દિલ ફોરું બની નવકારમાં લાગ્યું અને સદ્ગતિ પામ્યો. આમાં મૂળ કારણ 'અહો ! મને કોઇ આવા અવસરે પ્રેમથી કશુંક કહે છે !' એવું આશ્વાસન મળ્યું તે હતું. એ આશ્વાસન મળવાથી, મરણાન્ત તીવ્ર વેદનામાં જે દિલને ભારે હાયવોય હતી, વ્યાકુળતા હતી, તેમાં રાહત મળી અને નવકારશ્રવણમાં ચિત્ત લાગ્યું.

પ્ર.-સર્પને આશ્વાસન મળ્યું એ કિંમતી ? કે નવકાર મળ્યો એ કિંમતી ?

ઉ.-અહીં સાપને આશ્વાસન મળ્યું એમ નવકારમંત્રના અક્ષર મળ્યા એ પણ એક ધ્યાન પર લેવા જેવી મહત્ત્વની ચીજ છે. નહિતર

**નવકાર વિના એકલા આશ્વાસનથી એવી ઉંચી ગતિ ન મળે.**

દા.ત. માણસ મરવા પડ્યો છે, મનમાં મુંઝાઇ રહ્યો છે કે પાછળ પત્નીનું શું થશે ? હાય હાય કરી રહ્યો છે.

એમાં કોઇ સ્નેહી આવીને કહે 'ભાઇ ! કેમ ઉદાસ છો ?'

મરવા પડેલો કહે, 'ભાઇ ! શું કહું ? આ ઘરવાળાની ચિંતા થાય છે કે 'મારા વિના એનું શું થશે ? રખડી પડશે બિચારી.'

ત્યાં જો પેલો સ્નેહી કહે 'ઓહો ! એમાં શું છે ? હું એમની બરાબર દેખરેખ રાખીશ, ચિંતા ન કરશો.'

એમાં વળી એ સ્નેહી ઘરવાળાને ઉદ્દેશીને કહે 'જુઓ ભાભી ! જરાય મુંઝવણ ન કરશો. તમે મને ભાઇની જેમ જ સમજજો. ગમે ત્યારે અડધી રાતે પણ કાંઇપણ કામકાજ હોય તે સુખેથી મને કહેજો. આમેય હું જતો આવતો રહીશ, બહારનું તમારું બધું સંભાળી લઇશ, ને જરૂર પડ્યે મને કહેવા જેવું કહેજો પણ ખરા.'

આમ સ્નેહી આશ્વાસન આપે એટલે મરવા પડેલાને મન ફોરું થઇ જાય. કિન્તુ મન ફોરું તો થઇ ગયું, પણ એ મનમાં નવકાર નથી, ભગવાન નથી કે 'પ્રભુ ! મારે તું જ શરણ છે. આ બધી આળપંપાળ જૂઠી માયા છે, એને ને મારે કોઇ નિસ્બત નથી. મારે તો તું જ તારણહાર, તું જ બેલી, તું જ આધાર છે,' આવું કોઇ ભગવાનનું શરણ લેવાનું રાખ્યું નથી, તો શું એની ઊંચી સદ્ગતિ થાય ? ના,

મનમાં નવકાર નથી, ભગવાનનું શરણ નથી, એટલે પત્નીને લઇને મનને હુંફ રહેવાની કે 'હાશ ! બિચારી હવે રખડી નહિ પડે. એણે મને બહુ સુખ આપ્યું છે, એ બહુ સારી, તો ચાલો, એને સંભાળનાર મળી ગયા, સારું થયું,' આવા આવા વિચારમાં મોહ ભરેલો હોઇ એને સદ્ગતિ શાની થાય ? યાદ રાખો-

**મરતાં દિલમાં ભગવાન હોય તો સદ્ગતિ થાય, દિલમાં ભાર્યા હોય તો નહિ.'**

## નવકારમાં ચિત્ત કેમ લગાડવું ?

એટલે પેલા મરવા પડેલાને આશ્વાસન તો મળ્યું, પરંતુ દિલમાં ભાર્યા રહી, નવકાર કે ભગવાન નહિ, તેથી એની સદ્ગતિ ક્યાંથી થાય ?

ત્યારે જો દિલમાં નવકાર હોય મન નવકારના ભાવ પર હોય અર્થાત્ અરિહંત આદિ પંચપરમેષ્ઠિને નજર સામે લાવી 'એમને હું નમસ્કાર કરું છું' એવો ભાવ હોય, અરે ! અરિહંત શું, સિદ્ધ શું, એ કશી ખબર નથી, નવકારના પદોનો કશો અર્થ આવડતો નથી છતાં નવકારના માત્ર પદે પદ પરને અક્ષરે અક્ષર પર મન ચોંટેલું છે, તો પણ જીવની સદ્ગતિ થાય.

જુઓ અહીં કમઠના બળતા લાકડામાંથી એને સાચવીને ચિરાવીને બહાર નીકળેલા અર્ધબળેલા સાપને પાર્શ્વકુમારે નવકાર અપાવ્યો, તો ત્યાં એ નવકાર સાંભળતાં મરીને સાપ નાગકુમાર સ્વર્ગનો ઇન્દ્ર ધરણેન્દ્ર થયો.

'નાગ નિકાલા કાષ્ઠ ચીરા કર, નાગકું સુરપતિ કિયો એક છિનમેં





પાર્શ્વ શામલિયા ! વસો મેરે મનમેં...'

'દિયો સાર નવકાર નાગકું, ધરણેન્દ્રપદ પાયો,

પ્યારો પ્યારો રે, પાસજિણંદ મુને પ્યારો.'

સાપ મરીને એટલામાં ધરણેન્દ્ર ?

આ જગતમાં સારભૂત નવકારમાં ચિત્ત લગાવવા પર.

શું એને નવકારના અર્થ આવડતા હતા ? શું એ નમો એટલે શું, અરિહંત એટલે શું, સિદ્ધ એટલે શું, એવું કાંઇ સમજતો હતો ? ના, માત્ર નવકારના એકેક અક્ષર પર એનું મન ચોંટી ગયેલું હતું, એટલા માત્રમાં એણે નરકગતિ-તિર્યંચગતિ-મનુષ્યગતિ ત્રણેયને વટાવી દેવગતિનું, તે પણ હલકી વ્યંતરનિકાયનું નહિ, કિન્તુ ઊંચી ભવનપતિનિકાયનું, એમાંય સામાન્ય દેવનું નહિ, પણ ઊંચા ઇન્દ્રપણાનું ધરણેન્દ્રપણાનું પુણ્ય ઉપાર્જ્યું ! કેટલામાં ! નવકારના અક્ષર પર ધ્યાન લગાવવામાં, નવકારના માત્ર અક્ષર પર મન ફિક્સ કરવામાં. ત્યારે

**નવકારના અક્ષરનો મહિમા કેવો ? ધરણેન્દ્રપદ મળે !**

આપણે ગમાર છીએ, નવકારના મહાપવિત્ર અક્ષરનો આ મહિમા સમજતા નથી, સમજતા હોઇએ તો સદ્દહતા નથી. શાસ્ત્રો કહે છે, નવકારના પહેલા પદનો માત્ર પહેલો અક્ષર 'ન' બોલતાં કે સાંભળતાં સત્તામાં-સિલિકમાં પડેલા પાપકર્મની સાત સાગરોપમની કાળસ્થિતિ તૂટે. 'સાગરોપમ' શેને કહે છે ? દસ કોડાકોડિ પલ્યોપમ વર્ષે એક સાગરોપમ થાય. એવા સાત સાગરોપમ, એટલે કે સિત્તેર કોડાકોડિ પલ્યોપમ વર્ષની સ્થિતિ પહેલા પદમાંનો પહેલો અક્ષર 'ન' બોલતાં તૂટે. બીજો અક્ષર 'મો' બોલતાં એટલી તૂટે...એમ આખું પ્રથમ પદ બોલતા ૫૦ સાગરોપમ અર્થાત્ ૫૫૦૦ ક્રોડાક્રોડ પલ્યોપમ વર્ષની કર્મસ્થિતિ તૂટે. ત્યારે, આખો નવકાર બોલી રહેતા કર્મોની ૫૦૦ સાગરોપમ અર્થાત્ ૫૦૦૦ ક્રોડાક્રોડ પલ્યોપમની સ્થિતિ તૂટે.

**બીજા મંત્રોનો મહિમા હોય, ને નવકાર મંત્રનો નહિ ?**

બોલો, નવકારના અક્ષરોનો કેટલો મહિમા ? આ તો માત્ર અક્ષરોનો મહિમા, પણ નવકાર પદોના ભાવના મહિમાનું તો પૂછવું જ શું ? ત્યારે અક્ષરોના મહિમા તરીકે આજે જુઓને ગાયત્રીનું કેટલું ચાલ્યું છે ? શું ગાયત્રીમંત્ર જપનારા બધાય એનો અર્થ સમજે છે ? એવા બીજાય કેટલાય મંત્રો છે જેના અક્ષરોનો જ મહિમા એવો છે કે એનો અર્થ કશોય ન વિચારાય છતાં એ શ્રદ્ધાથી જપતાં તેવો

તેવો પ્રભાવ દેખાય છે. જો સામાન્ય મંત્રોના અક્ષરોનો એવો મહિમા હોય તો નમસ્કાર મહામંત્રના અક્ષરોનો મહિમા અચિંત્ય-અગણિત-અદ્‌ભુત ન હોય ? વાત આ છે કે જ્યાં સુધી એવી શ્રદ્ધા ન હોય ત્યાં સુધી એ શ્રદ્ધાથી ધરાય ક્યાંથી ? ને એ ફળ શી રીતે આપે ?

તો સવાલ એ કરો કે

**સર્પને નવકાર પર ધ્યાન શ્રદ્ધાથી શી રીતે ?**

પ્ર.-શું સર્પ સમડી વગેરેએ નવકારના અક્ષર પર ધ્યાન રાખ્યું તે એવી શ્રદ્ધાથી રાખેલું ?

ઉ.-જ્યારે સર્પ-સમડીને નવકારના અક્ષરો પર મન સ્થિર થવાથી ઉચ્ચગતિ મળવાનું ફળ દેખાય છે તો પછી માનવું જ પડે કે એ જીવોને નવકારના અક્ષર પર એવી અચિંત્ય વસ્તુ હોવાથી શ્રદ્ધા થઇ જ હોવી જોઇએ. અલબત્ત એ જીવો કાંઇ ભણેલા નહોતા, તિર્યંચના અવતારે હતા. એટલે વિકસિત બુદ્ધિવાળા નહિ, તેથી 'આ મંત્રાક્ષરોનો અચિંત્ય-અગણિત-અદ્‌ભુત પ્રભાવ છે' એવો વ્યવસ્થિત શ્રદ્ધામય વિચાર ન હોય, છતાં આશ્વાસનના ભાવવાળા ધ્વનિથી બોલાતા નવકારમંત્રના અક્ષર પર 'અહો ! આ કંઇક અદ્‌ભુત સંભળાવે છે. વાહ ! કેવું સરસ !' એવો કોઇ ભવ્ય ભાવ થયો હોય, એવું નવકારના અક્ષર પર બહુમાન થયું હોય, ત્યાં અક્ષર પર એનું ધ્યાન શ્રદ્ધાથી જ રહ્યું કહેવાય. અહીં બહુમાન એ શ્રદ્ધાનો જ ભાવ છે. બહુમાન એટલા માટે કે એ વખતે જે મરણાન્ત કષ્ટની વેદના ઊઠી હતી. દા.ત. સાપને અગ્નિના દાહની, ને સમડીને તીર ભોંકાયાની જાલિમ બળતરા હતી. એને ક્ષણભર ભૂલી એનું ચિત્ત આ નવકારના અક્ષર પર ઠંડકથી અને અદભુતતાના રસથી ચોંટ્યું, એ સૂચવે છે કે જેમ એવી જાલિમ બળતરાની વેદના મટીને શાતા થાય અને એના પર બહુમાન રુચિ-પ્રેમ થાય ને વેદના ભુલાઇ જાય, એમ અહીં નવકારના અક્ષર સાંભળતાં એ જાલિમ વેદના ભુલાઇ ગઇ, એમાં નવકારના અક્ષર પર ભારી બહુમાન-રુચિ-પ્રેમ જાગેલા, ને એ નવકારના અક્ષર પરની શ્રદ્ધા છે.

**નવકારના અક્ષર પર શ્રદ્ધા જિનવચન પરની શ્રધ્ધા જેવી છે.**

**જિનવચન પરની શ્રદ્ધા શું છે ?**

જિનવચન પર એવો પ્રેમ-રુચિ-બહુમાન, કે એ સમવસરણમાં સાંભળવા મળતાં ક્ષણભર દુનિયાના મોહમાયા કે શારીરિક વેદના ભુલાઇ જાય એટલો જિનવચનમાં અદભુત રસ આવે. અહીં પ્રશ્ન થાય.





પ્ર.-તો પછી સમવસરણ પર અભવી જેવાને જિનવાણી સાંભળતાં એવો રસ આવે છે, તો શું એને જિનવચન પર પ્રેમ-રુચિ બહુમાન થયું ? શ્રદ્ધા થઇ ?

ઉ.-ના, કારણ એ છે કે એને જિનવાણી સાંભળતાં જે રસ આવે છે, એ એની જે સંગીતમય મધુરતા છે એનો રસ છે. કાનને ભગવાનના ઉચ્ચારણમાં રહેલી અલૌકિક સંગીતમય મધુરતાનો આનંદ છે. એ કાંઇ જિનવાણી-જિનવચન પર રસ-પ્રેમ-બહુમાન ન ગણાય. દા.ત. કોઇ શ્રોતાને એના બહુ મીઠા ધ્વનિ-આલાપ પર આકર્ષણ થયું પણ વૈરાગ્યના પદ સાથે એને કોઇ નિસ્બત નથી, તો એને પ્રેમ શાનો થયો ? વૈરાગ્યના પદનો નહિ, પણ પેલા નિષ્ણાતના મધુર ધ્વનિનો. એવું અહીં અભવી જેવાને છે. ભગવાન એકેક શબ્દ બોલે ને એ સાંભળતાં એનું માથું ડોલે ! કલેજે મીઠો શેરડો પડે ! પણ એ આનંદરસ શ્રોત્રેન્દ્રિયના વિષયનો છે, જિનની મધુર ધ્વનિનો છે, જિનવચનનો નહિ.

**જિનની મધુર ધ્વનિનો રસ જુદો, જિનવચનનો રસ જુદો.**

ભાવુક ભવી જીવને ત્યાં 'અહો ! મારા પ્રભુ કેવું અદ્‌ભુત કહી રહ્યા છે ! પ્રભુના કેવાક અણમોલ એકેક બોલ !' એમ થાય એ એને જિનવચન પર રસ પ્રેમ-બહુમાન છે. એમ અહીં સાપ-સમડી વગેરેને તીવ્ર વેદના વખતે પણ સંભળાતા નવકારના અક્ષર પર 'અહાહા ! કેવા અદ્‌ભુત બોલ !' એમ થાય છે, એ એના પરના રસને પ્રેમને બહુમાનને સૂચવે છે.

એટલે વાત આ છે કે નવકારમંત્રના અક્ષર પર અથાગ બહુમાન-પ્રેમ-શ્રદ્ધા જગાવવાની જરૂર છે. મનને એમ થાય કે 'અહો ! કેવા મહાન ચમત્કારિક, અચિંત્ય અનુપમ પ્રભાવવંતા આ નવકારમંત્રના પવિત્ર અક્ષરો ! કમઠના કાષ્ઠની અંદર રહેલા સર્પના જીવન આખામાં કશો ધર્મ નહિ, બલ્કે પાપે પિંડ ભરેલા, છતાં અંતસમયે નવકારમંત્રના અક્ષર પર ધ્યાન લાગી ગયું તો સર્પ મરીને ધરણેન્દ્ર બન્યો ! એક દેવતા બનવું હોય તોય કઠણ કામ છે, જીવનમાં કેટલી બધી ધર્મસાધના હોયે દેવલોકમાં દેવ થવાનું મળે ! ત્યારે અહીં તો જીવનમાં કશી ધર્મસાધના નથી ને અંતકાળે માત્ર નવકાર-અક્ષર પર ધ્યાન છે, એનું આટલું મોટું ઇનામ, ઇન્દ્રપણું !

**અહો ! નવકારના અક્ષરોનો કેટલો બધો પ્રભાવ કે જીવનમાં બીજો કશો ધર્મ નહિ છતાં મનમાં એકરસથી સાંભળે માત્ર એ અક્ષરો ઇન્દ્રપણું અપાવે !**

શાસ્ત્રો તો નવકાર ઠેઠ મોક્ષ સુધી પહોંચાડી શકે એમ કહે છે.

જે નવકારના અક્ષરોમાં આ સિદ્ધ કરવાની તાકાત હોય એ સામાન્ય સામાન્ય તો શું ય સિદ્ધ ન કરી આપે ? માત્ર, એના પ્રભાવ પર આપણને ઊંચી શ્રદ્ધા જોઇએ, અથાગ બહુમાન જોઇએ, અદ્ભુત રસ જોઇએ. એ શ્રદ્ધા-બહુમાન-રસથી નવકારના અક્ષરોનો જાપ ચાલવો જોઇએ. મનને એમ થાય કે-'અહો ! કેવું મારું અહોભાગ્ય કે મને આ મળ્યું ? જગતમાં ક્યાંય ન મળે એવો આ નવકાર મહામંત્ર મને મળ્યો ? નવકારના આ અતિ પ્રભાવશાળી અક્ષરો મળ્યા !'

ઢોરા ચારવાની નોકરી કરનારો, માત્ર 'નમો અરિહંતાણં' એટલા સાત અક્ષર પર તૂટી પડેલો, રાત-દિવસ એની રટણા કરનારો, અને કમોતે મૃત્યુની ભયંકર પીડા વખતે પણ એ પીડામાં મન ન લઇ જતાં આ સાત અક્ષરમાં મન પરોવી દેનારો જીવ એ જ ઘરમાં અર્હદ્દાસ શેઠના ઘરમાં મરીને એમનો જ સુપુત્ર સુદર્શન થયો. કેવો ? જેને શ્રીમતાઇમાં પણ ચતુર્દશીએ પૌષધ હોય, જેનું અભયારાણીએ એકાંતમાં કરેલા ઉપદ્રવમાં પણ અડગ બ્રહ્મચર્ય રહે, અને જેને શૂળીનું સિંહાસન થાય, અંતે એજ ભવમાં મોક્ષ થાય ! વિચારો, ગમાર નોકર-અવસ્થામાં એણે નવકારના આ પહેલા પદનો અર્થ ભાવાર્થ શો જાણ્યો વિચાર્યો હતો ? કશો ય નહિ તો ? માત્ર નવકાર પ્રથમપદના અક્ષરો પર મસ્ત-મુસ્તાક બનેલો એવો મસ્ત કે હવે એને ખાવાની આરામની મોજમજાહની કશી કિંમત રહી નથી, એના પર કશું માન નથી, બહુમાન માત્ર નવકારના અક્ષરો પર છે. ત્યારે એ નવકારના અક્ષરોએ પ્રભાવ કેવો પાડ્યો ? પછીના જ ભવે મોક્ષ થાય એટલી બધી ઉચ્ચતા આત્મામાં લાવી દીધી ! તે ય મહાપ્રભાવક બ્રહ્મચારી તરીકે અને જેને શૂળીનું સિંહાસન થઇ ગયું એવા વિશ્વવિખ્યાત સુદર્શનશેઠ બનાવીને ! જીવનમાં બીજી કોઇ ધર્મ સાધના નહિ અને માત્ર નવકાર-પ્રથમપદના રટણની આરાધનાએ આ પરિણામ ! એ વાત જાણ્યા પછી પણ નવકાર-રટણના આ પ્રભાવની શ્રદ્ધા થશે ? એવો નવકાર મળ્યા પર વારેવારે હૈયું ગદ્ગદ થશે ? વારે વારે ગદ્ગદ હૈયે નવકારસ્મરણ થવાનું ?

વાત હતી પેલા કમઠના બળતા કાષ્ટમાંથી કઢાયેલા સાપની, જેને પાર્શ્વકુમારે અપાવેલ નવકાર-અક્ષર પરચિત્ત ચોંટતાં ધરણેન્દ્રપદ મળ્યું. પરંતુ ચિત્ત ક્યારે ચોંટ્યું ? પહેલાં એને પાર્શ્વકુમારના દર્શને અને મુલાયમ કોમળ ધ્વનિથી આશ્વાસન મળ્યું ત્યારે. એને અગ્નિએ બળવા-શેકાવાથી ભારે વેદનામાં હાય વોય હતી, આકુળતા વ્યાકુળતા હતી, તેમાં આશ્વાસનથી રાહત થઇ, દિલને કાંઇક સ્વસ્થતા આવી, એટલે જ દિલદર્દથી બોલાતા નવકારના અક્ષર ગમ્યા, ને એમાં





દિલ ચોંટ્યું. કાયાને પીડા શમી નહોતી ગઇ તે તો ઊભી જ હતી, પરંતુ મન એ પીડામાં નહોતું. મન નવકારના અક્ષરમાં ગયું હતું, ને તે જવાનું કારણ આશ્વાસન મળવાથી મનને પીડા ઓછી થઇ ગઇ હતી. જો એ ઓછી ન થઇ હોત તો તો મન હાયવોયમાં નવકારના અક્ષરને શાંતિથી શું ઝીલી શકે ? એ તો આશ્વાસને મનને રાહત આપી દીધી એટલે નવકારના અક્ષરો શાંતિથી ઝીલ્યા.

**દુઃખીને દિલના દર્દભર્યા ગદ્ગદ શબ્દનું પણ મોટું આશ્વાસન બને છે.**

આશ્વાસનરૂપે માત્ર પ્રેમ અને કરુણાભર્યું ગદ્ગદ દિલ તથા શબ્દ કેવુંક કામ કરે છે ! કે (૧) ધરણેન્દ્ર થનાર સાપ, (૨) રાજપુત્રી સુદર્શના થનાર સમડી, અને (૩) રાજકુમાર થનાર બળદ, એવા પ્રેમ-કરુણાથી બોલાયેલા નવકારના શબ્દોનો અર્થ નથી સમજતા, છતાં મનને આશ્વાસન મળ્યું કે 'અહો ! મને કોઇક દયાથી-પ્રેમથી કંઇક કહે છે ?' એ આશ્વાસનથી દિલને રાહત થઇ તો દિલ વેદના પરથી ઊઠીને નવકારના શબ્દ પર લાગ્યું અને એ સ્થિતિમાં મૃત્યુ થયું તો સદ્ગતિ મળી ! આશ્વાસનની બલિહારી છે, આશ્વાસન દિલને રાહત આપે છે, બાહ્ય પીડા છતાં આંતરિક પીડા માનસિક પીડા ઓછી કરી આપે છે.

તમારા જીવનમાં જોજો કે

(૧) સ્વાર્થનાં કામ પડતાં મૂકી અવસરોચિત આશ્વાસનના શબ્દ આપવા કેટલું કરો છો ?

(૨) સામાની ભૂલ પર દ્વેષ ન કરતાં એને આશ્વાસનના બે શબ્દ કહો છો ખરા ?

**સામાની ભૂલ એ તમારા માટે પ્રેમ કરુણા કરવાની અને આશ્વાસન આપવાની સોનેરી તક છે.**

સારાસારીમાં તો એવી શી તક ગણાય. ત્યાં શો પ્રેમ શી કરુણા દાખવવાની તક છે ? એ તો સામો ભૂલે છે ત્યાં દ્વેષ ઊઠવા જાય અને ગુસ્સાભર્યા તિરસ્કારના શબ્દ બોલવાનું મન થાય, એટલે એને ન ઊઠવા દેતાં તેમજ એવા તિરસ્કારના શબ્દ ન કાઢતાં પ્રેમ અને કરુણા જગાવવાની તથા આશ્વાસનના શબ્દ બોલવાની તક ગણાય. આ સોનેરી તક છે. એ તકને સફળ કરી લઇએ તો એનાથી આત્મામાં પ્રેમ-કરુણા અને મૃદુ સૌમ્ય ભાષાના સુંદર સંસ્કાર પડે, ને એ સંસ્કાર અહીં આગળ પર વધુ પ્રેમ-કરુણાનું બળ આપે તેમજ ભવાંતરે એની સારી ભૂમિકા સર્જી આપે. ત્યારે મનને સમજાવવા જેવું છે કે-

**કર્મથી પીડિત જીવો પર દ્વેષ-કઠોરતા-તિરસ્કારે તો અનંતા કામ કર્યા,**

**અનંતીવાર કર્યા, હવે પ્રેમ-કરુણા-આશ્વાસન ક્યારે કરીશ ?**

અહીં ધર્મની સમજ છે માટે એ કરવાની તક છે. તો છતી સોનેરી તક ચૂકીશ ?

❀ ❀ ❀ ❀ ❀ ❀

એટલું ધ્યાનમાં રહે આશ્વાસન અવસરે શક્ય આચરણથી પણ આપવું જોઇએ. એનો લાભ વળી અનેરો ! મેઘકુમારના જીવ હાથીએ સસલાને પગ ઊંચો રાખી. ન કચરવાનું પ્રેમ-કરુણાથી આશ્વાસન આપ્યું, તો હાથીનો સંસાર મર્યાદિત થઇ ગયો. પછી મેઘકુમારનો ભવ, બાદ અનુત્તરવિમાને દેવભવ, ને તે પછી મનુષ્યભવે સંસાર-અંત અને મોક્ષ ! ઇનમીન-તીન ભવે સંસારની સમાપ્તિ ! આચરણથી આશ્વાસન આપ્યે આ જબરદસ્ત લાભ !

માટે તો જ્યારે મેઘકુમારે રાજશાહી સુખો છોડી દીક્ષા લીધી અને તે જ રાત્રે સંથારામાં જતા-આવતા મુનિઓની ચરણરજ પડવાથી દુર્ધ્યાન થયું ત્યારે સવારે ભગવાન મહાવીર પ્રભુએ આશ્વાસન આપતાં પૂર્વજન્મની સસલા પરની દયા આશ્વાસન યાદ કરાવી એનું કેટલું ઉમદા ફળ આવ્યું એ આ શબ્દોમાં કહ્યું-

**भो मेहा !  'ताए पाणाणुकंपाए तए परित्तिकओ संसारो ।'**

અર્થાત્ 'હે મેઘકુમાર ! જીવ પરની તે અનુકંપાએ તેં સંસારને મર્યાદિત કરી દીધો.'

આશ્વાસનની બલિહારી છે. પેલી માતાને વ્યંતર દેવોએ સારું આશ્વાસન આપ્યું, માત્ર શબ્દથી નહિ, પણ આચરણાથી, તે જ્યારે છોકરો પેલા ખાવકલ રાક્ષસ પાસે ગયો, ત્યારે યુક્તિથી વ્યંતરદેવોએ રાક્ષસ એને ખાઇ જાય એ પહેલાં જ ઊપાડીને એ છોકરાને માતા પાસે લાવી મૂક્યો.

માતાને હરખનો પાર નથી, કેમ જાણે નવો પુત્ર મળી ગયો, પરંતુ હરખમાં ચડેલી એને ભાન નથી કે આ હરખ ટકવાનો નથી એટલે હરખમાં રાજીની રેડ થઇ જાય છે.

**કર્મસત્તા આગળ મોહાંધ જીવની કંગાળ દશા છે. કર્મ એને ઘડીમાં હસાવે, ઘડીમાં રોવરાવે.**

કર્મસત્તા હમણાં તો સારુ સારુ દેખાડે છે, એટલે મોહમૂઢ, જીવ એમ સમજે છે કે 'ચાલો ફાવી ગયા ! હવે નિરાંત થઇ ગઇ' પણ આ તો જાલિમ કર્મસત્તા છે,





ઘડીકમાં સારું દેખાડીને પછી તરત જ એવું નરસું દેખાડે કે જાણે જીવને ઊંચે પહાડ પર ચડાવી નીચે ખીણમાં પટકે ! એ વખતે મોહાંધ જીવની કારમી કરુણ દશા થઇ જતાં ખેદનો પાર નથી રહેતો, એ કંગાળ રોતડ બની જાય છે. હમણાં હર્ષનો ઉન્માદ અને પછી શોકની મોટી પોક !

**ઘડી-ઘડીમાં હરખ-શોકના પલટા, એ કંગાળ દશા નથી ?**

**શ્રાવકની સુજ્ઞતા શી ?**

મોહમૂઢતા આ કંગાળદશા કરાવે છે. મોહથી મૂઢ એટલે તત્કાલના સારા પર જોશે, પણ પછીના સંભવિત નરસાનો વિચાર જ નહિ કરે ! એ મૂઢતા છે, ત્યારે પછીનો વિચાર રાખવો એ સુજ્ઞતા છે. શ્રાવક સુજ્ઞ હોય એટલે જ પછીના પરલોકનો વિચાર જાગતો રાખે. એટલે જ ભલે વર્તમાનમાં સારું સારું મળ્યું, પણ એના પર પછી પરલોક ન બગડે એની પૂરી સાવધાની રાખે. તેથી જ એ સંયોગોની સારાસારીમાં પરલોક હિતનો અવસર મળે એ તુરંત ઝડપી લે. આ એની સુજ્ઞતા છે. મૂઢને આ કશો વિચાર જ નહિ, એટલે પછીનો પરલોકનો વિચાર જ નહિ. તેથી સારાસારીમાં ફાવે એટલા અભિમાન વગેરે કષાય દોષોને, ફાવે તેટલા હિંસામય આરંભ-સમારંભ-અસત્ય અનીતિ તથા ફાવે તેટલા વિષયવિલાસરૂપી દુષ્કૃત્યમાં જ ડૂબી જાય છે.

માત્ર વર્તમાનનો વિચાર એ મૂર્ખતા છે.

ભવિષ્યનો વિચાર એ સુજ્ઞતા છે.

મૂઢ ન બનો. સુજ્ઞ બનો. સુજ્ઞ બનીને ભવિષ્યનો વિચાર રાખી વર્તમાનને મૂલવો. પરલોકનો વિચાર તો ખરો જ, પણ આ લોકમાં ય ભવિષ્યનો વિચાર ઉપયોગી છે. માટે તો શાણો માણસ વર્તમાનમાં કમાયેલું ધન બધું જ રંગરાગમાં ઉડાવી ન દેતાં ભવિષ્યમાં કામ લાગે એ બુદ્ધિથી શક્ય એટલું મૂડી રૂપે સંઘરતો જાય છે.

એમ ભવિષ્યનો વિચાર હોય તો તો કુટુંબીની વર્તમાનની ભૂલ દેખી એની સાથે ઝગડવાનું ન કરાય. કુટુંબીની કાંઇક ભૂલ થઇ ત્યાં વિચાર આવે કે 'જો આમના પર ગુસ્સો કરી આમને ઉતારી પાડીશ, તિરસ્કાર બતાવીશ, તો એમનું હૈયું ભાંગી જશે ! મારા પર એમને દુર્ભાવ થશે ! તે એ હૃદયાઘાત અને દુર્ભાવના પડઘા ખોટા પડશે, મારી સાથેના એમના દુર્ભાવ મારા જીવનને બગાડશે. પછી એ પડઘો જિંદગીના અંત સુધી ચાલશે.

**ગુસ્સો કરવો ને તિરસ્કારનું બોલવું તો સહેલું છે, પણ એથી સામાના ભાંગેલા હૃદયને સાંધવા મુશ્કેલ છે.**

પરંતુ મૂઢતા આ ભવિષ્ય જોવા દેતી નથી. પેલી માતા પણ મૂઢ બની છે તે છોકરો રાક્ષસની પકડમાંથી બચીને આવ્યો એના પર એટલો હરખનો ઉન્માદ કરે છે કે હવે પછી છોકરા પર જ્યાં આફત ઉતરી આવી કે ત્યાં એને કલ્પાંત કારમો થવાનો છે.

છોકરા પર આફત આ રીતે ઉતરી આવી.

હવે માતાને શંકા પડી કે 'કદાચ રાક્ષસ છોકરાને શોધતો અહીં આવે, તો છોકરાને દેખી ઉપાડી જાય માટે છોકરાને સંતાડી દેવો જોઇએ. અહીં મકાનમાં કે આટલામાં સંતાડું તો રાક્ષસ એને શોધી કાઢે, માટે એની કલ્પના ન જાય એવી પર્વતની ગુફામાં સંતાડી દઉં.

એમ વિચાર કરીને છોકરાને લઇ જઇ પર્વતની ગુફામાં બેસાડી દીધો, અને છૂટકારાનો દમ ખેંચ્યો કે 'હવે છોકરો રાક્ષસના ભયંકર જુલ્મમાંથી બચી દીર્ઘજીવી રહેશે.'

માણસની કેવી ઘેલછા છે કે એ કર્મના અકાટ્ય હુમલાનું ભાન રાખ્યા વિના પોતાના ધારેલા ઉપાયથી ઇચ્છિતની સિદ્ધિ થવાનું માને છે, ને નિરાંત અનુભવે છે !

**જ્યાં અજ્ઞાત કર્મોની સત્તા માથે ઝઝુમી રહી હોય ત્યાં પોતાના મનોરથ અને ઉપાયો ફળીભુત થવાના નિર્ધાર અને એના આનંદ હાસ્યાસ્પદ નથી ?**

કેમકે એને જ જ્યારે માથે રાખેલી કર્મસત્તાની રુએ પરિણામ અવળું આવીને ઊભેલુ જણાય છે, મનોરથ કડડભૂસ અને ઉપાયો નિષ્ફળ જવાનું દેખાય છે, ત્યારે મોટી શોકની પોક મૂકે છે, કલ્પાંતનો પાર નથી રહેતો.

રાવણ વાલી રાજાને હરાવી પોતાની આજ્ઞા નીચે લાવવા માટેનો મનોરથ સેવી લડવા માટેનો ઉપાય કર્યા કરે છે. ત્યાં એને ક્યાં વિચારવું છે કે 'માથે કર્મસત્તા બેઠી છે એ કદાચ જો રુઠી, તો લેવાના દેવા થશે. રાજા વાલીને આજ્ઞામાં લઇ આવવાને બદલે તારે જ એની આગળ એક રાંક દયાપાત્ર ગરીબડા ગુલામ જેવા ઊભા રહેવું પડશે ? ના, જાણે કર્મસત્તા જેવું કાંઇ છે જ નહિ, તે પોતાના પુરૂષાર્થ પર ધાર્યુ કાર્ય અવશ્ય થવાની આશા સેવી બેસે છે ! કહેતા નહિ કે

**કર્મસત્તા કેવું ભયંકર સરજે છે ?**





પ્ર.-તો પછી શું કાંઇ ઉપાય જ ન કરવા ? કર્મસત્તાના ભરોસે બેસી રહેવું ?

ઉ.-તો શું ધાર્યા ઉપાય કરીને દોડ્યા પછી કદાચ જો કાર્ય ન થતાં નાલેશી મળે, યા ઊલટું આપદા આવી પડે, તો જીવનભરના શોક, ઉદ્વેગ અને કલ્પાંત વહોરવાની તૈયારી રાખવી ? 'ભલે કલ્પાંત કરવો પડશે તો વાંધો નહિ', એમ મન કહે છે ? વેપાર કરવા ગયા, અને નફાને બદલે મોટી ખોટમાં ગયા તો કલ્પાંત કરતી વખતે શું મનને એવી નિરાંત રહે છે ખરી કે રોવું પડે છે તો વાંધો નહિ ? ધાર્યું કરવા ગયા ને પડ્યા. અકસ્માત થયો, થાપાનું હાડકું ભાંગ્યું, એમાં સળિયો ઘાલી સંધાન કરી પ્લાસ્ટર કરી ડૉકટરે દિવસો સુધી ચત્તા સુવાડી રાખ્યા, પગે લટકતા ભાર રાખ્યા, એ વખતે શું મનને નિરાંત રહે છે ખરી કે ફિકર નહિ આમાં કાંઇ વાંધો નથી ?' કે હાય હાય થયા કરે છે ? 'હાય ! ક્યાં પડ્યો ? હાય ! કેટલી બધી પીડા ?' આવું આવું જ થયા કરે છે ને ? કર્મસત્તા ભૂલી જાતના ઉપાયના ભરોસે ચાલવામાં આ પરિણામ ને ?

પ્ર. તો પછી અમારે શું કરવું ? કશા ઉપાય જ ન કરવા ? હાથ જોડીને કર્મસત્તાના ભરોસે બેસી રહેવું ?

ઉ. તે તમે અમારા રહેવા પર થોડા જ કર્મના ભરોસે શાંત બેસી રહેવાના છો ? આવો પ્રશ્ન શા માટે પૂછો છો ? અમારું કહ્યું કરવા ? પણ મુંઝાશો નહિ, કરવાનું આ છે, કે

(૧) અયોગ્ય ઉપાય કરો જ નહિ.

(૨) યોગ્ય ઉપાય કરવા જાઓ ત્યાં કર્મસત્તાને બરાબર નજર સામે રાખો, અને મનમાં વિચારો કે આ હું ઉપાય કરવા તો જાઉ છું, પણ કર્મસત્તા બળવાન છે. એ કદાચ વિપરીત પણ નીકળે. ખરું તો કર્મનું ધાર્યું થવાનું છે, ધાર્યું મારું નહિ, મારો પ્રયત્ન તો સામાન્ય નિમિત્ત છે, જેમ વલોણું કરતાં પાણી તો નાંખવું જ પડે પણ માખણ તરી આવે એમાં ખરું તો દહીં જ કારણ, બાકી પાણી તો સામાન્ય નિમિત્ત. આ જો બરાબર હૈયામાં કોતરી રાખશો તો કદાચ કર્મસત્તા જુદું જ દેખાડશે ત્યાં કલ્પાંત નહિ થાય, કેમકે કર્મસત્તાને જ ખરું કારણ માન્યું છે. રામચંદ્રજીનો રાજ્યાભિષેક થવાનો હતો, પરંતુ રામ સમજતા હતા કે 'આ તો કર્મની લીલા છે, આપણી કશી હોશિયારી નથી' તો રાજ્યપાટને બદલે વનવાસ પકડવાનું થયું તો કલ્પાંત ન થયો. કેમકે એ કર્મસત્તાને જ બળવાન માનતા હતા, અર્થાત્ આપત્તિ-સંપત્તિમાં કર્મસત્તાનું દર્શન કરતા હતા.

**સમકિતી આત્મા સંપત્તિ-વિપત્તિમાં શુભાશુભ કર્મનાં જ દર્શન કરે.**

**કર્મસત્તાનું દર્શન કરવાની વિચારણાઃ-**

એટલી બધી એને ભગવાનનાં વચન પર, ને એ વચને ફરમાવેલી કર્મસત્તા પર શ્રદ્ધા હોય. દુન્યવી કાંઇક સારું મળ્યું દા.ત. પૈસા કમાયા, તો એ પૈસામાં પુણ્યકર્મનું દર્શન થાય. મનને એમ લાગે કે 'આ પૈસા કોઇ સ્થાયી ચીજ નથી, આ તો માત્ર ચંચળ પુણ્યકર્મ છે. આ મારી ચીજ છે. આમાં મારી બુદ્ધિ, મારા ઉદ્યમની શાબાશી નથી, પણ વટાવાઇ જતા પુણ્યકર્મની શાબાશી છે. આ પૈસા માટે હું કાંઇ જ વિસાતમાં નથી, પુણ્યકર્મની જ ગણતરી છે દા.ત. શેઠાણીને શેઠે મોટર વસાવી આપી એનો ડ્રાઇવર શેઠને પૂછી પૂછીને કામ કરતો હોય, તો ત્યાં ડાહી શેઠાણી સમજે છે કે 'આ મોટર ને હું વિસાતમાં નથી, એને તો શેઠ જ ગણતરીમાં છે. શેઠના કહ્યા મુજબ જ 'આ મોટર ચાલે છે' આમ મોટર પર શેઠની સત્તાનાં દર્શન કરી એ ખોટા મદમાં નથી ચડતી. ડ્રાઇવરને અનુકૂળ રાખવા એ બહુ પ્રયત્ન નહિ કરે, કરશે તો શેઠને પોતાના અનુકૂળ રાખવાનો પ્રયત્ન કરશે.

એમ સમકિતી આત્મા સંપત્તિ પર મદ નહિ કરે, એને અનુકૂળ રાખવા બહુ પ્રયત્ન નહિ કરે, પણ કર્મસત્તાને અનુકૂળ રાખવા પ્રયત્ન કરશે, અર્થાત્ પુણ્યકર્મ પુષ્ટ થાય પણ પાપકર્મ નહિ એવાં સુકૃતો જ, ને એવો ધર્મ જ બહુ કર્યે જવાના પ્રયત્ન કરશે.

પ્ર.-તે, ધર્મ પુણ્ય માટે કરવાનો ? કે કર્મક્ષય માટે ?

ઉ.-આદર્શના ખાલી પ્રશ્ન જ છે કે જીવનમાં કશું લેવાની વાત છે ? સંપત્તિ-વિપત્તિમાં કર્મનાં દર્શન કરો છો ખરા ? સંપત્તિને બહુ માનતા નથી ને ? એમાં હરખાઇ જતા નથી ને ? ધર્મવાળા કરતાં સંપત્તિવાળાને ઉંચા લેખતા નથી ને ? સંપત્તિ ખાતર જુઠ નથી બોલતા ને ? આપત્તિમાં મુંઝાતા નથી ને ? આમાં મારું તો કશું બગાડ્યું નથી એવું લાગે છે ને ? કઇ વાતનું ઠેકાણું છે ? અહીં સાંભળતાં ય જીવનસાથે ઘટાવવાની જીવનમાં સ્પર્શાવાની વાત છે ? હેયું આંચકો અનુભવે છે કે 'જિનવાણી શું કહે છે ને હું શું કરી રહ્યો છું ?' આ કશું નહિ ને આદર્શના પ્રશ્નમાત્ર ?

સમકિતી આત્મા ધર્મ પુણ્ય માટે નથી કરતો, પરંતુ જે ધર્મ કરે છે તે એવો છે કે એનાથી પુણ્યકર્મ બંધાઇ જાય છે. એ માને છે કે આ માનવ અવતાર પાપ કરવા માટે નથી, પાપથી બચવા માટે છે ને તે ધર્મ કરતા રહીએ તો બચાય, તેથી





ધર્મ કરતો રહે છે. જ્યારે એ સંપત્તિમાં કર્મનાં દર્શન કરે છે, ને એ સંપત્તિને બહુ માનતો નથી, તો પછી એ ધર્મ સંપત્તિ ખાતર કરે ? સમકિતીનું હૃદય, સમજ એના હૃદયમાં સંપત્તિ પર શ્રદ્ધા નહિ, કર્મ પર શ્રદ્ધા છે. એટલે જ

**કર્મ પર શ્રદ્ધાવાળો સંપત્તિમાં જાતની કશી શાબાશી લે નહિ ને આપત્તિમાં જાતની કશી નાનપ કે દુખિયારાપણું માને નહિ.**

આ એની સ્થિતિ છે.

વાત આ હતી કે પેલી પુત્ર પર બહુ રાગવાળી માતા છોકરાને ગુફામાં બેસાડ્યો એટલે હવે માની લે છે કે છોકરો પિશાચથી બચી ગયો તેથી હવે એને મોત નહિ આવે. પરંતુ કર્મ બળવાન છે એ એને ક્યાં ખબર છે ? એ તો એટલું જ સમજે છે કે આપણે ચાંપતો ઇલાજ લઇએ એટલે આપત્તિ ન આવે.

બન્યું એવું કે જે ગુફામાં છોકરો જઇને આરામથી નિરાંતે સૂતો ત્યાં એક અજગર નીકળ્યો ને છોકરાને આખો ને આખો ગળી ગયો. બીજે દિવસે પેલા રાક્ષસ પાસે હવે બીજાનો વારો હોઇ માતા હવે નિશ્ચિન્ત બની કે દીકરાને હવે ઘરે લાવવામાં વાંધો નહિ, તે પુત્રને લેવા ગઇ, પણ ત્યાં જઇને જુએ છે તો શુ મળે ? શું કરે હવે ? પોક મૂકી.

**શ્રી વિજય રાજાના મહામંત્રીને ઉપસંહારઃ**

આપણા શ્રી વિજય રાજાની સભામાં મહામન્ત્રી આ દૃષ્ટાન્તથી સમજાવે છે કે 'જુઓ, કર્મ બળવાન છે. એ જો રુઠેલા છે, તો એની સામે કશો ઉપાય કામ કરે નહિ. તેથી મહારાજાને સમુદ્રની વચમાં બેસાડો કે વૈતાઢ્ય પર્વતના મથાળે બેસાડો, કર્મસત્તાને ફેરવી નહિ શકાય.

એટલે બધા મંત્રીઓ તડુકી ઉઠે છે કે 'તો શું મહારાજાને મરવા દેવા ?'

મહામંત્રી કહે છે, 'મરવા નહિ દેવાના પણ એવો રસ્તો કાઢવાનો કે એઓશ્રીને મૃત્યુ ન આવે, તેમજ નિમિત્તિયાનું વચન પણ ખોટું ન પડે.'

એક મંત્રી કહે 'આ શી વાત છે ? નિમિત્તિયો કહે છે કે પોતનપુરના રાજાના માથે સાતમા દિવસે વિજળી પડશે' હવે જો એ વચન સાચું પડવાનું હોય તો તો મહારાજાને મૃત્યુ આવે જ ને ?'

**નિમિત્તિયાનાં વચનનો મર્મ**

મહામંત્રી કહે-'પોતનપુરનો રાજા મરે, શ્રીવિજયરાજા નહિ. નિમિત્તિયાના વચનનો મર્મ સમજો. નિમિત્તિયાએ મહારાજાનું નામ તો લીધું નથી કે શ્રી

વિજયરાજાનાં માથે વિજળી પડશે, માટે આપણે એમ કરો કે સાત દિવસ માટે બીજો રાજા સ્થાપીએ ને મહારાજા એટલા સમય માટે નિવૃત્ત થાય, અને પૌષધાદિ ધર્મધ્યાન કરતા રહે. હાં, પણ એટલું જોવાનું છે કે બીજા કોઇ માણસને રાજા બનાવવા માગીએ, તો કોણ એવો નીકળે કે મૃત્યુનું જોખમ માથે લે ? તેમજ આપણે એવા નિર્દય પણ કેમ થવાય કે ભલે બીજો માણસ મરે, આપણા મહારાજા તો જીવતા રહે છે ને ?

બીજો મંત્રી કહે 'આ તે કેવી વાત કરો છો કે બીજો કોઇ રાજા બનીને મરે એવી નિર્દયતા કરવી નથી, ને મહારાજાને મૃત્યુ આવવા દેવું નથી ?'

મહામંત્રી કહે છે 'સાંભળો ઉપાય આપણા નગરના નાકે જે યક્ષની મૂર્તિ છે એનો જ પોતનપુરના રાજા તરીકે રાજ્યાભિષેક કરીએ. સાતે દિવસ એ યક્ષ જ રાજા તરીકે રાજસિંહાસને બિરાજે ને આપણે એને જ રાજા માનીએ એટલે બધું કામ બરાબર ગોઠવાઇ જશે. વિજળી પડીને કદાચ યક્ષમૂર્તિનો નાશ કરશે તો નવી સુંદર યક્ષમૂર્તિની એના મંદિરમાં સ્થાપના કરીશું.'

મહામંત્રીનો આ ખુલાસો સાંભળી બધા જ મંત્રીઓ દિંગ થઇ ગયા કે શું બુદ્ધિનો ચમત્કાર છે ! નિમિત્તિયાની આગાહી ખોટી કરાવવાનું થતું નથી, ને મહારાજાના પ્રાણ બચી જાય છે. કેવી સરસ બુદ્ધિ લડાવી ! ધન્ય હો ધન્ય હો મહામંત્રીની અક્કલને !

આખી સભામાંથી નાદ ઊઠ્યો. 'ધન્યવાદ ધન્યવાદ !' અક્કલ મોટી કે ચર્ચા-વિચારણા મોટી ? હિંદીમાં ચર્ચાને બહેસ કહે છે, તેથી કહેવત પડી કે 'અક્કલ બડી કે બહેસ ?' ચર્ચામાં અલબત્ અનેક ભેજામાંથી કંઇ ને કંઇ વિચારણા નીકળે પરંતુ એ ભેજા જ એટલી પહોંચવાળા ન હોય, તો કેટલું નીકળે ત્યારે અક્કલ-બુદ્ધિની વિશિષ્ટતાવાળો, બુદ્ધિના અતિશયવાળો હોય, એના એકના ભેજામાંથી એવું નીકળે કે જે અનેકની ચર્ચા-વિચારણામાંથી ન નીકળે. એમ કહેતા નહિ કે

પ્ર.-તો પછી 'પંચ ત્યાં પરમેશ્વર' કેમ કહેવાય છે ? પંચ એટલે મહાજન-જનસમૂહ. એનો વિચાર પ્રમાણભૂત કરવો, એવું કેમ કહેવાય છે ?

ઉ.-એ કહેવાય છે તે અનેકોની સામે મદ હઠાગ્રહ છોડવા માટે કહેવાય છે, ઝાઝી કીડી સાપને તાણી જાય. બહુ કીડીઓની સામે સર્વ અભિમાન કરે કે આ મને શું કરવાની હતી ? તો તે ખોટું અભિમાન છે. એમ પોતે જનસમૂહના વિચાર સામે દુરાગ્રહ પકડ્યો હોય તો તે ખોટો છે. એમાં લોકની નિંદા ફિટકાર વહોરવા





પડે, ને પોતે એકલો પડી જાય, લોકપ્રિયતા ગુમાવે એથી તો જરૂર પડ્યે લોકો ધર્મની નિંદા કરે કે 'આ ધર્મ જ એવો છે કે એને માનનારા આવા દુરાગ્રહી હોય છે !' આમ જૈન ધર્મની નિન્દા થાય. એટલે એવા પ્રસંગમાં લોકમતની સામે પોતાનો એકલાનો વિચાર હઠાગ્રહ ગેરવ્યાજબી. તેથી જ ત્યાં એને મંજૂર કરી પ્રમાણ કરી હઠ છોડવી, પોતાનો વિચાર બાજુએ મૂકવો.

❀ ❀ ❀ ❀ ❀ ❀

આ હિસાબે પંચ ત્યાં પરમેશ્વર એ કહેવત પડી. પરંતુ તેથી કાંઇ બુદ્ધિના અતિશયવાળાની અક્કલની સામે તેવા અતિશય વિનાના અનેકની ચર્ચા-વિચારણા પ્રમાણભૂત નથી બનતી, કેમકે બુદ્ધિના અતિશયની વસ્તુ યથાર્થ હોય છે, અને એની સામે તેવા અતિશય વિનાના અનેકોની પણ ચર્ચા-વિચારણામાંથી કાઢેલી તારવણી સબળ નથી હોતી. અહીં જ જુઓને અનેક મંત્રીઓએ વિચારણાઓ મૂકી. એમાં તારવણી કાઢી, તે પણ કર્મ બળવાનના દાખલાથી યથાર્થ ન જણાઇ. અને બુદ્ધિના અતિશયવાળા મહામંત્રીની એકલાની વાત યથાર્થ લાગી. આ પરથી શીખવા મળે છે કે

**બુદ્ધિનો અતિશય કેળવવો જોઇએ. બુદ્ધિનો અતિશય અનેક શાસ્ત્રોના પરિશીલનથી અને એના પદાર્થ હેતુપૂર્વક ચિંતવતા રહેવાથી મળે.**

શું ? વાતોચીતો અને કુથલીથી બુદ્ધિનો અતિશય ન મળે, બુદ્ધિ ખીલે નહિ. એના બદલે એટલો સમય જો શાસ્ત્રોનું પરિશીલન કરતા રહેવાયું તો બુદ્ધિ ખીલે. પરિશીલન એટલે સમજો છો ? શાસ્ત્ર એક વાર વાંચી કે સાંભળીને પતાવ્યું એટલા માત્રથી બુદ્ધિ ખીલે નહિ. એ તો ભલે ને આપણે શાસ્ત્રની વાત સમજી ગયા, પરંતુ એ કાંઇ પરિશીલન ન થયું, એમાં કાંઇ બધું પૂર્વાપરનું મગજમાં સ્થિર થઇ ન ગયું, એ તો એના એ જ શાસ્ત્રનો અનેકવાર અભ્યાસ થાય, પૂર્વાપરનો ખ્યાલ આવી જાય, શાસ્ત્રમાં પ્રારંભે કહેલ, વચમાં કહેલ અને છેલ્લે કહેલ બધું નજર સામે તરવરે ! ત્યારે પરિશીલન થયું કહેવાય. વળી,

**(૨) હેતુપૂર્વક પદાર્થ વિચારણા એ ચિંતન-મનન.**

એકલા પરિશીલનથી બુદ્ધિનો તેવો અતિશય ન જન્મે એમાં તો શાસ્ત્રના અક્ષર પ્રમાણે બોધ થયો એટલું જ, એનાથી અલબત્ત બુદ્ધિ પણ વિકસી, પરંતુ બુદ્ધિનો એવો જોરદાર અતિશય ન પ્રગટ્યો, એ માટે શાસ્ત્ર પદાર્થોનું ચિંતન જોઇએ, ચિંતન એટલે કે શાસ્ત્રના તે તે કથન પાછળ હેતુ શો છે ? એ શોધવું જોઇએ. ત્યારે

બુદ્ધિ વિકસે.

દા.ત. શાસ્ત્રે કહ્યું, જીવોને દુઃખ થાય, માટે હિંસા ન કરવી.' હવે આના પર હેતુ વિચારવો જોઇએ કે-

પ્ર. બીજા જીવોને દુઃખ થાય. એમાં આપણને શો વાંધો ? આપણને તો સુખ મળે ને ?

ઉ.-આમાં વાંધાનો હેતુ વિચારાય, તે દા. ત. આ હિંસામાં બીજાને દુઃખ થાય એની અવગણના કરી એ દિલની કઠોરતા છે, અકરુણા છે, ને ત્યાં હિંસકનો પોતાનો અધ્યવસાય મલિન બન્યો.

**મલિન-અશુભ ભાવ-અધ્યવસાય એ અશુભ કર્મબંધ કરાવે.**

## હિંસાથી કેટલા વાંધા ઊભા થાય ?

(૧) એક તો એ મલિન અધ્યવસાય કરાવી અશુભ કર્મબંધ કરાવે.

(૨) હિંસાથી હિંસાના સંસ્કાર દઢ થાય.

(૩) મલિન અધ્યવસાયથી સંક્રમણ ખરાબ થાય, નવા બંધાતા અશુભ કર્મોમાં પૂર્વે બંધાયેલ કેટલાક શુભકર્મોનું સંક્રમણ થઇ જવાથી એ શુભ અશુભ બની જાય !

(૪) હિંસામાં હિંસ્ય જીવના દુઃખની ઉપેક્ષા બેપરવાઇ થાય એથી કરુણા ઘવાય, કઠોરતા આવે.

(૪) એ કઠોરતા અકરુણાના સંસ્કાર પરભવે ચાલી ત્યાં ય કઠોર બનાવે.

(૫) હિંસામાં, હિંસ્ય જીવ કોઇક બેઇંદ્રિય હોય, યા, તેઇંદ્રિય હોય,. યા ચઉરિંદ્રિય હોય. એ મરતાં કદાચ વિશેષ સંકલેશમાં મરી એકેંદ્રિય થાય, તો કદાચ દીર્ઘ કાયસ્થિતિમાં ફસાઇ જાય ! સંભવ છે કે કદાચ એ ત્યાં ને ત્યાં અસંખ્ય યા અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ સુધી એકલા એકેંદ્રિય તરીકે જ જન્મે-મરે ને એમાં મોક્ષથી દૂર ફેંકાઇ ગયો ! જો એ આ હિંસા દ્વારા સંકલેશમાં ન મરત, તો સંભવ છે કે એ તેવા તીવ્ર સંકલેશ વિના સ્વાભાવિક મૃત્યુથી મર્યો હોત, ને એમાં ઊંચે પંચેન્દ્રિયપણા સુધી ચડ્યો હોત, ને સંભવ છે એમ એ વહેલો આરાધનામાં લાગી વહેલો મોક્ષ પામત.

સમજાય છે કાંઇ હિંસાનો વાંધો ? આપણે ભલે ને જાણીબુઝીને હિંસા ન કરી પરંતુ પ્રમાદમાં બેદરકારીમાં આપણાથી હિંસા થઇ, તો પણ તેથી મરનાર જીવની આગળ દશા કેવી થવા સંભવ ? એ એકેંદ્રિયમાં ઉતરી જવા સંભવ અને ત્યાં





અનંતકાળ સુધીની કાયસ્થિતિમાં સપડાઇ જવાનો ને એથી એનો મોક્ષ દૂર ફેંકાઇ જવા સંભવ ! હિંસામાં આ ઓછો વાંધો છે ? લખી રાખો-

**હિંસામાં મરતો જીવ કદાચ એકેંદ્રિય થાય, ઉત્કૃષ્ટ કાયસ્થિતિમાં જાય તો એનો મોક્ષ અનંતકાળ દૂર ફેંકાઇ જાય !**

બુદ્ધિનો ઉપયોગ કરવાની ને વિકસાવવાની જ જરૂર છે. ઉપયોગ કરીએ ચિંતન-મનનથી વિકસાવીએ તો આ સમજાય એવું છે કે હિંસા કેટકેટલા અને કેવા કેવા જાલિમ અનર્થ સરજે છે ! એ વિચારતાં વિચારતાં બુદ્ધિ વિકસ્વર થાય છે. પછી એવા કોઇ પ્રસંગે એ વિકસ્વર બુદ્ધિ એવાં રહસ્ય ઉકેલે છે કે જે બીજાને ચમત્કાર જેવું લાગે, આશ્ચર્યકારી બને.

**શ્રી વિજય પર વિજળી ન પડવાનો ઉપાય-**

અહીં શ્રી વિજય રાજાના દરબારમાં 'પોતનપુરના રાજાના' માથે સાતમે દિવસે વિજળી પડશે' એવી નિમિત્તિયાની આગાહી પર મહામંત્રીએ પોતાની વિકસ્વર બુદ્ધિથી રાજાને બચાવી લેવા એવો ઊકેલ કાઢ્યો કે 'પોતાનપુરના રાજાને' એટલું જ કહ્યું છે ને ? નામ નથી દીધું કે શ્રી વિજય રાજાને. તેથી પોતનપુરના રાજા કોઇ મનુષ્યને સ્થાપીએ તો એ બિચારો મરે. મહારાજા એવું ઇચ્છે નહિ. તેથી રાજા તરીકે યક્ષને સ્થાપવો. અને એની મૂર્તિ અહીં ગાદીનશીન કરવી. તેથી વિજળી પડે તો એના માથે પડે. એ કદાચ વિજળીથી નાશ પામશે તો આ પાષાણમૂર્તિ કરતાં વધુ કિંમતી રત્નની મૂર્તિ સ્થાપીશું.

આ ઊકેલ સાંભળતાં સૌને ચમત્કાર લાગ્યો, એમ લાગ્યું કે 'છે બુદ્ધિ કોઇના બાપની ?' પણ આમાં ચમત્કાર જેવું શું છે ? અવસરે અવસરે બુદ્ધિનો સૂક્ષ્મ ઉપયોગ કરતા રહેવાય તો બુદ્ધિનું બળ વધે છે. અલબત્ત એ ઉપયોગ વ્યવસ્થિત જોઇએ, અવ્યવસ્થિત નહિ. જેમ તેમ ઉપયોગ કરવામાં બુદ્ધિ વિકાસ ન પામે.

**બુદ્ધિનો વિકાસ પરિશીલનથીઃ પરિશીલનના ૨ અર્થ**

એ તો જેમ પહેલાં કહ્યું કે શાસ્ત્રના પદાર્થનું પરિશીલન એટલે (૧) ચિંતન-મનન થાય, એમ આ બીજો અર્થ કે (૨) એનું પુનઃ પુનઃ પરાવર્તન-પુનરાવર્તન-રટણ થાય, એનો ખૂબ ખૂબ અભ્યાસ થાય, એવો અભ્યાસ કે સંસારના ફુરસદ સમયે તો ખરું, પણ ક્યારેક હળવા કામકાજના સમયે પણ મગજમાં એ પદાર્થો ઘુમરાયા કરે, દા.તઃ-

## પરિશીલન-રટણના જુદા જુદા પ્રકાર

(૧) નવ પદ આ હતા...એમાં અરિહંતના હતા આ ૩૪ અતિશય...આ હતા વાણીના ૩૫ ગુણ, સિદ્ધના આ હતા ૮ ગુણ...એમ પાંચે પરમેષ્ઠી અને દર્શન જ્ઞાન-ચારિત્ર-તપના નામવાર ગુણો ચિંતવાય.

(૨) એમ, નવ તત્ત્વમાં દરેક તત્વના ભેદ ગણાય, દા.ત. જીવ તત્ત્વના આ હતા...૧૪ ભેદ અથવા આ આ...૫૬૩ ભેદ. સવારથી જો પહેલા તત્ત્વથી શરુ કર્યું હોય તો જ્યારે જ્યારે એના પર મનનો ઉપયોગ થાય ત્યારે ત્યારે એ ક્રમસર મગજમાં આવ્યા કરે. તે સાંજ સુધી ચાલે. એમાં ઠેઠ મોક્ષ તત્ત્વના ભેદ ચિંતવવા સુધી ચાલે.

(૩) એ પુરું થાય એટલે વળી જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ લઇ દરેકના ભેદ વિચારાય. વળી એના

(૪) ૧૪ ગુણઠાણામાં બંધ ક્રમશઃ વિચારાય, પછી ઉદય ક્રમશઃ વિચારાય...આમ કદાચ ક્રમશઃ ન ચાલ્યું, તો ગમે તે એક પદાર્થ દા.ત, સમ્યગ્દર્શન, યા આશ્રવ તત્ત્વ, કે નામ કર્મ લઇ એના ભેદ વિચારાય.

(૫) આટલી પહોંચ ન હોય, તો સમજ પડે એવા પ્રાચીન સ્તવન, સજ્ઝાય લઇ એની ગાથાઓ મનમાં ક્રમશઃ ચલાવે. અથવા એકેક સ્તવનના ગાથાવાર નોટમાં ભાવ લખી લઇ પછી એને વારંવાર વાંચી ધારી કંઠસ્થ કરી લઇ એ ભાવો મનમાં ક્રમશઃ ચલાવે.

### બુદ્ધિનો વિકાસ શી રીતે થાય ?

કહેવાનો સાર એ છે કે મગજમાં શાસ્ત્રના પદાર્થ ઘુમરાવ્યા કરે, તો શાસ્ત્રનું પરિશીલન થાય. એમાંય એ પદાર્થ હેતુ પુરસ્સર વિચારાવા જોઇએ, અર્થાત્ એનું ચિંતન-મનન થવું જોઇએ દા.ત. શાસ્ત્રે અષ્ટ પ્રકારી પૂજા બતાવી, તો ક્રમશઃ એનું સ્વરૂપ વિચારાય, મગજમાં ક્રમશઃ એકેકને એના વિસ્તારથી વિચારાય. તેમ જ દરેકમાં હેતુ વિચારાય,-જળપૂજા શા માટે ? શું એવું એમાં રહસ્ય છે ? શો એનો પ્રભાવ છે ? વગેરે વિચારાય. જગતનાં દૃષ્ટાન્ત જોઇને આ વિચારતાં આવડે, ગુરુગમ કરવાથી ય આવડે. એથી બુદ્ધિનો વિકાસ થાય.

આમ શાસ્ત્રપદાર્થોના હેતુ-રહસ્ય-પ્રભાવ વગેરે વિચારાય અર્થાત્ ચિંતન-મનન કરાય, એને પરિશીલન કર્યું કહેવાય. આનંદઘનજી મહારાજે સંભવનાથ ભગવાનના સ્તવનમાં કહ્યું ને,'

**'પરિચય પાતક-ઘાતક સાધશું, અકુશલ અપાય ચેત,**
**ગ્રન્થ અધ્યાતમ શ્રવણ મનન કરી, પરિશીલન નય હેત,**





**'સંભવદેવ તે ધુર સેવો સવે'**

આનંદઘનજી મહારાજ આ સ્તવનમાં એ બતાવે છે કે 'ધુર' એટલે કે પહેલું, જીવનમાં પહેલું કાર્ય આ કરો, કે સંભવનાથ ભગવાનની અર્થાત્ અરિહંત ભગવાનની સેવા કરો. પરંતુ એટલું ધ્યાનમાં રહે કે સેવા કરો તે સેવનનું રહસ્ય સમજીને કરો. રહસ્ય આ છે કે સેવનના માટે પહેલી ભૂમિકા અભય-અદ્વેષ અખેદની બાંધવાની છે.

## 'સેવન કારણ પહેલી ભૂમિકા, અભય અદ્વેષ-અખેદ'

### (૧) સેવન માટે અભય

'અભય' એટલે ચિત્તના શુભ પરિણામની સ્થિરતા, પણ ચંચળતા નહિ. અભય એટલે ચિત્તની સ્વસ્થતા, પણ અસ્વસ્થતા નહિ. કોઇ પણ જાતના ભયને લીધે ચિત્ત અસ્વસ્થ બને છે. શુભ ભાવ મટીને અશુભ ભાવ જાગે છે. તેથી એ ભયને દબાવવા અભય લાવવાનું. સેવાનો શુભ ભાવ ઊભો કર્યો તેને ઊભો રાખવાનો, જાળવવાનો. તોજ પ્રભુને વંદન-પૂજન-ગુણગાન વગેરે સેવા અખંડ રહી શકે. ચિત્ત અસ્વસ્થ ચંચળ થતાં ચિત્તમાંથી સેવનનો ભાવ ઊડે, ખંડિત થઇ જાય.

### (૨) સેવન માટે અદ્વેષ

ભૂમિકા માટે બીજું અદ્વેષ જોઇએ, અર્થાત્ સેવા સાધના પ્રત્યે રુચિભાવ જોઇએ, અરોચકભાવ અરૂચિભાવ નહિ. પૂછો,

પ્ર. સેવા કરે છે તો તો એના પ્રત્યે રુચિભાવ જ હોય ને ? અરુચિભાવ શાનો ?

ઉ. વાત સાચી, પરંતુ સેવા કરતાં કરતાં પોતાની ધારણાથી અધિક સમય-વ્યય, સંપત્તિ-વ્યય, કષ્ટ, અપમાન જેવું કાંઇક આવી ગયું, તો ત્યાં સેવા પર અરુચિભાવ થઇ જતાં વાર નથી લાગતી, અરુચિ થઇ જવાનો સંભવ છે. દા.ત. સ્તવન બોલતાં કોઇએ વધુ લંબાવવા માંડ્યું, તો મનને જો એમ થાય કે 'ક્યાં આ સ્તવન લંબાવે છે ?' તો એ વ્યક્તિ પ્રત્યે અને સ્તવન પ્રત્યે અરુચિભાવ થયો. એમ દા.ત. સેવા ભક્તિના કાર્યમાં ધારેલી રકમ કરતાં વધુ રકમ ખરચવાનો કોઇએ આગ્રહ કર્યો. તોય સેવાના કાર્યમાં અરુચિ ભાવ આવવા સંભવ છે. એમ, સેવા-ભક્તિમાં બહુ કષ્ટ લેવાની ઇચ્છા નહોતી અને ગુરુએ એ આવશ્યક બતાવ્યું, દા.ત. કહ્યું કે 'પ્રતિક્રમણ ઊભા ઊભા કરવું જોઇએ,' તો ત્યાં અરુચિભાવ આવવો સંભવિત

છે. એવી રીતે સેવા-ભક્તિનું કાર્ય કરવા ગયા, ને કારભારીએ આગમન કર્યું, તો મનને થવા સંભવ છે કે 'ક્યાં અહીં મુંડાવા આવ્યા ?' આ અરુચિભાવ છે.

**સેવામાં અરુચિ ટાળવા અહંત્વ-સમય-સંપત્તિ સુખશીલતાને તુચ્છ લેખવાઃ-**

સેવા-સાધના પ્રત્યે ખૂબ સાવધાન રહીને અરુચિભાવ ટાળવો જોઇએ, અટકાવવો જોઇએ. એ માટે સમય-સંપત્તિ-સુખશીલતા-અહંત્વ વગેરેને અરિહંતની સેવા આગળ તુચ્છ લેખવા જોઇએ. મનને એમ થાય,

'કેવાં અહોભાગ્ય મારાં કે મને જગતમાં અતિ દુર્લભ એવી અરિહંતની સેવા મળી ! એમાં વધુ સમય ગયો કે સંપત્તિ ખરચાણી, તો એ શી વિસાતમાં છે ?' એમ કષ્ટ અપમાન આવ્યું ને જરાક સુખશીલતા કે અહંત્વ ઘવાયું, તો એની શી બહુ કિંમત છે ? સમય સંપત્તિ-આરામી વગેરે તો બહુ મળે છે, સેવા-સાધના ક્યાં મળે ? વાહ ! મને ને આ સેવા કરવાની મળી ?'

આ ભાવના કરવાથી સેવા-સાધના ઉપર ધાર્યા કરતાં અધિક સમય વગેરેનો વ્યય થવા છતાં રુચિભાવ ઊભો રહે. સેવનની ભૂમિકા માટે પહેલું અભય, ને બીજું આ અદ્વેષ જરુરી છે.

**(૩) સેવા માટે ત્રીજી જરૂરી અખેદ છે.**

પ્રભુ સેવા-સાધના શરુ કરતા પહેલાં કે સેવા-સાધનાની વચમાં ખેદ ઉદ્વેગ-કંટાળો ન આવવો જોઇએ. એવું બને કે પ્રજાની સેવાના સમય પહેલાંથી કોઇ દુન્યવી સારા સ્વાર્થનું કામ શરુ થઇ ગયું, ને ધાર્યા કરતાં લાંબું ચાલ્યું, ત્યાં મનને એમ થશે કે 'અત્યારે પ્રભુસેવાનો સમય ક્યાં આવી ગયો ?' આવું થાય એ સેવા પ્રત્યે થાક છે, ખેદ છે. એમ સેવાના કાર્યમાં બીજાએ લંબાણ કર્યું, તો ત્યાં થાક ઉદ્વેગ, કંટાળો આવવા સંભવ છે.

આ ભય-દ્વેષ-ખેદ એ સેવાને બગાડનારા છે માટે સેવાની પહેલી ભૂમિકામાં એનો ત્યાગ જોઇએ.

**અભય-અદ્વેષ-અખેદ ક્યારે મળે ? તથાભવ્યત્વ શું ?**

કવિ આગળ કહે છે-એ ત્રણ ગુણ જીવને ક્યારે મળે ? તો કે ચરમાવર્ત ચરમ પુદ્ગલ-પરાવર્ત કાળમાં મળે, તે પણ જીવ છેલ્લું યથાપ્રવૃત્ત કરણ કરે, એટલે કે હવે એ કરણમાંથી પાછો ન પડતાં આગળ અપૂર્વ કરણ કરવાનો હોય ત્યારે મળે. આ પણ મળવામાં તથા ભવપરિણતિનો અર્થાત્ તથાભવ્યત્વનો પરિપાક કામ કરે





છે. મોક્ષ થવાની યોગ્યતા એ ભવ્યત્વ, એ દરેક ભવ્યાત્માને હોય એમાં દરેક ભવ્યનું ભવ્યત્વ, એને પાકવાનો કાળ, એમાં કાળ કરતાં નિમિત્ત અને પાકવાની રીતરસમ જુદા જુદા હોઇને, વ્યક્તિશઃ જુદું જુદું હોય છે. એને તથાભવ્યત્વ કહે છે.

**તથાભવ્યત્વ પાકતું જાય તેમ તેમ આત્મામાં ગુણસંપત્તિ આવતી જાય.**

**તથાભવ્યત્વ પકવવાનાં ૩ સાધન ચતુઃશરણ સ્વીકારાદિઃ**

પણ એ કોઇ આપમેળે ન પાકે. એને પકવવાનાં સાધન-ઉદ્યમ જોઇએ. ત્રણ સાધન છે- (૧) અરિહંતાદિ ચારનાં શરણનો સ્વીકાર. (૨) દુષ્કૃતગર્હા, અને (૩) સુકૃતનું આસેવન. આ ખૂબ ખૂબ સેવાતા જાય, ઊંચા ઊંચા સેવાતા જાય, તેમ તેમ તથાભવ્યત્વ અધિકાધિક પાકતું, અને ઉચ્ચ ઉચ્ચ ગુણ સંપત્તિ થતી જાય. પહેલા પગથિયાવાળાને ય આની સાધના જોઇએ. ફરક એટલો પડે કે-

**પ્રારંભિક અને ઉપરવાળાની ૩ સાધનામાં ફરકઃ**

**પ્રારંભિક આત્માનો શરણસ્વીકાર બીજું અશરણભૂત ઘણું ય પાસે ઊભું રાખીને હોય છે, ત્યારે**

**આગળ વધી ગયેલાનો શરણ સ્વીકાર અશરણભૂત ઘણાય પદાર્થોનો ત્યાગ કરવાપૂર્વક હોય છે.**

એથી જ પ્રારંભિક કરતાં આગળ વધેલા જીવોએ અરિહંતાદિનું શરણ લેતાં બીજું ઘણું છોડ્યું છે. એટલે અરિહંતાદિ સાથે ખૂબ એકમેકતા કરે છે કે 'પ્રભુ ! તું જ મારે શરણ છે, આધાર છે, મારા આત્માનો રક્ષણહાર છે, જગતની જડ ચેતન કોઇ જ વસ્તુ મારી રક્ષણહાર નહિ, સહાયભૂત નહિ.'

કવિ કહે છે,-

**'જિનસેવો નિજ આતમરૂપી, અવર ન કાંઇ સહાયી'**

**પોતે વીતરાગ હોવાનો ખ્યાલ બળ આપીને સહાયકઃ-**

અર્થાત્ જિનેશ્વર ભગવાનની સેવા કરો, શરણું લો, તે પોતાના આત્મ-સ્વરૂપ બનાવીને, એટલે કે 'મારો આત્મા જિન-વીતરાગ છે' એ ભાવ ઊભો કરીને સેવા કરો. કેમકે બાકીનું કશું જીવને સહાયરૂપ નથી, એકમાત્ર વીતરાગ અને પોતાનામાં વીતરાગતા હોવાનો ખ્યાલ જ સહાયભૂત છે. એ ભયંકર આપત્તિમાં પણ રક્ષણહાર છે. એનું કારણ આ છે, કે વીતરાગપ્રભુનાં આલંબને પોતાનામાં પણ વીતરાગતા હોવાનો ખ્યાલ એ બળ આપે છે. એ વિચાર લાવે છે કે-

(૧) અસલમાં હું વીતરાગ છું, મારે કોઇ રાગદ્વેષનો સ્વભાવ જ નથી, તેથી આપત્તિ વખતે શું કામ પ્રતિકૂળ પર દ્વેષ અને અનુકૂળ પર રાગ કરું ? આ સાવધાની રાખું તો આપત્તિ મારું કશું બગાડતી નથી.

(૨) આપત્તિ તો નાશવંત છે, આવી ને ગઇ ! ત્યારે મારો વીતરાગ સનાતન આત્મા ઊભો રહે છે. તો આગંતુક ઉપર શું રોવાનું ?

(૩) આપત્તિ મારાં જ કર્મનું ફળ છે, માટે એ સાહજોગ વેઠવી જોઇએ.

(૪) વળી એ કર્મ હું મારા વીતરાગ સ્વરૂપને ભૂલી રાગ-દ્વેષમાં પડેલો, એથી જ ઊભા થયેલા. હવે જો વીતરાગતા લક્ષમાં રાખી રાગ-દ્વેષ ન કરું, તો નવાં કર્મ નહિ, ને આગળ નવી આપત્તિ નહિ.

જગતની વસ્તુ થોડી જ આ વિચારણા આપે ? ન આપી શકે તો શાન્તિ સુખ-સમાધિ ક્યાંથી આવે ? માટે જેમ જિનેશ્વરદેવ સહાયભૂત એમ એ વસ્તુઓ સહાયભૂત નાથભૂત ન બની કહેવાય. અનાથી મુનિએ આ જોઇને જ સંસાર ત્યાગ કરેલો.

તાત્પર્ય, આગળ વધેલાનું વીતરાગશરણ-સ્વીકારવાનું ઉચ્ચ કોટિનું હોય છે, વીતરાગ સાથે બહુ એકમેકતાવાળું હોય છે, પોતાનામાં વીતરાગના ઊંચા ખ્યાલવાળું હોય છે. એમ,

### (૨) પ્રારંભિકની અને ઉપરવાળાની દુષ્કૃતગર્હામાં પણ ફરક.

પ્રારંભિક મનુષ્ય મોટાં મોટાં દુષ્કૃતોની ગર્હા સંતાપ કરે છે, ત્યારે આગળ વધેલો સૂક્ષ્મ પણ દુષ્કૃત લક્ષમાં લઇ એની ય ગર્હા-નિંદા-સંતાપ કરનારો હોય છે. એ પાપગર્હા ને આંતરિક સંતાપ પણ જોરદાર.

મૃગાવતીજી સાધ્વીજીનું દુષ્કૃત કેટલું મોટું હતું ? સૂક્ષ્મ નાનકડું હતું- પ્રભુના સમવસરણમાંથી જરાક મોડા અંધારે વસતિએ આવ્યા હતા. પરંતુ ગુરુણીશ્રી ચંદનબાળા સાધ્વીજીએ એટલું જ કહેલું કે 'હે ભદ્રા ! કુલીન એવા તમારે આમ મોડા અંધારે આવવું ઉચિત નહિ,' એના પર દુષ્કૃતગર્હા-સંતાપમાં ચડ્યા. આને મહાન દુષ્કૃત માન્યું, અને એની નિન્દા તથા એના પર સંતાપ એટલો પ્રખર કર્યો કે એમાં અંતે એ ત્યાં જ બેઠા કેવળજ્ઞાન પામ્યા !

મરુદેવા માતાએ શું કર્યું ? ભરત મહારાજા એમને પ્રભુની સમૃદ્ધિ બતાવવા હાથીએ ચડાવી લઇ ગયા. ને સમવસરણ પર પુત્ર પ્રભુ ઋષભદેવને દૂરથી જોતાં ખુશી તો થયા, પરંતુ મનને જરાક ઓછું આવ્યું કે 'દીકરો મને બોલાવતો ય





નથી ? કોઇને તેડવા ય મોકલતો નથી કે જાઓ માતાને લઇ આવો ?' પરંતુ પછીથી તરત જ મનને થયું કે 'એ શાનો બોલાવે મને ? મને જો બોલાવવી હોત તો તો ઘરે જ ન બેઠો રહ્યો હોત ? શા સારું મને છોડી હજાર વર્ષ સુધી સંયમના અને વન વગડે ભટકવાનાં કષ્ટ સહત ? અરેરે ! તો પછી મેં શા સારું રાગ કર્યો ? જેમ એણે મમતા છોડી જગતનું બધું પર માન્યું, તેમ મારે પણ માનવાને બદલે ક્યાં મેં મમતા કરી ?' આમ મમત્વ દુષ્કૃતની ભારે ગર્હા-નિંદા-સંતાપ કર્યા, તો એ અન્યત્વ ભાવના ભાવતાં ત્યાં જ કેવળજ્ઞાન પામ્યા !

આવું ગૌતમસ્વામીજી મહારાજને બન્યું, પોતે પ્રભુના આદેશથી દેવશર્માને પ્રતિબોધ કરવા ગયેલા, તે પાછા ફરી રહ્યા છે એમાં રસ્તામાં પ્રભુનું નિર્વાણ સાંભળ્યું, ત્યાં એમને ક્ષણવાર શોક થયો ખરો, પરંતુ પછી તરતજ પોતાની ખોટી મમતા રૂપી દુષ્કૃતની નિંદામાં ચડ્યા, ને ત્યાંજ કેવળજ્ઞાન પામ્યા !

આ હિસાબ છે, જેમ જેમ આત્મા ઊંચે ચડે તેમ તેમ એને સૂક્ષ્મ પણ દુષ્કૃત અંતરમાં કરડે, અને એનો એને ભારે સંતાપ હોય.

**સુકૃત અનુમોદના-આસેવનમાં પણ પ્રારંભિક અને ઉપર વાળાને મોટો ફરક હોય.**

### ૧૫૦૦ તાપસ પૈકી ૫૦૦ની ઉપરી કક્ષાની સુકૃતાનુમોદનાઃ

પ્રારંભિક જીવનાં સ્વયં સુકૃત-આચરણ નાનાં હોય, થોડાં હોય ત્યારે આગળ વધેલાનાં એ મહાન હોય, ઘણાં હોય. એમ, પ્રારંભિક જીવને અન્યનાં સુકૃતની અનુમોદના રૂપ આસેવન સામાન્ય ભાવથી કરાતું હોય પરંતુ આગળ વધેલા જીવને સુકૃતાનુમોદન જોરદાર. કેમ કે એને સુકૃતની શ્રદ્ધા જોરદાર હોય છે.

આ હિસાબે જોઇએ તો બળદેવમુનિ રથકાર અને હરણિયો એકી સાથે મર્યા અને ત્રણેય પાંચમા દેવલોકે દેવતા થયા, એમાં હરણિયાને મુનિના તપસુકૃતની અને રથકારના દાનસુકૃતની એના ગજા પ્રમાણે, એટલે કે એક જંગલના અણઘડ જનાવરની કક્ષા પ્રમાણે હતી, એમાં પાંચમો દેવલોક દેખવા મળ્યો. ત્યારે ૧૫૦૩ તાપસોને ગૌતમ મહારાજ પાસેથી ચારિત્ર મળ્યું, ને હવે એમાંના ૫૦૧ તાપસમુનિઓ ખીરનું પારણું વાપરતાં વાપરતાં, ગૌતમ મહારાજે ઓળખાવેલા વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર મહાગુરુ શ્રી મહાવીર ભગવાનનાં સુકૃતોની અનુમોદના એવી કરવા લાગ્યા કે એ હવે આગળની કક્ષાવાળા બની ગયેલા હોવાથી સુકૃતોની અનુમોદનામાં ચડતાં પ્રભુના ગુણો સાથે જાણે એકમેક થઇ ગયા ! કેમ જાણે

પોતાનામાં એ ગુણો પ્રગટ થઇ ગયા એવો અનુભવ કરવા લાગ્યા ! તે ત્યાં અનાસક્ત યોગ લાધ્યો, વીતરાગ બન્યા ! કેવળજ્ઞાની બન્યા !

સુકૃતની અનુમોદના વધારતાં આવડવું જોઇએ. એનો પાવર એનું જોસ એવું વધારાય કે ક્ષણભર જાણે પોતાના જ એ સુકૃતો છે. 'પોતાનામાં જ એ સુકૃતો પ્રગટ થઇ ગયા છે !' એવો ભાસ થાય.

## પ્રભુની ક્ષમા-કરુણા -

દા.ત. ભગવાનશ્રી મહાવીરસ્વામીએ, ચરણે બચકાં ભરી ભરીને ઝેર નાખવા અને ભગવાનને મારી નાખવા મથનાર ચંડકોશિયા સાપ ઉપર ક્ષમા અને કરુણાની ધોધબંધ વર્ષા વરસાવી ! ન એના પર ગુસ્સો કર્યો, કે ન એની ઉપેક્ષા કરી કે તું આટલો બધો અધમ અને પાપરસિયો છે તો ફોડ તારું નસીબ, તું જાણે ને તારાં કર્મ જાણે, મારે તારી સાથે શી નિસ્બત ?' ના, એમ એની ઉપેક્ષા ન કરીને પ્રભુએ ત્યાંથી ચાલતી ન પકડી. કિન્તુ ત્યાંજ એના બચકાં ખાતાં ઊભા રહી હવામાં ભારોભાર કરુણા વહેવડાવી કે 'આ બિચારો સાધુપણામાંથી એકવાર ભૂલો પડેલો આજ આટલો બધો પાપિષ્ઠ બનેલો પાપથી પાછો વળે તો સારું !' પ્રભુ રાહ જોતા ઊભા છે કે 'ક્યારે માકો આવે ને આને બિચારાને બે અક્ષર કહું, ને એ બૂઝે તો એનું કલ્યાણ થાય.'

### ક્ષમા સહેલી, શત્રુ પર કરુણા કઠિનઃ કરુણાની વિચારણા

વિચારો ભગવાનની કેટલી બધી ક્ષમા અને કેટલી બધી કરુણા છે ! હજી જીવને શત્રુપર ક્ષમા પોષાય છે, પણ કરુણા નથી પોષાતી. સામો આપણું પોતાનું બગાડવાનું કરે ત્યાં આટલું વિચારાય કે 'મારું તો મારાં કર્મ બગાડે છે. આ શું બગાડે ? તેથી જો આના પર ક્રોધ કરું તો નવાં પાપકર્મ ઊભાં થાય, ને મારી જાતે મારું બગાડનારો હું જ થાઉં. માટે મારે આના પર ક્રોધ નથી કરવો.' આવું જો વિચારાય તો ક્ષમા રાખવી સહેલી છે. પરંતુ કરુણા કેમ કઠિન ? અહીં કરુણામાં એ જ જુલ્મગાર જીવનું ભલું કરવાનો ભાવ ઊભો કરવાનો છે. તે કઠિન છે. એના માટે કેટલું બધું મનોબળ જોઇએ ? પોતાનો સ્વાર્થ કેટલો બધો ભૂલવો પડે ? દિલ કેટલું બધું ઉમદા અને ઉદાર ઉપકારક જોઇએ ? 'હું મરીને પણ આમા દુષ્ટને શિષ્ટ બનાવું, શેતાનને સંત બનાવું. નહિતર એ બિચારો નરકાદિ' દુર્ગતિઓમાં કુટાઇ મરશે !' આવો ઉચ્ચ કોટિનો કરુણાભાવ હૈયામાં ઉભરાઇ રહ્યો હોય ત્યારે જાત





પરના જુલ્મ સામે સહેજ પણ ગુસ્સો ન થવા દેવાય, અને નિર્ધારિત ક્ષમા રાખી રાહ જોતા રહેવાય કે 'મોકો આવે ને હું એનું ભલું કરું.'

મહાવીર ભગવાનનું આ ક્ષમા ભરપૂર ઉદાર ઉમદા ઉપકારક દિલ હતું. અને એ કાર્ય કરીને જ જપ્યું. પ્રભુ 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા !' ના નાદે પાપિષ્ઠ સાપને પાપથી પાછો વાળ્યો ! અને હજારો કીડીઓના દંશને ક્ષમા અને સમતાથી સહન કરતો મહાત્મા ચંડકૌશિક બનાવ્યો !

ખોજિલા માણસને ખંત હોય છે કે 'ખરાબ વસ્તુમાંથી સારું તત્ત્વ શોધી કાઢું.' એમ પ્રભુએ આ ખંત રાખી કે દુષ્ટ ચંડકોશિકમાંથી સજ્જન ચંડકોશિક બનાવું ને તેમ બનાવ્યું. હૈયે અપરંપાર કરુણા હોય તો જ આ બને. તે વિના તો માણસ થાકી જાય.

### પ્રભુની કરુણાની અનુમોદનાની વિચારણા

આપણે ભગવાનના આ કરુણા સુકૃતની અનુમોદના કરવી છે. તો મનને એમ થાય કે અહો ! શ્રી મહાવીર ભગવાનનો કેવો ઉચ્ચતમ ક્ષમા ગુણ અને કેવો ઉચ્ચતમ કરુણાગુણ ! ભગવાન પણ માનવ અવતારે હતાને ? ને હું પણ માનવ અવતારે છું. છતાં કેટલો મોટો ફરક ! પ્રભુની જેમ હું પણ, જો માનવ અવતારે છું તો પ્રભુની જેમ ક્ષમા-કરુણા રાખવાનું મારે શક્ય છે. તો કેમ હું ક્ષમા-કરુણાનો ખપ કરતો નથી ? ધન્ય પ્રભુનો માનવ અવતાર ! ધન્ય એમની ક્ષમા ! ધન્ય એમની કરુણા !'

એમ પ્રભુનાં સુકૃતની અનુમોદના થાય-અહીંયાં એટલું ધ્યાનમાં રહે કે જે સુકૃતની અનુમોદના કરતા હોઇએ, એ સુકૃતની સામેના દુષ્કૃત પર ઘૃણા-અરુચિ હોવી જોઇએ. દા.ત. પ્રસ્તુતમાં ક્ષમા-સુકૃતની સામેના દુષ્કૃત ક્રોધ અને કરુણા-સુકૃતની સામે ઉપેક્ષા-કઠોરતા, એ ક્રોધ-કઠોરતાની ભારે ઘૃણા રહેવી જોઇએ, એ આત્માની ખરાબી તરીકે દેખાવી જોઇએ. 'જીવનમાં ક્રોધ ખરાબ, કઠોરતા-ઉપેક્ષા ખરાબ. એ દુષ્કૃત છે.' એવું મનને સચોટ લાગવું જોઇએ, તો પેલા ક્ષમા, કરુણા ખરેખર ગમ્યા કહેવાય. પ્રભુના હાથમાં શક્તિ હતી, દ્વેષ કરી સાપને પકડીને નરમઘેંસ કરી શકત, પરંતુ એ શક્તિ ન અજમાવી. તો શું પ્રભુએ કાયરતા કરી ? બાયલા પટ્ટી કરી ? ના. દ્વેષ-ગુસ્સાને દબાવવાની બહાદુરી કરી, જગતમાં જોવા ન મળે એવી ક્ષમા અને કરુણા કરવાની બહાદુરી કરી ! ત્યાં આપણને જો એમ થાય કે 'ધન્ય પ્રભુ ! તમે દુષ્ટ પર દ્વેષ નહિ કર્યો, એની ઉપેક્ષા ન કરી !' આમ દ્વેષ-ઉપેક્ષા

અજુગતા લાગે, તો જ 'ક્ષમા સારી કરુણા સારી' એમ એની સાચી અનુમોદના થાય.

**પ્રતિપક્ષી દોષ ખરાબ અજુગતા લાગે તો જ ગુણ-સુકૃતની સાચી અનુમોદના થાય.**

**આ અનુમોદનાને જોરદાર બનાવવા આપણા આત્મામાં પ્રભુના અભેદનું દર્શન કરવું જોઇએ.**

અર્થાત્ મનમાં એમ થાય કે ''ભગવાનનો આત્મા અને મારો આત્મા એ આત્મા રૂપે એક સરખા છે, હું ભગવાનનો જ આત્મા છું. હું ભગવાનનો આત્મા હોઇ મારામાં એ ક્ષમા છે, એ કરુણા છે. મારા પર જુલ્મગાર જુલ્મ વરસાવી રહ્યો હોય છતાં એના પ્રત્યે મારે અચલ ક્ષમા છે, લેશમાત્ર મને ગુસ્સો નથી. તેમ સામાની ઉપેક્ષા નથી કે 'એ એનું ફોડી લેશે' પરંતુ 'એનું ભલું કેમ થાય ! કેમ એમાં હું સહાયક થાઉં !' એ જ એક કરુણાની ભાવના છે.'

## અનુભવજ્ઞાન એટલે શું ? કેમ આવે ?

આમ પોતાનામાં ભગવાનના આત્માની અને એમની ક્ષમાની કરુણાની અભેદભાવે કલ્પના થાય, આરોપણ થાય એટલે ક્ષમાદિનો આંતરિક આછો અનુભવ થાય. આને પ્રારંભિક અનુભવ-જ્ઞાન કહેવાય. સુકૃત-અનુમોદનાનો જોસ 'અહો કેવી ક્ષમા ! કેવી કરુણા !' એ જ્યારે હૃદયવેધી બને, ત્યારે આ અભ્યાસમાં લાવી શકાય. આનું કારણ એ છે કે બીજાના સુકૃતની અનુમોદનાનો અર્થ એ છે કે 'એ સુકૃત પોતાને ગમતું છે પસંદ છે. પોતાનામાં એ ક્યારે આવે' એવી હાર્દિક અભિલાષા છે. 'જાણે પોતાની અંદર એ ક્ષમા-કરુણાદિ સુકૃત આવ્યાં ! એવો અનુભવ કરવાનું મન થાય. એમ એનો અભ્યાસ શરૂ થાય. આમાં અનુભવ જ્ઞાનનો અંશ શરૂ થાય. ત્યારે સમજો,

**પ્ર. અનુભવ જ્ઞાન એટલે શું ?**

ઉ. અનુભવ જ્ઞાન એટલે ઉચ્ચ ગુણનો આંતરિક અનુભવ દા.ત. ભગવાનની ક્ષમા એ ઉચ્ચ ગુણ છે. એનો આંતરિક અનુભવ આપણે કરવો છે. આમ તો આપણે એવી ક્ષમા રાખી શકતા નથી, કેમકે એવું આપણામાં સત્ત્વ નથી પરંતુ આપણને ધગશ છે કે 'એવી ઉચ્ચ ક્ષમા આપણામાં કેમ આવે !' તો એ માટે આ કરવાનું કે-

આપણા હૃદયને બીજી ત્રીજી વ્યથા-વ્યગ્રતા ઘડીભર માટે હટાવી દઇ શાન્ત કરવાનું. પછી આપણે કલ્પના કરવાની કે આપણે જાણે કોઇ એવા ઉપદ્રવમાં મુકાયા છીએ, ગજસુકુમાલની જેમ આપણા માથે સગડીમાં ધગધગતા અંગારા મુકાયા





છે, અથવા પગે સાપ આવી જોરથી ડસી રહ્યો છે. ત્યાં આપણે એની તીવ્ર પીડા ધરાર સહન કરી રહ્યા છીએ, ને એ વખતે સામા જીવ પર આપણને લેશમાત્ર ગુસ્સો નથી થતો. અને અંતરમાં ક્ષમા ઊભરાણી છે.

મન કહે છે. 'જા ભાઇ જા, તારો કશો વાંક નથી, તું મારો અપકારી-અપરાધી નથી. અપકારી-અપરાધી તો મારાં કર્મ છે.' તું અપકારી નહિ, બલ્કે મારો ઉપકારી છે, મારે શરીરનો રાગ મૂકવામાં અને જુના કર્મ કચરા કાઢવામાં તું મને સહાયક થઇ રહ્યો છે ! ઓહો ! તારો કેટકેટલો ઉપકાર માનું ! સર્પ ! તું હટી જા એમ હુ ઇચ્છતો નથી. તું કાટે એમ મારા કર્મ કહે છે. કેવો ગજબ તારો ઉપકાર !'

**આમાં કાંઇ સાપ આવીને આપણને ચોંટ્યો નથી, પરંતુ સાપ કરડ્યાની-ચોંટ્યાની માત્ર કલ્પના છે, ને આપણે ક્ષમા-કરુણા ચિંતવીએ છીએ.**

આમ સામા પર આંતરિક ઠંડકનો-ક્ષમાનો જાણે અનુભવ થાય, એ અનુભવ-જ્ઞાનનો અંશ કહેવાય. એવો વારંવાર આંતરિક અનુભવ કરીએ એ એનો અભ્યાસ થયો કહેવાય, અલબત્ત આ બધું કાલ્પનિક પ્રસંગ પર છે, કાંઇ વસ્તુગત્યા આવું કાંઇક બન્યું છે એવું નથી. આપણા પર ઉપદ્રવ આવ્યો એવી કલ્પના માત્ર કરી છે. ને એના પર અંતરમાં ક્ષમાનો અનુભવ કરીએ છીએ. પરંતુ આ અનુભવના અભ્યાસનું સુખદ ફળ એ આવે કે આના કરતાં નજીવો ઉપદ્રવ ખરેખર આપણા પર આવે, દા.ત. આપણા વગર વાંકે આપણને કોઇ ગાળ દઇ જાય, અપમાન કરી જાય, આપણી નિન્દા કરે, આપણું કશું તોડી ફોડી જાય, ત્યારે એના પ્રત્યે આપણે ક્ષમા ઊભરાવી સહેલી પડે. એના પર ગુસ્સો જરાય ન થવા દેતાં એને આપણા જડના રાગ, અહત્વ અને કર્મ કરવામાં સહાયક એટલે ખરેખરો ઉપકારી માની એના પર દિલમાં ક્ષમા ઊભરાવીએ.

**સુદર્શન શેઠ દુષ્ટ અભયારાણી પર ક્ષમા અને કરુણા કેમ રાખી શક્યા હશે ? કહો, અનુભવજ્ઞાનના બળે.**

## સુદર્શન શેઠનું પૌષધમાં અનુભવજ્ઞાન-

ચતુર્દશીના રાતભર પોષધમાં કાયોત્સર્ગ કરતાં શું ચિંતવતા હશે ? શાસ્ત્રનાં તત્ત્વ તો ખરા જ, એમાં અરિહંતતત્ત્વ પણ વિચારાય, મહા ઉપદ્રવમાં પણ પ્રભુએ રાખેલી ક્ષમા અને કરુણા ય વિચારાય પરંતુ સાથે સાથે અનુભવજ્ઞાન કરાય, અર્થાત્ પોતે જંગલમાં ઊભા છે, ને ત્યાં જાણે કોઇક ઉપદ્રવ કરનાર આવી ગયો ને ઉપદ્રવ કરી રહ્યો છે, અને પોતે એ વખતે જાણે ક્ષમાનો ને કરુણાનો

આંતરિક અનુભવ કરે છે 'બસ, મારે પ્રભુ જેવી ક્ષમા-કરુણા છે !' આવું ય કાયોત્સર્ગમાં વિચારતા હશે તેથી એ અનુભવજ્ઞાનના બળે જ્યાં દુષ્ટ અભયારાણીનો ખરેખર ઉપદ્રવ આવ્યો, ત્યાં પોતાને ક્ષમાનો ને કરુણાનો અનુભવ સરળ થઇ પડે છે. કાયોત્સર્ગમાં તત્ત્વ-ચિંતનની જેમ આ અનુભવજ્ઞાનનું ચિંતન કરાય, એ ખરેખર પ્રસંગે ઉપયોગી થાય.

સુદર્શન શેઠની ક્ષમા-કરુણા કેટલી બધી ? રાણી પ્રપંચ કરીને એમને મહેલમાં ઘલાવી દઇ કામના ઉપદ્રવમાં નિષ્ફળ જઇ હવે હો હા મચાવી રહી છે ! શેઠને સિપાઇ પાસે પકડાવી દે છે, અને રાજા પાસે ખડા કરાવે છે ! ત્યારે શેઠને રાણી પર દ્વેષ રોષ થતો નથી, હૈયામાં ક્ષમા જ વહેતી રહે છે, અને હવે રાજા સત્ય હકીકત પૂછે છે ત્યારે રાણી પર શેઠને આવી કરુણા ઉભરાય છે કે 'જો હું સાચી હકીકતમાં રાણીએ પ્રપંચ અને કામનો ઉપદ્રવ કર્યાનું કહું, તો એ બિચારી પર રાજા ગુસ્સે થાય અને એને કઠોર સજા ફરમાવે, એથી એ બિચારી દુઃખી થાય ! તો ભલે મારા પર કષ્ટ આવે, પણ એને દુઃખ ન આવો.'

**દુષ્ટ પર આવી કરુણા આવવી સહેલી છે ? પરંતુ દુષ્ટ પણ અભયારાણી પર સુદર્શન શેઠની કરુણા એ અનુભવજ્ઞાનનો પ્રતાપ.**

રાતભર કાયોત્સર્ગમાં રહ્યા સુદર્શન શેઠે કાલ્પનિક પ્રસંગ ખડો કરીને જાણે 'પોતે દુષ્ટને આફતમાંથી બચાવવા જાત પર આફત વહોરી લઇને એના પર કરુણા કરી રહ્યા છે, એવું એવું વિચાર્યું હોય, અર્થાત્ એ માટે પૂર્વના મહાપુરુષોએ કરેલી કરુણા જાણે પોતાનામાં ઊતરી છે એવો કરુણાનો આંતરિક અનુભવ કર્યો હોય, નહિતર અનુભવજ્ઞાનના બળ વિના ખરા પ્રસંગે એકદમ ઉચ્ચ ક્ષમા ઉચ્ચ કરુણા શી રીતે આવે ?

છાપું વાંચો છો ને ? એમાં કોઇએ કોઇના પર દુષ્ટતા કરી ને સામાએ એના પર ઘા કર્યો એવું વાંચ્યું, ત્યાં એ દુષ્ટ પર તમને દયાનો ભાવ આવે છે ? કે રાજી થવાય છે કે 'એ એ જ લાગનો હતો ?' જો રાજી થવાતું હોય તો દયા ક્યાં રહી ? તમને થતું હશે,

પ્ર. દુષ્ટને તો ઠોકવો જ જોઇએ ને ?

ઉ. તે શું તમે આખા જગતના ન્યાયાધીશ છો ? જગતનો ન્યાય આપવાની ફરજ લઇ બેઠા છો ? કોણ તમારો ન્યાયનો ફેંસલો સ્વીકારવા તૈયાર છે ? તમારું કશું ઉપજતું તો છે નહિ, ને ન્યાયના ઓઠા હેઠળ અંતરમાં દ્વેષ અને નિર્દયતા-ક્રૂરતા પોષી રહ્યા છો ! કેવી મૂર્ખતા કે દયા ચિંતવવાનો ખરો અવસર તક ગુમાવી





રહ્યા છો ! દયા ચિંતવતાં આવડતી નથી, ને દ્વેષ ઉભરાવતાં આવડે છે, માટે જ એવા પ્રસંગ બતાવનારા છાપા વાંચવાં ખતરનાક છે. કદાચ વંચાઇ ગયું, સંભળાઇ ગયું, તો દયા આમ ચિંતવાય કે 'દુષ્ટ બિચારો એક તો દુષ્ટતાના પાપમાં પડ્યો અને બીજું બિચારા પર આ ઠોકાબાજીનું દુઃખ આવ્યું ! આગળ પર ભવાંતરે બિચારાને પાપનાં જાલિમ ફળરૂપે તો કેવાં ય ભયંકર દુઃખ આવશે !'

**પીટાતા દુષ્ટ પ્રત્યે પણ બેવડી દયાનો વિચાર જૈનધર્મ શીખવે છે.**

આમ દયા ચિંતવતાં આવડે ? ના, નથી આવડતી, તમારામાં વેપારી બુદ્ધિ નથી.

**વેપારી બીજાના ખોટા સોદા પર પોતે ખોટ લેવા તૈયાર ન હોય એમ, ધર્માત્મા બીજાની દુષ્ટતા પર પોતે દયા ગુમાવી દ્વેષ કરવાનો ખોટનો ધંધો ન કરે.**

સુદર્શન શેઠને દયા કેટલી બધી ? પોતે જો હકીકત કહે, તો તે સત્ય જ છે, છતાં રાણી પરની દયાથી એ નથી કહેતા, અને એથીય વિશેષ, જ્યારે શૂળીનું સિંહાસન થઇ આકાશવાણી સત્ય હકીકત કહે છે ત્યારે શેઠને દયા ઉભરાય છે કે 'અરેરે ! બિચારી રાણી પર મારા નિમિત્તે આફત આવશે !' આટલી હદ સુધીની દયા શાના બળ ઉપર ? કહો અનુભવજ્ઞાનના બળ ઉપર...

ત્યારે સુદર્શન શેઠ રાણીના એકાન્તમાં કામના ઉપદ્રવ અને કામની પ્રાર્થના પર બ્રહ્મચર્ય સલામત શી રીતે રાખી શક્યા હશે ! કહો, અનુભવ જ્ઞાનના બળ ઉપર રાતે પૌષધના કાયોત્સર્ગમાં આવુંય કાંઇક ચિંતવ્યું હશે કે કદાચ અહીં કોઇ સ્ત્રીનો ઉપદ્રવ આવી જાય, તો ય મારે તો ભગવાન અને મહાપુરુષોની જેમ અખંડ બ્રહ્મચર્યનું પાલન જ છે. અંતરમાં જાણે અનિષ્ટ પ્રસંગ પર અખંડ બ્રહ્મચર્યનાં પાલનનો અનુભવ કરી રહેલ છે ત્યાં પછી સામાનો દારૂ પીધેલાની ગારમાં આળોટવાની ચેષ્ટા જેવો પાગલ પ્રયત્ન દેખાય. પોતે શુદ્ધ નિર્વિકાર આત્મા છે, એમાં કામના કોઇ વિકાર નથી, ને કષાયના ય કોઇ વિકાર નથી.

**પોતાના આત્માના પ્રદેશે પ્રદેશ નિર્વિકાર છે, એવું ચિંતન થાય એ અનુભવ જ્ઞાન છે.**

**વારંવારના અનુભવ જ્ઞાનથી ખરા અવસરે એ ગુણ સુલભ બને.**

મહાન આત્માના ગુણ જાણે પોતે અનુભવી રહ્યો છે, એવા ગુણ જાણે પોતે ધરી રહ્યો છે, એવો જો આંતર અનુભવ કરતા રહેવાય, તો મોકો આવે એટલે પોતે એ ગુણ દાખવવાનું કેમ સહેલું ન થાય ?

વાત આ હતી, 'ગ્રન્થ અધ્યાત્મ શ્રવણ મનન કરી, પરિશીલન નય હેત.'

અધ્યાત્મના શાસ્ત્રનું સારું એવું શ્રવણ અને પછી એના પર મનન-ચિંતન કરતા રહેવાથી નય-પરિશીલન થાય. એના માટે જ એ શ્રવણ-મનન કરવાનું છે. નય-પરિશીલન એટલે પોતાનામાં શક્ય એટલા અંશે એ અધ્યાત્મના ગ્રન્થની વાતનો અભ્યાસ કરવો અનુભવ કરવો અનુભવ જ્ઞાન ઊભું કરવું.

પહેલાં કહ્યું 'પરિચય પાતક-ઘાતક સાધશું, અકુશળ અપાય ચેત,' અર્થાત્ પાતકઘાતક યાને પાપથી છોડાવનારા પરિચયને સત્સંગને સાધીએ એટલે અકુશળ અશુભ ચિત્ત ઘસારે પડે. ઉઘાડી વાત છે કે જેટલો સમય સાધુજનના સંગમાં રહીએ એટલો સમય બહારના પાપભર્યા વાતાવરણથી દૂર રહેવાય. એથી એ બાહ્યના નિમિત્તે ચિત્ત અશુભ અકુશળ વિચારો કરતું હોય તે અટકે. આ ભૂલતા નહિ,

**ચિત્ત કોણ બગાડે છે ? પાપભર્યું વાતાવરણ.**

ચાર ચોવટિયા ભેગા થયા હોય, ને ત્યાં જો કોઇને જવાનું થયું તો સમજી લ્યો કે એ જનારો ચોવટના વિકથા-પાપકથાના વાતાવરણમાં ભળ્યો અને એમાં ચિત્ત બગાડવાનો. એવી વાતોના પ્રમાણે ચિત્તમાં મલિન ભાવો ને મલિન વિચારો ચાલવાના.

આજે બજારમાં જુઓ કોઇ નવો આત્મા દાખલ થાય છે એને બજારના વેપારીઓ કે દલાલોનું, વાતાવરણ મળે છે. ત્યાં એ લોકો જો અનીતિ-જૂઠ વગેરે આચરી રહ્યા હોય છે, તો આ પણ એના વાતાવરણમાં ચિત્ત બગાડી અનીતિ-જૂઠ-કપટ વગેરે કરવા માંડે છે.

**ધર્મદત્ત વાતાવરણથી બગડે છે**

ખબર છે ને શેઠનો ધર્મિષ્ઠ છોકરો ધર્મદત્ત માતાના આગ્રહથી પરણ્યો, પણ પરણ્યા પછીય એનું વર્તન ખૂબ ધાર્મિક છે, તે પત્ની સાથે કશાય મોહના ટાયલાં કે લપછપ કરતો નથી. પત્નીને એણે માનવભવની મહત્તા બતાવીને સમજાવી દીધી છે એટલે પત્નીને કશો અસંતોષ નથી, ફરિયાદ નથી, પરંતુ માતાને આની આવી ધાર્મિકતા નથી ગમતી, તે એણે છૂપી રીતે મવાલી જેવા ચાર યુવાન છોકરાને બોલાવી એમને બધી વાત કરી કહ્યું કે 'તમે આને વ્યવહારકુશળ બનાવો, એ માટે જે કાંઇ ખરચ કરવો પડે તો ચિંતા નહિ,' એમ કહી એમને રૂપિયા આપ્યા.

એ લોકો પછીથી ધર્મદત્ત પાસે જઇ કહે 'અમને ધર્મ સમજાવો. તત્ત્વ સમજાવો'

ધર્મદત્તને આમના પ્રપંચની કોઇ ખબર નહોતી, તે એમના પર ઉપકાર





થશે એમ માની રાજી થઇને ધર્મ સમજાવે છે, તત્ત્વજ્ઞાન આપે છે.

પેલાઓ સાંભળતાં 'અહો ! અહો !' કરે છે, વચમાં વચમાં વળી 'હેં ધર્મદત્ત !' 'હેં ધર્મદત્ત !' 'હેં ધર્મદત્ત !' એમ કરી પ્રશ્ન પણ કરે છે. એ જવાબ આપતાં 'ઓહ ! એમ છે ? બહુ સરસ સમાધાન !' પાછા ચાર જણ છે ને ? તે એક બીજા તાલ ને ટેક પૂરે છે. એમ ચાલ્યું રોજ ને રોજ,

એમાં હવે ધર્મદત્તને આકર્ષણ થયું જાણી એને બહાર બગીચામાં ધર્મચર્ચા માટે લઇ જાય છે. ત્યાં નાસ્તો કરતા કહે છે, કોઇ વાર કોઇ સંગીતકારને બોલાવી અધ્યાત્મનાં ગીત સંભળાવે છે, એમાં પછીથી ભેગું મોહનું ગીત પણ છેડાવે છે ! એમ સંગીતરસિયો કરે છે. બીજી બાજુ તત્ત્વ-ચર્ચામાં શહેરની બીજી મોંકાણો ય લાવીની માંડે છે, દુન્યવી વાતો પણ ઘુસાડે છે !

થયું ? દુન્યવી કુથલી પેઠી, મોહનાં ગીતડાં પેઠા, એની ધર્મદત્ત પર ઘેરી અસર પડતી જાય છે, એમાં રસ લેતો થાય છે.

**ખરાબ વાતાવરણમાં રહેવાની ભયંકર અસર પડે છે. એ ભવોભવ બગાડી નાખે !**

પેલાઓ, એ જોઇ એક વાર કહે-

'ધર્મદત્ત ! એક બેન અધ્યાત્મનાં ગીત સુંદર જાણે છે. તારી ઇચ્છા હોય તો એ સાંભળવા એના ઘેર જઇએ અધ્યાત્મનું સાંભળવા મળશે. બે ઘડી આનંદ આવશે. કુળવાન બેન બહાર ન સંભળાવે. આપણે એના ઘેર જવું પડે.'

આ બિચારો ભોળો, આમના કપટની એને શી ખબર ? તે કબૂલ થયો, એટલે એ લોકો આને એક વેશ્યા પાસે લઇ ગયા. વેશ્યાને પહેલેથી વસ્તુ સમજાવી દીધી છે, ને કહ્યું છે કે 'આ ઘરાકને તું હાથમાં લઇશ. તો તારે પૈસાનો ઢગલો થશે, એટલે વેશ્યાએ કુલીન બાઇ જેવો દેખાવ રાખેલો. એ મર્યાદિત વેશ પહેરી બેઠેલી હતી ત્યાં ધર્મદત્તને લઇ ગયા, વેશ્યા પણ ગીત અધ્યાત્મનું ગાય, કિન્તુ વચમાં વચમાં હાથ ને મોઢાના લહેકા કરતી જાય છે. ધર્મદત્તને કોયલ જેવા કંઠ પર રસ પડતો ગયો એટલે બીજે દિવસે ત્રીજે દિવસે...એમ ચાલ્યું. પેલી વચમાં હવે મોહનાં ગીતની પણ બે કડી છોડે છે. હવે તો ધર્મદત્તને રસ પડી ગયો છે એટલે વિરોધ નથી કરતો કે આવું મોહનું કેમ સંભળાવે છે ?' પેલાઓ પાછા ખંધા છે, તે વેશ્યા પૂછે 'કેમ પસંદ ?' તો એમાં તાલ ને ટેક પૂરે છે.

બસ, ધર્મદત્તને પાકો રસ પડેલો જોઇ, એકવાર એને વેશ્યા સાથે એકલો

મૂકી કાંઇક બહાનું કાઢી એક પછી એક ત્યાંથી ખસી ગયા. આને તો ખૂબ રસ, તે બેઠો છે. વેશ્યા હવે શું બાકી રાખે ? મોહનાં ગીત સાથે હાવભાવ, ચેષ્ટા ચલાવે છે. ધર્મદત્તનું પતન થયું, રાગ એટલો બધો થઇ ગયો કે હવે એ ઘેર પણ નથી જતો, ને વેશ્યાને ત્યાં જ પડ્યો રહે છે, ઘરેથી પૈસા મંગાવતો રહે છે. ને મા મોકલ્યે રાખે છે. પણ હવે ઘરેથી મા બોલાવે છે, તો ય જતો નથી.

શું થયું આ ? વાતાવરણની અસર.

**સારા પણ ધર્માત્મા ધર્મદત્તને ખરાબ વાતાવરણે વૈરાગ્યનો રસ ખલાસ, ને વેશ્યાનો રસ જાગી ગયો.**

❀ ❀ ❀ ❀ ❀ ❀

પાપભર્યું વાતાવરણ બુદ્ધિ બગાડે છે ત્યારે સંત પુરુષોનો પરિચય એટલો સમય પાપભર્યા વાતાવરણથી દૂર રાખી બચાવી લે છે, ને સંતની ચર્યાનાં દર્શનથી તથા ધર્મ-તત્ત્વની વાતોથી બુદ્ધિને પ્રક્ષાલન મળે છે, બ્રેઇન વોશ (Brain Wash) કહે છે ને ? મગજના કચરા ધોવાય છે, મગજમાં ભરાઇ બેઠેલાં પાપોનો નાશ થતો આવે છે. કવિએ એ જ કહ્યું,

**'પરિચય પાતકઘાતક સાધશું...'નો અર્થ:**

'પરિચય પાતક-ઘાતક સાધશું.' અમે પાતક ઘાતક એટલે કે પાપોનો ઘાત કરનારો સંત-પરિચય સાધશું, શા માટે ? 'અકુશલ અપચય ચેત' એમની સંગતિથી અકુશલ ચિત્ત, અશુભ મનની ખરાબીનો ક્ષય થાય. વળી સંતપરિચયથી શું કરવું છે ? તો કે અધ્યાત્મનાં શાસ્ત્ર સાંભળશું, એના પર ચિંતન મનન કરશું.

શા માટે ? અસદ્ નયો, અસદ્ અપેક્ષાઓ મુકાઇ જાય, ને સદ્નયો, સદ્-અપેક્ષાઓનું પરિશીલન થાય. કહ્યું ને ?

**'અકુશલ અપચય ચેત,**
**ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી, પરિશીલન નય હેત.'**

'ગ્રન્થ અધ્યાત્મ' એટલે કે આત્માને લગતા શાસ્ત્ર સાંભળતાં, ને એના પર ચિંતન કરતાં કરતાં અસદ્ અપેક્ષાઓ ટળે, ને એમ પાતકઘાત અર્થાત્ પાપનાશ-અર્થાત્ જીવને દુન્યવી વિષયોના રાગ-દ્વેષ મોહનાં પાપ નાશ પામે. એમ બુદ્ધિ સ્વચ્છ થાય. પાપના વાતાવરણમાં બગડેલી બુદ્ધિ આમ સંત પરિચય ધર્મશાસ્ત્ર શ્રવણ અને એના પર ચિંતન-મનનથી ચોખ્ખી થતી આવે. એમાં વળી એ ચિંતન-મનન, નવા શાસ્ત્ર પદાર્થો સાંભળવા મળતાં વધતું જાય, ને એ રીતે બુદ્ધિ વિશદ





બનતી જાય, વિશાળ અને નિર્મળ થતી જાય.

**શ્રીવિજય રાજાનો વીજળીથી બચાવ યક્ષમૂર્તિથી**

પેલા શ્રીવિજય રાજાના મુખ્યમંત્રીની એ રીતે બુદ્ધિ વિશદ બનેલી છે. તેથી સામાન્ય જનની કલ્પનામાં નહિ એવો એનો બુદ્ધિનો ચમત્કાર જોવા મળે છે. નિમિત્તિયાએ કહ્યું છે ને-'આજથી સાતમે દિવસે પોતનપુરના રાજાના માથે વીજળી પડશે ?' તે બીજા મંત્રીઓ તો રાજા શ્રીવિજયને બચાવી લેવા દરિયા વચ્ચે વહાણમાં, વૈતાઢ્ય પર્વત પર કે ગુફામાં બેસાડી રાખવાનાં સૂચન કરે છે, ત્યારે મહામંત્રી કહે છે-

એ ફાંફાં નકામાં છે. કાંઇ મહારાજાનું નામ દઇને એમના પર વીજળી પડવાનું નૈમિત્તિકે નથી કહ્યું, કિન્તુ પોતનપુરના રાજા પર પડવાનું કહ્યું છે, તો મહારાજાએ એટલો સમય રાજ્ય છોડી દેવું જોઇએ, રાજા મટી જવું જોઇએ, ને રાજા બીજા કોઇને બનાવવો જોઇએ. પરંતુ જો કોઇ મનુષ્ય વ્યક્તિને રાજા બનાવીએ, તો એ બિચારો મરે, ને મહારાજા પણ કહે છે કે 'એમ કાંઇ કોઇને મોતના ખોળે બેસાડીને મારે નથી જીવતા રહેવું.' એટલા માટે એમ ન કરતાં નગરના નાકે જે યક્ષની મૂર્તિ છે, એનોજ રાજ્યાભિષેક કરી એને જ અહીં ગાદી પર રાજા તરીકે સ્થાપીએ. નિમિત્તિયાના કહેવા મુજબ વીજળી પડવાથી જો એનો નાશ થશે તો એથી પણ અધિક સુંદર યક્ષમૂર્તિ બનાવી મંદિરમાં એની ધામધૂમથી પ્રતિષ્ઠા કરીશું.

મંત્રીની આ કુનેહ અને યુક્તિભરી વાત સાંભળતાં આખી સભા ખુશ ખુશ થઇ ગઇ, મંત્રીની કુશાગ્ર બુદ્ધિ પર ઓવારી ગઇ. બસ, એ બરાબર છે, એમ જ કરો-એમ કહી આ વાત વધાવી લેવામાં આવી.

કહેવાની જરુર નથી કે એ પ્રમાણે યક્ષમૂર્તિનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો, ને રાજા નિવૃત્ત થઇ પૌષધશાળામાં બેસી જાય છે ને ધર્મધ્યાનમાં દિવસો વિતાવે છે. અહીં પ્રશ્ન થાય-

**ભય ટાળ્યો તો રાજા ધર્મધ્યાનમાં શા માટે ?**

પ્ર. રાજા તરીકે મટી ગયા પછી હવે એમને ભય તો ટળી ગયો, તો ધર્મધ્યાનમાં બેસવાનું શું કામ છે ?

ઉ. ધર્મધ્યાનનું કામ એટલા માટે છે કે સમય વિષમ છે, કટોકટીનો છે વીજળી પડવાની છે, ને તે કોઇનો નાશ કરવાની છે, એવો સમય ચાલુ રાબેતાનો સામાન્ય સમય ન ગણાય, પણ વિષમ સમય ગણાય. વિષમ સમયે શાણા મનુષ્યનું

કર્તવ્ય ધર્મવૃત્તિમાં લીન રહેવાનું છે. તેથી પોતાને એના છાંટા ન ઊડે, અને સૌના ભલાની ઇચ્છા છે એટલે બીજાને પણ એ મૈત્રીના સારા પ્રભાવની અસર થવી હોય તો થાય.

વળી રાજાપણું દેખીતું તો મૂકી દીધું, છતાં કાળના, કર્મના અને ભવિતવ્યતાના ભીતરની કોને ખબર, તે કદાચ નથી ને પોતાના ઉપર વિજળીપાતની અસર આવી ગઇ તો ? એ શંકાથી, એ ભયથી પણ એવા અવસરે મૃત્યુ જેવું ય શુભ ભાવમાં આવે તો સારું એટલે પણ એ શુભ ભાવ માટે ધર્મધ્યાનમાં જ બેસવું અત્યન્ત જરુરી છે, માટે રાજા શ્રી વિજય ધર્મધ્યાનમાં બેઠા. આ પરથી આ ધ્યાનમાં લેવા જેવું છે કે-

**વિષમ સમયમાં ધર્મધ્યાનથી બે લાભ-**

**(૧) વિષમસમયના દુઃખદ છાંટાથી બચાય- અને**

**(૨) આપત્તિનો ભય હોય ત્યારે મરણ સુધારનાર શુભ ભાવ રહે.**

માટે ધર્મધ્યાનમાં રહેવું અતિ જરુરી છે. આપણી દૂબળી પુણ્યાઇમાં વિષમ સમય ક્યાં લેવા જવો પડે એમ છે ? ત્યારે ને ક્યારે એ આવીને ઊભો રહે છે. દા.ત. વરસાદ મુશળધાર ઝીંકાવા મંડ્યો એ વિષમ સમય છે. કેમકે એમાં પાક ખત્મ ! કેટલાયનાં ઘર સાફ ! પ્રાણ સાફ ! અથવા વરસાદનાં ફાંફાં થઇ ગયાં, તો એ વિષમ સમય છે. એમાં ગરીબો અને પશુ-પંખીઓના ભૂખમરા અને મોતની પીડામાં વ્યાપક આર્તનાદ તથા ચિચિયારીઓથી વાતાવરણ વિષમ-રુદનમય બની જવાનું. એમ દુષ્કાળમાં શું કે બીજા કારણે શું, મોંઘવારી જાલિમ વધી જાય એય વિષમ સમય છે.

એમ, હુલ્લડ, યા આડોશ-પાડોશમાં મોટો ઝગડો જામી પડે, એ પણ વિષમ સમય છે. અથવા ઇંદિરાગાંધી જેવી સત્તાધીશના કટોકટીના નામે, જુલ્મના કોરડા ઝીંકાય, એ પણ વિષમ સમય છે અથવા પોતાના વ્યક્તિગત જીવનમાં એક પાસો, બીજો પાસો, એમ ઉપરાપર પાસા અવળા પડતા જાય, એ ય વિષમ સમય છે. સ્નેહીઓ વાંકા થતા જાય, બજાર ઊંચાનીચા થતા જાય. આ બજાર ચડ્યા તો ચડ્યા, કે ઊતરતા ગયા તો ગડગડાટ ઊતરતા ગયા, એ પણ વિષમ સમય છે. એમ શરીરની સરખાઇ નથી રહેતી, એક યા બીજી ફરિયાદ રહ્યા કરે છે, એ પણ વિષમ સમય છે.

**સંસારમાં દૂબળી પુણ્યાઇમાં વિષમ સમય ડગલે ને પગલે આવે.**





**વિષમ સમયમાં બચી શકાય તો ધર્મપ્રવૃત્તિ-ધર્મધ્યાનથી બચાય.**

**'વિષમ સમયના છાંટા ન લાગે' એટલે શું ?**

એકાદ વેળા નિકાચિત જેવા કર્મનો ઉદય હોય તો વિષમ સમયના ઊના વાયરા દઝાડ્યા વિના ન રહે. તો પણ ચિત્ત જો ધર્મધ્યાનમાં હોય તો પાપધ્યાનથી બચી જતાં અશુભ કર્મના બંધ ન થાય, પૂર્વેથી ચાલી આવતી પાપકર્મોની પરંપરા અટકી જાય, અને ધર્મ ધ્યાનના યોગે શુભ કર્મનાં સર્જન થાય ! એનો અર્થ એ કે વિષમ સમયના છાંટા ન લાગ્યા, વિષમ સમય જગતને પાપના માર લગાવવા ઉપરાંત જે પાપબંધથી ખરડે છે, એનાથી બચી જવાયું. આ પ્રતાપ વિષમ સમયે રખાતા ધર્મધ્યાનનો જ છે. એટલે કહેવાય કે વિષમ સમયે બચી શકાય તો ધર્મધ્યાનથી જ બચાય.

એમ આપત્તિની શંકા કે ભયમાં પણ ધર્મધ્યાન ધર્મપ્રવૃત્તિ જ શરણ કરવા લાયક છે. ધર્મધ્યાનથી શુભ ભાવ ટક્યો રહે એ વખતે આપત્તિ કદાચ આવી પડી તો ય ચિંતા નહિ. ધર્મધ્યાન-શુભભાવના લીધે ચિત્ત બગડવાનું નહિ. એથી વર્તમાનમાં ય દુઃખી નહિ, ને ભવિષ્યમાં ય દુઃખી નહિ.

**આપણે દુઃખી છીએ એવું કેમ લાગે છે ? ચિત્ત બગડેલું હોવાથી શું ? દુઃખથી દુઃખી નહિ, ચિત્ત બગડવાથી દુઃખી.**

દુઃખ હોઇ શકે છે, પણ દુઃખી ન હોઇએ. જગદ્‌ગુરુ શ્રી મહાવીર ભગવાન પર દુઃખ કેટલાં વરસ્યાં ? છતાં એ દુઃખથી ભગવાન દુઃખી નહોતા. સંગમ દેવતાએ જુલ્મ વરસાવ્યા ત્યારે પણ શું એમ કહેવાય કે 'ભગવાન બિચારા બહુ દુઃખી ?' ના, કેમકે ભગવાન તો પોતાના મનથી ખૂબ જ પ્રસન્ન હતા. કારણ ? એમનું ચિત્ત બગડેલું નહોતું. ત્યારે,

**ચિત્ત બગડેલું હોવાથી જ આપણે દુઃખી એવું આપણને લાગે છે.**

ભલે ને દુનિયાનું દેખીતું પૈસાનું સુખ મળ્યું હોય છતાં જો ચિત્ત બગડેલું છે અર્થાત્ ચિત્તમાં અભિમાનની રાઇ ભરેલી છે, તો એ બીજાને હલકાઇથી જોયા કરશે, વાત વાતમાં મિજાસ દેખાડ્યા કરશે, 'કોણ મારું નથી માનતું ?' એ તપાસ્યા કરશે. આ બધું શું છે ? દુઃખીપણું, આમાં છે કાંઇ શાંતિ, જંપ, નિરાંત ? એમ પૈસા છે પણ ઇર્ષ્યા ભરી પડી છે, ખરચાઇ-ખોવાઇ જવાનો ભય છે, માગણિયા આવવાની ચિંતા રહ્યા કરે છે, બજાર ઊંચા નીચા થયે, અગર વ્યાજ ઓછું પડ્યે આસામી અંગે કંઇક સાંભળવા મળ્યે ચિંતા છે, તો આ બધા ચિત્તના બગાડા છે, ને

એમાં જીવને દુ:ખનો જ અનુભવ છે, દુ:ખીપણું છે.

ત્યારે એથી ઊલટું, પાસે એવા પૈસા નથી, પણ રોફ, અભિમાન, શંકા, ભય, ચિંતા ઇર્ષ્યા...વગેરેથી ચિત્ત બગડેલું નથી, તો એ દુ:ખી નથી, પણ સંતોષ શાન્તિ-પ્રસન્નતા વગેરેથી સુખી જ છે. બોલો,

**મમ્મણ સુખી ? કે પુણિયો શ્રાવક સુખી ? નિર્ધન પુણિયો દુ:ખી ? કે મહાશ્રીમંત મમ્મણ દુ:ખી ?**

બ્રહ્મદત્ત ચક્રવર્તી સુખી ? કે એના પૂર્વજન્મના ભાઇ આ જનમમાં અવધિજ્ઞાની મુનિ થઇને એની પાસે બુઝાવવા આવેલા સુખી ? એ સાધુ એને કહે છે-

'બ્રહ્મદત્ત ! આ પૂર્વ જન્મે સંયમ પાળેલું, ઘોર તપ કરેલાં, એથી તો દેવલોકમાં જઇ અહીં આવીને ચક્રવર્તી બન્યો, પણ અહીં હવે જો આ ભોગ વિલાસમાં ડૂબ્યો રહીશ તો નરકાદિ ગતિઓમાં ભટકવું પડશે ? માટે ઉઠ, આ બધું છોડી સંયમ લે, તો દુર્ગતિથી અને દીર્ઘ ભવભ્રમણથી બચી જઇશ, સંયમનાં સારાં ફળ જોયા પછી, અસંયમમાં શા સારુ પડ્યો રહે ? અવધિજ્ઞાનથી તારો-મારો પૂર્વનો ભાઇ-ભાઇનો સંબંધ અને પૂર્વનું સાથે કરેલું સંયમપાલન જોઇ, ભાઇના નાતે તને જગાડવા આવ્યો છું.'

ત્યારે બ્રહ્મદત્ત હસે છે, કહે છે, 'હાહાહા-અરે ! મને આ તમારી દરિદ્રનારાયણ સ્થિતિ જોઇ દયા આવે છે, હું પણ તમને ભાઇના નાતે કહું છું કે આવો, આ વેશ મૂકી દો, હું તમને સારું રાજ્ય આપું. ખજાનો આપું, રાજકુમારીઓ પરણાવું. બસ, તમે રંગરાગ ભોગવિલાસ ભોગવો, હું જોઇ જોઇને ખુશી થાઉં, ને તમે ય આનંદ મંગલ કરો !'

બોલો, બ્રહ્મદત્ત સુખી છે કે દુ:ખી ? બંનેના શબ્દ જોખી જુઓ, તો દેખાશે કે સાધુ સંયમની જે વાત કરી રહ્યા છે તે ખૂબ સ્વસ્થતાથી કરી રહ્યા છે, ત્યારે બ્રહ્મદત્ત જે બોલી રહ્યો છે એ ભોગવિલાસની વિહ્વલતાથી, ગુલામીથી, નિ:સત્ત્વતાથી, એ જ દુ:ખી પણું છે.

**વિહ્વલ-ગુલામ-નિ:સત્ત્વ એ દુ:ખી છે.**

**સાચો સુખી તે જે વિહ્વલ-ગુલામ નિ:સત્વ ન હોય.**

(૧) વિહ્વળતા એ ચિત્તનો બગાડો છે.

(૨) મનથી ગુલામી-પરાધીનતા એ ચિત્તનો બગાડો છે.





(૩) સત્ત્વહીનતા એ ચિત્ત બગડેલું છે.

ચિત્તના આવા આવા તો કંઇ બગાડા છે, ને ચિત્ત બગડવાથી જ માણસ દુ:ખી છે. ક્રોધીલા માણસ સત્ત્વહીન હોવાથી ક્રોધ કરી કરીને બીજાને દબડાવતા હોય, ને એનું પુણ્ય પહોંચતું હોય એટલે ભલે ને બીજા દબાઇ જતા ય હોય. પણ એ ક્રોધીલા શું સુખી છે ? ના, મનથી બળતા ને જળતા શાના સુખી ? એ તો દુ:ખી જ છે. ક્રોધને દબાવવાનું સત્ત્વ નથી, માટે દુ:ખી. સત્ત્વ હોય તો ક્ષમા રાખે ત્યારે દબાઇ જતા દેખાતા માણસ જો ક્ષમાશીલ છે, અને ક્રોધ કરનારની ભાવદયા ચિંતવનારા છે, તો એ સાચા સુખી છે. નહિતર તો સંગમ દેવતા અને શૂલપાણિ યક્ષે શ્રી મહાવીરપ્રભુ પર કચકચાવીને ક્રોધ કરી કરી જુલ્મ વરસાવ્યા, પ્રભુને ભારે દબડાવ્યા, ભારે વિટંબણા કરી, ત્યાં ક્ષમાશીલ પ્રભુએ કશો સામનો ન કર્યો. દબાયા રહ્યા, તો પ્રભુને દુ:ખી કહેવા પડે. પણ પ્રભુ જરાય દુ:ખી નહોતા, સુખી જ હતા, કેમકે સત્ત્વશાળી હોઇ ક્ષમાશીલ હતા. નહિતર તો પ્રભુની પાસે અખૂટ શક્તિ હતી, દેવતાને મહાત કરી શકત ! પણ પ્રભુનું પોતાનું ચિત્ત ક્રોધ-અભિમાનથી બગડેલું હોય તો દુ:ખી થઇને સામનો કરવા જાય ને ? પ્રભુ તો ક્ષમાના ભંડાર, એટલે સાચા સુખી જ હતા.

**નિકાચિત કર્મે દુ:ખ છતાં ધર્મધ્યાન હોય તો ચિત્ત બગડતું નથી.**

વાત આ હતી કે આપત્તિ સમયે જો ધર્મ ધ્યાનમાં રહીએ ને પુણ્યાઇ દૂબળી હોય, નિકાચિત અશુભ કર્મનો ઉદય હોય, તેથી આપત્તિ ન ય ટળે, છતાં ધર્મધ્યાનમાં રહેવાથી ચિત્ત બગડતું નથી, તેથી વર્તમાનમાં આપત્તિ છતાં આપણે દુ:ખી નથી, ને ધર્મધ્યાનથી પુણ્યાનુબંધી પુણ્ય ઊભું થવાના હિસાબે ભાવી ભવમાં પણ દુ:ખી નહિ થવાના-ત્યાં ય પૂર્વના કોઇ અશુભ કર્મના લીધે દુ:ખ-આપત્તિ ભલે ને આવે, પરંતુ અહીંના ધર્મધ્યાનથી ઊભા થયેલા શુભ સંસ્કાર ત્યાં ચિત્ત નહિ બગડવા દે, ને તેથી આપણે દુ:ખ આવ્યું છતાં દુ:ખી નહિ થવાના. પૂછો...

**પ્ર. દુ:ખ-આપત્તિ આવે ને ચિત્ત કેમ ન બગડે ?**

ઉ. ચિત્ત ન બગાડવા આવી આવી વિચારણા છે, દુ:ખમાં ચિત્ત ન બગડવાની વિચારણાઓ-

**(૧) દુ:ખ પોતાના પૂર્વકર્મનું મનાય તો ચિત્ત ન બગડે.**

દુ:ખ મારા પોતાના પૂર્વ કર્મનું જ ફળ છે, તો એમાં દુ:ખ શું માનવું ? ખેદ શો કરવો ? સુખ-દુ:ખ બધું જ પોતાના શુભ-અશુભ કર્મના ઉદયથી જ આવે

છે, ને એ કર્મોદય અટળ છે, પછી ત્યાં ખેદ શો કરવો ! પત્નીએ પરણતાં પહેલાં જ કહ્યું હોય કે હું ખરચાળ છું.' પણ એનામાં બીજા સારા ગુણ હોય, તો એને પરણીને માણસ એ વારે વારે ખર્ચ કરાવે તો પતિ માણસ દુઃખ નથી માનતો, સમજે છે કે 'એ તો નિર્ધારિત જ હતું કે ખર્ચ કરાવશે. પણ એનાથી બીજું કેટલું બધું સારું ચાલે છે !' એમ અહીં પૂર્વે અશુભ કર્મ બંધાયાં ત્યારે નિર્ધારિત હતું કે એ દુઃખ લાવશે જ, પણ અહીં બીજું સારું ઘણું છે પછી દુઃખ શું કામ માનવું ? ચિત્ત શા માટે બગાડવું ?

**(૨) દુઃખ જાગૃતિ લાવનાર મનાય તો ચિત્ત ન બગડે.**

એટલે જ બીજી વાત આ છે કે અશુભ કર્મના વિપાક વખતે ય એનાથી બીજું સારું કેટલું બધું છે ! દા.ત. અશુભોદયે આવેલા દુઃખે મને જાગતો કર્યો કે 'સુખનાં અભિમાન, સુખનો અધિક વિશ્વાસ, અને લંપટતા ન કરીશ, નહિતર એમાં વિશ્વાસભંગ થતાં તું ખોટો પડીશ.'

**(૩) દુઃખમાં પૂર્વની ભક્તિની કમી પૂરવાની ધગશ જાગતાં ચિત્ત ન બગડે**

દુઃખમાં જાગૃતિ મળી કે ભગવાનને વધુ ભજ. આ પૂર્વે પ્રભુભક્તિમાં ને ધર્મધ્યાનમાં ખામી રાખેલી તેથી પુણ્ય ખામીવાળું મળ્યું ને આ દુઃખ આવ્યું. એટલે દુઃખદાયી અશુભનો ઉદય તો સારો કે મને પ્રભુભક્તિ અને ધર્મધ્યાન વધુ સુઝાડશે. માટે લાવ, એ કરવા માંડું.

**(૪) બીજાં સારાં પરની દ્રષ્ટિથી ચિત્ત ન બગડે**

અશુભોદયે દુઃખ આવ્યું, પણ બીજી બાજુ મને સારું કેટકેટલું મળ્યું છે ! માનો કે આ અશુભોદય ન હોત અને શુભોદય હોત તો જે ધન વગેરેની અનુકૂળતા ચાલતી હોત એને ટપી જાય એવી દેવાધિદેવ, જિનશાસન, નમસ્કાર મહામંત્ર તથા દેવદર્શનાદિ સાધનાઓની અનુકૂળતા કેટકેટલી ઊંચી મળી છે ! એ બધું અને માનવ દેહ, વિરતિ ધર્મ માટે સમર્થ માનવ બુદ્ધિ-માનવમગજ વગેરે કેટકેટલું સારું મળેલું છે ! આ તો મારી મહા શ્રીમંતાઇ છે. એ સલામત છતે બીજાં દુઃખ લાવનાર અશુભોદયમાં શા દુઃખ કરવાં ? શું ચિત્ત બગાડવું ?

**અશુભોદયમાં રોદણાં જંગલની ભીલડી જેવાં**

આપણને આ બધું ખૂબ સારું સારું મળવાની કદર જોઇએ. જંગલની ભીલડીને





ચિંતામણિ રત્ન મળ્યાની કિંમત ન હોય, અને ખાટાં ખાટાં બોર મળ્યાની કિંમત ભારે હોય, એટલે જ તો જોકે પાસે ચિંતામણિ રત્ન છે છતાં ખાટાં ખાટાં બોર ન મળ્યાં કે મેળવેલાં ખોવાઇ ગયાં તો પોક મૂકે, રોદણાં રુએ કે 'હાય, હું બહુ દુઃખી થઇ ગઇ ! મારે કેટલું બધું દુઃખ-મારાં બોર ખોવાઇ ગયાં !'

વિચારજો, આપણી પાસે ઉત્તમ માનવભવ હાથમાં છે. પાંચ ઇન્દ્રિયો, પાવરફુલ મન, દેવાધિદેવ, સદ્‌ગુરુ, દયાદિમય જૈન ધર્મ, જિનમંદિર, વિશ્વમાં અવ્વલ કોટિના જૈન આગમ-શાસ્ત્ર, જિનવાણી, નમસ્કાર મહામંત્ર-વ્રત-નિયમો વગેરે કેટલુંય ચિંતામણિ રત્ન કરતાં ય ઊંચું ને દુનિયાના કરોડોને નહિ મળેલું મળ્યું છે, પણ એની જાણે કિંમત ન હોય એમ કોઇક અશુભોદય આવી લાગતાં આપણે દુઃખી દુઃખી થઇ જઇએ છીએ ! પોક મૂકીએ છીએ, રોદણાં રોઇએ છીએ, હાય-વોય કરીએ છીએ ! તો શું આ જંગલની ગમાર ભીલડી જેવી દશા નથી ? એટલે ચિત્તને ન બગાડવા ચોથી વાત આ,

**માનવભવ આદિ સારું ઘણું મળ્યાની કદર હોય તો દુઃખમાં ચિત્ત ન બગડે.**

**(૫) દુઃખને શુભ ભાવની ખરી તક સમજાય તો પણ ચિત્ત ન બગડેઃ**

ચિત્ત ન બગડવા દેવા માટે આ પણ એક સમજ છે કે ક્ષમા-સમતાદિ શુભ ભાવો સારાસારીમાં તો રાખવા શા કઠિણ છે ? એ તો પ્રતિકૂળ અવસર આવે, ને એ વખતે ક્ષમાદિ બરાબર સમજ પૂર્વક જળવાય એની કિંમત છે. એટલે દુઃખના-અનિષ્ટના-પ્રતિકૂળતા અવસરે ક્ષમાદિ શુભ ભાવોની તક ગણાય, તકની મોટી કિંમત છે. આ કિંમત સમજીને દુઃખમાં શુભ ભાવનો પ્રયત્ન રાખવા જઇએ તો ચિત્ત ન બગડે.

**(૬) પોતાની વિષય લાલસાને ગુનેગાર સમજતાં ચિત્ત ન બગડે.**

આ પણ ચિત્ત ન બગાડવાનું એક સાધન છે કે મનને દુઃખ-આપત્તિ પ્રાયઃ સાંસારિક જ કનડે છે, તેથી એ વખતે એમ વિચારાય કે 'આમાં કોઇનો દોષ નથી-આ હું વિષય-લાલસામાં પડ્યો તેથી જ આ દુઃખ આવ્યું-તો હવે દુઃખ ડંખે એના કરતાં વિષય-લાલસા જ ડંખવી જોઇએ. એ જો એમ જ ઊભી રહી તો કોણ જાણે હજી ય કેટલાં દુઃખ લાવશે !' આમ વિષય-લાલસા પ્રત્યે સૂગ-અરુચિનો ભાવ જાગે એ શુભ ભાવ છે.

**(૭) બીજાનાં મોટાં મોટાં દુઃખ દેખીએ તો ચિત્ત ન બગડે...**

આત્માને દુઃખ આવે છે ત્યારે દુનિયામાં ક્રોડો માણસો અને અપરંપાર જીવો પરનાં કારમાં દુઃખ વીસરી જઇએ છીએ તેથી ચિત્ત બગડે છે, ત્યારે ત્યાં જો એમ વિચારાય કે 'અરે ! મારા કરતાં કંઇ ગણા દુઃખમાં દુખિયા આ દુનિયામાં છે. એમાં નાહકના અસંખ્ય જીવો અત્યારે ભયંકરમાં ભયંકર માર-છેદન-ભેદન સહી રહ્યા છે, તો મારે તો શું એવું દુઃખ છે ? પૂર્વના મહાપુરુષો વળી ઘોર ઉપદ્રવ સહી ગયા છે. એમણે જરાય રોદણું ન કર્યું તો મારે તો શું એવું દુઃખ છે કે એવાં રોદણાં રોઉં ?'

આપત્તિમાં ચિત્ત ન બગડવા દેવા માટે આવા આવા કોઇક હિસાબ પૂર્વ પુરુષોએ રાખેલા. તેથી જ એમનાં દુઃખમાં ચિત્ત ન બગડ્યાં ને મનથી દુખિયારા ન થયા. જુઓ,

**(૧) સીતાએ પૂર્વ કર્મ દેખી ચિત્ત ન બગાડ્યું :-**

સીતાજીને રામચંદ્રજીએ લોકના અપવાદથી ડરી જઇને જંગલમાં તગડ્યાં, એકલાં અટૂલાં મુકાવ્યાં ! આ શું ઓછું દુઃખ છે ? એક ગરીબની પત્નીને ય એનો પતિ આ દશામાં ન મૂકે તો આ તો પૂર્વ ગોરી રાજકુમારી, જેને વરવા માટે દેશ દેશના રાજા રાજકુમારો આવેલા ! તેમ જ વર્તમાનમાં મોટા રાજાની પટ્ટરાણી ! એની આ વનમાં હકાલપટ્ટી ? એ કેટલું મોટું દુઃખ ! છતાં સીતાજીએ કેમ મન ન બગાડ્યું ? એટલા જ માટે કે એમણે આનાં કારણ તરીકે માત્ર પોતાના પૂર્વના કોઇને જવાબદાર દેખ્યા, 'કારણ હોય ત્યાં કાર્ય થાય એમાં નવાઇ શી માનવી કે દુઃખ શું કરવું ? સૂર્યનો અસ્ત થાય એટલે અંધારું આવે જ. એમાં ખેદ કોણ કરે છે? એમ પુણ્યનો અસ્ત થાય એટલે દુઃખ આવે જ, એમાં ખેદ શો ?'

સગર ચક્રવર્તીના ૬૦ હજાર દીકરા અષ્ટાપદજીની ખાઇની રક્ષા કરતાં દેવતાના પ્રકોપમાં દેવે છોડેલ અગ્નિજ્વાળામાં એકી સાથે બળી મરી ગયા. સગરને આ મોટું દુઃખ આવ્યું. પણ ક્ષણવાર દુઃખ લગાડ્યા પછી તરત એમણે આ જોયું કે 'આ પ્રસંગ ભલે દુઃખદ, પરંતુ હવે એ બનેલી હકીકત છે. જે હવે ન બનવાની થવાની નથી. પુત્રો કાંઇ મરીને ગયા ત્યાંથી પાછા આવવાના નથી, બળીને ભસ્મીભૂત થઇ ગયેલાં એમનાં શરીર પાછાં એવાં જ સાજાં-તાજાં' થવાનાં નહિ ! તો પછી વ્યર્થ શોક શો કરવો ? આ નિર્ધારિત હકીકત તો મને જાગ્રત કરનારી છે કે—

**ખોટા મનોરથો અને કાળ વિશ્વાસે શું તણાય ? એ ન ધાર્યા ભાંગી જાય એના**





**કરતાં એમાં ન તણાઇ તારા આત્માનું હિત સાધી લે.**

**દુઃખમાં જાગૃતિ આપવાનું તત્ત્વ સારું છે :—**

બસ, આવું કોક આપત્તિમાં સારું તત્ત્વ જોવા જતાં ચિત્ત બગડતું અટક્યું. ૬૦ હજાર પુત્રોનાં એકી સાથે મોત એ પ્રસંગ દુઃખદ ખરો, પરંતુ જો લેતાં આવડે તો એમાં જાગૃતિ-સાવધાની આપવાનું તત્ત્વ સારું છે ! પુત્રો જીવંત-ક્ષેમકુશળ હોત તો આવી કોઇ જાગૃતિ ન મળત કે 'હાય ! સાઇઠ હજાર એકી સાથે ઊપડી ગયા ! લાવ ચેતી જાઉં.' એ તો આપત્તિ આવી તો જાગૃતિ મળી-એટલે જ આપત્તિ સારા માટે થઇ, ને ચક્રી સગર વૈભવી સંસારમાંથી ઊભા થઇ ગયા- એમ,

શ્રીપાલકુમારના કાકા અજિતસેન છે. બાળ શ્રીપાલનું રાજ્ય બથાવી પડેલા અને શ્રીપાલનું કાટલું કઢાવવા મથેલા, એ હવે શ્રીપાલ મોટા થઇ બહારના અનેક રાજાઓને વશ કરી લાવલશ્કર સાથે આવે છે ત્યારે અભિમાને ચડે છે. શ્રીપાલ 'કાકા, અત્યાર સુધી તમે રાજ્ય સાચવ્યું એ તમારો ઉપકાર માનું છું, હવે હું મોટો થયો છું તેથી તમારે આ તકલીફ લેવાની જરૂર નથી, રાજ્ય મને સોંપી દ્યો, ને તમે નિવૃત્તિ ભોગવો.' એમ કાકાને દૂત દ્વારા કહેવરાવે છે. ત્યારે દૂતને તિરસ્કારે છેઃ ''જા, જા, રાજ્ય કોનું ને શી વાત ? શ્રીપાળને કહે હજી તું બાળક છે, ચાલ્યો જા, નહિતર નાદાન ! લડાઇમાં ચોળાઇ જઇશ.''

**અજિતસેને બીજું સારું જોઇ પરાજયમાં ચિત્ત ન બગાડ્યુંઃ**

અજિતસેન રાજાનું ચિત્ત કેટલું બધું બગડેલું છે ! પરંતુ જુઓ, એ પછી યુદ્ધમાં હારી જતાં ચિત્ત કેવું સુધારી લે છે ! હારી જવાની, રાજ્ય ગુમાવવાની, અને ભારે નાલેશી પામવાની મહાઆપત્તિ આવી. એ વખતે ચિત્ત બગાડ્યું નહિ. પરંતુ એ વિચાર્યું કે–

'હવે નાલેશીથી જીવવા કરતાં મરવું સારું. પરંતુ એમ મરી જવામાં અહીં જે મારા હાથમાં જિનશાસન સ્વયમેવ ઉત્તમ માનવભવ છે એમાં સમસ્ત પાપ ત્યાગ રૂપ સંયમ અને બાહ્ય-અભ્યંતરતપ આરાધવાની શ્રેષ્ઠ તક છે તે એળે જાય ! રાજ્ય અને આબરૂ ગઇ તો ભલે, પણ મારી પાસે બીજું સારું જે સમ્યગ્દર્શન છે, સમ્યક્ચારિત્રની શક્તિ છે, એ અતિ અદ્ભુત સંપત્તિ છે, એનો સદુપયોગ કરી મારા અનંત કાળના દુઃખી આત્માનો નિસ્તાર કાં ન કરી લઉં !'

મહાઆપત્તિમાં પણ આ બીજું સારું જ ધ્યાન પર લઇ કેવી ભવ્ય વિચારણા કરી ! વિચારણા કરીને ઊભા ન રહ્યા, પરંતુ ત્યાં યુદ્ધભૂમિ પર જ ચારિત્ર સ્વીકારી

લીધું ! અને કાયોત્સર્ગ ધ્યાને ખડા રહી ગયા ! આમાં ક્યાં ચિત્ત બગડેલું રહેવાની કે નવું બગડવાની વાત જ રહી ?

**શ્રીકંઠ આપત્તિને પૂર્વ સાધનાની કમી દેખાડનારી જોઇ ચિત્ત નથી બગાડતો :-**

વાલી રાજાના પૂર્વજ શ્રીકંઠ વિદ્યાધર રાજાએ એક વાર વિમાનમાં દેવોને નંદીશ્વરયાત્રાએ જતા જોઇ વિદ્યાબળે વિમાન વિકુર્વીને એમાં બેસી નંદીશ્વર તરફ ચાલવાનું કર્યું. પરંતુ વિમાન માનુષોત્તર પર્વત પર અટકી ગયું ! હવે ગમે તેટલી વિદ્યાનું સ્મરણ કરવા છતાં વિમાન આગળ વધતું નથી ! આ આપત્તિ આવી, હવે શું એના પર મન બગાડવું ? ના, શ્રીકંઠે એના પર આ વિચાર્યું કે-

'આ આપત્તિ સૂચવે છે કે મારું પુણ્ય દૂબળું છે, ને એ દૂબળું હોવાનું કારણ એ કે પૂર્વ જનમમાં અરિહંત પ્રભુની ભક્તિમાં કચાશ રાખેલી. દૂબળી ભક્તિથી દૂબળુ જ પુણ્ય મળે. તો ફિકર નહિ, વિમાન અટકવાની આપત્તિથી આ જાગૃતિ મળી, આ ખબર પડી એ સારું થયું, જેથી અહીં હવે જિનભક્તિની કચાશ મિટાવી દઉં. સંપૂર્ણ જ જિનભક્તિમાં લાગી જાઉં ને સંપૂર્ણ જિનભક્તિ પૂર્ણ જિનાજ્ઞાની આરાધના રૂપ છે, સર્વ પાપ ત્યજી ચારિત્ર પાલનરૂપ છે, તો એ જ સ્વીકારી લઉં.'

બસ, આ વિચારણા, ને શ્રીકંઠ નગરમાં પાછા પહોંચી જઇ તરત જ છોકરાને રાજ્ય સોંપી દઇ ચારિત્ર માર્ગે નીકળી પડ્યા. બોલો આપત્તિ આવ્યે આમાં ક્યાં ચિત્ત બગડ્યું ? બગડે નહિ, આપત્તિના મૂળમાં પૂર્વ જનમની ધર્મકચાશ દેખાય, ને એ નિવારવા ઉપાય હાથ ધરાય તો ચિત્ત બગડે નહિ.

બહુ મજાના ઉપાય છે. ડાયરીમાં નોંધી રાખો અને વારંવાર વાંચી વાંચી નજર સામે તરવરે એવા કરો, જેથી જ્યાં ક્યાંક આપત્તિ-અગવડ-પ્રતિકૂળતા આવે, ને અમલમાં મુકાય.

**જગત વચ્ચેના જીવનમાં આપત્તિ-અગવડ ક્યાં લેવા જવી પડે એમ છે ?**

ડગલે ને પગલે આપત્તિ છે. ત્યાં જો પહેલાં કહ્યા તે ઉપાય ન યોજાય, તો ચિત્ત કેવું ડગલે ને પગલે બગડવાનું ? ચિત્ત બગડે એટલે કર્મ બગડે, સંસ્કાર બગડે, જનમ બગડે, પરલોક બગડે, સુખશાંતિ બગડે...એમ કેટલુંય બગડે. ત્યારે, ઉપાય યોજવાથી મન બગડતું અટકી પ્રસન્ન-પ્રફુલ્લિત-સ્ફૂર્તિવાળું બને. એમાં આ પણ એક ઉપાય કે.





**આપત્તિમાં પોતાની વિષય-લંપટતા ગુનેગાર દેખાય તો ચિત્ત ન બગડે.**

સીતાજીએ આ ઉપાય ક્યાં યોજ્યો ? -

સીતાજીનાં જીવનમાં જુઓ, એમણે દિવ્ય કર્યા પછી અહીં તો લોકમાં જયજયકાર થઇ ગયો છે, 'મહાસતીનો જય હો, મહાસતીનો જય હો,' અને રામચંદ્રજી વગેરે ખૂબ જ રાજી રાજી થઇ ગયા છે, એટલું જ નહિ પણ અગ્નિ પાણી થઇ ગયું એ વાત પર સીતાજી પર ભારે આદર બહુમાનથી ઓવારી ગયા છે, ને સીતાજીને વિનંતી કરે છે 'અમારો ગુનો માફ કરો ને આ સોનાના રથમાં બિરાજમાન થઇ પધારો મહેલ પર.'

ત્યારે ખબર છે ને સીતાજીએ શું કર્યુ ? એમણે ખૂબ શાંતિથી ત્યાં ઘસીને ના પાડીને કહ્યું કે 'હું તો હવે ચારિત્ર લઇશ.' કેમ વારુ ? એકદમ જ ચારિત્ર ? ના, એમ લાગે છે કે જ્યારે સીતાજીની જંગલમાં હકાલપટ્ટી થઇ ત્યારે જ વિચાર્યુ હશે કે 'આ મેં વિષયલંપટ બની સંસાર માંડ્યો તેથી આ દિવસ જોવાનો આવ્યો. ભગવાને કહ્યા પ્રમાણે આઠ વરસની ઉંમરે ચારિત્ર લઇ લીધું હોત તો આ પરાધીનતા અને નાલેશી ક્યાં જોવાની આવત ? માટે આ આપત્તિમાં ગુનેગાર મૂળમાં મારી વિષય-લંપટતા જ છે, તેથી હવે ક્યારે આ કલંક ઉતરે અને હું વિષયલંપટતાને છોડી ચારિત્ર લઉં !'

આવી કોઇ ઊંચી વિચારસરણી રાખી હશે એટલે હવે દિવ્ય કર્યાથી કલંક ઊતરી ગયું કે તરત જ ચારિત્ર લેવા તૈયાર થાય ને ? નહિતર ખોટી રીતે કાઢી મૂક્યા પછી હવે સીતાજી દિવ્યમાં મહાસતી તરીકે સાબિત થઇ હેમખેમ પાછા મળે છે એ જોતાં તો રામચંદ્રજીને પારાવાર પસ્તાવો હોય. ખૂબ જ લાગણી ઊભરાય અને ક્ષમા માંગી કરગરતા ને ભારે સન્માન પૂર્વક ઘરે લઇ જવા ચાહતા હોય. તો ત્યાં સીતાજી પતિભક્તા, તે પતિના દિલને શાંતિ-આશ્વાસન આપવા ખાતર પણ ઘરે ન જાય ? પણ એમ ન કરતાં દિવ્યની ભૂમિ પરથી જ સીધા ચારિત્ર લેવા માટે કેમ હાલી જાય ? પણ કહો,

**મૂળમાં વિષયાસક્તિ ખટક્યા પછી વિષયસુખના સંબંધીઓ મન પરથી ઊતરી જાય.**

વિષયો મન પરથી ઊતરી ગયા પછી એના સંબંધીઓ શું કામ મન પર રહે ? સંસારની મુખ્ય નાડ જ વિષયો છે. એ ગમે છે એટલે જ એને પૂરા પાડનારા

વહાલા લાગે છે. અને પોતાના સાચા સગાસ્નેહી તરીકે માની લેવાય છે. વિષયો બહુ વહાલા છે માટે જ જેવી પત્ની વહાલી લાગે છે એવા ભગવાન અને ગુરુ વહાલા લાગતા નથી. મનના ઊંડાણમાં બેઠું છે કે પત્ની જ વિષયસુખ આપે છે ને ઘર ચલાવી આપે છે. ભગવાન કે ગુરુ થોડું જ એવું સુખ આપે ? ઘર એટલે વિષયો, એ વહાલા, માટે એની સગવડ આપનાર કુટુંબ વહાલું. તેમ લાગે છે.

જ્યાં વિષયો પર જ નફરત જાગી, ત્યાં એના સંબંધીઓ પર હવે આકર્ષણ રુચિ શાના રહે ? સીતાજીને આ હતું તેથી જ હવે પતિ કે બીજા કોઇ સગા પર આકર્ષણ ન રહ્યું. એ વિષયો પર નફરત ક્યાં જાગી ? શું દિવ્ય કર્યાથી જાગી ? ના, દિવ્ય કર્યાથી તો હવે પતિનો સદ્‌ભાવ ઘણો વધી ગયો ! તેથી હવે તો પતિ તરફથી નિરાંત અને નિશ્ચિન્તતા ભર્યા મહાસુખ મળે એમ હતા ત્યાં વિષયોપર નફરત થાય જ શેની ?

ત્યારે શું વનમાં ત્યજાઇ ગયા પછી સારા રાજાનો આશરો મળ્યો, લવણ-અંકુશ બે પુત્રરત્નોનો જન્મ થયો, અને એ કાલી કાલી ભાષામાં 'મા મા !' કરે, ત્યાં વિષયો પર નફરત થાય ? કે એ મોટા થઇ મહાન પરાક્રમી થાય ત્યાં પણ શું વિષયો પર નફરત થાય ?

### ત્યકતા સીતાજીને ઉત્તરોત્તર પ્રગતિમાં વૈરાગ્ય ક્યાંથી ?

સીતાજીને વિષયો પર નફરત ક્યારે થઇ ? કહેવું જ પડે કે એ વનમાં ત્યજાયા ત્યારે થઇ હોય. જો એ વખતે ન થઇ હોય તો પછી તો એમને ઉત્તરોત્તર સારું થતું આવ્યું, ધર્મનો ભાઇ રાજા બહુમાનથી આશ્રયદાતા મળ્યો, પછી બે પુત્રરત્નો જનમ્યા, પુત્રોએ મોટા થઇ આ મામા રાજાના રાજ્યનો વિસ્તાર કરવાનું પરાક્રમ કર્યું...યાવત્ એમણે રામ-લક્ષ્મણને યુદ્ધ આપી હંફાવીને બતાવી આપ્યું કે સીતાજી કાંઇ બેલી વિનાના નહિ કે એમને વિના વાંકે જંગલમાં તગડી શકાય ! સીતાજીના રખેવાળ તૈયાર છે. આમ આ બધા ઉત્તરોત્તર સીતાજીનું અધિક ગૌરવ કરનારા સંયોગોમાં સીતાજીને શા સારું વિષય વૈરાગ્ય થાય ? એટલે માનવું જ પડે કે એ જંગલમાં એકલા અટુલા તરછોડાયા, ત્યારે જ એમને વિષય વૈરાગ્ય ઝળકી ઊઠેલો, વિષયો પ્રત્યે નફરત થઇ પોતાની વિષય લંપટતા ખૂંચેલી કે 'આ મારી વિષયલાલસાએ સંસાર માંડ્યો તો જ આ દિવસ જોવાના આવ્યા. માટે એ લાલસા





અને સંસાર ખોટા, તેથી હવે તો આ કલંક ઊતરે એટલે સંસાર ત્યાગ કરું.' આમ ત્યાગની ભાવનાએ કલંક ઊતરતાં જ ચારિત્ર માર્ગ લેવરાવ્યો.

આમ, જંગલમાં તરછોડવાની ભયંકર આપત્તિ વખતે પોતાની વિષય લંપટતાને જ એમાં કારણભૂત જોઇ હશે તેથી જ ચિત્ત ન બગડ્યું, ન રામ પર, ન લોક પર, કે ન વનમાં મૂકી દેનાર સેનાપતિ પર એમને ગુસ્સો આવ્યો. એમણે એ કોઇનો દોષ ન દેખ્યો, દોષ દેખ્યો પોતાની જાતનો, પોતાની વિષય લંપટતાનો, 'મેં વિષયલંપટતા વશ સંસાર માંડ્યો એટલે જ આ આપત્તિ આવી. સંસાર જ ન માંડ્યો હોત તો આ નાલેશી શાની આવત ?' આ વિચારણામાં ચિત્ત નિર્મળ છે. મલિન નથી.

**બીજાનો દોષ જોવામાં ચિત્ત બગડેલું, પોતોના દોષ જોવામાં ચિત્ત નિર્મળ. એમ કહેતા નહિ, કે**

### સ્વદોષ દર્શનમાં લઘુતા-ગ્રન્થિ-નિરાશા નહિ !

પ્ર. પોતાના દોષ જોયા કરવામાં નિરાશા અને લઘુતાગ્રન્થિ ન આવે ?

ઉ. તો શું બીજાના દોષ જોતા બેસવામાં નિરાશા અને અભિમાન નથી ? 'હાય ! આણે મારું બગાડ્યું, પેલાએ મારું બગાડયું ! બધા બગાડનારા જ મળે છે.' આ નિરાશાના જ સૂર છે. એમ 'બીજા ખરાબ, પોતે સારો,' એમાં અભિમાન છે. આ અભિમાનમાં કદી જાતે સુધરવાનો વિચાર જ નહિ આવે, પછી એનો પ્રયત્ન તો થાય જ શાનો ? બાકી આપણે જે પોતાનો દોષ જોવાની વાત ચાલે છે એ લઘુતાગ્રન્થિ અપેક્ષાએ નથી, કિન્તુ આપત્તિમાં ચિત્ત ન બગડે એ અપેક્ષાએ છે, બીજા પર દ્વેષ ન થાય એ માટે છે. એમાં લઘુતા ગ્રન્થિ નથી કિન્તુ પોતાના દોષ પર નિશાન છે, આપત્તિમાં વાસ્તવિક કારણ શું છે એનું દર્શન છે. એ દર્શન ભવિષ્યમાં પોતાના એ દોષના ત્યાગનું સામર્થ્ય આપે છે આમાં ખોટું શું છે ?

શું સીતાજીએ સ્વદોષ દર્શન કર્યું, કે 'રામનો કે લોકનો દોષ નહિ, દોષ મારો, મારી વિષયવાસનાનો,' એ શું એમની લઘુતાગ્રન્થિ હતી ? શું નિરાશા હતી ? ના એ

સ્વદોષ દર્શન તો ચિત્ત ન બગડવા દેવાનો ઉપાય છે.

આમ ચિત્ત ન બગાડવા દેવું હોય તો અનેક ઉપાય છે. એથી વિષમ સમયમાં

ચિત્ત બગડતું અટકાવાય.

પેલા શ્રી વિજય રાજાએ ગાદી પરથી ઊતરી જઇ યક્ષની મૂર્તિનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો, પછી પોતે સાત દિવસ ધર્મધ્યાનમાં લાગી જાય છે ! સાતમે દિવસે પોતાનપુરના રાજાના માથે વિજળી પડવાની છે, આ સમય વિષય સમય કહેવાય. એમાં ચિત્ત ન બગડે, એ માટે આ જ ઉચિત છે.

**સાતમે દિવસે વિજળી—**

બસ, સાતમે દિવસે વિજળી પડી, ને તે યક્ષની મૂર્તિ પર. મૂર્તિ ખાખ થઇ ગઇ, શ્રી વિજય બચી ગયા ને એમની રાણીઓએ એ વખતે પેલા નૈમિત્તિક પર કીંમતી વસ્ત્ર હીરા-મોતીના દાગીનાનો વરસાદ વરસાવ્યો. કેમકે એણે પહેલેથી નિમિત્ત જોઇ વિજળી પડવાની આગાહી કરી દીધી તો જ રાજાને ગાદી પરથી ઉઠાડી લઇ બચાવી લેવાયા. રાણીઓ સમજે છે કે 'આગાહી ન કરી હોત તો પતિ શ્રી વિજય એમ જ રાજા બન્યા રહ્યા હોત, ને વિજળીના ભોગ થઇ જાત માટે નિમિત્તિયો રાજાને ભારે અભયદાતા !' રાણીઓની આ સમજમાં કેમ એ એના પર દાગીના ના વરસાવે ?

નિમિત્તિયાએ જ્યારે ભવિષ્યની આગાહી કરેલી કે 'રાજાના માથે વિજળી પડશે ત્યારે મારા માથે હીરા-માણેક વરસશે' એ વખતે કોઇની કલ્પનામાં ય આવે કે આવું બની શકે ? ઊલટું એમ જ લાગે કે 'જ્યાં રાજા પર વિજળી પડી રાજા મરવાની વાત છે ત્યાં વળી નિમિત્તિયા પર હીરા માણેક ? આ તો ભાઇ ! પાગલતાનાં વચન છે, સાવ જુઠ્ઠા ?' એ હવે જ્યારે અહીં જુએ કે 'ખરેખર આ તો સાચું પડ્યું ! નિમિત્તિયાના માથે હીરા-માણેક ખરેખર વરસ્યા !' હવે એ પાગલતાની કલ્પના કરનારનાં મોઢાં કેવાંક થાય ? નિમિત્તિયો કદાચ પૂછે 'કેમ મહેરબાન ? પહેલાં શું કહેતા હતા ? તો ભોઠાં જ પડવું પડે ને ? આ પરથી સમજવા જેવું છે કે- **આપણી ટૂંકી બુદ્ધિ જોઇ અભિમાન કરવા જેવું નથી.**

**ટૂંકી બુદ્ધિની કલ્પના પર વિશ્વાસ મૂકી ધોરણ બાંધવા જેવા નહિ, તારણ કાઢવા જેવા નહિ. જ્ઞાનીના વચન પર અવિશ્વાસ કરવો એ ઠીક નથી.**

**મસ્ત જીવનની ચાવી જ્ઞાનીનાં વચન પર વિશ્વાસ—**

કેમકે ટૂંકી બુદ્ધિના ખ્યાલમાં તાત્કાલિક હોશિયારી લાગે, પરંતુ પાછળથી ખ્યાલ ખોટો જણાતાં શરમાવું પડે છે, મોં નીચું ઘાલવું પડે છે, મનને સંતાપ થાય છે ! ત્યારે જ્ઞાનીના વચન પર વિશ્વાસ મૂકી ચાલતાં મનને નિરાંત રહે છે,





નિશ્ચિન્તતા રહે છે. મહાન શ્રાવકો જ્ઞાનીનાં વચનના વિશ્વાસ પર મસ્ત જીવન જીવતા હતા. મસ્ત જીવનની આ ચાવી છે. 'જીવને કર્મના વળગાડ છે એટલે ક્યારેક ક્યારેક કોઇ એવા કર્મના ઉદયે આપત્તિ આવે, પ્રતિકૂળતા આવે, અણગમતું બને,' આ પ્રમાણે જ્ઞાનીનાં વચન કહે છે. એના પર વિશ્વાસ મૂકી આપણાં પૂર્વકૃત કર્મને જ સગવડ-આપત્તિમાં જવાબદાર લેખવાનાં, બહારની કોઇ વ્યક્તિને જવાબદાર નહિ લેખવાની, આપત્તિદાતાર કર્મ જ છે, અને બહારની વ્યક્તિ જો આપત્તિદાતા નથી, તો એના પર લેશમાત્ર દ્વેષ ન કરાય. આવી હતી મહાન શ્રાવક-શ્રાવિકાની ગણતરી. તેથી એ આપત્તિમાં સ્વસ્થ રહી શકતા.

સીતા મહાસતી કેવી આપત્તિમાં કેવાં સ્વસ્થ ? વગર વાંકે સીતાજીને રામે જંગલમાં છોડાવી દીધાં તો પોતે રોવા ન બેઠાં, પણ જંગલમાં એમને છોડવા જનાર રોતા સેનાપતિને ઉપરથી સ્વસ્થ કર્યાં. એમણે શું કહેલું ખબર છે ? આ જ, કે 'ભાઇ ! તું શું કામ રુએ ? આમાં તારો દોષ નથી, લોકોનો ય દોષ નથી, ને સ્વામીનો ય દોષ નથી, દોષ મારાં કર્મનો છે.' હૈયે કેટલી સ્વસ્થતા હશે ત્યારે આ કહ્યું હશે ? શાના ઉપર સ્વસ્થતા ? તાત્કાલિક વસ્તુ પર જુએ તો તો એમજ દેખાય કે આ તરછોડવાનું રામે જ કર્યું. અથવા લોકોએ જ 'સીતા પર રાવણના ઘેર રહી આવેલા માટે રામે ઘરમાં રાખવા લાયક નહિ,' એમ નિંદા કરીને લોકોએ તરછોડાવેલા. તત્કાલનું નિમિત્ત જોતાં આ દેખાય પરંતુ સીતાજીને એ જોવું નથી. એમને જ્ઞાનીનું કથન જોવું છે, જિનવચનના કહેલા પર વિશ્વાસ છે, ને જિનવચન આ કહે છે-

**'જીવ પોતાના પૂર્વકર્મનાં જ ફળવિપાક પામે છે, પછી ચાહ્ય પોતાને સુખસગવડ મળો કે દુઃખ-અગવડ મળો, એમાં ખરેખરું કારણ પોતાના શુભાશુભ કર્મ જ છે.'**

આવાં જ્ઞાનીનાં વચન પર વિશ્વાસ હોય પછી શું કામ તાત્કાલિક દેખાતી વસ્તુ પર મદાર બાંધીને દુઃખી કે ઉન્મત્ત-અસ્વસ્થ થાય ?

ત્યાં શ્રી વિજય રાજાના પ્રસંગમાં નિમિત્તિયાનાં વચન પર જેણે વિશ્વાસ નહિ મૂક્યો હોય એ હવે એણે કહ્યા પ્રમાણે ખરેખર એવું બનેલું દેખી ભોંઠા પડી ગયા ! શું બન્યું ? પોતનપુરની ગાદી પર રાજા તરીકે સ્થાપેલી યક્ષમૂર્તિ પર વિજળી પડી, મૂર્તિ ખત્મ થઇ ગઇ, અને નિમિત્તિયાની આગાહીથી રાજા શ્રીવિજય ચેતી જઇ બચી ગયા, તેથી રાણીઓએ નિમિત્તિયા પર હીરામાણેક મોતીના દાગીના વરસાવ્યા, કિંમતી વસ્ત્રો વરસાવ્યા, સોનૈયા વરસાવ્યા, રાજાએ, પણ એને સાત પેઢી સુધી

પણ ખૂટે નહિ એટલું ઇનામ આપ્યું. આ જોઇ જ્ઞાનીનાં વચન પર વિશ્વાસ નહિ મૂકનારને મૂરખ જ ઠરવું પડે ને ?

## પ્રભુનો ઉત્સવ કેવો ઉજવાય ?

હવે રાજા શ્રીવિજયનો ફરીથી રાજ્યાભિષેક કરવામાં આવ્યો અને નગરમાં મહા ઉત્સવ ચાલ્યા. એ ઉત્સવ કેવો હતો ? આ એટલા માટે જાણવાનું છે કે પ્રભુનો ઉત્સવ કેમ ઉજવાય તેનો ખ્યાલ આવે. શ્રીવિજય બચી ગયાનો ઉત્સવ કેવો ?

રાજાને, રાણીઓને અને પ્રજાને હરખનો પાર નથી, અને વધામણું યાને મહોત્સવ ચાલ્યો. એમાં.

(૧) નગરના માર્ગોપર ચંદનનાં પાણી છંટાયા છે.
(૨) સ્થળે સ્થળે નાની ધજાઓ, તોરણો, ઉપર મોટા ધ્વજ અને કળશ લગાડાયેલા છે.
(૩) નાગરિક સ્ત્રીઓ ઠામ ઠામ ભેગી થઇને મધુરા ધવલ મંગળનાં ગીત ગાઇ રહી છે.
(૪) ગણિકાઓ હાથમાં ફૂલ લઇને નૃત્ય કરી રહી છે, એના હાથનાં ઘુઘરીવાળાં કંકણ મનોહર ધ્વનિ પ્રસારી રહ્યાં છે.
(૫) નગરના માર્ગોના મિલાન આગળ બેન્ડ વાજિંત્રના નાદ ગગનને સંગીતમય બનાવી રહ્યા છે.
(૬) નગરના યુવાનો કેસરિયા પાણીનાં છાંટણાનો છંટકાવ કરી આનંદ લૂંટી રહ્યા છે.
(૭) મહારાજાને મંગળવધામણાં કરવા માટે પ્રજાનાં મંડળો આવી રહ્યાં છે.
(૮) વામણા, ખુંધા અને કૂબડાઓ નાચવા લાગી ગયા છે,
(૯) વિદૂષકો વિચિત્ર બોલચાલથી લોકોને હાસ્ય ઉત્પન્ન કરી રહ્યા છે.
(૧૦) કુશળ નટો આકર્ષક ખેલ કરતાં ગળાની હાર-લતાને સરકાવી રહ્યા છે.
(૧૧) બીજા પણ અનેક મહાન આશ્ચર્યકારક પ્રસંગો ઉજવાઇ રહ્યા છે.
(૧૨) રાજાની આગળ રાજસભામાં અનેક કૌતુકભર્યાં દ્રશ્યો ભજવાઇ રહ્યા છે.

જોયો મહોત્સવ ? ૧ જિનેન્દ્ર ભગવાનનો કોઇ કલ્યાણક મહોત્સવ યા બીજો વિશિષ્ટ મહોત્સવ ઉજવવો હોય ત્યારે કેવી રીતે કેવા રૂપમાં ઉજવાય, એનો ખ્યાલ આ પરથી આવે છે. કમમાં કમ જૈનોએ તો ઉજવણીના એવા અનેક યોગ્ય પ્રકાર ઉજવવા જોઇએ ને ? ઉજવાય, જો હૈયામાં જિનેન્દ્રભક્તિના રસ ઊછળી આવે, એમાં જાણે ગાંડાતુર થઇ જવાય. રાજાના રક્ષણ જેવી લૌકિક બાબતમાં લોક





જો ગાંડાતુર થઇ જતા હોય, તો જિન કલ્યાણક વગેરે ઉત્તમ લોકોત્તર પ્રસંગમાં ગાંડાતુર ન બની શકાય ? પ્રભુભક્તિનો રંગ હૈયે ઊછળવો જોઇએ, તો જરૂર આ બને. અસ્તુ.

પોતનપુરમાં આ પ્રમાણે મહોત્સવ જ્યાં ચાલી રહ્યો છે અને લોક એમાં જ્યાં એકાકાર બનીને મગ્ન છે ત્યાં કાંઇક અવનવું બને છે. અવનવું આ બને છે કે આકાશમાંથી ઉત્તર દિશાના ભાગમાં કોઇ તેજનો પુંજ ઊતરતો દેખાય છે ! લોકોને અને રાજાને આશ્ચર્ય થાય છે કે 'આ શું ? સૂર્ય-ચંદ્રને પૂર્વથી પશ્ચિમમાં તો ઊતરવાનો હિસાબ ખરો, પરંતુ આ ઉત્તરમાંથી સૂર્ય-ચંદ્ર જેવો પ્રકાશ પુંજ ઉતરે એ કેવું ! પરંતુ આશ્ચર્ય લાંબો ટાઇમ ટક્યું નહિ. કેમકે આ વિચારી રહ્યા હતા એટલામાં તો ઝગારા મારતું વિમાન નીચે ઊતરતું દેખાયું, વિમાન નીચે આવ્યું.

## અમિતતેજનું આગમન -

વિમાનમાં કોણ હતું ? કોઇ દેવતા નહિ, પણ વિદ્યાધરોના સમ્રાટ રાજા અમિતતેજ. કેવા એ દીપતા હતા ? કંચનવર્ણી દેહવાળા, જેના ઉપર અનેક પ્રકારના ઝવેરાતના દાગીના હતા. કેમ જાણે સાક્ષાત્ કંચનગિરિ ! અને એના પર સળગાવેલ ઔષધિ સમૂહ ! જે ધૂમાડા વિના રંગબેરંગી પ્રકાશવાળો ઝગમગી રહ્યો હોય !

અમિતતેજ એ શાન્તિનાથ ભગવાનનો જીવ છે. આ એમનો ચોથો ભવ છે. એમના દાદા જવલતજટી વિદ્યાધર રાજાએ ત્રિપૃષ્ઠ વાસુદેવને પોતાની દીકરી સ્વયંપ્રભા પટ્ટરાણી તરીકે આપી છે, તેથી ત્રણ ખંડના ધણી વાસુદેવે એમને મોટા વૈતાઢ્ય ગિરિ પરના વિદ્યાધર રાજાઓ પર સમ્રાટ્ રાજાધિરાજ બનાવ્યા છે. આ સ્વયંપ્રભા અને ત્રિપૃષ્ઠ વાસુદેવના પુત્ર છે શ્રીવિજય, અને સ્વયંપ્રભાના ભાઇ છે અર્કકીર્તિ, તેમના પુત્ર છે અમિતતેજ. એટલે અમિતતેજ એ શ્રીવિજયના મામાના દીકરા છે. આ એક સગાઇ, ને બીજી સગાઇ એ અમિતતેજે પોતાની બેન સુતારા શ્રીવિજયને પરણાવી છે, એ હિસાબે અમિતતેજ એ શ્રીવિજયના સાળા થાય.

આમ બેવડી સગાઇવાળા અને વિદ્યાધર સમ્રાટ અમિતતેજ વિમાનમાં અહીં આવી પહોંચેલા દેખાય એટલે શ્રીવિજયને કેટલો બધો આનંદ હોય ? એ દેખીને તરત પરિવાર સાથે ઊભા થઇ જાય છે, સામા જાય છે, અને સામસામે સાળા બનેવી જતાં બંનેના શરીરે આનંદના રોમાંચ ખડા થાય છે. રાજા શ્રીવિજય અને સભાજન શિષ્ટાચારનો પ્રણામ કરે છે, અને અમિતતેજને લાવીને સિંહાસન પર બેસાડે છે.

શું આ બધું ? હમણાં આવો સમૃદ્ધ વિદ્યાધર ઇન્દ્ર અહીં આવવાની કલ્પના

નહોતી, તે એકાએક આવી ઊભેલા જોતાં આનંદનો પાર નથી રહેતો. સમકિતી જીવને પણ ગુરુ સાધુમહારાજ ધારણા બહાર એકાએક આવી મળે તો એવો જ આનંદ અને શરીરે રોમાંચ ખડા થાય છે. એમ એને જિનેશ્વર ભગવાનની મૂર્તિ જોતાં અને ભગવાનને નમસ્કાર ચૈત્યવંદના કરવાનું મળતાં એવો હર્ષ ઉભરાય છે કે શરીરે રોમાંચ ખડા થઇ જાય અને આંખમાં આંસુ ઉભરાય. એટલો સમકિતી જીવને દેવ-ગુરુ પર અથાગ પ્રેમ, શ્રદ્ધા અને આદર બહુમાન હોય છે.

**આપણા દિલમાં દેવ-ગુરુ પર અથાગ પ્રેમ-શ્રદ્ધા અને આદર-બહુમાન છે, એ શરીરે રોમાંચ અને આંખે હર્ષાશ્રુથી પરખાય છે.**

હર્ષ-રોમાંચ કઇ સમજથી -

પૂછો 'શી રીતે એટલો બધો પ્રેમ ઊભરાય કે રોમાંચ અને આંસુ લઇ આવે ?' પણ અહીં જુઓ કે શ્રી વિજયને શી રીતે એ થયું ? અમિતતેજ આવીને શું આપી દેવાના હતા ? કે એમની પાસેથી શું મળવાની શ્રી વિજયને આશા હતી ? અથવા પહેલાં કયું એવું મોટું રાજ્યપાટ એમણે શ્રી વિજયને આપી દીધું હતું ? કશું નહિ, એ કોઇ સવાલ નથી, માત્ર બેવડી સગાઇ છે, અને અમિતતેજ ભારે ઐશ્વર્ય અને વિદ્યાધર સમ્રાટની પદવીવાળા અહીં એકાએક આવી ગયા છે, માટે એમના મિલને રોમાંચ અને હર્ષના આંસુ છે, બસ, તો

સમકિતીને મન દેવ ગુરુ પૂર્વ જનમથી સાચી સગાઇવાળા છે, હિતૈષી છે, અને દેવાધિદેવ બાહ્ય અભ્યન્તર મહાસમૃદ્ધિવાળા તથા ગુરુ અભ્યન્તર મહાસમૃદ્ધિવાળા છે ! એમનું એકાએક દર્શન મળવાથી એવો હરખ ઉભરાય એમાં નવાઇ નથી.

દેવ ગુરુ આગળ દુનિયા તુચ્છ લાગે, દુન્યવી સંપત્તિ તુચ્છ લાગે, પછી દેવ ગુરુ પર અથાગ પ્રેમ-બહુમાન સહેજે ઉભરાય.

જીવનમાં આ ઊભું કરવા જેવું છે. આમાં સમ્યગ્દર્શન ઊભું થાય, ને થયું હોય તો અધિક નિર્મળ બને.

શ્રી વિજયે અમિતતેજને એમના પરિવાર સાથે યથાયોગ્ય સ્થાને બેસાડ્યા. પછી અમિતતેજ રાજા શ્રી વિજય વગેરેનું કુશળ પૂછે છે, અને ચારે તરફ નજર નાખે છે તો અહીં મોટો ઉત્સવ ચાલી રહ્યો જણાય છે, તેથી પૂછે છે-

'હેં શ્રીવિજય ! અત્યારે કોઇ પર્વ-તહેવાર કે વસંતાગમન જેવું તો છે નહિ, તો આ મહોત્સવ શાનો ચાલી રહ્યો જણાય છે ?'





ત્યાં શ્રી વિજય નિમિત્તિયાની આગાહીથી માંડીને બધી વાત કરે છે.

**અમિતતેજનાં આ પ્રસંગે ઉમદા બોલ -**

એ સાંભળતાં અમિતતેજ ચકિત થઇ જાય છે કે 'અરે ! શ્રી વિજય રાજાનો કેવો ગેબી બચાવ ! એ નિમિત્તિયાનાં શાસ્ત્રબોધ પર અને મતિસાગર મંત્રીની કુશાગ્ર બુદ્ધિ પર ઓવારી જાય છે. કહે છે-

'વાહ ! પહેલી તો શું નૈમિત્તિકની નિમિત્તશાસ્ત્રવિશારદતા ! કે આવી ઘોર આપત્તિની આગાહી આપી તો સાવધાન થઇ જવાયું, નહિતર તો નિશ્ચિંત અવસ્થામાં અકલ અગમ્ય ઉત્પાત બનતાં કેવો મહાઅનર્થ સરજાત ? ત્યારે મતિસાગર મહામંત્રીની પણ કેવી સૂક્ષ્મ પ્રતિભા ! કે એમણે આવી મોટી આપત્તિ નિવારવાનો માર્ગ શોધી કાઢ્યો. એ સાચું છે કે....

**મોટી પણ આપત્તિ ગુણીજનોના સંનિધાનથી લંઘી જવાય છે.**

મોટો પણ સમુદ્ર નાના જહાજથી લંઘી જવાય છે ને ? ત્યાં કોઇ પ્રશ્ન નથી કરતું કે 'આવડો મોટો સમુદ્ર તે સમુદ્રની અપેક્ષાએ એક નાનકડા જહાજથી શી રીતે લંઘાય ? એમ અહીં પણ પ્રશ્ન નકામો છે કે ગુણીજનનાં સંપર્કથી મોટી આપત્તિ કેમ લંઘાય ?

શાસ્ત્રબોધ અને સમયોચિત સૂક્ષ્મ બુદ્ધિ એ મહાન છે. એ વૈભવ અને પરાક્રમ કરતાં પણ ચડિયાતા છે, કેમકે વૈભવ અને પરાક્રમથી આવી આપત્તિ પાર ન કરી શકાય, એ બોધ અને બુદ્ધિથી પાર કરી શકાય. જુઓ ચંદ્રમા મોટું ગગન લંઘી જવાના પરાક્રમવાળો અને જગત આખામાં ફેલાય એવી નિર્મળ ચાંદનીના ઐશ્વર્યવાળો છતાં અંધકારથી કોળિયો કરાય છે ! કારણ ? આ જ કે એને બુધ પુરુષનો સમાગમ નથી.

જીવન નાવને આપત્તિના ખરાબે ન ટિચાવા દેવા માટે કેવી સરસ દીવાદાંડી ! 'બુધ પુરુષનો સમાગમ રાખો.'

જીવનમાં મિત્ર તો બનાવાય છે, પણ આ જોવાનું છે કે એ બોધવાન અને બુદ્ધિમાન છે ? બહુ મોટા શાસ્ત્રબોધવાળો ન પણ હોય, કિન્તુ જૈન ધર્મના મૌલિક બોધવાળો હોય તે આપત્તિમા સારો સહાયક થશે.

**નાગકેતુને પૂર્વ ભવે બોધવાળો મિત્રઃ-**

'જાણો છો ને કે નાગકેતુને પૂર્વભવમાં આવો ધર્મના મૂળભૂત તત્ત્વના બોધવાળો શ્રાવકમિત્ર મળ્યો' તો, તો આપત્તિમાં એને કેવો સારો સહાયક થયો ?

નાગકેતુ પોતે એ ભવમાં પટેલ ખેડૂતનો પુત્રને ઓરમાન માતા એને ત્રાસ આપતી હતી. બહુ સહ્યું એણે, અંતે એ પોતાના એ શ્રાવક મિત્રને જઇ પોતાની વિતક કહી પૂછે છે હવે મારે શું કરવું ? રોજ ને રોજ આ પીડા તો મારે હવે અસહ્ય છે.'

શ્રાવકમિત્ર બોધવાળો હતો એટલે એણે હિતકારી સલાહ આપી. એણે 'જો, જે જીવોએ પૂર્વ ભવમાં તપ કર્યા નથી હોતો એને આવી અપમાન-પરાભવ પીડાની આપત્તિ આવે છે. માટે માતાનો દોષ ન જો, આપણો પોતાનો જ તપ ન કર્યાનો અપરાધ જો. માતાનો દોષ જોઇ એના પર ગુસ્સો કરીશ તો નવાં પાપકર્મ બંધાશે, જેના કટુ ફળ વળી આગળ ભોગવવાં પડશે ! વળી એ પણ વિચારવા જેવું છે કે અહીં પણ તપ નહિ કરે તો જેવી અહીં તેવી આગળ પણ તપ વિનાની અપમાનાદિ દુઃખમય દુર્દશા !'

ખેડૂત પુત્રને વાત ગળે ઊતરી ગઇ. માતા પરનો રોષ કાઢી નાખ્યો. 'પર્યુષણમાં અઠ્ઠમથી તપની શરૂઆત કરીશ' એવો નિર્ણય કર્યો.

**ધર્મબોધવાળો બુદ્ધિમાન મિત્ર કર્યાના કેવો લાભ આપત્તિમાં પરલોક સુધરી જાય એવો માર્ગ બતાવે.**

આ જગાએ જો ધર્મબોધ વિનાનો કોઇ કુબુદ્ધિ મિત્ર મળ્યો હોત તો કેવી સલાહ આપત ? કહોને, માતા સામે લડી લેવાની. પરંતુ એમાં એનું ઉપજત કે નહિ એ શંકાસ્પદ ને લડવાની વૃત્તિમાં પરલોક બગડી જાત એ નિશ્ચિત.

વિદ્યાધર સમ્રાટ અમિતતેજ શ્રી વિજયરાજાને આ કહી રહ્યા છે કે શાસ્ત્ર-બોધવાળા અને બુદ્ધિમાનનો સમાગમ હોય એ અવસરે આપત્તિનું નિરાકરણ કરી આપે છે. જે કામ પૈસા અને પરાક્રમ ન કરે એ કામ મહાન બુદ્ધિથી સિદ્ધ થાય છે. માટે હે રાજન્ ! તમને ધન્યવાદ ઘટે છે કે જેમના ઘરે આવા બુદ્ધિનિધાન મંત્રી છે. શું **પુણ્યહીનને** ચિંતામણિરત્નનો યોગ થાય ?'

મોટો વિદ્યાધર ચક્રવર્તી રાજા છતાં વસ્તુની કેવી કદર કરે છે ! મંત્રીને ચિંતામણિરત્ન જેવો મનાવે છે. નહિતર પોતાના ઐશ્વર્ય અને દિવ્ય વિદ્યાઓ આગળ આ મંત્રી શેનો એવો મોટો મનાય ? પણ કહો.

❀ ❀ ❀ ❀ ❀ ❀

**મનને સુખ-દુઃખ રુચિ-નફરતના ઘરના છે. રુચિ છે તો સુખ, નફરત છે તો દુઃખ. સ્ત્રી એટલે રમકડું ?**

રાજા શ્રીવિજયને તીવ્ર રુચિનો વિષય રાણી સુતારા, એ મરી ગઇ દેખાતાં





એને બાકી બધાં સુખ-સાધન પર નફરત થઇ, તેથી આનંદ ઊડ્યો, ચિતામાં બળી મરવા તૈયાર થયો છે. અશનિઘોષના એક અકાર્યે કેટલો અનર્થ સરજ્યો ! આખી પ્રજાનો રક્ષણહાર રાજા બળી મરવા તૈયાર થઇ ગયો છે ! અને એ મરે તો અશનિઘોષને નિરાંત છે. કેમકે પછી તો ઉપાડેલી સુતારા પર હક કરનારો ગયો, એટલે ઊઠાવેલી સુતારા બરાબર પચી, 'એમ એ સમજે છે. કેટલી અજ્ઞાનદશા ! સ્ત્રીલંપટો સ્ત્રીને શું સમજે છે ? સ્ત્રી એટલે જાણે રમકડું ! એને પોતાને પોતાનો-પોતાના શીલનો વિચાર કરવાનો કોઇ હક નહિ ! કેમ જાણે 'ફાવે તે માણસ એને ફાવે એ રીતે વર્તાવી શકે !' આ જ ધોરણ પર અશનિઘોષે પરસ્ત્રીને ઉઠાવી ને ? ને હવે આ જ ધોરણ પર રાજાનું મોત અને પરસ્ત્રી પર કાયમી હક્ક ઇચ્છે છે ને ?

સુતારાને બચાવવા બે વિદ્યાધરો–

અહીં શ્રીવિજય રાજા બનાવટી સુતારાના મડદા સાથે બળી મરવા તૈયાર થઇ ગયો છે, ત્યારે બીજી બાજુ પેલો અશનિઘોષ વિદ્યાધર સાચી સુતારાને ઉપાડીને આકાશમાર્ગે ચાલ્યો જતો હતો અને સુતારા રાડેરાડ પાડતી હતીઃ 'અરે ! મને કોઇ બચાવો. મારું શીલ કોઇ બચાવો.' એમાં બે વિદ્યાધરો બહાર નીકળેલા, તે આ રાડ સાંભળી અશનિઘોષ સાથે લડીને સુતારાને છોડાવવા દોડી આવ્યા, ને પડકાર કરે છે, 'અરે નરાધમ ! પરસ્ત્રીને ઉઠાવી જતાં શરમાતો નથી ? આવી જા લડવા, કાળ ભમે છે તારા માથે.'

## સુતારાની અગમચેતી–

બે વિદ્યાધરો અશનિઘોષ સાથે લડવા લાગે છે, એમાં સુતારાએ જોયું કે 'આ અશનિઘોષ બળવાન છે તેથી લડાઇ એકદમ નહિ પતે', એટલે એ પેલા બે વિદ્યાધરોને કહે 'તમે હમણાં લડવાનું રહેવા દો, અને જલ્દીથી પોતનપુર પહોંચી જાઓ. ત્યાં મારા પતિ રાજા શ્રીવિજય મારો વિરહ નહિ ખમી શકે, તેથી કદાચ ઝટપટ મરવા તૈયાર થઇ જશે, માટે તમે જઇને એમને રોકી દો, અને કહો 'હું મારું શીલ સલામત છે, ત્યાં સુધી સલામત છું. એમને અને મારા ભાઇ વિદ્યાધર સમ્રાટ અમિતતેજને લઇને ઝટ આવો. ત્યાં સુધી ગમે તે ભોગે મારું શીલ સાચવી લઇશ. જાઓ ઝટ જાઓ, નહિતર એમના મર્યે હું જીવી શકીશ નહિ.''

આ સાંભળીને બે વિદ્યાધરો જરાક મૂંઝવણમાં તો પડ્યા કે 'આ સતી બાઇને શિકારીના હાથમાં એમ જ એકલી મૂકીને કેમ જવાય ?' પરંતુ જોયું કે 'જો હવે જવાનો વિલંબ કરશું તો કદાચ રાજા શ્રીવિજય મરે, પછી તો આ સુતારા ય

મરવાની. તેથી હવે પહેલું અગત્યનું આ છે કે રાજા શ્રીવિજયને બચાવી લેવો.'

વિદ્યાધરો તરત ઉપડ્યા, ને પોતનપુર આવી ગયા. ગગનમાંથી જુએ છે તો અહીં ચિતા ગોઠવાઇ ગઇ છે, શ્રી વિજય ખોળામાં બનાવટી સુતારાનું મડદું લઇ ચિતામાં બેઠો છે, અને ચિતાને સળગાવવાની તૈયારી છે. એ તરત સમજી ગયા કે પેલા અશનિઘોષે વિપ્રતારિણી વિદ્યાને અહીં સુતારાના રૂપમાં મૂકી છે, તેથી અહીં રાજા ભ્રમમાં પડી ગયો છે કે આ સુતારા જ મરી ગઇ છે !

રાજા શ્રીવિજયનો પુણ્યોદય કેટલો જાગતો કે બરાબર હવે ચિતા ભડભડ સળગી ઊઠવાની તૈયારી હતી ત્યાં જ આ વિદ્યાધરો બચાવવા આવી ગયા છે ! પુણ્યનો ઉદય કેવું અજબ ગજબનું કામ કરે છે !

**અનાડીઓનું અનાડીપણું સફળ નહિ થવાની પાછળ સામાના પુણ્યનો ઉદય જ કારણ છે.**

**આજે કોરટો કેમ કેસોથી ઊભરાય છે ?**

નહિતર તો માયાવી રીતે અનાડીપણું બજાવનારાને બીજું કોઇ રોકનાર નહિ હોવાથી ફાવટ જ આવી જાય ! અને જગતમાં અંધેર જ અંધેર ફેલાઇ જાય. કેમકે જગતના જીવોમાં મોટાભાગે અનાડીઓ અને વિષયલંપટો જ છે. વિષયની લંપટતા પાછળ અનાડીપણું કરનારા અનાડી ઘણા, ન્યાય-નીતિ તો બહુ ઓછાને ગમે. ન્યાય-નીતિ આચરનારા દેખાય એમાં પણ હૃદયથી ન્યાય નીતિ ગમતી હોય એવા ઓછા. બાકી તો રાજદંડે કે લોકદંડે એના ભયથી અન્યાય અનીતિ નહિ આચરનારા હોય છે. એટલે જ જ્યાં એ ભયને ઘોળી પીએ છે, ત્યાં અન્યાય-અનીતિ કરતાં અચકાતા નથી. એટલે તો જુઓને, આજે કોરટો ઝગડાના કેસોથી ઉભરાઇ ઊઠી છે.

લોકોના દિલમાં જો ન્યાય-નીતિપ્રિયતા હોય તો કોરટોમાં આટલા બધા કેસ શાના હોય ?

આજના પતિત કાળનું આ બીભત્સ ચિત્ર છે, એવા આ કાળમાં જો સાવધાન ન બન્યા, અને દેખા-દેખી ચાલ્યા તો આત્માના અધઃપતન સિવાય બીજું કાંઇ જોવા નહિ મળે. એ સાવધાની માટે, અને લોકસંજ્ઞાથી બચવા સારુ જિનાજ્ઞા એ જ શરણભૂત છે.

**પુણ્યોદયની સાબિતી—**

જ્યાં અનાડીઓ ઘણા, ત્યાં જગતની કેવી નિરાધાર દશા ! છતાં અનાડીઓની સામે બચાવ મળે છે એ શાના પ્રતાપે ? કહો, પોતાના અદ્રશ્ય





પુણ્યોદયના પ્રતાપે 'હું આત્મા નથી માનતો, પુણ્ય-પાપકર્મ જેવું કાંઇ છે જ નહિ,' એમ બકવાટ કરનારા મૂર્ખ છે. માનો કે સામેથી દારૂ ઢીંચીને મોટર હાંકનારે મોટર ગમે તેમ દોડાવી, ત્યાં માત્ર ચાર આંગળના અંતરથી રાહદારીને બચાવ મળી ગયો તે કોના પ્રતાપે ? શું મોટર હાંકનારની સાવધાનીથી ? ના, એ તો બેફામ જ હાંકી રહ્યો હતો, એની સાવધાની હતી જ ક્યાં ? એટલે બચાવ થઇ ગયો એમાં રાહદારીના પુણ્યોદયને જ કારણ કહેવું પડે.

**માતા ઠોકર ખાતાં કેડનું બચ્ચું દૂર ફેંકાઇ ગયું પુણ્યોદયે–**

મા બાળકને લઇને રસ્તો ઓળંગવા જતી હોય, અને મોટર દોડી આવતી હોય પણ હજી આઘી હોય, એમાં માએ રસ્તાને અધવચ્ચે ઠોકર ખાધી, કેડમાંથી બાળક દૂર ફેંકાઇ ગયું અને મોટર મા પર ફરી વળી. આમાં બાળકનો બચાવ કોણે કર્યો ? કહેવું જ પડે કે એના પોતાના પુણ્યોદયે. ત્યારે માતા ત્યાં જ ઠોકર ખાઇ પડી, અકસ્માત થયો, એમાં કારણ ? માતાનો પાપોદય જ કહેવો પડે.

અદ્રશ્ય પુણ્ય-પાપકર્મ ભલે દેખાતાં નથી, પરંતુ આપણને ડગલે ને પગલે એ અસર કરતાં હોય છે. બે જણ રાતના સાથે સાથે જમવા બેઠા હતા, સીલિંગ પર ગિરોલી ફરતી હતી, એનું ઝેર નીચે પડ્યું, તે એકના થાળમાં પડ્યું, બીજાના થાળમાં નહિ. ત્યાં એકને બીમારી-બીજાને નહિ, એમાં કારણ તરીકે પાપોદય-પુણ્યોદય કહેવો જ પડે, નહિતર પ્રત્યક્ષ દેખાય એવું બીજું શું કારણ કહી શકાય એમ છે ?

**બસવાળાએ ન બેસવા દીધા તે પુણ્યોદયે**

વઢવાણવાળા મહાન શ્રાવકરત્ન રતિલાલ જીવણલાલ એક ઠેકાણે બકરાનો ભોગ અપાતો અટકાવવા ગયેલા. ખૂબ મથામણને અંતે ભોગ બંધ રખાવ્યો. બકરો બચી ગયો. પછી પાછા આવવા નીકળ્યા. સાંજ પડવાની તૈયારી છે, મોટર સ્ટેન્ડ પાસે મોટર આવી. પણ કન્ડકટરે મોટરની સીટો ભરાઇ ગઇ છે, કહીને બેસવા ન દીધા.

રતિભાઇ એને કહેઃ 'ભાઇ ! મારે ચોવિહારનો સમય છે, ઘરે સમયસર પહોંચી જાઉં તો ગરમ પાણી જ પીઉં છું, તે પીવા મળી શકશે. નહિતર આખો દિવસ પાણી પીધું નથી ને અહીં જ સૂર્યાસ્ત થઇ જવાથી પછી પાણી પી શકાશે નહિ, માટે મોટરમાં ઊભો ઊભો રહીશ મને બેસવા દે !

મોટારવાળાએ તેમ છતાં ન બેસવા દીધા, એ પુણ્યોદયે. કેમ ? જુઓ, પછી મોટર ઊપડી ગઇ. હવે રતિભાઇ શું કરે ? પગે ચાલતાં નીકળી પડ્યા. આગળ ચાલતાં ચાલતાં રેલ્વેના ક્રોસિંગ પાસે આવી જુએ છે તો એ જ મોટરને અકસ્માત થયેલો છે ! લોકો ઘવાયેલા પડ્યાં છે !

બોલો, રતિભાઇને કોણે બચાવ્યા ? મોટરવાળાએ બેસવા ન દીધા એ વખતે એમ માનવાનું મન થાય કે 'રતિભાઇનું પુણ્ય એટલું કાચું' પરંતુ સબૂર, આ ગેબી બચાવનો પ્રસંગ જાણ્યા પછી કહેવું પડે કે રતિભાઇનું પુણ્ય પાકું તે મોટરવાળાએ એમને મોટરમાં બેસવા જ ન દીધા, અને એમનો બચાવ થઇ ગયો. કેમ જાણે બિલકુલ નિઃસ્વાર્થ ભાવે ભારે ગડમથલ કરીને બોકડાને કપાઇ મરતો બચાવ્યો એથી ઉગ્ર પુણ્ય ઊભું થયું અને તે તત્કાળ ફળ્યું ! શાસ્ત્ર કહે છેઃ

**અતિ ઉગ્ર પુણ્ય-પાપનું ફળ અહીં જ મળે છે.**

અલબત્ત પુણ્ય પૂર્વભવનું ય હોઇ શકે, જેનું ફળ અહીં મળે, પરંતુ આ ભવના ય શુદ્ધ-ઉગ્ર દયાભાવના ય પુણ્યના ફળનો ઇન્કાર ન કરી શકાય. માટે તો સાંભળવા મળે છે કે-

મૂળદેવ અત્યન્ત નિર્ધન થઇ ગયેલો પરદેશ નીકળ્યો, એને રસ્તામાં સથવારા રૂપે એક બ્રાહ્મણ મળી ગયો, પણ તે એવો કે આગળ ચાલતાં થાક્યા પાક્યા એક ઝાડ નીચે પોરો ખાવા બેઠા. ત્યાં બ્રાહ્મણે પોતાની પોટલી છોડી એકલા પંડે ભાતું ખાધું પણ મૂળદેવને ખાવા કાંઇ દીધું નહિ. કેવો કૃપણ ! મોહનીય કર્મની વિચિત્રતા છે કે જીવને તુચ્છ વસ્તુનો પણ એવો મોહ કરાવે છે એથી જીવ ધિટ્ઠો થાય !

પછી એ ધિટ્ઠાઇમાં જીવ મહોબ્બત ન ગણે, સગાઇ ન ગણે, સામાનો ઉપકાર કે ગુણિયલતા ન ગણે ! અરે ! મહા અકાર્ય પણ કરી નાખે. મૂળ કારણ મોહ.

**સંસારના તુચ્છ અલ્પ કિંમતના પણ પદાર્થ આવો ધિટ્ઠા-નિર્દય બનવાનો મોહ કરાવે છે, માટે તો જ્ઞાનીઓ સંસારને નિસ્સાર નિર્ગુણી કહે છે.**

અને એથી જ સુજ્ઞ જીવો વૈભવી પણ સંસારનો આ સમજીને ત્યાગ કરે છે કે ''આ સંસારના પદાર્થો મોહ કરાવી જીવને ધિટ્ઠો બનાવનારા અને ધિટ્ઠાઇમાં મૈત્રી-સ્નેહ-ઉપકાર-ગુણિયલતા વગેરે ભુલાવનારા છે, ને આ કાર્યમાં પ્રેરનારા છે. માટે આવા સંસારથી આઘા રહેવું સારું.''

સંસાર ત્યાગ કરવાની તાકાત ન હોય તો ય સુજ્ઞ જીવો સંસારના પદાર્થોની ભયાનકતાને નજર સામે રાખનારા અને એની ખાતર કૃપણતા-નિર્દયતા અધમતા





નહિ આચરનારા હોય છે. દેવાનો મોકો મળ્યો તો એ વિચારશે કે 'લક્ષ્મી તો સંસારની ચીજ છે એટલે ભયાનક છે, માટે એ તો દાનમાં જાય તે સારી, અને દેવા માટે યાચક મળ્યો એ મારો ઉપકારી.'

નોકરે કે બીજાએ અપરાધ કર્યો તો એના પ્રત્યે નિર્દય નહિ થાય, તે આ સમજીને કે 'મારું જે બહારનું બગડ્યું એ સંસારની ચીજ છે, એ સારી રહી હોય તો ય મને મોહ અને ધિટ્ઠાઇ કરાવનારી હોવાથી ભયાનક જ હતી. એ બગડી તો ભલે બગડી, મારું કાંઇ બગડ્યું નથી. એ સારી હોઇને ય મારું શું સુધરી જતું હતું ? તો બગાડનાર પર મારે નિર્દય નથી થવું, મારે બગડવું નથી. એ બગાડનાર બગડ્યો એથી મારે શું કામ બગડવું ?'

**બહારની ચીજ બગડે એની પાછળ આત્માએ બગડવું એ મૂર્ખાઇ છે.**

**રામ બગડ્યા પર સીતાજી ન બગડ્યાનો પડઘો-**

આ મોટી ફિલોસોફી છે, મહાન તત્ત્વજ્ઞાન છે. એ જો હૃદયસ્થ જાગતું રહે તો કેટલાય પ્રતિકૂળ પ્રસંગોમાં આપણા જ પોતાના આત્માને કષાયથી ન બગાડીએ, અર્થાત્ ગુસ્સો-રોષ-રોફ-માયા પ્રપંચ હિંસા કે જૂઠ વગેરે ન આચરીએ, કેમકે એ બધા આત્માના બગાડા છે. બહાર બગડ્યું તે નિર્ધારિત કર્મે બગાડ્યું, હવે ગુસ્સો વગેરે થાય એ પોતાની જાતે જ પોતાના આત્માનું બગાડવાનું થાય છે.

આ સમજ ઉપર સીતાજી જંગલમાં તરછોડાયા છતાં એમણે તરછોડનાર પતિ ઉપર કષાય ન કર્યો, દુર્ભાવ ન કર્યો, 'મારે શા માટે હૈયામાં પતિ પર દુર્ભાવ ઘાલી મારું હૈયું બગાડવું ?' રામ પર હૈયામાં દુર્ભાવ ઘાલી એમણે હૈયું નહોતું બગાડ્યું તો જ એનો પડઘો આ પડ્યો કે પતિને આ સંદેશો એ મોકલી શક્યા કે 'લોકની નિંદાથી તમે મને ભલે છોડી, પણ કાલે કદાચ લોક તમારા ધર્મની નિંદા કરે તો તેથી તમારો જૈન ધર્મ તમે છોડતા નહિ.'

સીતા મહાસતીએ દિલમાં પતિ પ્રત્યે દુર્ભાવ નહોતો ઘાલ્યો તો જ એનો આ પડઘો પડ્યો કે વર્ષો સુધી પુત્રોને પોતાની વીતક ન કહી, તેમજ મોટા થયેલા પુત્ર લવણ-અંકુશે જ્યારે સીતાજીને કહ્યું, ''મા ! તેં અમને કહ્યું ય નહિ કે અમારા પિતાજીએ તને કાઢી મૂકેલી ? શું તારો કોઇ બેલી-રખેવાળ નહિ એટલે એમ કરેલું ને ? હવે અમે જઇને એમની સાથે લડીને એમને હરાવી બતાવી આપીએ છીએ કે 'સીતાજીના રખેવાળ તૈયાર થઇ ગયા છે.' તું અમારા માથે હાથ મૂકીને આશીર્વાદ આપ,'' ત્યારે સીતાજીએ એવા આશીર્વાદ આપવા ના પાડી.

ત્યાં સીતાજી કહે-''ગાંડાઓ ! પિતાજી સાથે લડવા ન જવાય, એમનાં દર્શન કરવા, એમના પગે પડવા જવું હોય તો જાઓ, મારા આશીર્વાદ છે'. દિલમાં દુર્ભાવ હોય તો આ બોલ નીકળે ?

સુજ્ઞ જીવને આ સમજ હોય કે ચીજ સંસારની એટલે બગડે, એટલે જ સંસાર છોડવા જેવો જ છે, પણ એ ન છૂટે ત્યાં સુધી ય ચીજ બગડવા પર મારા આત્માને ન બગાડું, જેથી સંસાર ત્યાગ આઘો ન જાય. આત્માને બગાડું, બગાડ્યા કરું, તો સંસારનો ત્યાગ મુશ્કેલ થવાનો.'

**સંસાર આત્માના બગાડવા પર જ ટકે છે.**

**આત્માના બગાડા ક્યા ક્યા ?**

તમને સંસાર એટલે કે વારંવાર જનમ-મરણની વિટંબણા ખટકે છે ? તો સંસારને ટકાવનારા જે આત્માના બગાડા, તે ખટકવા જોઇએ. આત્માના બગાડા છે કષાયો-કામ-ક્રોધ-લોભાદિ, બગાડા છે સારા સારા શબ્દ-રૂપ-રસાદિ વિષયોનાં આકર્ષણ, બગાડા છે ધન સંપત્તિની ઘેરી તૃષ્ણા-મમતા, બગાડા છે ક્ષુદ્રતા, અસૌમ્યતા, ઉગ્રતા, ઇર્ષ્યા, દુર્ભાવ-તિરસ્કાર આદિ. આ બધા બગાડા ખટકવા જોઇએ. એ ખટકે તો એને દિલમાં ઘાલતાં વિચાર પડે, ને પેસી ગયા તો અફસોસી થાય, કે 'અરેરે ! આ સંસાર કેવો જાલિમ કે તુચ્છ વસ્તુના પણ મોહ કરાવી-કેવી ખરાબીઓ આત્મામાં ઊભી કરે છે ! આત્મા જાતે જ બગડે એવું કરાવે છે !'

## મૂળદેવનું મોટું મનઃ

પેલા મૂળદેવની સાથે સથવારારૂપે ચાલનાર બ્રાહ્મણ પોતાનું ભાતું પોતે એકલો જ ખાય છે, ભૂખ્યા મૂળદેવનો ભાવ પણ નથી પૂછતો. સંસારમાં પ્રસરેલા મોહની આ વિચિત્રતા છે. મૂળદેવ એ વિચારીને મન બગાડતો નથી. મન મોટું રાખી દયા ખાય છે-બિચારો કર્મનો ગુલામ !' પછી સાથે ઊઠી ચાલ્યા. મૂળદેવ એક અક્ષર એ સંબંધી બોલતો નથી, જાણે કાંઇ બન્યું જ નથી એમ ભૂખ્યો ભૂખ્યો પણ મોટા મનથી પેલા એકલ-પેટુની સાથે સ્નેહથી વાતો કરતો કરતો ચાલે છે. આગળ ગામ આવ્યું એટલે બ્રાહ્મણ તો 'ચાલો ગામ આવી ગયું હવે હું જઇશ.' એમ કહી ચાલતો થઇ ગયો. મૂળદેવને એ થોડો વિવેક પણ નથી બતાવતો કે 'ચાલો ઘરે, આરામ કરજો, આમ ક્યાં જશો ?' બ્રાહ્મણે મૂળદેવને પહેલાં પૂછેલું ત્યારે મૂળદેવે કહેલું કે 'ભાગ્ય લઇ જાય ત્યાં જવું છે' એટલે બ્રાહ્મણ જાણે તો છે જ કે આમ આમને હમણાં ઊતરવાનું કોઇ સ્થાન ચોકક્સ નથી,' પણ છતાં એને થોડી વાર





માટે પણ પોતાના ઘરે ઉતારવાનો કશો વિચાર જ નથી આવતો. છતાં મૂળદેવ મોટું મન રાખી એના પર નકામા વિચાર કે બળતરા કરતો નથી. એ પ્રસંગ જ ભૂલી જાય છે.

ત્યારે મૂળદેવને હવે મોટો પ્રશ્ન છે કે 'ક્યાં ઊતરવું ? અને ખાવું શું ?' પાસે એક રાતો પૈસો ય નથી, જેનાથી કાંઇ બજારમાંથી ખરીદીને ખાઇ શકે, પણ મન સ્વસ્થ છે, ભૂખ કકડીને લાગી છે, એટલે ગામમાં નીકળી પડે છે, ક્યાંક ઠીક માણસ લાગતાં હોશિયારીથી વાત કરતાં સાથવો મેળવી લે છે. લઇને ગામ બહાર નદીના કિનારે આવી જાય છે, જેથી સાથવો ખાઇને પીવા માટે પાણી નદીમાંથી સહેજે મળી જાય એટલે કોઇના પાસે પાણી માગવું ન પડે.

**મૂળદેવમાં આર્થિક પરિસ્થિતિ તંગ છતાં માનવ ભવને અજવાળે એવા ગુણો હતા.**

એના ગુણોની કથા મોટી છે, પરંતુ એના એવા ગુણોને લઇને જ 'ભરહેસર' ની સજ્ઝાયમાં ભરતેશ્વર, બાહુબલી વગેરે મહાપુરુષોની હરોળમાં 'પજ્જુન્નો મૂળદેવો ય' કહીને એનું સ્મરણ કર્યું છે.

આ વિચાર આપણે એટલા માટે કરીએ છીએ કે મૂળદેવ મોટું મન ને ગુણો રાખી એવું ઉગ્ર પુણ્ય ઊભું કરવાનો છે કે જે તત્કાળમાં ફળે, તો શું ઉગ્ર પુણ્ય ઉપાર્જવાનું એમ જ બની આવેલું ? ના, એમાં મહાન ઉચ્ચ કોટિના ભાવે કામ કર્યું છે, ને એ ઉચ્ચ ભાવ એમ જ નથી આવ્યો, પણ એ ભાવની પૂર્વે અક્ષુદ્રતા અર્થાત્ ઉદાર-ઉમદા મન વગેરે ગુણોની સુંદર ભૂમિકા હતી. જુઓ, મૂળદેવને એટલે જ પ્રસંગ મળતાં એવો ઉચ્ચ ભાવ, ઉચ્ચ સુકૃત અને ઉગ્ર પુણ્ય ઊભાં થાય છે.

મૂળદેવ ભૂખ્યો ડાંસ નદી-કિનારે સાથવો લઇને ગયેલો, તે હવે ખાવાની શી વાર લગાડે ? પરંતુ એણે દૂર ગામમાંથી મુનિ નીકળતા દેખ્યા. તરત એના મનને થયું કે 'અહો ! જો આ મહાત્માને દાન કરવાનો લાભ મળી જાય તો કેવું સારું ?' આ વિચાર કરીને બેસી ન રહ્યો, ઊઠ્યો તરત, અને જરા આગળ જઇને બૂમ મારે છે. ઓ મહારાજ સાહેબ ! સાહેબ ! મને લાભ આપો.'

બનેલું એવું કે સાધુને ગામમાંથી પૂરી ભિક્ષા નહિ મળેલી, એટલે જરૂર તો હતી જ, એમાં આ ભાવપૂર્વક બોલાવે છે એટલે આવ્યા એની પાસે.

મૂળદેવ સાથવો લઇને ઊભો છે. મુનિ આવ્યા એટલે વિનંતી કરે છેઃ 'પ્રભુ ! આનો લાભ આપો, લ્યો આ.'

## મુનિનો વિવેક—

મુનિએ પાત્ર તો ઝોળીમાંથી બહાર કાઢ્યું, પણ જુએ છે કે આ માણસ પાસે આટલો જ સાથવો છે, ને ગરીબ જેવો દેખાય છે તેથી આટલો જ એને ખાવા માટે હશે. તેથી મુનિ વિવેકથી, કહે છેઃ 'લે ભાઇ ! થોડોક અમારા પાત્રમાં નાખ,'

મુનિ સમજે છે કે 'શરમમાં જો બધો નાખી દે તો પછીથી કદાચ એના ભાવ બગડે, અને એને પૂરેપૂરો દેવાના ભાવ કદાચ ન હોય ને આપણે વિવેક ન બતાવીએ કે જો, થોડોક જ નાખજે, તોય સંભવ છે એના મનને એમ થાય કે મહારાજ તો કાંઇ બોલતા નથી કે આટલું જ નાખજે. તો મહારાજ બધું જ લેવાના વિચારવાળાય હોય. જો મનને આવું થાય તો એમાં પણ ભાવ બગડે' એટલે મહારાજ પહેલેથી જ કહે છે, 'જો ભાઇ, થોડોક નાખ આમાં (પાત્રમાં)'.

પરંતુ સાધુને ક્યાં ખબર છે કે અહીં તો આ મૂળદેવે જ્યાં તમને જોયા ત્યારથી એને જે શુભ ભાવ જાગ્યા છે, તે હવે દાન દેવાનો અવસર આવી લાગતાં ભાવ વેગબંધ ચડી રહ્યા છે ! તે હવે બરાબર દેતાં દેતાં તો ભાવ આસમાને પહોંચી ગયા છે ! એટલે શું કામ બાકી રાખે ? એના મનને એમ થાય છે કે-

### મૂળદેવની દાન ભાવના–

'અહો ! કેવો મારો ભાગ્યોદય કે અહીં જંગલમાં મંગળ મળ્યું ! તે પણ આવા અવસરે ! કે મને જ્યારે ભૂખ બરાબર લાગી છે અને મારી પાસે ખાવા આટલો જ માલ છે, એવા અવસરે ને મહાત્માએ મારું સ્વીકારવાની કૃપા કરી છે ત્યારે મને આ દાનનો ધન્ય અવસર મળે છે ! આવા કટોકટીના પ્રસંગે દાનધર્મનો લહાવો ? ધન્ય ભાગ્ય ! ધન્ય ભાગ્ય ! હું શું કામ હવે બાકી રાખું ? બધો જ સાથવો દઇ દઉં. જીવને ખાવા તો અનંતવાર મળ્યું. આવું દાન કરવાનું ક્યાં ઝટ મળે એવું છે ? ને ખાઇને ક્યું મારું કલ્યાણ સધાવાનું હતું ? ત્યારે, દાનમાં જો બધું જ દઇ દઉં તો મહા કલ્યાણ થાય.'

મૂળદેવે આવા ચડતા ભાવમાં બધો જ સાથવો મુનિના પાત્રમાં નાખી દીધો, અને હાથ જોડી ગદ્ગદ દિલે અને હરખનાં આંસુભરી આંખે કહે છે, 'પ્રભુ ! આ રાંક પર મહાન કૃપા કરી ગજબ અનુપમ લાભ આપી ગજબ ઉપકાર કર્યો !' મુનિ ધર્મલાભ કહી ત્યાંથી ચાલી ગયા. મૂળદેવ ઊભો ઊભો મુનિની પાછળ દ્રષ્ટિ નાખીને વિચારી રહ્યો છે, 'આ શો ચમત્કાર બન્યો ? અહીં નદીના કિનારે અત્યારે





મહાત્માનો લાભ ? હું દરિદ્ર, મારી પાસે માંડ સાથવો આવી ગયેલો, એવા અવસરે મને સાધુ મળી ગયા ? તે ય પાછા મારું સ્વીકારે એવા ? વાહ ! વાહ ! અજબગજબનો આ જાદુઇ જેવો પ્રસંગ ! એમાં સુપાત્ર દાનનો પ્રસંગ ! કેવું હું નિધાન કમાયો !' એમ ઊભો ઊભો દાનની અત્યંત અનુમોદના કરી રહ્યો છે. એથી વળી ભાવની ધારા ઓર આસમાને ચડી રહી છે !

બસ, આ બહુ ઊંચા ભાવમાં જે ઉગ્ર પુણ્ય બાંધી રહ્યો છે તે અહીં તરતમાં ફળે એવું છે. એટલે ત્યાં જ આકાશવાણી થાય છે કે 'મૂળદેવ ! આ તેં ઉચ્ચ ભાવે કરેલા આ દાનથી તું આજથી સાતમે દિવસે રાજા થઇશ.'

કેવા વિકટ સંયોગમાં દાન ?

વિચારજો, આ બધી ઘટનાઓ પર ઊંડું ચિંતન કરજો, તે આ રીતે કે- પહેલું તો એ, કે મૂળદેવ જ્યારે માઇલો ચાલીને આવેલો થાક્યો પાક્યો છે, ને હવે જ્યાં કકડીને ભૂખ લાગી ગઇ છે, ને એટલો જ માત્ર સાથવો ખાવા મળ્યો છે ત્યાં દાન કરવાની ભાવના થાય ? હજી ય મુનિ આવી ગયા હોય તો દઇ દેવાય, પરંતુ મુનિ એમના રસ્તે ચાલ્યા જતા હોય તો એમને દેખીને આવા સંયોગમાં એમને નિમંત્રવાની ભાવના ઊછળે ? મુનિને ઊલટભેર બોલાવાય ? ને દાન કરાય તે મુનિ પોતે થોડો દેવાનું કહે ને પોતાને બધો જ દઇ દેવાનું મન થાય ? આગ્રહ કરીને બધો જ દઇ દેવાય ? ને આ લાભ મળવા પર ધન્ય ધન્યતા મનાય ? કઇ પરિસ્થિતિમાં ? જ્યારે પોતાની પાસે હવે કાંઇ જ ખાવા રહેતું નથી. તેમ કોઇ ખવરાવનાર પણ દેખાતું નથી, ને ખાવાનું વેચાતું લઇ આવવા જેટલો એક પૈસો પણ પાસે નથી, તેમ પોતે ભિખારી નથી કે 'ચાલો ભીખ માગવાની આદત કે ધંધો છે તે ભીખ માગીને લઇ અવાશે,' એમ પણ મનને ધરપત રહે. આ પરિસ્થિતિમાં, ને કકડીને ભૂખ લાગેલી છે ત્યારે, આ સર્વસ્વનું દાન હોંશભેર કરાય છે, ને કરીને અહોભાગ્ય મનાય છે ! સુખદ ચમત્કાર મનાય છે !

શી રીતે આ બને છે ? કહો, મૂળદેવના જીવનમાં અદ્ભુત ગુણો હતા, એનું દિલ ઉમદા હતું, ઉદાર હતું, એવા દિલમાં ક્ષુદ્રતા નહોતી એટલે પેલા બ્રાહ્મણને સથવારો આપવા છતાં બ્રાહ્મણે પોતાના ભાતામાંથી જરાય આનું આતિથ્ય કરવાનો વિવેક ન કરતાં એકલપેટે ખાધું તોય તિરસ્કાર કે એના પર અભાવ ન કર્યો. એની બિચારાની ભાવદયા જ ચિંતવી ! ક્ષુદ્રતા નહોતી, ઉમદા દિલ હતું, એટલે સાધુને જતા જોઇ પોતાનું ખાવાનું ભૂલી સાધુની ભક્તિ યાદ આવી ! ને ઉદારતા ભારે તે

બધું જ ખાવાનું સાધુના પાત્રમાં પધરાવી દીધું ! ક્ષુદ્ર અને કૃપણ દિલવાળાને માત્ર પોતાનું જ પેટ, પોતાનો જ સ્વાર્થ, પોતાનું જ ભાણું ભરવાનું સૂઝે છે, ત્યારે મૂળદેવમાં આ નહોતું, ઉમદા ઉદાર દિલ હતું, બીજા પણ સહિષ્ણુતા, ગંભીરતા વગેરે ગુણો હતા, તેથી ખરા અવસરે પરાર્થકરણ સુપાત્રદાન સૂઝ્યું !

તો એનું ફળ કેવું આવ્યું ? ઉગ્ર શુભ ભાવે કરેલું પુણ્ય તત્કાળ ફળે એવું ઊભું થયું. દેવવાણી થઇ કે 'સાતમે દિવસે રાજા થઇશ !'

**શુભ ભાવ આત્માના પુરુષાર્થની વસ્તુ છે, પુણ્યના ઉદયની વસ્તુ નહિ. પુણ્યની રાહ જોનારો શુભ ભાવ ગુમાવે.**

કારણ કે કોઇ કર્મ એવું નથી કે જેના ઉદયે શુભ ભાવ આવે. કર્મ તો શુભ ભાવને રોકનારાં હોય છે, જગાવનારાં નહિ. તેથી એ, 'રોકનારાં કર્મને પુરુષાર્થથી તોડો તો શુભ ભાવ જાગે. પુરુષાર્થની બલિહારી છે, કર્મ પર વર્ચસ્વ છે, એટલે અશુભ કર્મથી આપત્તિ-પ્રતિકૂળતા વર્તતી હોય છતાં પુરુષાર્થ શુભભાવ જગાવવાનો-રાખવાનો કરો, તો શુભભાવ પ્રવર્તી રહે છે.

મહાવીર ભગવાન પર કેટકેટલા જુલ્મ વરસ્યા ? શું એ પોતાના અશુભ કર્મ વિના જ ? ના, કારમા અશુભ કર્મના ઉદયને લીધે જ. છતાં પ્રભુએ શુભ ભાવ કેવા રાખ્યા ? અદભુત અતિ ઉચ્ચ ! અશુભ ભાવ-ગુસ્સો અભિમાન-દીનતા વગેરેને જગાવનારાં મોહનીય કર્મને તોડનારો પુરુષાર્થ જગાવ્યો, વીર્યોલ્લાસ પ્રગટ કર્યો, તો એ તૂટવાથી, એનો ક્ષયોપશમ થવાથી, શુભ ભાવ પ્રગટ થયા, પુરુષાર્થ ચાલુ રહ્યો તો શુભ ભાવ ટક્યા, વધતા રહ્યા, વાત આ છે-

**સત્ પુરુષાર્થ ન કરો, તો અશુભ મોહનીય કર્મ ઉદયમાં રહેવા તૈયાર જ છે, જે અશુભ ભાવની અખંડ ધારા રાખ્યા કરે.**

**પુણ્યોદયે ગેબી બચાવ-**

પુરુષાર્થ કરો, તો એને તૂટ્યે જ છૂટકો, ને દિલમાં શુભ ભાવ ટકે. વાત આ હતી, બહારના અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ પુણ્ય-પાપને આધીન છે. એટલે જ કર્મ ગેબી કામ કરે છે. પેલો શ્રીવિજય રાજા સુતારા મરી ગઇ સમજી ચિતામાં પડી બળી મરવાની તૈયારીમાં હતો. એને પુણ્યકર્મે ગેબી બચાવ આપ્યો. બે વિદ્યાધરોએ આવી ખુલાસો કર્યો કે 'બનાવટી સુતારાની પાછળ મરવાનું ન કરો. અમે અમારા સ્વામી અમિતતેજ રાજાની બેન સાચી સુતારાને રસ્તામાં જોઇને આવ્યા છીએ...'





એમ કહીને 'અશનિઘોષ ઉપાડી જતો હતો ને સુતારા ચીસાચીસ નાખતી હતી.' વગેરે વિગત કહી. ઉપરાંત ત્યાં વિપ્રતારિણી વિદ્યાને ભગાડી મૂકી, એટલે બનાવટી સુતારાનું મડદું અલોપ થઇ ગયું. રાજાને વિશ્વાસ પડ્યો, ને બળી મરવાની વાત એણે પડતી મૂકી. એને કેવી ગેબી સહાય ! કેવો ગેબી બચાવ ! શાના પ્રતાપે ? પોતાના પુણ્યોદયના પ્રતાપે.

પુણ્યથી જ ગેબી રક્ષણ મળે છે, માટે જ જીવનમાં પાપ પડતાં મૂકી પુણ્ય જ કમાતા ચાલો.

અણગમતું બન્યું, ગુસ્સો કરશો તો પાપ એકત્રિત થશે. ક્ષમા કરશો તો પુણ્ય એકત્રિત થશે.

ભૂખ લાગી, રસોઇ તૈયાર નથી, આકળા ઉતાવળા થશો તો પાપ જમા થશે, પણ 'ચાલો ક્ષુધા પરીસહ સહવા મળ્યો' એમ વિચારી ધીરતા રાખશો તો પુણ્ય જમા થશે.

જમવા બેસવું છે સાધુ-સાધર્મિકને યાદ કરશો તો પુણ્યની કમાઇ, પણ ના, એ એકલું પેટ જ સંભાળ્યું તો પાપની કમાઇ.

બે પૈસા કમાયા, પ્રભુભક્તિ સંભારી સુકૃત સંભાર્યું તો પુણ્યનો બંધ થશે પણ માત્ર ઘરવાળા અને બાબા-બેબીને જ રાજી કરવાનું સંભાર્યું તો પાપનો બંધ થવાનો.

પુણ્યે સંસાર સારો મળ્યો છે, પૈસાટકા-પ્રતિષ્ઠા પરિવાર-હામ-દામ-ઠામ બધું અનુકૂળ મનગમતું મળ્યું છે, ત્યાં જો 'આ કેવો સરસ યોગ ! બસ કશી ચિંતા નહિ,' એમ મન એમાં મસ્ત-એકાકાર રહ્યું તો ભરચક પાપો સંગૃહીત થવાના, પણ એના બદલે સંસારની-વિષયોની પરિણામ-દારુણતા વિચારી નિર્વેદ-ઉદ્વેગ-વૈરાગ્ય ઝગમગતો રાખ્યો, તે એવો કે **'ચાહે નીકળવું નિર્વેદ તે'** 'ક્યારે આ પાપ સંસારની બલાથી છૂટું, એમાંથી નીકળી જાઉં' એવી અભિલાષા રાખ્યા કરી, તો પુણ્ય સંગૃહીત થવાનું.

**કોઇનો બંગલો જોઇ બંગલો બંધાવવાનું મન થયું, તો પાપનાં પોટલાં બાંધવાના, પણ એવું આલિશાન દેરાસર કરાવવાનું મન થયું તો પુણ્યરાશિ કમાવાની.**

ધરણશાહ પોરવાડને યાદ કરો. દેવલોકના નલિનીગુલ્મ વિમાનનું સ્વપ્ન જોઇ એમને એવું દેરાસર બંધાવવાનું મન થયું. એ પાછું મન કરીને બેસી ન રહ્યા, બંધાવ્યું દેરાસર ! ૯૯ ક્રોડના ખર્ચે ! કેટલાં બધાં લખલૂટ પુણ્ય એ કમાયા ?

વાત આ છે, જીવનમાં પાપ પડતાં મૂકી પુણ્ય એકત્રિત કરતા ચાલો.

કાયાથી, ઇન્દ્રિયોથી, વાણીથી, વિચારથી, ધનથી, સત્તાથી, સ્વભાવથી, પ્રતિષ્ઠાથી, દરેકથી બને ત્યાં સુધી પુણ્ય જ ઊભું કરવું, પાપ નહિ.

નીરોગિતા ખાતર કે મોજ ખાતર બહાર ફરવા જવાનું મન થાય છે, એમાં કાયા તો હલાવવાની જ છે, પરંતુ જો એ મોજ ખાતર, તો એથી પાપકમાઇ છે. પરંતુ એના બદલે જો દૂર મંદિરે પ્રભુદર્શન કરવા માટે બહાર જવામાં કાયા ચલાવાય, તો ત્યાં પુણ્યકમાઇ થાય. એમ કહેતા નહિ, કે-

પ્ર૦ પણ એમાં કાયા નીરોગી રાખવાનો હેતુ તો રહે જ ને ? મનને એ જે રહે કે 'ચાલ, દર્શન માટે પણ બહાર ફરવા જઇશ તો નીરોગી રહીશ', એ હેતુ રહેવાથી પાપ તો લાગે જ ને ?

ઉ.- હેતુ એવી ઘેલી રીતે ન રખાય. પણ ત્યાં એમ વિચારાય કે-

નીરોગિતા ખરેખર તો ફરવાથી નહિ, પણ મહાનીરોગી દેવાધિદેવની ભક્તિથી મળે.

માટે ચાલ નીરોગી રહેવું છે, તો તે માટે બહારના પદાર્થની ગુલામી ન કરું પણ મહાનીરોગી પરમાત્માને ભજું. નીરોગિતા મહા નીરોગીને ભજવાથી જ મળશે, અને એમ તો પરમાત્મા અહીં નજીકના મંદિરમાંય છે, પરંતુ-

**ચાલવાનું કષ્ટ કરીને દૂર મંદિરે પ્રભુદર્શને જાઉં તો એથી ઉંચું પુણ્ય ઊભું થાય**

ને નીરોગિતા ઊંચા પુણ્યથી વધુ સુલભ થાય અને વધુ સારી મળે. તેમજ નીરોગી રહીશ તો ધર્મ સાધનાઓ સારી ચાલશે, વળી રોગિષ્ઠતાથી થતી અસમાધિ પણ ઊઠવા નહિ પામે. આમ વિવેકથી હેતુ રખાય તો પુણ્ય જ પુણ્ય કમાવા મળે.

વિવેકની જ ખૂબી છે. શરીરને નીરોગી-તગડું રાખવાનો દુન્યવી સ્વાર્થ સાધવા માટે જ પ્રભુદર્શન કરવા જવું એ ધર્મક્રિયા થાય, પણ ''હું બીજે શું કામ ફાંફાં મારું ? મારે તો જે કાંઇ સારું થવાનું એ જિનભક્તિથી જ થવાનું છે, **'જિનભક્તે જે નવિ થયું તે બીજાથી નવિ થાય.'** માટે જિનભક્તિ જ કરું, જિનભક્તિ જ વધારું, નજીકના મંદિરે દર્શન કરું એના કરતાં કષ્ટ વેઠીને બહારના મંદિરે જઇ દર્શન કરું





એમાં જિનભક્તિનો ભાવ વધે છે' એ વિચારથી બહાર દર્શન કરવા જાય એ તો નિર્મળ ધર્મક્રિયા થઇ. માટે જ-

## સુલસાની ધર્મક્રિયા કેમ વિષક્રિયા નહિ ?

સુલસા શ્રાવિકાએ પતિને 'શા સારું પુત્રની આટલી ઝંખના ? પુત્ર મળવાથી આપણું શું કલ્યાણ થવાનું હતું ? કલ્યાણ તો દેવ-ગુરુ-ધર્મ મળવાથી થાય અને તે આપણને મળ્યા છે, પછી પુત્ર ન હોયે શા સારું મનને દુઃખ લગાડવું ?' એમ સમજાવ્યા છતાં પતિનો પુત્રમોહ ઉતરતો નહોતો, તો સુલસાએ શું કર્યું ?

એણે એ પણ કહ્યું કે, 'મારા ભાગ્યમાં પુત્ર નહિ હોય, તો તમે એમ કરો, બીજી પત્ની કરી લો', પણ ત્યાં તો પતિ નાગરથિક કહે છે કે 'આ શું બોલ્યાં ? મારે તો તમારો યોગ મળ્યા પછી પ્રતિજ્ઞા છે કે આ જીવનભર માટે તમારા સિવાય બીજી સ્ત્રીમાત્રનો ત્યાગ. તેથી એ વાત તો બને જ નહિ.' હવે સુલસાએ શું કરવું ? સુલસા જુએ છે કે 'પતિના ચિત્તને અસ્વસ્થતા-અસમાધિ ટળતી નથી. એ પુત્ર મળે તો જ ટળે એવી લાગે છે, તો મારે તો એકમાત્ર આધાર ભગવાન મહાવીર પરમાત્મા જ, અને એમનો ધર્મ જૈન ધર્મ જ છે, ને જે કાંઇ સારું સિદ્ધ થશે તે એમની ઉપાસનાથી જ સિદ્ધ થશે. માટે પ્રભુભક્તિ અને ધર્મ વધારું. જગતમાં ધર્મ જ એક તારણહાર છે, ધર્મ જ માતા છે, ધર્મ જ પિતા છે, બંધુ છે, ધર્મથી જ સ્વર્ગ અપવર્ગનાં સુખ મળે છે, ધર્મથી જ આપદા ટળે છે. માટે મારે ધર્મ જ એક સેવ્ય હો.' એમ વિચારી ધર્મ વધાર્યો.

સુલસાએ આ શું વિષક્રિયા કરી ? ના, એણે આ નિમિત્તે ધર્મશ્રદ્ધા વધારી કે 'બધું સારું મનગમતું ધર્મથી જ થાય' ને પછી ધર્મશ્રદ્ધાને પુષ્ટ કરે એવી ધર્મપ્રવૃત્તિ વધારી.

પુણ્યના ચમત્કાર જોઇ, પુણ્ય ધર્મથી જ મળે માટે, પુણ્ય વધારવાનું લક્ષ રાખવાનું પુણ્ય વધારવા તરફ લક્ષ એટલે મન-વચન-કાયામાં જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં પાપને કાઢી ધર્મને દાખલ કરવાનું. વાણીમાં ઉગ્રતા આવવાનું લાગે છે તો ઝટ ત્યાં મૃદુતા-નમ્રતા ગુણાનુવાદ લાવવાના. એવું વિચારણામાં લાવવાનું. દુનિયાની વાતો ઉઠવા જાય, ત્યાં તરત જ મનમાં સ્વાધ્યાયના પદાર્થ, સારાં સ્તવન-સજ્ઝાયના પદાર્થ, કોઇ તીર્થયાત્રાઓ, યા વૈરાગ્યાદિની ભાવના ઊભી કરવાની.

### શ્રીવિજય-અશનિઘોષનું યુદ્ધ

શ્રીવિજયના પુણ્યોદયને લીધે એને બચાવ મળી ગયો. હવે સુતારાને છોડાવી

લાવવા માટેની મોટી ચિંતા છે, પરંતુ આવેલ વિદ્યાધર શ્રીવિજયને એમના સાળા અર્થાત્ સુતારાના ભાઇ અમિતતેજ વિદ્યાધર પાસે લઇ જાય છે. ત્યાં શ્રીવિજય બધી હકીકત કહે છે. એ સાંભળીને અમિતતેજ પોતાની બેન સુતારાનું હરણ કરી જનાર અશનિઘોષ વિદ્યાધર પર ગુસ્સે થઇ જઇ દૂતને અશનિઘોષ પાસે મોકલે છે.

અભિમાની અશનિઘોષ એમ શાનો માને ? દૂતનો તિરસ્કાર કરીને એને એણે કાઢી મૂક્યો. દૂત આવીને અમિતતેજને વિગત કહે છે એટલે અમિતતેજે શ્રીવિજયને બે વિદ્યા આપી, સાથે સહાયમાં પોતાના પુત્રો સહિત સેના આપી ને અશનિઘોષ સામે યુદ્ધ કરવા મોકલ્યા, અને પોતે મહાજ્વાલા વિદ્યા સિદ્ધ કરવા હિમવંત પર્વત પર ગયો. અહીં યુદ્ધમાં અંતે શ્રીવિજય અને અશનિઘોષ સામ સામા આવી ગયા, એમાં શ્રીવિજય જ્યાં એના પર ઘા કરે છે ત્યાં અશનિઘોષ વિદ્યાથી બે રૂપ કરે છે, શ્રીવિજય ફરીથી ઘા કરતાં ચાર રૂપ, એમ ૪ ના ૮, ૮ ના ૧૬, એમ કરતાં ૧૦૦ રૂપ કર્યાં.

**અમિતતેજથી અશનિઘોષ ભાગે છે–**

ત્યાં રાજા અમિતતેજ વિદ્યા સાધીને આવતાં આ જોઇ બળવાન મહાજ્વાળા વિદ્યાને 'જા, અશનિઘોષને પકડીને લઇ આવ', એમ આદેશ કરીને છોડે છે. બળવાન વિદ્યા આવી ત્યાં અશનિઘોષ ભય પામીને રૂપ સંકેલી ભાગ્યો. ભાગતો ભાગતો એક તીર્થસમા મંદિરમાં શ્રી ઋષભદેવ ભગવાનનાં ચરણ પકડી બેસી ગયો.

જુઓ સંસારની વિચિત્રતાઃ અશનિઘોષ દિવ્ય વિદ્યાઓનો સ્વામી વિદ્યાધર રાજા, એટલે આ પૃથ્વી પરના વિદ્યાઓ રહિત રાજા શ્રીવિજય કરતાં વિદ્યાઓના જોર પર અધિક બળવાન. તેથી શ્રીવિજયને હંફાવી રહ્યો હતો. પરંતુ હવે એનાથી બળવાન વિદ્યાધર રાજા અમિતતેજ સામે આવી ગયો એટલે અમિતતેજે છોડેલી બળવાન વિદ્યા આગળ ક્યાં ઊભો રહે ? તેથી એને ભાગવું પડ્યું ! એટલે ?

**નબળા પર સવાર થવું એ આ સંસારની વિષમતા છે.**

માણસની માણસાઇ નબળાને સહાયક થવામાં છે, નબળાનું રક્ષણ અને પાલન કરવામાં છે, પરંતુ કુટિલ સ્વભાવનો સંસાર એમ કરવા દેતો નથી. ખૂબી પાછી એ છે કે એવી નબળા પર સવારી લઇ જવાની ધિટ્ઠાઇ તો કરી, અને એના પર જાતની વડાઇ માની, પરંતુ એ ભાન નથી રહેતું કે 'કદાચ આ જ જનમમાં, અથવા જનમ પૂરો થયા પછી તો નિશ્ચિત એ વડાઇનો અંત આવી જાય છે'. જો આ ખબર રહે તો તો એવી ખોટી નાશવંત વડાઇ લેવા માટે નબળા પર શિરજોરી કરતાં





વિચાર થઇ પડે.

**સંસાર એટલે નબળા પર તવાઇના સમારંભો–**

જીવ સંસારમાં અનંત અનંત કાળથી કેમ ભટક્યા કરે છે ? વડાઇ લેવા કે બીજો પોતાનો સ્વાર્થ સાધવા નબળા પર તવાઇ લઇ જાય છે માટે. ઘર સંસાર માંડી બેઠા છો એમાં શું ચાલી રહ્યું છે ? અસંખ્ય અસંખ્ય સ્થાવર જીવોના સંહાર ! અગ્નિ, પાણી, વાયુ વગેરેના કેટલાય જીવોની હિંસાથી ભરેલા આરંભ-સમારંભો ચાલી રહ્યા છે ને ? એ સ્થાવર જીવો પર તવાઇ છે. કેમ એ ચાલી રહી છે ? કહો, એ જીવો નબળા છે માટે. હમણાં જો એ સબળા હોત, સામે ઘા કરે એવા હોત, તો એના પર તવાઇ લઇ જાત ખરા ?

આંબાના ઝાડ પરથી કેરી લેવા માણસ એના પર પથ્થર મારે છે, પરંતુ જો પથ્થર મારતાં જ ઝાડ પોતાનું ડાળખું માણસના માથામાં મારતું હોત તો માણસ એને પથ્થર મારવા જાત ? શાકને છરીથી કાપવા લેતાં જ જો શાક હાથને બચકું ભરવાનું હોત કે હાથને એનો સ્પર્શ થતાં જ તીવ્ર બળતરા ઊભી થવાની હોત, તો એને કાપવા હાથમાં લેત ખરો ? એમ પાણીને અગ્નિ પર મૂકવા જતાં જ પાણી ઉછળીને નાકમાં ઘૂસી જતું હોત, તો શું માણસ પાણીને અગ્નિ પર મૂકવા જાત ખરો ?

પરંતુ પાણી-અગ્નિ-વનસ્પતિ વગેરેના જીવો આવું કશું કરી શકતા નથી એ એની નબળાઇ છે. તો એ નબળા છે માટે જ એના પર તવાઇ ને ? એના સંહારમય અગણિત આરંભ-સમારંભ ને ? શા માટે આ બધું ? કહો સ્વાર્થ સાધવા.

એમાંય એકલા સ્વાર્થ એટલે કે સ્વની જરુરિયાત પૂરતો જ જીવ હિંસામય આરંભ-સમારંભ કરતો હોત, તો ય સારું, પણ ના એ જીવોની એને પરવા નથી, નબળા પર તવાઇ લઇ જવામાં રાક્ષસપણું લાગતું નથી, એટલે જરૂર વિના પણ મોહના અંધાપામાં મફતિયા તવાઇ લઇ જવાય છે, નિરર્થક આરંભ સમારંભો થાય છે !

હાથ ધોવા માટે પાણી તો ૨-૪ આંગળાની જરૂર હોય છે, પણ નળ ખુલ્લો મૂકી એની નીચે હાથ ધરીને કેટકેટલું પાણી ઢોળાય છે ! પાણી એટલે એના બિંદુએ બિંદુએ અસંખ્ય સ્થાવરકાય જીવો, ને એમાં વળી અણગળ પાણી એટલે એ બિંદુ બિંદુમાં હજારો પોરા જેવા ત્રસ જીવો. કેમ આના પર આટલી તવાઇ ? એ આપણા કરતાં નબળા છે માટે જ ને ? સંસારની આસક્તિવશ ચારિત્ર નથી લેવાતું અને અલબત્ત, સંસારમાં સ્વાર્થ સાધવા છે એટલે સ્વાર્થનાં કામ માટે સ્થાવરકાય જીવોની હિંસાના આરંભ-સમારંભ થાય એ બને, પરંતુ એમાં ખાસ જરૂર પૂરતા

મર્યાદિત આરંભ-સમારંભ થાય ? કે બેફામ આરંભ-સમારંભો થાય ? મનને વિચાર જોઇએ કે-

**સંસાર ભયંકર છે, કેમકે એમાં નબળા પર તવાઇ લઇ જવી પડે છે.**

પત્ની પર પતિ રોફ મારે છે, દીકરા પર બાપ રોફ મારે છે, ને આજે સારું રળતા-કમાતા દીકરા બાપ પર રોફ મારે છે ! પ્રધાનો અને સરકારી અમલદારો પ્રજાના સંરક્ષક અને પાલક ગણાય, એ પ્રજા પર રોફ મારે છે. શેઠ નોકર પર પાવર ચલાવે છે. શું છે આ બધું ? નબળા પર તવાઇ. સાંસારિક જીવનના અઢળક આરંભ-સમારંભોમાં અસંખ્ય સ્થાવરકાય જીવોના અને જાણ્યે અજાણ્યે માપ વિના ત્રસ જીવોના સંહાર થાય છે, એ પણ નબળા જીવો પર તવાઇ છે.

'એક તો સંસારમાં અલબત્ત, આના વિના ચાલતું નથી, પરંતુ એમાં વળી જ્યાં એ નબળા પર તવાઇ જરૂરી નથી, ત્યાં પણ પ્રમાદથી, શોખથી કે બિનગરજ બેપરવાઇથી શા માટે વધુ આરંભ-સમારંભો કરી વધુ હિંસા, નબળા પર વધુ તવાઇ મારે કરવી ?' આ વિચાર જો હોય તો જીવન પાપમાં મર્યાદિત થઇ જાય, જીવનમાં પાપો મર્યાદિત થઇ જાય.

અશનિઘોષ પાસે વિદ્યાઓનું બળ હતું, શ્રીવિજયરાજા પાસે એ નહિ, એટલે અશનિઘોષે નબળા પર તવાઇ ચલાવેલી, પરંતુ હવે જ્યાં અમિતતેજ વિદ્યાધર સમ્રાટની મહાજ્વાલા વિદ્યા એના પર છૂટી, એટલે એ બળવાન વિદ્યા આગળ શું કરે ? ભાગવું પડ્યું. ભાગીને મહાબળવાન તીર્થંકર ભગવાનનું શરણું લેવું પડ્યું.

નબળા પર તવાઇ ક્યાં સુધી ચાલે ? પોતાનાથી બળવાનના સપાટામાં પોતે નથી આવ્યો ત્યાં સુધી અને મૃત્યુ તો સૌના માથે બળવાન, એટલે એનો સપાટો લાગતા મોટા ચક્રવર્તીનાં પણ પાણી ઉતરી જાય ! અને પછી કર્મસત્તા બળવાન, તે ચક્રવર્તીપણામાં ઠેઠ સુધી નબળા પર જે તવાઇઓ કરી હોય એના ભયંકર નતીજા એ કર્મસત્તા દેખાડે છે ! એટલે જ વિચારવા જેવું છે કે જ્યારે બળવાન મૃત્યુ અને કર્મસત્તાની તવાઇ આપણા પર આવે જ છે, તો શું જોઇને નબળા પર આંખ મીંચીને તવાઇઓ લઇ જવી ?

**બળવાન કર્મસત્તાની તવાઇ મારા માથે છે એ જો ભાન રહે તો નબળા એકેન્દ્રિયાદિ જીવો પર તવાઇ લઇ જવી પડે એવા રંગરાગ મોજશોખ અને બેપરવાઇભરી પ્રવૃત્તિઓ ઓછી થઇ જાય**

અશનિઘોષ પાછળ પડેલી વિદ્યા જ્યાં જુએ છે કે આ તો પ્રભુનાં શરણે





પહોંચી ગયો છે, તો તો એને હવે ત્યાંથી કેમ ઘસડાય ? એમાં તો ભગવાનની અવગણના થાય કે 'તમે પ્રભુ ! ગમે તેવા શરણ આપનારા, પણ હું તમને ગણતી નથી. હું તો તમારા શરણમાંથી પણ આને ઘસડી જઇશ.' આવી પ્રભુની અવગણના કેમ કરાય ? એટલે વિદ્યા ત્યાંથી પાછી વળીને આવી અમિતતેજ રાજા પાસે, ને રાજાને બધી વિગત કહી. રાજા પણ સમજદાર છે તે એ પણ શાનો વિદ્યાને કહે કે 'તું ત્યાંથી પણ અશનિઘોષને અહીં ઘસડી લાવ ?'

પ્રભુની અવગણના ન કરવા પર દેવતાઓ અને વિદ્યાધરો જેવાને યે કેટલી સાવધાની અને મક્કમતા ! અથવા, એમ કહો, કે-

**પુણ્યના યોગે ઊંચો હોદ્દો મળે એટલે ઊંચો વિવેક આવે છે.**

જુઓ, દેવલોકમાં ઇન્દ્રને સિંહાસન કંપવાથી અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જોતાં જ્યાં ખબર પડે છે કે 'તીર્થંકર ભગવાનનો જીવ માતાના ઉદરમાં આવ્યો છે,' એટલે એ ઇન્દ્ર તરત જ સિંહાસન પરથી ઊભો થઇ જાય છે, અને ૭-૮ ડગલાં આગળ જઇને ઢીંચણીએ પડી શક્રસ્તવથી પ્રભુની સ્તુતિ અને વંદના કરે છે ! કેવો સરસ વિવેક ! દેવોની સભા ભરેલી છે છતાં પોતાને આ રીતે કરતાં શરમ નથી લાગતી, કેમકે એ સમજે છે કે 'આ મારા અને જગતના તારણહારનો જન્મ થયો છે' એટલે એને આનંદનાં પૂર ઉછળ્યાં છે. વળી એમની આગળ પોતાનું કોઇ જ માનવંતુ સ્થાન દેખાતું નથી, તેથી નીચે ઊતરીને પ્રભુની સ્તુતિ કરતાં સભાના દેવતાઓ આગળ ક્ષોભ શાનો ? કે શરમ શાની નડે ? પોતાનું મહાનપણું લેશમાત્ર પોતાને ન દેખાતું હોય, તો પ્રભુની નીચે ઉતરીને વંદના-સ્તુતિ કેમ ઊલટભેર ન થાય ?

અહીં ખૂબી જુઓ, સ્તુતિ પછી પાછા સિંહાસને બેસી દેવતાઓને પ્રભુનાં ચ્યવનની જાણ કરે છે, ત્યાં દેવો કાંઇ ઇન્દ્રની માફક એ રીતે ઘૂંટણીએ પડી પ્રભુની સ્તુતિવંદના કરવા નથી બેસી જતા, એ તો માત્ર ઇન્દ્ર કરે છે. એ સૂચવે છે કે-

**પ્રાયઃ વિશિષ્ટ પુણ્યના ઉદયે ઊંચા હોદ્દે રહેલાનો સહેજે વિવેક ઊંચો હોય છે.**

**ઉચ્ચ પુણ્યશાળીને વિવેક સહજ શાથી ?**

પરંતુ આ પરથી એમ નથી માનવાનું કે ત્યારે આપણો એવો ઊંચો હોદ્દો, ઊંચું પુણ્ય ન હોય તો આપણે ઊંચો વિવેક ન કરી શકીએ. અલબત્ત, એવું ઉચ્ચ પુણ્ય લઇ આવ્યા હોય એમને એ ઊંચું પુણ્ય પૂર્વે ઉપાર્જિત થવામાં કારણભૂત હોય છે સારો વિવેક. કેમકે અહીંનું ઉચ્ચ પુણ્ય કહે છે કે પૂર્વ જનમમાં એમણે સારો ધર્મ

સાધેલો, ને તે એ વિવેક કરીને કે 'સંસાર અસાર છે ને ધર્મ સારભૂત છે, તેથી સંસારનાં ખાનપાન-મોજ વગેરે અસાર અને ત્યાગ, તપસ્યા, કષ્ટ તથા દાન-શીલ-તપ-ભાવનારૂપ ધર્મ જ સારભૂત' આ વિવેક હતો. તેથી મનમાન્યા ખાનપાનાદિનાં સુખ છોડી ઉચ્ચ કોટિનો ત્યાગ, તપ, દાન વગેરે ધર્મ કર્યો અને ઉચ્ચ પુણ્ય ઊભું કર્યું. એ પુણ્યે અહીં ઊંચા માલ-માનસન્માન-સત્તા વગેરે આપ્યું. આના ઉપરથી ઉચ્ચ પુણ્ય હોવાનું અનુમાન થાય, ને એ ઉચ્ચ પુણ્ય પરથી અનુમાન થાય કે એની પાછળ પૂર્વ જનમમાં સાધેલો ઊંચો ધર્મ અને ઊંચો વિવેક કામ કરી ગયો. હવે જેમ ધર્મજનિત પુણ્ય અહીં આવ્યું એમ વિવેકજનિત સંસ્કાર પણ અહીં આવ્યા. પૂર્વના વિવેકના આ સંસ્કારથી અહીં સહેજે ઊંચો વિવેક પ્રગટે એ સ્વભાવિક છે.

## પૂર્વના સંસ્કાર વિના શી રીતે વિવેક આવે ?

આ તો પૂર્વના વિવેકના સંસ્કારથી બન્યું, પરંતુ પૂર્વે વિવેક શી રીતે જાગ્યો ? શું એની પૂર્વના ભવના વિવેકના સંસ્કારથી ? એવો કોઇ નિયમ નહિ કે 'પૂર્વના ભવે પણ વિવેક અને ધર્મ, એની પૂર્વના ભવના વિવેકના ને ધર્મના સંસ્કારથી જ પ્રગટેલા'. ના, આ નિયમ નહિ. કેમકે એવો નિયમ માનવા જતાં તો પછી એની પૂર્વ ભવે વિવેક અને ધર્મ શી રીતે ? વળી એનાથી ય પૂર્વભવે શી રીતે ?...બધે જ પૂર્વ પૂર્વના વિવેકધર્મના સંસ્કારથી કહેવા જતાં ઠેઠ અનાદિ કાળથી વિવેક અને ધર્મ માનવા પડે. પરંતુ એવું નથી, અનાદિ કાળમાં તો જીવ અનંતાનંત પુદગલ પરાવર્ત કાળ સૂક્ષ્મ નિગોદમાં શૂન-મૂન જેવો હતો, એમાં એને અતિ અલ્પ ચૈતન્ય જ પ્રગટ હતું, જેમાં કશી જ ધર્મબુદ્ધિ કે વિવેકબુદ્ધિ હતી નહિ. એટલે કહેવું પડે કે જ્યારે ને ક્યારે ય વિવેક અને ધર્મ પ્રથમવાર જ પ્રગટ થાય છે એ શી રીતે પ્રગટ થાય ? કહો,

**તેવું ઉપદેશાદિનું નિમિત્ત મળતાં જીવ પુરુષાર્થથી વિવેક અને ધર્મ પ્રગટ કરી શકે.**

## ભૂલશો નહિ, આત્માના સઘળા ગુણો પુરુષાર્થથી પ્રગટ કરવાના છે.

એનું કારણ સ્પષ્ટ છે-જીવની ઉપર કર્મનાં આવરણ ચડેલાં છે, એ આત્મામાં રહેલા ગુણોને છારી દે છે, ઢાંકી દે છે. કહો, આવરણ-કર્મોના ઉદયથી ગુણો ઢંકાયા રહે છે, તો એ પ્રગટ ક્યારે થાય ? એ કર્મો તૂટે ત્યારે થાય. એ તોડવા માટે પુરુષાર્થ જ કરવો પડે. કોઇ પુણ્ય એવું નથી કે એ પુણ્યના ઉદયથી આ કર્મ તૂટે. પુણ્યના ઉદયથી તો મનુષ્યભવ, દીર્ઘ આયુષ્ય, આરોગ્ય વગેરે મળે. અરે ! ઠેઠ દેવગુરુનો





સંયોગ અને ગુરુનો ઉપદેશ પણ પુણ્યથી મળે. પરંતુ ઉપદેશ સાંભળી ય લીધો ને સમજીય લીધો, હવે ક્યું પુણ્ય એવું છે કે જે ગુણ પમાડે ? જે પેલા ગુણને ઢાંકનારા કર્મને તોડે ? કોઇ એવું પુણ્ય નથી. હવે તો સદ્‌વિચારણાના પુરુષાર્થથી એને તોડવું પડે, શુભ ભાવ જગાડવાનો પુરુષાર્થ કરવો પડે, એથી ગુણ આવારક કર્મ તૂટીને ગુણ પ્રગટ થાય.

ઇંદ્રભૂતિ ગૌતમે શું કર્યું ? એ તો મહાવીર ભગવાન સાથે વાદવિવાદ કરવા આવ્યા હતા, પરંતુ ભગવાને એમના દિલનો ગુપ્ત સંશય કહી આપ્યો, અને એ સંશય પડવાનું જે કારણ હતું-વેદપંક્તિનો ખોટો અર્થ કરતા હતા-તેનો પ્રભુએ સાચો અર્થ બતાવ્યો, એટલે સંશય મટી ગયો. સાથે સાથે આત્મા એક સ્વતંત્ર પદાર્થ હોવાના અનેક પ્રમાણ-પુરાવા મળ્યા. હવે આટલું મળવા પર એ સાધુ શી રીતે થઇ ગયા ? શું કોઇ પુણ્યનો ઉદય થયો ? ના, એ તો એમણે એના પર સુયોગ્ય વિચારણા કરવાનો પુરુષાર્થ કર્યો, એના પર વૈરાગ્યગુણ પ્રગટ્યો-આવો સદ્‌વિચારણાનો પુરુષાર્થ ન કર્યો હોત, તો તો સંશય નિરાકરણ થયા પછી ભગવાનને કહેતઃ 'આપનો બહુ આભાર માનું છું, આપે મારો સંશય ફેડવા કૃપા કરી. લ્યો હવે રજા લઉં છું, કેમકે યજ્ઞનાં કાર્ય ઊભાં છે.'

શું ઇંદ્રભૂતિજીએ આવું કહ્યું ? કહીને ચાલતા થયા ? ના, તો શું ભગવાને ફોર્સ કર્યો, દબાણ કર્યું'' ખરું કે 'મેં તમારો સંશય ફેડ્યો છે માટે તમે હવે બેસી જાઓ, લઇ લો આ સાધુપણું ?' પ્રભુએ આવો આગ્રહ કર્યો ? ના, છતાં ગૌતમ આપમેળે ત્યાં બેસી ગયા. ચાલી ગયા હોત તો તે મોહનીય કર્મના ઉદયે પરંતુ ચાલી ન જતાં ત્યાં પોતે જ બેસી ગયા, ચારિત્ર માંગી લીધું, એ શાના પ્રતાપે ? એ જ કહેવું પડે કે સદ્‌ભાવનાના પુરુષાર્થથી આવરણ કર્મને તોડ્યાં, એટલે વૈરાગ્ય અને ચારિત્રના ગુણ પ્રગટ થયા. લોકમાં કહેવાય છે,

**ચાકરી વિના ભાખરી ન મળે.**

એમ અહીં કહેવાય,

**પુરુષાર્થ વિના શુભ ભાવ અને ગુણ પમાય નહિ.**

તો વિવેક આવવા માટે પણ પુરુષાર્થ જોઇએ.

**મનુષ્યભવની મહત્તા આવા ગુણના અને શુભ ભાવના પુરુષાર્થ કરવામાં છે.**

**એમ કહેતા નહિ કે-**

પ્ર. પુરુષાર્થ ઉદ્યમ તો કાયાથી કાંઇક કરીએ તે ગણાય, મનથી ઉદ્યમ શો ?

ઉ. ઉદ્યમ-પુરુષાર્થ ત્રણેથી હોય-મનથી, વચનથી અને કાયાથી. કેમ કે સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને ત્રણ યોગ છે. મનોયોગ, વચનયોગ અને કાયયોગ.

**એમાં યોગ શું છે ?**

આત્માના વીર્યગુણના સ્ફુરણના સહારે થતી મન, વચન કે કાયાની પ્રવૃત્તિ આત્મામાં જેમ જ્ઞાનગુણ છે, એમ વીર્યગુણ છે. જ્ઞાનગુણ સ્ફુરાયમાન થાય ત્યારે ઉપયોગ-બોધ પ્રગટ થાય છે એ કોઇપણ વિષયના આલંબને પ્રગટ થાય છે. એમ વીર્યગુણ સ્ફુરાયમાન થાય એ મનના વચનના કે કાયાના આલંબને થાય છે, એથી એ વીર્યના સહારે જેમ કાયાની પ્રવૃત્તિ થાય છે એમ વચનની પણ પ્રવૃત્તિ અને મનની ય પ્રવૃત્તિ થાય છે.

**કાયયોગ કરતાં મનોયોગ-વચનયોગમાં વિશેષ-**

એમાં કાયયોગ કરતાં વચનયોગ-મનોયોગમાં આ વિશેષ છે, કે કાયા અને એના અવયવો તો બનેલા તૈયાર છે. એટલે હવે વીર્યના સ્ફુરણથી એમાં હિલચાલ દેખાય છે, એ કાયયોગ છે, ત્યારે વચન અને મન તૈયાર નથી કે જેમાં હિલચાલ થાય. પરંતુ જીવ પહેલાં કાયયોગના વીર્યથી ભાષાવર્ગણાના કે મનોવર્ગણાના પુદ્‌ગલ ગ્રહણ કરે છે, પછી એનું જીવના વીર્યથી જે વચનરૂપે કે મનરૂપે પરિણમન અને વિસર્જન થાય, અર્થાત્ ભાષા બોલાય કે વિચારણા કરાય, અર્થાત્ વાણી ઉચ્ચારણ કે ચિંતન કરાય એ પેલા ભાષા કે મનના પુદ્‌ગલોની હિલચાલ છે, ને તેમાં વચનયોગનો પુરુષાર્થ કે મનોયોગનો પુરુષાર્થ કામ કરે છે. આ હિસાબે...

**વાણી અને વિચારણામાં સમાન પુરુષાર્થ છે, ભાષાના પુદ્‌ગલથી વાણીનો અને મનના પુદ્‌ગલથી વિચારણાનો પુરુષાર્થ.**

મૂળમાં આત્માના વીર્યગુણનું સ્ફુરણ કામ કરે છે. એના સહારે જેમ ભાષાના પુદ્‌ગલ લઇને વાણીની પ્રવૃત્તિ થાય છે, એમ જ મનના પુદ્‌ગલ લઇને વિચારણાની પ્રવૃત્તિ થાય છે. એકમાં વચનયોગ, ને બીજામાં મનોયોગ કામ કરે છે. બંને આત્માના વીર્યને, પુરુષાર્થને, ઉદ્યમને આધીન છે. એટલે જ જેવી રીતે આત્મા ધારે તે રીતની વાણીનો ઉદ્યમ ચકાવે છે. એમ ધારે તે રીતે વિચારણાનો ઉદ્યમ ચકાવી શકે છે. એટલે તો દેખાય છે કે કોઇની સામે હલકા વચનનો પ્રયોગ થઇ ગયો પણ પછી ખ્યાલમાં આવ્યું કે આ તો આપણા લાભની વાત કરનાર છે, કે કરવાં માંડે છે, તો તરત જ ઉમદા વચન કાઢી અને રીઝવવા મથાય છે, તે એક જ નહિ પણ અનેક ઉમદા





વચન કાઢવા મથાય છે. આ મથામણ એ શું છે ? આત્માનો ઉદ્યમ, પુરુષાર્થ, વીર્યનું સ્ફુરણ. બસ એ જ રીતે...

**ઉચ્ચારણની જેમ જ વિચારણાનું છે. એમાં પણ આત્મા ધાર્યા મુજબ પોતાના વીર્યનું સ્ફુરણ કરવા સ્વતંત્ર છે.**

એટલે ? જેમ બોલવામાં આપણે સ્વતંત્ર છીએ, આપણે ધારીએ તે બોલી શકીએ છીએ, એમ ધારીએ તે વિચારી શકીએ છીએ-દા.ત. સામાને 'આવો' ય કહી શકીએ છીએ, અને 'પધારો' ય કહી શકીએ છીએ, અને જરુર પડ્યે 'ચાલ્યા જાઓ અહીંથી' ય કહી શકીએ છીએ. મૃદુ ટોનમાં ય બોલી શકીએ ને કર્કશ ટોનમાં ય બોલી શકીએ એટલે જેમ ઉચ્ચારણમાં શું બોલવું, કેમ બોલવું, એમાં આપણે ધારીએ એ રીતે બોલવા સ્વતંત્ર છીએ, એ જ રીતે વિચારણામાં ધારીએ એ અને ધારીએ એ રીતે વિચારવામાં સ્વતંત્ર છીએ. દા.ત. આપત્તિમાં કર્મવિપાક વિચારી શકીએ એ દીન બન્યા વિના વિચારી શકીએ-પણ એમ નહિ કે 'શું કરીએ ? આપણાં કર્મ એવાં'.

**વાણી સ્વાતંત્ર્યનો દાખલો-**

વાણીનું સ્વાતંત્ર્ય જુઓ. સંન્યાસીની એક જમાત હતી, એનો વડો ગુરુ સારો દેખાવડો અને વિદ્વાન હતો એટલે મોટા શેઠિયા અને રાજાઓ પર પણ એનો પ્રભાવ પડતો હતો. પરંતુ એકવાર કોઇ જજમાનનો બહુ આગ્રહ થયો ને આગ્રહ-વશ ખૂબ ખવાઇ ગયું. રાતના શૂળ ભારે ઉપડી ને હૃદય પર એના તીવ્ર આઘાતથી હૃદય બંધ પડતાં એ મરી ગયો.

પ્ર- આયુષ્ય તો લાંબુ હોય અને એટલામાં મરે ?

ઉ. હા, સોપક્રમ આયુષ્યમાં મર્મસ્થાન પર ચોટ લાગી જાય તો આયુષ્ય પર ઉપક્રમ લાગે, ધક્કો લાગે ને બાકીનાં આયુષ્યદળિયાં તરત જ બધા એકી સાથે ભોગવાઇ જાય, આયુષ્ય ક્ષય પામી જાય અને માણસનું મૃત્યુ થઇ જાય.

**સોપક્રમ આયુષ્યના હિસાબે આહાર-વિહારમાં આ સાવધાની રાખવાની કે ક્યાંય ખોટું સાહસ ન થઇ જાય.**

દા.ત. રસ્તા પર મોટી તોતિંગ મોટર આવતી હોય, રસ્તો ઓળંગવો હોય પણ આજુબાજુ જોયા વિના હડપ ઓળંગી જવાનું સાહસ કરવા જાઓ, તો સંભવ છે કે મોટરથી અકસ્માત ભારે થઇ જાય ને આયુષ્ય પર ઉપક્રમ લાગતાં બાકીનું આયુષ્યકર્મ બધું ત્યાંજ પૂરું ભોગવાઇ જઇ ક્ષય પામે ! અને મોત આવીને ઊભું રહે ! આ વિહારમાં સાહસનું ફળ.

એમ, આહારમાં સાહસ કરવા જાય તો પેલા સંન્યાસી ગુરુ જેવું થાય

ત્યારે પહેલી ઉમરમાં બહુ મીઠાઇ ખાવી, કે સાદું પણ ભોજન રોજ ને રોજ વધારે પડતું ખાધ્યે રાખવું, એ પણ એક પ્રકારનું ખોટું સાહસ છે. એમાં શું થાય છે ? મીઠાઇથી હોજરીના પાચક રસો નબળા પડી જાય છે. ને અતિ આહારથી હોજરી-આંતરડાં વધુ પડતા તણાઇ પહોળાં થઇ નબળાં પડી જાય છે. બંનેમાં હૃદય પર જોર આવે છે, પછી પાછલી ઉંમરમાં ખાધું પચતું નથી ને ખાધા વિના રહેવાતું નથી. એનું પરિણામ હૃદય નબળું પડતું જાય. એમાં ક્યારેક સહેજ બીમારી આવે એ નબળા હૃદયને અસહ્ય બનતાં આઘાત લાગીને આયુષ્ય પર ઉપક્રમ લાગી જાય છે, ને હૃદય બંધ થતાં મોત આવે છે.

એમ અતિ કામી માણસો ય વહેલા મરે છે, કેમકે એમાં પણ એક બાજુ હૃદય અને ફેફસાં પર બહુ જોર આવ્યા કરવાથી એ નબળા પડતાં જાય છે ને બીજી બાજુ વીર્યનો વધુ પડતો નાશ થતો જાય છે. વીર્ય તો શરીરનો રાજા છે. એ જ ક્ષીણ થતો જાય પછી શરીર કેટલું ટકવાનું ? આમ આગળ જતાં હૃદય-ફેફસાં-વીર્ય વધુ પડતાં નિર્બળ થઇ જવાથી જ્યાં એકાદ એવી બીમારી આવી કે એ હૃદયને અસહ્ય થઇ પડતાં હૃદયઘાત, આયુષ્ય પર ઉપક્રમ, અને ભાઇ પરલોક રવાના !

પેલો સંન્યાસી ગુરુ વધુ પડતા ભારે આહારથી પેટમાં શૂળ ઉપડીને હૃદયાઘાત થતાં મરી ગયો. જજમાનની શરમ રાખી શો ફાયદો થયો ? અમૂલ્ય માનવજનમ ગુમાયો !

**જનમ હાથમાં હોત તો તો કેટલું ય સારું સધાત.**

**માનવજનમ એ સુકૃતોની ખાણ છે.**

એ હિસાબે જનમ લાંબો ચાલતાં એમાં કેટલાંય સત્કૃત્યો ને સાધનાઓ કરી શકત. એથી આત્માને બહુ ઊંચો લાવી શકત. પણ એ બધું કરવાની તક જજમાનની શરમમાં પડી વધુ પડતું ખાઇને મરી જતાં ગુમાવી ! આવી શરમ કેવી ? ભયંકર ગોઝારી જ ને ? એવી શરમમાં તણાવુ એમાં બુદ્ધિમત્તા કે બુધ્ધુપણું ? એમાં વિવેક કે મહા અવિવેક ?

માણસ સમજે છે કે કોઇની શરમ રાખીએ એ વિવેક છે. પરંતુ એને ખબર નથી કે જ્યાં ને ત્યાં શરમમાં પડવું એ વિવેક નથી.

**જે શરમની પાછળ મહા ભયસ્થાન હોય એવી શરમ રાખવી એ અવિવેક છે.**

એટલા માટે તો કામાંધ સસરા કે જેઠની એવી શરમમાં તણાતાં બાઇને શીલ ગુમાવવાનું થાય છે. ખોટી શરમ રાખવા પહેલાં ભયસ્થાન સમજી રાખવું





જોઇએ, એથી ભડકવું જોઇએ, તે જ ખોટી શરમનું અનુચિત સેવાકાર્ય કે એકાંત મિલન ન થાય, ભલે પછી સામાને ખોટું લાગે એની પરવા નહિ કરવાની.

અનુચિત આહાર-વિહારનાં મોટાં ભયસ્થાન દેખીને ખોટી શરમમાં ન પડવું. પેલો સંન્યાસી ગુરુ જજમાનની ખોટી શરમમાં ના કહી શક્યો નહિ, એણે આગ્રહથી વધુ ને વધુ પીરસેલું ખાધ્યે રાખ્યું, ને પરિણામે પેટમાં શૂળની જાલીમ વેદના થતાં હૃદયઘાત થઇને એ મર્યો.

**સંન્યાસીઓની બાહ્ય દ્રષ્ટિ**

હવે સંન્યાસી સમૂહના અગ્રણીઓ વિચાર કરે છે કે 'કોઇને હવે ગુરુસ્થાને સ્થાપવા જોઇએ, પણ કમમાં કમ એ સારો દેખાવડો, ઊંચો અને ભરાવદાર શરીરવાળો જોઇએ. તો જ એને જોતાં પ્રથમ દર્શને જ મોટા રાજા કે શેઠ શાહુકાર પર અસર પડે.' એ સન્યાસી સમૂહમાં કોઇ એવો છે નહિ, તેથી એ લોકો બહારમાં શોધવા લાગ્યા.

જોજો ગુરુ જોઇએ છે પણ 'વિદ્વાન ભલે ન હોય કિન્તુ સારો દેખાવડો જોઇએ' એમ ઇચ્છે છે. કેમ એમ ? બહારમાં દ્રષ્ટિ છે. આંતરિક દ્રષ્ટિ હોત તો એમ વિચારત કે 'સમુદાયનો વડો શાસ્ત્રોનો વિદ્વાન જોઇએ તેથી સમુદાયના સંન્યાસીઓને સારા શાસ્ત્રપાઠ ને સાચાં શાસ્ત્રીય માર્ગદર્શન આપી શકે.' પણ આ વિચાર નથી. સંન્યાસીઓનું બોધ અને માર્ગદર્શન વિના ગમે તે થાય એની ચિંતા નથી, પરવા નથી, બહારમાં છાયા પડવી જોઇએ એટલી જ ગરજ છે કેમ ? 'બહારના લોકો માનતા-પૂજતા આવે, અને મોટા રાજા કે શેઠના પર છાયા પડી હોય તો તે આશ્રય આપે. રકમ ભેટ કરે એથી આપણું શાસન ચાલે, આપણું તંત્ર ચાલે' આટલો જ ઉદ્દેશ છે.

કેટલો તુચ્છ આ ઉદ્દેશ છે ? આમાં ક્યાંય સામાના હિતનો કે પોતાના પરલોકહિતનો ઉદ્દેશ આવ્યો ? 'સામા પર છાયા પડે તો એ બિચારો આપણા હિતના બે શબ્દો સાંભળે ને ધર્મનો બોધ પામે' છે આવો કોઇ વિચાર ? ના, વિચાર આટલો જ છે કે 'સામા પર છાયા પડે તો એ માને-પૂજે, સારી રકમ ભેટ કરે, આશ્રય આપે.'

પરલોકદ્રષ્ટિ આવવી ને મુખ્યપણે રહ્યા કરવી કેટલી બધી મોંઘી છે ! દુર્લભ છે ! સંન્યાસી થવા છતાં એ ન આવે એ કેવું ? સંન્યાસીને આશ્રયની ચિંતા ? તે એમ ને એમ આશ્રય ન મળે ? પણ ભય છે, કદાચ આશ્રય ન મળે, માટે સારો દેખાવડો ગુરુ રાખો જેથી એને જોઇને સામો પ્રભાવિત થઇ જાય અને આશ્રય આપે, મુકામ આપે. આ ભય-ચિંતા સન્યાસીએ કરવાની હોય ? તે મોટા શેઠ કે

રાજા રકમ આપે એવી અપેક્ષા ધરવાની. સંન્યાસીએ જ્યાં મુકામ અને રોટલો-આ બેની ચિંતા જ નથી કરવાની, ત્યાં એની ચિંતા કરાય એટલે પરલોકની ચિંતા શી રીતે આવે ? સંન્યાસીને નહિ, તો ગૃહસ્થને ક્યાં ?

**જૈનની પરલોકપ્રધાન દ્રષ્ટિ–**

જૈનધર્મમાં તો ગૃહસ્થ શ્રાવકને પરલોક પ્રધાન કહ્યો છે. 'એ જીવન જીવે એ આ લોકને નહિ, પણ પરલોકને મુખ્ય રાખીને જીવે' એમ કહ્યું છે. આ લોકમાં એટલે કે આ જીવનમાં તો કર્માનુસાર જ મળવાનું છે તેથી એના પર મુખ્ય દ્રષ્ટિ નહિ, પરંતુ મુખ્યપણે પરલોક પર દ્રષ્ટિ તે એ રીતે કે 'અહીં જીવન જીવું પણ એમાં એવું કાંઇ ન કરું કે મારો પરલોક બગડી જાય.' એટલે જ ખાવામાં અભક્ષ્ય ત્યાગ, નોકરી વેપારમાં અનીતિ ત્યાગ વિષયસુખોમાં ઉદ્ભટતાનો ત્યાગ, અસંતોષ ભુખાળવાપણાનો ત્યાગ, વગેરે સંયમમાં રહેતા. પરલોકપ્રધાન જીવન જીવવાનું માટે જ રોજ ખા-ખા નહિ પણ તપ, કમાઇથી માત્ર જાતભોગ નહિ પણ સુકૃત પરોપકાર કરવાના, એમ માત્ર વિષયસુખો નહિ. પણ દેવગુરુની ભક્તિ.

ગૃહસ્થ જીવનમાં આ કોને બને ? માત્ર આ લોકની જ લહેર દ્રષ્ટિમાં હોય અને પરલોક હિતાહિતનો વિચાર ન હોય, એને ન બને. એ તો 'પરલોકમાં અહિત ન થાઓ, અને સારું હિત થાઓ', આ દ્રષ્ટિ મુખ્ય હોય એને બને.

જૈન ગૃહસ્થને પણ આ ચિંતા. ત્યારે અહીં આ સંન્યાસી-સમૂહના અગ્રણીઓ આશ્રય, રોટલો અને બહારમાં શોભાની ચિંતા એટલે કે માત્ર આ લોકની ચિંતા કરી રહ્યા છે. તેથી ગુરુ તરીકે સારા ઊંચા દેખાવડા અને ભરાવદાર શરીરવાળો શોધી રહ્યા છે !

**સંન્યાસી ગુરુ તરીકે ભરવાડ પર નજર**

શોધતાં શોધતાં સંન્યાસી-સમૂહને જંગલમાં એક એવો ઊંચો દેખાવડો અને ભરાવદાર શરીરવાળો ભરવાડ જોવામાં આવ્યો. અગ્રણીઓ એને જોઇને ખુશી થયા કે 'વાહ ! આપણે જોઇએ તેવો આ છે. વળી શહેરમાં કોઇ આવો રૂપાળો કદાચ મળે તો પણ એ માયાજાળમાં લુબ્ધ, સંન્યાસ શાનો લે ? ભલે ને એને મોટો ગુરુ બનાવવાની લાલચ આપીએ, પરંતુ કામવાસનાનો ગુલામ એમ શાનો લોભાય ? એ તો આ ભલો ભોળો ભરવાડ, તે સંભવ છે કે સંન્યાસી થઇ જાય. માટે એને સમજાવીએ.'

અગ્રણીઓએ ભરવાડને બોલાવી કહ્યું 'ચાલવું છે અમારી સાથે ?'

પેલો કહેઃ 'શું કામ આવું તમારી સાથે ?'





'ભગવાનનું ભજન કરવા'

ભરવાડ કહે 'તે તો અહીં કરું જ છું.'

અગ્રણી કહેઃ 'પણ આ મોહમાયા રાખીને કેટલું કરે ? અહીં તો તારે આ બકરાં સાચવવા પડે ને ? એમાં ધ્યાન રાખે પછી ભગવાનમાં ધ્યાન ક્યાંથી રહે ? વળી તું ખાય-પીએ શું ? અમારી સાથે ચાલ, તો સરખું ખાવા-પીવા મળશે અને તને અમારા બધાનો ગુરુ બનાવીશું. એટલે આ બધા તારી સેવા કરશે. તું બધાનો વડો. મોટા શેઠિયા અને રાજા સુધ્ધાં તને સલામ ભરવા આવશે !'

ભરવાડ આ સાંભળીને લલચાયો, કહે છે-તો ભલે ત્યારે લ્યો, ચાલું તમારી સાથે. હા, જુઓ, પણ હું તમારો ગુરુ.'

'હા...હા તું ગુરુ અને આ બધા તારા ચેલા'.

બસ, ભરવાડને પહેરાવી દીધાં સંન્યાસીનાં કપડાં.

માણસને ખાન-પાન-પૈસા-ટકા કરતાં માન બહુ ગમે છે. પણ માન ખતરનાક છે.

**માન ભગવાન ભુલાવે, પરલોક ભુલાવે, પરનિંદા કરાવે. અપકૃત્યો કરાવે.**

તપસ્વી તરીકેનું માન મળવાના લોભમાં ૮-૧૫ દિવસ ખાન-પાન છોડી ૮-૧૫ ઉપવાસ કરે એ શું સૂચવે છે ? આ જ-ખાનપાનના કરતાં માન વધુ ગમે છે પરંતુ માનની ભૂખ ખતરનાક પછી એ તપમાં પ્રભુનું જેટલું ધ્યાન નહિ રાખે એટલું માનનું ધ્યાન રાખશે. જોયા કરશે મારું સન્માન થાય છે ? બીજાઓ વાહવાહ કરે છે ? પ્રભુનું સન્માન-વાહવાહ ન થવાની ચિંતા નહિ. માન કેટલું ખતરનાક ! પ્રભુનું ધ્યાન ભુલાવે !

કદાચ ખાતો પીતો હશે ત્યારે આખો દિવસ માનની આકાંક્ષા નહિ. એટલે હજી ભગવાન યાદ કરશે, પરંતુ તપ કરીને માનની ભૂખમાં ભગવાન ભૂલવાનું થશે ! એવું પૈસા જમા કરી દાન કરવાના દાતાર તરીકેનો યશ મળે છે. માન મળે છે, તો માનની આકાંક્ષામાં પરલોક ભૂલે છે કેટલું ખતરનાક ! દાનના મહા ફળ પરલોક માટે જાંગડ-અકબંધ રાખવાને બદલે તુચ્છ અને તે ય નાશવંત માનની ભૂખમાં દાનને અહીં જ વટાવી લે છે !

ચારની વચ્ચે વાતો કરવા બેઠો હશે તે બીજાની નિંદા માંડશે ને પોતાની બડાઇ ગાશે ! કોઇક વાત સુણી સુણાઇ આવી હશે પણ ખરેખર નહિ બની હોય. છતાં આ સાચી બનેલી તરીકે રજૂ કરશે ! અને જૂઠનું પાપ માથે વહોરશે ! એમાં બીજા પર દોષના ખોટા આરોપ ચડાવશે ! આ બધું શા માટે ? 'ચાર સાંભળનારા

જે બેઠા છે એમને હું સારો લાગું.' એ માન મેળવવા માટે. માનની ભૂખ કેવી ખતરનાક કેવાં ભયંકર પાપ આચરાવે ?

માનની ભૂખમાં આજે જુઓ, રાજનેતાઓમાં કેવા ગજગ્રાહ ચાલ્યા ? દેશનાં કલ્યાણ સાધવાનો દાવો રાખી રાજનેતા બન્યા. ને હવે દેશનું શું થાય એ ચિન્તા આ ગજગ્રાહમાં ક્યાં રહી ? મારું માન રહેવું જોઇએ, મારી સત્તા ચાલવી જોઇએ, બસ, આ એક ધૂનમાં એવું કરવાનું કે દેશ-પ્રજા પાયમાલીના પંથે ચડે એની પરવા નહિ !

**માનની કારમી ભૂખ શું અપકૃત્ય નથી કરાવતી ?**

**કૂળવાળકનું માનની ભૂખમાં કારમું કૃત્ય**

કૂળવાળક મુનિને કોણિક રાજાએ ચડાવ્યા, ફુલાવ્યા, 'તમે તો મહાન ભવિષ્યવેત્તા, મહા પ્રભાવી ! મારાથી આ વિશાલાનગરી નથી જીતી શકાતી. કેમકે એમાં મુનિસુવ્રત ભગવાનનો પ્રભાવવંતો સ્તૂપ રક્ષણહાર છે. એ કેવી રીતે તોડી પડાય ? બીજાનું એ ગજુ નથી. ને તમારે એ કામ ચપટી વગાડવા જેટલું સહેલું છે. તો તમે મારું આટલું કામ ન કરી આપો ? તમે કરી આપો તો મહારથી તરીકે તમારો યશડંકો વાગે.'

❀ ❀ ❀ ❀ ❀ ❀

કૂળવાળક મુનિ માનમાં ચડ્યા, 'ઓહો ! એમાં શી મોટી વાત છે ? હું આમ ચપટીમાં તોડાવી આપું', એમ કહીને ગયા વિશાળામાં. જઇ જ્યોતિષવાણીથી લોકોનું આકર્ષણ કર્યું. એટલે લોકો પૂછે છે-

'જોષી મહારાજ ! આ કોણિક રાજાનો ઉપદ્રવ કેમ મટતો નથી ?'

લાગ જોઇ કૂળવાળક કહે છે, 'તમને શું કહું ? મારું જ્યોતિષ એમ બતાવે છે કે આ સ્તૂપ છે ત્યાં સુધી ઉપદ્રવ નહિ મટે.'

લોકો પૂછે, 'તો શું સ્તૂપ તોડી પડાવવો ?'

આ કહે, 'તમે એ તોડવાનો પ્રભાવ તો જુઓ, તોડવાનો પ્રારંભ કરો અને જેમ જેમ તૂટતો જાય તેમ તેમ કોણિકનું લશ્કર આઘું ભાગવા માંડ્યું જ સમજો, ને એવું થાય તો માનજો કે મારું કહેવું સાચું છે.' લોકો પર પહેલાં જ્યોતિષથી આગાહીઓ ભાખીને કૂળવાળકે વિશ્વાસ તો એવો ઊભો કરી જ દીધો હતો, એટલે હવે લોકોએ એનું આ વચન સાચું માની લીધું અને સ્તૂપ તોડાવવા મંડ્યા. બીજી બાજુ કોણિકને કૂળવાળકે કહી રાખ્યું હતું કે જેમ જેમ સ્તૂપ તૂટવાના સમાચાર ગુપ્તચર દ્વારા જાણવા મળે, તેમ તેમ લશ્કરને નગરથી આઘું ને આઘું લઇ જવું.





એટલે જ્યાં અહીં સ્તૂપ થોડોક પણ તૂટ્યો ત્યાં લોકોએ જોયું કે લશ્કર આઘું ગયું. એમ રોજ ને રોજ ચાલ્યું તેમ તેમ લોકોને શ્રદ્ધા વધવા માંડી કે 'અહો ! જ્યોતિષીની આગાહી સાચી, લશ્કર આઘું ને આઘું ખસતું જાય છે.' આ શ્રદ્ધામાં તણાયા, જોરજોરથી સ્તૂપ તોડાવવા મંડ્યા, ને માને છે કે હવે તો જ્યાં સ્તૂપ સંપૂર્ણ જમીનદોસ્ત થઇ ગયો કે લશ્કર ભાગી ગયું સમજો.

બસ, સ્તૂપને સંપૂર્ણ નષ્ટ કરી નાખ્યો. એટલે સ્તૂપના પ્રભાવે કોણિક વિશાલા ને જીતી નહોતો શકતો, તે હવે એને ફાવતું જડી ગયું, એણે લશ્કરને વેગબંધ લઇ આવી જોરથી હલ્લો કર્યો, ને વિશાલાને ખેદાનમેદાન કરી નાંખી.

થોડા માનની ભૂખમાં કૂળવાળકે આ કેટલું ભયંકર કામ કર્યું ! પવિત્ર અને પ્રભાવક એવો મુનિસુવ્રત ભગવાનનો સ્તૂપ તોડવા લોકોને ઊંધે રવાડે ચડાવ્યા, સ્તૂપ તોડાવ્યો, લોકોના ઉપર કોણિકની સેના ભૂખ્યા વરુની જેમ તૂટી પડી. આ બધાં ઓછાં ભયંકર પાપ છે ? કોણે કરાવ્યાં ? માનની ભૂખે. માનની ભૂખ કેવી કારમી !

પ્ર.- કૂળવાળક તો તપસ્વી મુનિ હતા, તો કેમ માનની ભયંકર ભૂખ લાગી ?

**માનની ભૂખનાં ૨ કારણ–**

ઉ.- એનું જીવન જોતાં બે ભયંકર પાપ એના જીવનમાં દેખાય છે. (૧) એક ગુરુનો પહેલેથી સામનો. અને (૨) બીજું, કપટશ્રાવિકા વેશ્યા સાથે બ્રહ્મચર્ય ભંગ. કૂળવાળકે દીક્ષા લીધા પછી ગુરુથી ટેઢા વર્તવાનું રાખેલું. ગુરુ તો સૌમ્ય સ્વભાવના હતા, એટલે બીજા મુનિઓ એમના પર બહુમાન-સ્વભાવવાળા હતા, પરંતુ ગુરુ છે એટલે મુનિગણને સારણા વારણા તો કરે જ, કર્તવ્યમાર્ગ ચૂકતા હોય તે યાદ તો કરાવે જ એનું સ્મારણ-સ્મારણા-સારણા તો કરે જ, તેમ અહિતના માર્ગે જતા હોય એમાંથી રોકે તો ખરા જ. વારણ તો કરે જ. બીજા મુનિઓ એ સારણા-વારણા સહર્ષ ઝીલે, પરંતુ આ વક્ર તે સામનો કરવાનું એને આવડે.

પ્ર. આવાને દીક્ષા શું જોઇને આપી હશે ?

ઉ. દીક્ષા તો એનો પ્રબળ વૈરાગ્ય જોઇને આપેલી, પરંતુ એ આવો માની, હઠાગ્રહી અને ગુરુનો જ દ્વેષી બનશે એની પહેલેથી થોડી ખબર પડે ? બધાની સામે એમ વર્તતો હોય તે તો પહેલેથી પરખાઇ જાય, પરંતુ બીજાની સાથે સીધો ચાલતો હોય એ દીક્ષા પહેલાં ગુરુ સાથે વાંકાશ બતાવે નહિ, વાંકાશ બતાવવાનો એવા પ્રસંગ પણ આવે નહિ કેમકે ગૃહસ્થ અવસ્થામાં સાધુની જેમ સારણા-વારણાના પ્રસંગ શાના આવે ? અને હોશિયર માણસને દીક્ષા લેવી છે. લેવાની ગરજ છે એટલે એકાદ પ્રસંગમાં પોતાનું પોત પણ શાનો પ્રકાશે ? આમ એની અસલી નાડ

પરખાય નહિ-એટલે એનામાં વૈરાગ્ય-વિનય વગેરે સારા ગુણો જોઇ એને ગુરુએ દીક્ષા આપી હોય. મહાપ્રભાવક યુગપ્રધાન આચાર્ય ભગવાન કાલિકસૂરિજી મહારાજ પણ વિનયરત્ન મુનિમાં ભૂલા પડી ગયા હતા ને ?

દીક્ષાની યોગ્યતા તપાસવા માટે પરીક્ષાવિધિ છે. ગુરુ એનાથી તપાસ કરે કે મુમુક્ષુ તરીકે આવેલામાં સાચો વૈરાગ્ય છે ? વિનય-નમ્રતા-આજ્ઞાધીનતા છે ? ચારિત્રનાં કષ્ટ સહી શકે એવી સહિષ્ણતા છે ? સ્વભાવ કચકચિયો, તે જેની તેની સાથે કચકચ કરે એવો નથી ને ?...આ બધું પહેલાં તપાસે, પણ તાલંબાજ માણસ હોય તે આમાંની કોઇ ત્રુટિ પોતાનામાં હોય તે દેખાવા ન દે-દીક્ષા લેવાની ગરજ છે ને ? એટલે એવી જ હોશિયારીથી વર્તે કે ખામી વર્તાય નહિ.

અલબત્ત, એનું ગૃહસ્થ-જીવન કેવું છે એની પણ જાણ મેળવવી જોઇએ. મુમુક્ષુ પોતાના બાપ સાથે ને માતા સાથે કેવો વર્તે છે, એનીય બારોબાર તપાસ કરાવાય. ત્યાં જો એમ માલુમ પડે કે બીજા કુટુંબી ભાઇ-બેન કાકા-કાકી વગેરે સાથે તો પ્રેમથી વર્તે છે, પરંતુ માતા કે પિતા સાથે કચકચિયો ચાલે છે, તો એમ જાણવા મળતાં ઊભા રહેવું પડે, દીક્ષા ન દઇ દેવાય-કેમકે સમજાય કે એ જ સ્વભાવ લઇને અહીં આવનારો અહીં બીજા મુનિઓ સાથે તો સીધો ચાલવાનો, પરંતુ ગુરુ સાથે કચકચ કરતો ચાલવાનો. પુત્રનાં લક્ષણ પારણામાંથી-એવો ટેઢો સ્વભાવ ક્યાં મૂકી આવે ? ત્યારે પૂછો-

## માતાપિતા પ્રત્યે પુત્ર કેમ બગડે છે ?

પ્ર. તે એવું કેમ બનતું હશે કે બીજા સાથે સીધો ચાલે પણ મહાઉપકારી માતા-પિતા સાથે જ વાંકો ચાલે ! વિચિત્ર નથી આ ?

ઉ. એક કારણ તો કર્મની વિચિત્રતા છે, મોહનીય કર્મ કુટિલ છે. તે જીવને વિચિત્ર વર્તાવે. બીજું એ પણ કારણ છે કે માતા-પિતાની એની પર મમતા હોય છે, એટલે મમતામાં એમનો નિઃસ્વાર્થ નીતરતા પ્રેમભર્યો વર્તાવ હોય છે. અનાદિના વક્ર અને માની જીવને એનો ગેરલાભ ઉઠાવવાનું મન થાય છે, 'માતાપિતા તો મારું ખમી ખાવાના છે ને ?' એમ સમજી ઉદ્ધતાઇ, અવિનય અને વક્ર વર્તન કરવા તરફ એ ઘસડાય છે. ત્યાં જો પહેલેથી જ માતા પિતા એ અવળચંડાઇને ડામે, તો તો સુધારાનો સંભવ છે, પરંતુ કહે છે ને 'મા તે મા ?' એટલે હૈયામાં વહી રહેલી મમતા અને પ્રેમની લાગણી એ ડામવાનું કરવા દેતી નથી. 'હશે, સમજણો થશે ત્યારે આ બાલિશતા મૂકી દેશે.' એવી ધરપત રખાવે છે. પરંતુ આ ધરપત અને આવી મમતા-પ્રીતિ ખોટી છે. સમજવું જોઇએ કે કુમળું ઝાડ જેમ વાળીએ તેમ વળે.





મોટું થઇને કડક-અક્કડ થઇ ગયા પછી ન વળી શકે. એમ બાળપણમાંથી જે સંસ્કાર સુધાર્યા તે સુધર્યા, પછી મોટો થયે સુધરવાની કોઇ આશા નહિ.

એટલે વાત આ છે કે માતા પિતાની નિઃસ્વાર્થ મમતા અને પ્રેમનો ગેરલાભ ઉઠાવી એમની જ સામે વક્ર ને અભિમાની વર્તાવ કરાય છે. માતા પિતાના પ્રેમનો ગેરલાભ ઉઠાવવાની કુટેવ લઇને એ અહીં આવે, સાધુ થાય, તો નિઃસ્વાર્થ પ્રેમ અને મમતાવાળા ગુરુની સાથે એવો જ વર્તાવ રાખે એમાં નવાઇ નથી. એટલે દીક્ષા આપતાં પહેલાં આ પણ તપાસવા જેવું છે કે માતાપિતા સાથે એનો કેવો વર્તાવ છે. સંભવ છે કે મુમુક્ષુ અંગે એવી તપાસનાં સાધન ન મળ્યાં હોય, અથવા દીક્ષા નથી લીધી ત્યાં સુધી જાણે 'શી વાત મારા ગુરુ !' એમ ખૂબ વિનય-આદરનો વર્તાવ રાખ્યો હોય, તેથી એની મૂળ સ્થિતિનો ખ્યાલ ન આવ્યો હોય, એટલે કૂળવાળકને ગુરુએ યોગ્ય જાણી દીક્ષા આપી હોય. તાલંબાજ માણસમાં ભલભલા ભૂલા પડી જાય.

વાત આ છે કે કૂળવાળક પહેલેથી ગુરુ સાથે ટેઢો, માની અને અપકૃત્ય કરનારો, પછી આગળ જતાં માનની ભૂખમાં ભયંકર કૃત્ય કરી નાખે એમાં નવાઇ નથી. એમ કહેતા નહિ કે-

## ગુરુ સાથે વક્રતામાં ઘોર અપકૃત્યનાં બીજ

પ્ર- ગુરુ સાથે ટેઢા વર્તનને આવી કારમી માનની ભૂખ અને આવાં ભયંકર કૃત્યની બુદ્ધિ સાથે શો સંબંધ ?

ઉ. સંબંધ મોટો છે. મહા ઉપકારી અને નિઃસ્વાર્થ પ્રેમ રાખનાર જ્ઞાની ગુરુની સામે વાંકા અને અભિમાની વર્તાય એની પાછળ હૃદય કેટલું બધું માની-કઠોર-ધિઠ્ઠું અને કૃતઘ્ન હોય ? પછી એનો પડઘો એવી માનાકાંક્ષા અને અતિભયંકર કૃત્યના વર્તાવામાં કેમ ન પડે ? એવા કૃત્યની પાછળ કઠોરતા, ધિઠ્ઠાઇ અને કૃતઘ્નતા જ કામ કરી રહી હોય છે.

કોણિકના આક્રમણમાં વિશાલાના આટલા બધા લોકો મરશે તો ભલે મરે-એ ભયંકર કઠોરતા છે.

મારા મનમાં આવ્યું તે તો કરું જ-એ ધિઠ્ઠાઇ છે.

ને અનંત ઉપકારી ભગવાનનો પણ પવિત્ર સ્તંભ તોડાવી નાખું એ ઘોર કૃતઘ્નતા છે.

**કૂળવાળકના ઘોર કૃત્યનાં બીજ મહાઉપકારી ગુરુના પહેલેથી કરાતા સામનામાં પડેલાં હતાં. બીજ આ, કઠોરતા ધિઠ્ઠાઇ અને કૃતઘ્નતા.**

### ગુરુ સાથે વક્રતામાં બ્રહ્મચર્યભંગનાં બીજઃ

એવાં બીજ બ્રહ્મચર્ય ભંગમાં પણ પડેલાં હતાં. કૂળવાળક બ્રહ્મચર્ય ભાંગીને બેઠો હતો એટલે એમાં પણ દિલની નરી કઠોરતા, ધિટ્ઠાઇ અને કૃતઘ્નતા હતી. એ શી રીતે ? એનો વૃત્તાંત જુઓ.

કૂળવાળક મુનિ ગુરુનો સામનો કરી અંતે બૌદ્ધના મઠમાં જઇ વસેલા. બૌદ્ધો તો તપને માને નહિ. સૂક્ષ્મ અહિંસા, અને 'સાધુને માટે બનાવેલું સાધુને ન ખપે' એવું બધું કાંઇ માને નહિ, પરંતુ આ ત્યાં ચોખવટ કરીને જ રહેલા, એટલે સારો તપ પણ કરતા, અને પારણે નિર્દોષ ભિક્ષા વાપરતા-તપ તો એવો કે એમના પ્રભાવે નદીના પૂરે કાંઠો બદલેલો. ને કૂળવાળક સહિત બધા બૌદ્ધોનો પૂરથી બચાવ થયેલો. એટલે તો બૌદ્ધોએ જ એમનું નામ કૂળવાળક પાડેલું. 'કૂળ' એટલે કાંઠો, તીર, અને 'વાળક' એટલે વાળનારા, બદલી દેનારા. નદીના પૂરે કાંઠો બદલ્યો, તેથી બૌદ્ધ મઠ પર પાણી ફરી વળતાં અટકી ગયાં.

આવા તપસ્વી પણ કૂળવાળક, કોણિકે મોકલેલી વેશ્યા જે કપટશ્રાવિકા બની હતી, એમાં ફસાયા ! કોણિકને પત્તો મળ્યો કે જો કૂળવાળક મુનિનો સાથ મળે તો વિશાલા જીતી શકાય. મુનિનો આવા ગોઝારા કામમાં સાથ કોણ મેળવી આપે ? તો વેશ્યાએ બીડું ઝડપ્યું ને શ્રાવિકાના આચાર-વિચાર એણે કપટી ધર્માત્મા બની સાધ્વી પાસેથી ધર્મ શીખવા રૂપે શીખી લીધા. પછી કપટશ્રાવિકાનો સ્વાંગ સજી યાત્રિક શ્રાવિકા તરીકે જંગલમાં ધ્યાનમાં ઊભેલા કુળવાળક મુનિ પાસે આવી, જાણે 'યાત્રાએ નીકળેલી, તે રસ્તામાં મુનિનાં દર્શન થયાં એ અહોભાગ્ય,' માની મુનિને વંદના કરી ગોચરીનો લાભ આપવા વિનંતી કરે છે !

## કૂળવાળક મુનિને વેશ્યા ફસાવે છે

હવે અહીં કસોટી આવે છે. જંગલમાં મુનિ એકલા છે, ને એકલી બાઇ વંદના કરી રહી છે, એની સાથે વાત કરાય ? 'ધર્મલાભ' એટલુંય બોલાય ? એમાં વળી મુનિ ધ્યાનમાં ખડા છે, તો એકલી બાઇની ખાતર ધ્યાન મુકાય ? અહીં સમજવાનું છે કે મુનિ કોઇ ગચ્છમાં રહીને પહેલાં પોતાના આત્માને સંલેખનાથી કસીને પછી એકાકી બહાર નથી પડ્યા ! એ તો એમ જ ગુરુ સાથે ઝગડીને અભિમાનથી છૂટા પડ્યા છે. ગુરુ સાથે ઝગડ્યા છે, વિનય-નમ્રતા નથી રાખી, એ સત્ત્વહીનતા છે. સાત્ત્વિક હોય તો તો ગુરુના ઠપકા મળે તોય વિનય-નમ્રતા ન ચૂકે. તો એવા નિઃસત્ત્વ બનીને સ્વચ્છંદપણે એકાકી થાય, એમને કોઇ મહાસાત્ત્વિક અને જિનાજ્ઞાધીન તથા દ્રઢ ધૃતિ-ધૈર્ય સંપન્ન ચારણ મુનિ, ઝાંઝરિયા મુનિ, સમરાદિત્ય મુનિ વગેરે





મહાત્માની જેમ આમ જંગલમાં એકાકીપણે ધ્યાન ધરવાનો હક જ ક્યાં છે ? તો એકલી બાઇને ધર્મલાભ કહેવાની પણ લાયકાત શાની ?

પણ કૂળવાળક તો પહેલેથી ભૂલતા છે, તે હવે અહીં પણ ભૂલે એમાં નવાઇ શી ? એકલી કપટ શ્રાવિકા આગળ ધ્યાન મૂકીને ધર્મલાભ કહે છે. બાઇ ચકોર છે ને ? તે મહાઆનંદ દેખાડી કહે છે, 'આ તો હું યાત્રાએ નીકળી હતી, એમાં ધન્ય ભાગ્ય મારે આપનાં દર્શન થયાં ! મારે જંગલમાં મંગળ થયું. મને લાભ આપો. આપને કશો દોષ લાગે એવો નથી, આ તો મારા ભાતા માટે સાથે લીધું છે એમાંથી કાંઇક વહોરો.'

અહીં મુનિ ડાહ્યા થયા. પાછું ધ્યાન ન પકડતાં એની સાથે વાત કરતા રહે છે, 'ના, મારે ખપ નથી.'.

પેલી ખંધી છે, પાડવા જ આવી છે, તે એમ થોડી જ ચાલી જાય એમ હતી ? તે તો આંખ-મુખ-હાથના હાવભાવ દેખાડતી હસીને કહે છેઃ 'એમ તે હોય મહારાજ સાહેબ ! મને લાભ ન મળે ? અમે પાપમાં પડેલા, અમારે પછી તરવાનું શી રીતે ? લાભ આપવો પડશે.'

મુનિ કહે 'પણ આજે મારે ઉપવાસ છે'

### કપટ શ્રાવિકાના ચાળા

પેલી ચાળા કરતી કહે છે 'અરેરે ! કેવી કમનસીબ હું ! જંગલમાં માંડ મુનિદર્શન મળ્યાં ! ત્યારે સુપાત્રદાનનો લાભ નહિ ? ખેર, તો પછી રાત અહીં રહી જઇશ, આવતી કાલે તો જરૂર લાભ આપજો. જો જો કાલે પાછો ઉપવાસ ધારતા નહિ. અમારે ગૃહસ્થને સુપાત્રદાનથી તરવાનું, બાકી તો બધું પાપમાં ને વિષય વિલાસમાં જાય છે. માટે જરૂર કાલે લાભ આપજો.'

મુનિએ વિવેક બતાવ્યો હશે. પરંતુ આ ધિટ્ઠી ક્યાં ખસે એવી હતી ? ને મુનિ એમ પણ નથી બોલતા 'એકલા મુનિ સાથે બેનોથી રાત ન રહેવાય.' હજી અભિમાનમાં છેઃ 'હું મહાતપસ્વી મહાધ્યાની, મને બાઇ શું કરી શકવાની હતી ?' ખબર નથી કે ભલભલા સિંહગુફાવાસી મુનિ ને વિશ્વામિત્ર જેવા ગબડી પડ્યા, તમે કોણ વિસાતમાં ?

કપટ-શ્રાવિકા ત્યાં રોકાઇ ગઇ. બડી ચાલાક છે, તે વારે વારે શાતા પૂછવા ને કાંઇનું કાંઇ પૂછવા મુનિ પાસે આવે છે, ને અંગના હાવભાવ તથા આંખનાં કામણ દેખાડતી રહે છે, 'તે હેં મહારાજ સાહેબ શાતામાં ?' 'હેં મહારાજ સાહેબ, બહુ તપસ્યા કરો છો ?' 'હે મહારાજશ્રી ! તે જરા તપસ્યા ઓછી કરો તો ન

ચાલે ? આ જુઓ તો કાયા કેટલી બધી ઉતારી નાખી છે ! તો હેં મહારાજ સાહેબ ! આગળની આરાધનાનો વિચાર નહિ કરવાનો ? કાયા તોડી નાખ્યા પછી આરાધના શી રીતે થવાની ?'

બસ, આવું કાંઇક બોલતી જાય છે, ને મુનિ કેટલુંક અભિમાનમાં ને કેટલુંક શરમમાં રહીને સાંભળી લે છે, કદાચ વચમાં જવાબ પણ દેતા હશે. કિન્તુ નથી તો એને ધમકાવીને કહેતા કે 'ચાલ્યા જાઓ અહીંથી,' તેમ નથી પોતે ત્યાંથી ચાલી જતા. શું છે આ ? ધિઠ્ઠાઇ.

**એકલી બાઇ સાથે થોડો પણ વસવાટ, વાતચીત અને સૂતેલી બાઇનાં દર્શન...આ બધું જિનાજ્ઞા સામે ધિઠ્ઠાઇ છે.**

આ છિઠ્ઠાઇ હોય, એ આગળ પર પેલો મહાપવિત્ર જિનસ્તૂપ તોડાવી નાખવાની અને વૈશાલીની પ્રજાનો કચ્ચરઘાણ કરાવવાની ધિઠ્ઠાઇમાં કેમ ન તણાય ?

હજી જુઓ આગળ, સવારે મુનિને પારણામાં કપટશ્રાવિકાએ એવું વહોરાવ્યું કે જે વાપરીને થોડી વાર પછી ઝાડા શરુ થયા ! તે એવા જોરદાર કે શરીર નખાઇ ગયું. હવે ઊભા રહેવાની શું, બેસવાની હામ નથી, ને સૂતા સૂતા એકદમ વેગ લાગી જાય છે, તે સંથારો બગડે છે. ઊઠવાની હામ નથી-શું કરે ? કપટ-શ્રાવિકા જાણે ભારે દુઃખ દેખાડતી કહે છે-

'તે હેં મહારાજ સાહેબ ! આ શું થઇ ગયું ? હું નહોતી કહેતી ? આ બહુ તપસ્યાથી શરીર ને એના જંતર ઢીલા પડી ગયાં છે, તો હે મહારાજ સાહેબ ! હવે થોડી તપની શાંતિ ન રખાય ? લ્યો હવે મને જરા રજા આપો. આ બધું હું સાફ કરી દઉં. મને આવો મહાત્માની ભક્તિનો લાભ ક્યાંથી ?'

ભૂલેલા અભિમાની મુનિને ખબર નથી પડતી કે 'આ બધું કરવા માટે જ આનો આ પેંતરો હતો. એણે જ એવું રેચક-ઝાડા કરાવનારું વહોરાવેલું' મુનિ એ ય સમજતા નથી, તેમ 'અહીં એકાંત જંગલમાં આ યુવાન બાઇ પોતાને અડીને સેવા કરે એ ભયંકર પતનનું કારણ છે', એનો ય મુનિને વિચાર નથી.

**અભિમાન, ધિઠ્ઠાઇ વગેરે શાનો યોગ્ય વિચાર આવવા દે ?**

ખરેખર તો આવા એકાંત નિર્જન વનમાં ચાપલૂસી કરતી આ યુવાન બાઇને ધ્યાન પડતું મૂકી 'ધર્મલાભ' આપવાનું કર્યું ત્યારથી મનમાં છૂપો વિકાર અંકુર ફૂટી ગયો હશે, તે પછી એના નમણા બોલ અને કટાક્ષ સાથેના હાવભાવે એ અંકુરનો છોડ ઉગાડ્યો હશે, એટલે હવે મનથી ભલે માને કે 'આવી પરિસ્થિતિમાં બાઇ અડીને શરીરને સાફ કરે એમાં શું થઇ જવાનું હતું ? હું તો બ્રહ્મચારી મુનિ છું,





એટલે મને વાસનાવિકાર શાના થાય ?' પરંતુ શાસ્ત્રો જે બ્રહ્મચર્યની વાડ પાળવાની કહે છે, બ્રહ્મચારીએ જે મર્યાદા પાળવાની કહી છે, એની સરાસર ઉપેક્ષા છે, એટલે પતન જ નોંતરે એમાં નવાઇ નથી.

**કૂળવાળકની વેશ્યા સેવા કરે છે**

કપટશ્રાવિકા બનેલી વેશ્યાએ કૂળવાળકની સરભરા કરવા માંડી. એમાં એ શું બાકી રાખે ? એના શરીર પર સુંવાળા હાથ ફરવા માંડ્યા તે પાછા પૂંઠે સાફ કરવા સુધી. મુનિની શી મજાલ હતી કે એ ટકી શકે ? કૂળવાળકનું પતન થયું, વેશ્યામાં લુબ્ધ થઇ, એના ચઢાવ્યા પહોંચ્યા કોણિક પાસે, અને કોણિકે ખૂબ પ્રશંસા કરી માન આપ્યું, ને સ્તૂપ તોડાવી નાખવાની વાત કરી, તેમ જ વેશ્યાએ સમર્થન કર્યું, બસ વાસનાપોષક વેશ્યાની શરમ પડી અને પેલી માનની ભૂખ પોષાઇ, એટલે સ્તૂપને તોડાવવા તૈયાર થઇ ગયા ! કેટલું ઘોર અધઃપતન !

આમ સ્તૂપનાશ કરવાની કઠોરતા-ધૃષ્ટતા અને કૃતઘ્નતા શી રીતે આવી ? કહે, એનાં બીજ જેમ પૂર્વે ગુરુનો સામનો કરવામાં પડેલાં હતાં, એમ આ સાધ્વાચારભંગમાં પણ પડેલાં હતાં. સાધુ થઇને સ્વેચ્છાચારથી સાધુમર્યાદા લોપે, એકાન્ત જંગલમાં ધ્યાન ધરવા જાય, વળી એમાં એકલી સ્ત્રી સાથે વાતચીત કરે, યુવાન બાઇ માણસ પાસે સેવા કરાવે, એ બધો સાધ્વાચારભંગ હૃદય ધિઠ્ઠું કર્યા વિના, કઠોર કર્યા વિના ન બની શકે. એમાં ગુરુની અવગણના તો છે જ, ને ગુરુને અવગણ્યા એ દેવાધિદેવ પર પણ શો આદર રાખી શકે ? ભગવાન પોતે જ કહે છે કે 'જે ગુરુને માનનારો છે એ જ મને માનનારો છે' એટલે ગુરુને અવગણ્યા એટલે એણે દેવાધિદેવ પ્રભુને પણ અવગણ્યા. પછી એટલામાં જો એ મહાદોષો છે, તો પછી સાધુ થઇને બ્રહ્મચર્યભંગ કરવા સુધી થઇને બ્રહ્મચર્યભંગ કરવા સુધી પહોંચી જાય એ તો એમાં કઠોરતા, ધિઠ્ઠાઇ અને જિનની અવગણના તો અવશ્ય હોય.

બસ-એ સાધ્વાચારભંગ અને બ્રહ્મચર્યભંગમાં જો આ કઠોરતા વગેરે હતાં, તો એ દુર્ગુણો સ્તૂપનાશની વાત વખતે કેમ કામ ન કરી જાય ?

**ભરવાડ સંન્યાસીને તાકીદઃ મૌનના લાભ–**

વાત હતી-માનની ભૂખ-માનની લાલસા મોટી ખરાબી છે. એ કેટલુંય સારું ભુલાવી દે છે. પેલા ભરવાડને સંન્યાસીઓના અગ્રણીઓએ લલચાવ્યો, 'આવ અહીં, અમારો ગુરુ થવા મળશે, દુનિયાનાં માન મળશે, મોટા શેઠ-શાહુકાર ને રાજા મહારાજા તને નમસ્કાર કરવા આવશે. ભરવાડને વૈરાગ્ય કશો નથી, પણ મોટો ગુરુ થવા મળે છે. મોટા માણસો દર્શને આવશે. વગેરે માનની ભૂખથી માન

મળવાના લોભમાં એ સંન્યાસી થયો. સંન્યાસીઓના મંડળનો ગુરુ થયો. હવે સંન્યાસીઓના અગ્રણીઓએ એને એક તાકીદ આપી કે, ''જુઓ તમારે બહારનો કોઇ આવે ત્યારે કશું બોલવાનું નહિ. મોં પાકું બંધ રાખવાનું. સામો કાંઇ પૂછે, કહે, તો ય કશો જવાબ નહિ દેવાનો, અમે જ જવાબ દઇ દઇશું અમે એને કહીશું 'આ અમારા મોટા મહાત્મા છે. એ મૌન જ રાખે છે, ને ભગવાનના ધ્યાનમાં જ રહે છે' તમારે પણ એ વખતે આંખ મીંચેલી રાખીને બેસવાનું.''

આ ગુરુ બનેલો કહે છે, 'પણ હું થોડું ય બોલું તો શો વાંધો છે ?'

પેલા કહેઃ ''થોડું બોલવા જશો ને એમાં સામો કાંઇક પૂછશે ને જવાબ બરાબર આપતાં નહિ આવડે, તો મશ્કરી થશે. જવાબ નહિ દો, તો સામો સમજશે કે 'આ મૂર્ખ લાગે છે, આટલુંય નથી આવડતું ?' વળી જે થોડુંય બોલ્યા એમાં ભૂલભાલ થઇ તો ય મૂરખ ગણશે, બહાર વાત ફેલાવશે કે 'આ મૂરખ છે'. આબરુ જશે. પછી કોઇ મોટા માણસ આપણી પાસે ય નહિ આવે. માટે 'મૌનં સર્વાર્થ સાધનમ્'-તદ્દન મૂંગા રહેવાથી મોભો જળવાશે.''

ભરવાડ સંન્યાસી સમજી ગયો કે આ વાત તો સાચી છે. મૂંગા રહેવામાં બહુ લાભ છે. તેથી પાકું મૌન પકડી રાખ્યું, ગામેગામ જમાત ફરે છે, લોકો ટોળાબંધ આવે છે, શેઠિયા આવે છે, રાજા-મંત્રી-દીવાન આવે છે. દેખાવમાં આ પડછંદ કાયાનો છે, ગોરાટીઓ છે, એનું મુખ તેજસ્વી છે, અને એમાં વળી સંન્યાસીઓનો ગુરુ એટલે સ્પેશિયલ લાંબી રેશમી કફની પહેરે છે. ઊંચા આસને બેસે છે, મોટા શેઠિયાઓ દર્શનાર્થે આવે છે, નમસ્કાર કરે છે. આ જાણે ધ્યાનમાં હોય એમ આંખ મીંચી રાખે છે. આવનાર કાંઇ પૂછે તો બાજુવાળા જવાબ દે છે, અગર ઠીક માણસ લાગે તો બાજુવાળો અગ્રણી સંન્યાસી એને વાતમાં લે છે. એમાં આ ગુરુ સંન્યાસીના ગુણ ગાય છે, તો પેલા આવનારા પણ પ્રશંસા કરે છે, 'વાહ ! કેવા મહાન ગુરુ ! કેવા ધ્યાની ! મારે દર્શન મળ્યાં ! જનમ સફળ થયો' રૂપિયાનો ઢગલો કરી જાય છે. કહે છે. 'રોકાજો, અમને પાવન દર્શન મળે.'

મૌન રાખવામાં આ બાહ્ય લાભો જોઇ ભરવાડ સંન્યાસીને મૌનનો રંગ લાગ્યો, એટલે હવે તો બહારના કોઇ ન હોય ત્યારે પણ બહુ ઓછું બોલે છે. અતિ જરૂરીમાં પણ ઇશારાથી પતે ત્યાં સુધી અક્ષર બોલવાનો નહિ. કેમ ? રખે ને અહીં બહુ બોલવાની ટેવમાં બહારના સાથે બોલાઇ જાય તો ?

વાત પણ સાચી છે, જીવ તો આપણો એનો એ જ-એટલે એક જગાની ટેવ બીજે નડે. મફતિયું બોલવાની ટેવ ધર્મના સ્થાનમાંય ને ધર્મસાધના વખતે ય મફતિયું





બોલાવશે. ત્યાં પછી ધર્મનો અખંડ યોગ ક્યાં રહે ! ધર્મમાં સ્થિર ચિત્ત ક્યાં રહે ?

**સ્થિરચિત્ત એટલે કે પ્રણિધાન એ ધર્મયોગનો પ્રાણ છે, અને અખંડ-અવ્યાહત ધર્મયોગ એ હવા છે.**

હવા મળે તો પ્રાણ ચાલે, હવા ન મળે તો પ્રાણ ગૂંગળાઇ જાય. એમ ધર્મયોગ ન હોય તો પ્રણિધાન ન રહે. ધર્મયોગ બીજી પ્રવૃત્તિથી ભંગાય તો પ્રણિધાન ભંગ થાય. માટે જે ધર્મયોગ-ધર્મસાધના ચાલતી હોય એની વચમાં બીજી પ્રવૃત્તિ ન ઘાલો તો એ યોગ અખંડ-અવ્યાહત ચાલે-તો જ યોગનું પ્રણિધાન ટકે. પણ જો વચમાં બીજી વાત ઘાલો, ભલેને એક વાક્ય, અરે ! એક ડાફોળિયું ય મારો, તો યોગનો વ્યાઘાત થાય. એમ પ્રણિધાન, ચિત્ત-સ્થિરતા, એકાગ્ર ધ્યાન ન રહે તો પણ અખંડ યોગથી શું વળે ? એ દ્રવ્યક્રિયા થાય. શરીરની અંદરના પ્રાણ નીકળી ગયા હોય પછી બહારની નિર્મળ હવા શું કામ લાગે ?

**શરીરને પ્રાણ અને હવાની જેમ, આત્માને પ્રણિધાન અને અખંડ યોગનો મેળ છે.**

**પ્રણિધાન વિનાનો યોગ એ દ્રવ્યક્રિયા**

પ્રણિધાન અને અખંડ ધર્મયોગ, એ બેમાંથી એકેય વિના ન ચાલે. માળા ગણાતી હોય, વચમાં કાંઇ બોલવાનું ન રાખ્યું હોય પરંતુ ચિત્ત બીજા ત્રીજા વિચારમાં જાય, તો પ્રણિધાન તૂટ્યું. ત્યાં એ જાપ દ્રવ્ય ક્રિયા બની ગઇ. યોગમાં ભાવભર્યો ચિત્તનો ઉપયોગ જાગૃતિ ન હોય તો એને દ્રવ્યક્રિયા કહે છે- પછી ભલેને એક ક્ષણમાત્ર ઉપયોગ ચૂક્યા, ચિત્ત આ ધર્મયોગમાંથી બીજામાં ગયું તો ત્યાં એ દ્રવ્યક્રિયા થઇ.

**યોગમાં જ્યાં સુધી ભાવ સહિત અખંડ ચિત્તોપયોગ હોય ત્યાં સુધી જ એ ભાવક્રિયા ભાવયોગ ગણાય.**

કિંમત ભાવક્રિયાની છે. ભાવ વિનાની દ્રવ્યક્રિયા તો અનંતીવાર કરી ને એ નિષ્ફળ ગઇ, એળે ગઇ આત્માનો ઉદ્ધાર કરનારી ન થઇ. શાસ્ત્ર કહે છે અનંતીવાર દ્રવ્ય ચારિત્ર પાળ્યાં, એવાં ચોખ્ખાં કે માખી પોતાની પાંખ સાચવે એ રીતે ! એનાથી વૈમાનિકના બાર દેવલોકની ઉપરના નવ ગ્રૈવેયકના વિમાનમાં દેવ થઇ આવ્યા ! છતાં હજી ભવમાં ભટકતા છીએ. હજી અહીં અ-ચારિત્ર અ-સંયમ ભર્યો ઘરવાસ ગમે છે ! વિષયોનો વિરાગ નથી, વિરક્તિ-વિરતિ નથી, વિષયરતિ વિષયાસક્તિ છે. કેમ વારુ ? ભાવ નહોતો, પ્રણિધાન નહોતું, મનની એકાગ્રતા હતી. પણ મલિન આશયવાળી. એ શું કામની ? એ કોઇ પ્રણિધાન ન કહેવાય.

**પ્રણિધાન એટલે ? વિશુદ્ધ આશયયુક્ત એકાગ્રતા**

ખૂબી છે-ગ્રૈવેયકમાં લઇ જનારું ચારિત્ર પાળ્યું, ચારિત્રના યોગો સાધ્યા શું એમાં મનની એકાગ્રતા નહોતી ? હતી, મન એમાં એકાકાર હતું, તો જ એ ક્રિયાઓ ઉચ્ચ કોટિની સધાઇ અને ગ્રૈવેયક મળ્યો ! તો પછી શું ખૂટ્યું ? ભાવ ખૂટ્યો. પ્રણિધાન ખૂટ્યું શુભ ભાવયુક્ત વિશુદ્ધ આશયવાળી મન-વચન-કાયાની એકાગ્રતા એ પ્રણિધાન.

❀ ❀ ❀ ❀ ❀ ❀

**'विशुद्ध भावनासारं तदर्थार्पित-मानसम् ।**
**यथाशक्ति क्रियालिङ्गं प्रणिधानं जगौ मुनिः ।।'**

મુનિ ગણધર મહારાજ પ્રણિધાન તેને કહે છે જેમાં વિશુદ્ધ ભાવનાનું બળ હોય, સૂત્રાર્થમાં મન અર્પિત હોય, અને યથાશક્તિ ક્રિયા એ બતાવી રહી હોય.

દા.ત. ચૈત્યવન્દનની ક્રિયા કરે છે પરંતુ છતી શરીર શક્તિએ નિરાંતથી પલાંઠી માંડીને બેસે છે, વંદનાની મુદ્રા એટલે આસન નથી, યા હાથ મુખ આગળ જોડી રાખેલા નથી. તો એ કાંઇ અર્પિત માનસને ન સૂચવે. એ તો ઢીંચણ ઉપર બેઠા હોઇએ. છેવટે ડાબો ઢીંચણ ઊભો અને જમણી પાની પર બેઠા હોઇએ, બે કોણી પેટ ઉપર હોય, અને બે હાથ જોડી મુખ આગળ રાખ્યા હોય, તો એ ચૈત્યવંદનની મુદ્રા કહેવાય, ચૈત્યવંદનનું આસન કહેવાય. યથાશક્તિ આ ક્રિયા સાથે મન ચૈત્યવંદન સૂત્ર અને સ્તુતિ-સ્તવનના અર્થમાં અર્પિત-સમર્પિત હોય, એટલે કે મન એમાં જ એકાકાર હોય. એમાં વળી વિશુદ્ધ ભાવના મુખ્ય હોય, તો જ પ્રણિધાન થયું ગણાય.

**(૧) યોગની સ્થિરતા જોઇએ, એમ (૨) આવું પ્રણિધાન પણ જોઇએ, ત્યારે સાધના આરાધના થઇ ગણાય.**

ભલેને બે મિનિટનું દેવદર્શન હોય પણ એમાં જો આ બધું હોય, તો ત્યાં પ્રણિધાન છે, અને બે મિનિટ ફક્ત દેવદર્શન યોગ જ છે, વચમાં વાત ડાફોળિયું નથી, દેવ સિવાય બીજું કાંઇ જોવાનું નથી. પાછલી દીવાલ પણ નહિ જોવાની, કે 'મુગટ બહુ સારો' એ પણ નહિ જોવાનું. માત્ર દેવાધિદેવ પરમાત્મા જ જોવાના. તો એ દર્શનની સાધના કહેવાય. આ બધું હોય માત્ર એમાંથી વિશુદ્ધ ભાવના બાદ હોય તોય ત્યાં પ્રણિધાન નહિ, ને દર્શન-સાધના નહિ. તો એમાં-

**વિશુદ્ધ ભાવના એટલે શું ?**

(૧) પહેલું તો ઉદ્દેશ શુદ્ધ હોય. આશય શુદ્ધ હોય, મલિન ન હોય. 'મલિન આશય' એટલે કોઇ દુન્યવી સુખ-માન-પાન-પ્રતિષ્ઠા મેળવવાની લગન. એના માટે





સાધના કરે એ વિશુદ્ધ ભાવનાવાળી નહિ, તેથી એમાં પ્રણિધાન ન બન્યું. પૂર્વની અનંતી ધર્મક્રિયા નકામી ગઇ એમાં આ ખામી હતી. આશય-ઉદ્દેશ મલિન હતા. દેવતાઇ વગેરે સુખની લાલચથી એ કરેલી. ક્રિયા ધર્મ સાધના કરી મનની એકાગ્રતાથી કેમકે ઊંચુ ફળ લેવું હતું, અને એ ખ્યાલ હતો કે 'રખડતા મનથી કરીએ તો ભલીવાર ન આવે, ધાર્યું ફળ ન મળે,' તેથી ક્રિયામાં મન બરાબર પરોવી રાખીને એ કરેલી. પરંતુ મૂળમાં ઉદ્દેશ ખોટો તેથી પ્રણિધાન ન બન્યું. વળી-

(૨) ક્રિયા રાબેતા મુજબ કરી નાખે, 'રોજ કરીએ છીએ એટલે કરવાની, રોજનું કાર્ય છે, પતાવો,' એમ પતાવવાની દ્રષ્ટિથી કરે, પણ એનો રસ ન હોય, તલસાટ ન હોય એટલે જ એ રીતે એ ધર્મક્રિયા કર્યા પછી મન ફોરું થાય કે 'હાશ ! ચાલો આજનું કામ પત્યું.' કેવી દુર્દશા ? ક્રિયા થયાનો, સુકૃત કમાયાનો, આનંદ નહિ, પણ કેમ જાણે માથે ક્રિયાનો ભાર હતો તે ઉતાર્યો, ક્રિયા પતી, એનો આનંદ માને છે ! આમાં પણ વિશુદ્ધ ભાવનાનું બળ ન રહ્યું ત્યાં પ્રણિધાન નહિ.

(૩) એમ, માનો કે ક્રિયાને પતાવવા રૂપે વેઠ ઉતારવા રૂપે ન કરે, રસથી કરે, પરંતુ જેવી જેવી ક્રિયા તેવા તેવા ભાવોલ્લાસ ન હોય, તેવી લેશ્યા ન હોય. દા.ત. ચૈત્યવંદનની ક્રિયા છે તો એમાં અરિહંત પ્રભુ ઉપર ભક્તિનો ભાવ ન ઉછળતો હોય ઇરિયાવહીની ક્રિયા છે તો ત્યાં જીવોની વિરાધના થયા અંગે સંતાપ પશ્ચાત્તાપનો ભાવ ન ઊછળતો હોય તોય ત્યાં વિશુદ્ધ ભાવનાનું બળ નહિ. એમ,

(૪) ક્રિયા તો સારી કરે, પરંતુ વચમાં વચમાં કોઇના પર વૈરનો ભાવ લાવે, ઇર્ષ્યાનો ભાવ લાવે, 'બીજાઓના ક્રિયાના ઠેકાણાં નથી' એમ તુચ્છતા-ક્ષુદ્રતાનો ભાવ લાવે, તો પોતાની ભલે સમજપૂર્વકની ક્રિયા હોય છતાં એમાં વિશુદ્ધ ભાવનાનું બળ ન રહે.

આ બધું સૂચવે છે કે-

**સાધનામાં વિશુદ્ધ ભાવનાના બળ માટે આ જરુરી-**

(૧) ઉદ્દેશ શુદ્ધ જોઇએ,
(૨) સાધનામાં ભરપૂર રસ જોઇએ.
(૩) સાધનાને અનુરૂપ ભાવથી હૈયું ગદ્‌ગદ જોઇએ.
(૪) બીજાઓ પ્રત્યે મૈત્રી-પ્રમોદ વગેરે ભાવ જોઇએ. આમાં

**ઉદ્દેશ શુદ્ધ-વિશુદ્ધ એટલે ?**

**(૧) દુન્યવી કોઇ આશંસા-અપેક્ષા નહિ કે 'હું આ ધર્મ સાધના કરું ને મને શાબાશી-વાહવાહ-સન્માન-પ્રભાવના મળે' અથવા 'આનાથી સારું પુણ્ય બંધાય.**

એના દ્વારા સારા પૈસા ટકા, દીકરો, દેવતાઇ સુખ મળે.' આવી કશીય આશંસા નહિ. એમ નિરાશંસ-ભાવથી ક્રિયા કરે એ શુદ્ધ ઉદ્દેશ.

જો આવું કાંઇ જોઇતું નથી તો પછી ધર્મક્રિયા શા માટે કરે ?

(૨) ધર્મક્રિયા આત્માના કલ્યાણ માટે કરે. 'જીવનમાં પાપ બહુ ચાલે છે માટે લાવ ધર્મ સાધનામાં બેસું તો એટલું પાપથી બચવાનું કલ્યાણ થાય આ શુદ્ધ ઉદ્દેશ.'

(૩) 'આત્મામાં મોહના વિકારો રાગદ્વેષ, આસક્તિ, માયા-મદ-મત્સર અને આહારાદિ સંજ્ઞાઓ-બહુ સતાવે છે. એને મોળા પાડવા ને નામશેષ કરવા માટે ધર્મસાધના કરું.' આ આશય હોય એ શુદ્ધ ઉદ્દેશ.

(૪) 'જીવનમાં જિનાજ્ઞાનું પાલન મળે એ મહાન લહાવો છે જિનોક્ત ધર્મસાધના કરવાથી જિનાજ્ઞા પાલનનો લાભ મળે' એવા ઉદ્દેશથી સાધના કરે, એ શુદ્ધ ઉદ્દેશ.

(૫) કર્મની નિર્જરા થાય, કર્મક્ષય થાય, એ ઉદ્દેશથી સાધના કરે, ભવના ફેરા ટૂંકા થાય, ઓછા થાય, એવો ઉદ્દેશ રાખે એ શુદ્ધ ઉદ્દેશ અથવા

(૬) 'જીવનમાં ધર્મ જ કરવા જેવો છે, સંસાર નહિ' એવું દિલનું વલણ બની ગયું હોય. તેથી જ્યાં મોકો મળ્યો કે ધર્મ સાધનામાં બેસી જાય; મોકો મળ્યો કે વાણીમાં યા વિચારમાંય ધર્મ લાવી દે, એ શુદ્ધ ઉદ્દેશ.

બસ, આમાંનો કોઇ પણ પ્રકાર હોય ત્યાં ઉદ્દેશ શુદ્ધિ ગણાય. ત્યાં વિશુદ્ધ ભાવનાનું બળ છે એમ મનાય. મનની એકાગ્રતા સાથે આ હોય તો જ પ્રણિધાન બને.

**(૨) આવી ઉદ્દેશ શુદ્ધિ હોય એટલે ક્રિયામાં સાધનામાં રસ આવે.**

જીવનમાં મહાન કર્તવ્ય આત્માના કલ્યાણને માન્યું, પછી એ કલ્યાણ સાધી આપનારી ધર્મક્રિયા પતાવવાનું મન શાનું થાય ? હોંશે હોંશે એ સાધી લેવાનું મન થાય. સાધના કરવાનો અવસર મળ્યો એ અહોભાગ્ય લાગે. સવાર પડી એટલે 'ચાલો ભાઇ ! મંદિરે દર્શન કરી આવીએ, એટલે ખાવાનું ખુલ્લું થાય' એમ નહિ, પણ 'ઊઠ ઊઠ જીવ ! રાત્રિ પ્રમાદમાં કાઢી. ચાલ તારણહાર દેવાધિદેવનાં દર્શન માટે. જીવનમાં સાર આ છે, પ્રમાદ અને મોહમાયાની પ્રવૃત્તિ સારભૂત નહિ. એ તો બધું અસાર નિસ્સાર, અહીં જ પતવાનું, ને આગળ પર એના ભારે બૂરા પ્રત્યાઘાત પડવાના. સારભૂત ધર્મ સાધના છે, એ સાધના મળે એ મારે અહોભાગ્ય છે.' આમ સારાસારનો જાગતો વિવેક સાધનામાં રસ લાવી દે. સાધનામાં વિશુદ્ધ ભાવનાના બળ માટે પહેલું આશય શુદ્ધિ અને બીજું આ સાધનારસ જોઇએ.





(૩) વિશુદ્ધ ભાવનાના બળ માટે ત્રીજું જરૂરી આ, કે સાધનામાં એને અનુરૂપ લેશ્યા જોઇએ, અનુરૂપ ભાવની ગદ્ગદ્તા જોઇએ. દા.ત. પ્રભુદર્શને ગયો તો રસથી, પરંતુ ત્યાં પ્રભુની સામે શૂનમૂન ઊભા રહીએ એમાં કેટલો દમ ? એ તો ત્યાં દર્શનને અનુરૂપ લેશ્યા જોઇએ, ભાવમાં ભક્તિરસનો ઉછાળો આવે, દિલ ગદ્ગદ્ થઇ જાય કે 'અહો ! મને આ કેવા તારણહાર પરમાત્મા મળ્યા ! આ પ્રભુ કેવા અનંત ગુણસંપન્ન ! કેવા જગતના ઉદ્ધારક ! ક્યાં હું કામ-ક્રોધ-લોભથી ભરેલો પાપાત્મા, ને મને આ પરમાત્મા પરમ શુદ્ધ ભગવાનની પ્રાપ્તિ ? હીનભાગીને ચિંતામણિ ને કલ્પવૃક્ષ ! વાહભાગ્ય વાહ ! તેં મને કેવા પ્રભુ મેળવી આપ્યા ! આવા નાથને હું કેમ તન-મન-ધન સાથે સમર્પિત થઇ જાઉં !!...' એમ દર્શને હૈયામાં પ્રભુભક્તિના ભાવ ઉછળતા હોય, હૈયું ગદ્ગદ્ થતું હોય. શરીરે રોમરાજી ખડી થાય, આખમાં હર્ષનાં આંસુ આવે. આ બધું દર્શન ક્રિયાને અનુરૂપ લેશ્યા કહેવાય. ભાવની ગદ્ગદ્તા કહેવાય.

સાધના વિશુદ્ધભાવનાના બળવાળી કરવા આ થવું જોઇએ.

**(૪) સાધના વખતે મૈત્રી આદિભાવ જોઇએ.**

જેથી (૧) કોઇના પ્રત્યે અ-મૈત્રી, વૈર-વિરોધની ગાંઠ, દ્વેષની અસ્વસ્થતા **ન** રહે. (૨) અ-કરુણા યાને દુઃખી સીદાતા ભૂલતાની પ્રત્યે કઠોરતા **ન** રહે (૩) અપ્રમોદ અર્થાત્ સુખ સંપન્ન-ગુણસંપન્ન પ્રત્યે ઇર્ષ્યા- અસહિષ્ણતા **ન** આવે. (૪) અ-માધ્યસ્થ્ય એટલે કે દોષદ્રષ્ટિ, પરપંચાત, વગેરે **ન** આવે. નહિતર ક્રિયા સારા ઉદ્દેશથી રસ અને ગદ્ગદ્ ભાવ સાથે શરૂ કરી હોય, પરંતુ આ અમૈત્રી વગેરે આવતાં એ એને બગાડી નાખે.

ચાલો, બહુ લાંબે નીકળી ગયા. વાત આ હતી કે ધર્મસાધનાનો યોગ (૧) પ્રણિધાનવાળો જોઇએ, અને (૨) અખંડ સ્થિર ચાલવો જોઇએ. વાતો કરવાની અને ડાફળિયાં કે જ્યાં-ત્યાં માથુ મારવાની કુટેવ હોય, તો એ ધર્મસાધનામાં પણ નડે. એટલે જ ધર્મસાધનામાં સ્થિરતા લાવવા માટે, એ સિવાયના વખતે પણ આ વાતોડિયાપણાની ડાફોળિયાંની કે પરપંચાતની કુટેવ કાઢી નાખવી જોઇએ જેથી, 'એ ધર્મ સાધના વખતે નડે નહિ.'

**ચાલુ જીવનમાં ફજુલ વાતો ને જ્યાં-ત્યાં માથું મારવાનું કે ડાફોળિયા ન હોય તો જ ધર્મસાધનામાં સ્થિરતા આવે.**

**ભરવાડ સંન્યાસી**

પેલો ભરવાડ-સંન્યાસી આ સમજે છે કે આમેય બોલાવાનું બહુ ઓછું

રાખીશ તો જ કોઇ રાજા-શેઠ શાહુકાર આવે ત્યારે મૌન રાખી શકીશ. એટલે એણે જરૂરીમાં પણ ઇશારાથી પતે ત્યાં પણ બોલવાનું નહિ રાખ્યું પછી એણે ફજુલનો તો એક અક્ષર પણ શાનો કાઢવાનો હોય જ ? એથી એની છાયા સારી પડી ને પોતાને પણ કાબૂ આવી ગયો, તે બહારના ગમે તેટલા લોકો યા ગમે તેવા મોટા માણસ પણ આવે, છતાં એ પાકું મૌન રાખે છે.

**સંન્યાસી ભૂલે છે :-**

એમાં એકવાર એવું બન્યું કે એક મોટા નગરની બહાર આમનો પડાવ નખાયો છે, ત્યાં નગરનો રાજા 'મોટા મહંત આવ્યા છે,' એ સાંભળી પરિવાર સાથે દર્શને આવ્યો આવીને ભેટણું કરી જ્યાં નમસ્કાર કરે છે ત્યાં જ ભરવાડ સંન્યાસીએ દૂર બકરાનું ટોળું જોયું. જોતાં જ પૂર્વની જૂની આદતના સંસ્કારે એના મોઢામાંથી જાણે બકરાને હાંકતો હોય એમ 'તક તક તક ફરરફૂ' એટલા શબ્દો નીકળી પડ્યા !

અલબત્ પાસે બેઠેલા સેક્રેટરી-સંન્યાસીએ આ જોઇ તરત હાથેથી એનો પગ દાબ્યો એટલે તરત ભરવાડ-સંન્યાસી સમજી ગયો, ને આગળ બોલવાનું અટકાવી દીધું. પરંતુ સેક્રેટરી-સંન્યાસીએ જોયું કે 'લોચો વળી ગયો, અને રાજા આ શબ્દ પર ચકિત નજરે જોઇ રહ્યો છે,' તેથી એના મનમાં વહેમ પડયો લાગે છે કે 'આ તે કોણ છે, તે આવું બેલે છે ?' સેક્રેટરીને ભય લાગ્યો કે 'આ ભાંગરો વટાઇ ગયો એમાં રખે રાજા કદાચ પૂછી મારશે કે, કે 'આ તે મહંત છે ? કે ભરવાડ ? શાસ્ત્રનો કોઇ શ્લોક અને ઉપદેશ કહેવાને બદલે બકરા હાંકવાના આ ભરવાડી બોલ શા ?'

આવું ક્યારેક બની જાય છે. વિચાર કર્યા વિના એકદમ સાહસિક પગલું ભરી બેસતાં ભાંગરો વટાઇ જાય છે ! ઓડનું ચોડ વેતરાઇ જાય છે ! ભયંકર વિમાસણ અને જીંદગીમાં સંતાપ થાય એવું બાફી નખાય છે ! એટલે જ જ્ઞાનીઓ કહે છે 'વિચાર પૂર્વક કામ કરો.' વિચાર પૂર્વક કામ કરવું એને પ્રેક્ષાપૂર્વકારિત્વ કહે છે, એ સદ્ગુણ છે. એટલે જ માર્ગાનુસારીના ૩૫ ગુણોમાં આ ગુણો મૂક્યા,- દીર્ઘદૃષ્ટિ, વિશેષજ્ઞતા (સારસારનો વિવેક) અને બલાબલ-વિચારણા આ ન હોય તો નુકશાન બહુ. સમજી રાખવાનું કે,

**ખોટું સાહસ ન કરીએ ને એથી માનેલો લાભ કદાચ ન મળે એના કરતાં ખોટા સાહસમાં સંભવિત નુકશાન આવે એ બહુ મોટું હોય છે, કદાચ જીવન ભરના હૃદય સંતાપ આપે.**





રાવણ વાલી સામે સાહસ કરી લડવા ગયો તો મહા નાલેશી પામ્યો, ને લક્ષ્મણ સાથે લડતાં પોતાનું ચક્ર લક્ષ્મણ તરફ ફેંકેલું લક્ષ્મણનું ગળુ કાપી પાછું આવવાને બદલે લક્ષ્મણના કબજામાં જઇ બેઠું ! હવે લક્ષ્મણનો વારો આવ્યો. એણે ઉદારતાથી તાકીદ પણ આપી કે 'અમને સીતાજી સોંપી દે, તારો ગુનો માફ, તું સુખેથી જીવ અને રાજ્ય ભોગવ, નહિતર આ તારું જ ચક્ર તારું ગળુ છેદી નાખશે !'

પરંતુ અભિમાને ચડેલો રાવણ 'ચક્ર પોતાનું છે ને ? આવશે તો પકડી લેવાશે', એવા વિશ્વાસે રહી લાંબો વિચાર કર્યા વિના સાહસ કરે છે, ને લક્ષ્મણને પડકારે છે, 'છોડ છોડ ચક્ર, હું ગભરાતો નથી' પરિણામ શું આવ્યું !' લક્ષ્મણે ચક્ર મૂક્યું, ને રાવણ હાથ લાંબા કરી એને પકડી લેવા ધારે છે, પરંતુ નજીક આવતાં ચક્રે એકાએક વળાંક લઇ ત્રાંસમાંથી રાવણની ડોક પાછળ આવી ગળું છેદીને પહોંચી ગયું લક્ષ્મણ પાસે.

**રાવણ શું વિચારવું ભૂલ્યો ?**

રાવણે સાહસમાં શો સાર કાઢ્યો ? જરા થોભીને વિચાર કર્યો હોત તો સમજાત કે 'મેં છોડેલા મારા ચક્રે કંઇકનાં ગળાં કાપ્યાં તો આ લક્ષ્મણનું કેમ ન કાપ્યું ? ખેર ન કાપ્યું પણ પાછું મારી પાસે કેમ ન આવ્યું ? આમ તો બીજે છોડેલું પાછું મારી પાસે ચાલી આવતું, તો અહીં કેમ ન આવતાં ત્યાં જ અટકી ગયું ? અટકીને ય હવે કેમ લક્ષ્મણના હાથમાં નાચી રહ્યું છે ?...આ ચોક્કસ સૂચવે છે કે હવે ચક્ર પર મારો કબ્જો મારી માલિકી નથી રહી. પણ લક્ષ્મણની માલિકી સ્થપાઇ ગઇ છે. હવે એના કબજામાં છે, તેથી એની ધારણા મુજબ ચક્ર મારા પર છોડવાનું કામ કરશે. તેથી મારું મસ્તક છેદાઇ જાય એવું સાહસ મારે શા માટે કરવું ? લાવ, એના કરતાં એ કહે છે તેમ સીતાને સોંપી દઉં, તો જીવન બચે છે, ને રાજ્ય પણ બચે છે.' રાવણે આવો કોઇ વિચાર ન કર્યો અને ચક્ર પોતાનું જ છે એવા ખોટા વિશ્વાસમાં આંધળિયા કર્યા સાહસ કર્યું. પરિણામે પોતાના પ્રાણ સુધી સર્વસ્વનો નાશ નોંતર્યો !

ખોટું સાહસ કેટલું બધું ભયંકર છે કે જરૂર પડયે સમ્યગદર્શન પણ ખોવરાવી નાખે. રાવણ સમ્યગ્દૃષ્ટિ આત્મા હતો, પરંતુ ખોટું સાહસ કરવા જતાં જ્યાં ગળું છેદાયું ત્યાં ભયંકર કષાય આવ્યો, રૌદ્ર ધ્યાન આવ્યું, ને મરીને ચોથી નરકમાં પટકાઇ પડ્યો. નરકમાં ક્ષયોપશમ સમ્યકત્ત્વ ગુમાવીને જવાય છે.

**સાહસ ભયંકર :-**

સગોસ્નેહી કાંઇક ભૂલ કરી બેઠો, ને તમે જો આવેશમાં આવી એકદમ

એને ઠપકારવાનું સાહસ કરી બેસો, તો પેલાના તમારા પરના પ્રેમ-સદ્ભાવમાં એવી તીરાડ પડવાની. કે જે કદાચ જિંદગી સુધી નહિ સંધાય. એના બદલે આવેશ કરતાં પહેલાં જો આટલો વિચાર કરી લેવામાં આવે કે 'હું જો આવેશ કરું તો સામાનું દિલ દુભાવાનું, એનો મારા પર પ્રેમ ઘટવાનો એના બદલે ઉલ્ટું જો આશ્વાસન આપું કે 'ગભરાશો નહિ, ભૂલ તો મેં ય અનેકવાર કરી છે. આ ભૂલમાં કાંઇ બહુ વિસાત નથી. ચિંતા નહિ કરવાની તમે બીજું કેટકેટલું સારું કરો છો ! એનો આનંદ રાખવાનો.' જો આવું કાંઇક આશ્વાસન અપાય, તો સામાનો સ્નેહ સદ્ભાવ વધી જાય.' જો વિચાર કરી લેવાય તો આવેશના બોલનું સાહસ ન થાય.

પેલા ભરવાડ સંન્યાસીએ વિચાર કર્યા વિના આ રાજાની આગળ બકરા હાંકવાનું 'તક તક તક, ફરરફૂ' બોલી ઊઠ્યો. સાહસ થઇ ગયું, રાજા વિચારમાં પડ્યો 'આ શું ? સેક્રેટરી સંન્યાસીએ આ જોઇ તરત વાળી લીધું. એ જ વચનને જુદા અર્થનો વાઘો પહેરાવી દે છે, રાજાને એ એકદમ ખુશી ખુશી દેખાડી કહે છે–

ભરવાડનું સાહસઃ સેક્રેટરી ફેરવી તોળે છે-

''મહારાજા ! હાહાહા...અમારા સ્વામીજી કોઇ દિવસ કોઇને મોઢેથી બોલીને આશીર્વાદ આપે નહિ. ને આજ આપનો બરાબર ભાગ્યોદય તે આપને બોલીને આશીર્વાદ આપે છે. ધન્ય ધન્ય તમને ! આપને કહે છે 'આ માનવનો અવતાર જબરદસ્ત સોનેરી તક છે, તક છે, તક છે, એનો ઝટપટ સદુપયોગ કરી લો, નહિતર એ જોતજોતામાં ફરરરફૂ કરતાંક ઊડી જશે !' આ તો આપને જ શું, અમને પણ સાવધાની આપી કે ધ્યાનથી પરમાત્મામાં એકાકાર થવાની ઉત્તમ તક છે, તક છે, તક છે. એ ફરરરફૂ ઊડી જાય એ પહેલાં એને સાધી લો, સફળ કરી લો તક વીતી ગયા પછી આ કશું નહિ થાય.''

એમ બોલીને સેક્રેટરી ઊઠી ગુરુના પગમાં પડી કહે છે-

'વાહ સ્વામીજી ! કેટલો બધો ઉપકાર આપનો કે મહારાજા અને અમને તક સાધી લેવાના આશીર્વાદ આપ્યા ! ધન્ય પ્રભુ ! કેવી સોનેરી તક ઓળખાવી કે-

**આ જનમ એ ભોજનની તક નથી, ભજનની તક છે. ભગવાનમાં ભળવાની તક છે, ભોજનાદિ જડમાં ભળવાની નહિ.**

રાજા તો એકાએક આ બધું સાંભળતાં એનું મન એમાં જ લાગી ગયું તે બીજી ત્રીજી કલ્પના આગળ વધતાં જ અટકી ગઇ એના મનને એમ થઇ જાય છે કે 'શું મારે તક ? આ તકનો આજ સુધી મેં વિચાર જ ન કર્યો ?...

એટલામાં સેક્રેટરી-સંન્યાસી બોલતાં આગળ વધે છે. 'મહારાજા ! સ્વામીજી





શું ખોટું કહે છે ? અહીં કેવી સોનેરી તક ! જીવ આપણો હલકી કીડા-મંકોડા કે પશુ-પંખીની યોનિઓમાં ભટકતો હતો ત્યારે ભગવાનમાં ભળવાની એને શી તક જ હતી ? ત્યાં અજ્ઞાન મૂઢ દશામાં પોતાના આત્માની કશી ગતાગમ જ નહોતી, પછી તક સમજવાની બિચારાને જગા જ ક્યાં ? અહીં સૂઝ છે, સમજ છે, ગુરુઓનો શાસ્ત્રોનો ઉપદેશ મળે છે, એટલે સમજાય છે કે મોહમાયા મૂકીને પરમાત્માના ધ્યાનમાં લાગી જવાની અતિ દુર્લભ તક છે, તક પણ લાંબી નહિ, કિંતુ તત્કાલ સાધી લેવી પડે એવી. નહિતર આ ઉચ્ચ જન્મ તો જોતજોતામાં ફરરરફૂ ઊડી જવાનો, એટલે પછી તક ગઇ સમજો માટે આવી મહા દુર્લભ અને મહા કિંમતી તકને ઝટપટ સાધી લેવી, અને પરમાત્મામાં ભળવા માટે સુકૃતો-સાધનાઓ-સદ્ગુણોમાં ઝટપટ લાગી જવું, એ જ શ્રેયસ્કર છે. એમ સ્વામીજી તકની જાગૃતિ આપી રહ્યા છે.'

રાજા સાંભળીને ખુશ ખુશ થઇ ગયો. એ પણ સ્વામીજીને નમસ્કાર કરતો ઉપકાર માને છે કે 'આપનો બહુ ઉપકાર કે મને તક સાધી લેવા આશીર્વાદ આપો છો !'

બસ રાજાને ય ભેજું હતું, સોનેરી તક પર ચિંતનમાં ચડી ગયો, ત્યાં દિલમાં વૈરાગ્ય જગાવીને ગયો.

ખરાબ શબ્દને સારો મરોડ આપવાની કેવી કુશળતા સંન્યાસીની ! ભરવાડના બકરા હાંકવાના શબ્દને એવો સુંદર વળાંક આપી દીધો કે એ શબ્દોનો મહાન ઉપદેશમાં ઘટાવી દીધા. તે વાતાવરણ કેવું ખુશનુમા બની ગયું ! અલબત્ત સેક્રેટરી-સંન્યાસીએ રાજાના ગયા પછી ભરવાડ સંન્યાસીને ઠપકો આપ્યો કે 'આ તમે કેવો ભાંગરો વાટ્યો તમને બિલકુલ બોલવાની મનાઇ કરી હતી. ખબર નથી ?'

ભરવાડ સંન્યાસીએ કબૂલ કર્યું કે 'વાત સાચી છે મારી ભૂલ થઇ ગઇ. દૂર બકરાં દેખીને જુની આદતથી આમ બની ગયું. હવે સાવધાની રાખીશ, બાકી તમે આ રાજાને સારું સમજાવ્યું. ને એથી તો મારી પણ આંખ ખૂલી ગઇ. મને પણ થયું કે-

**ભરવાડ સંન્યાસીનો હૃદયપલ્ટો.**

**ભગવાનમાં ભળવા ખાતર મૌન–**

'અરે ! હું આ શું મોટા માનમાં તણાયો છું ? શું આ જનમ માનપાન લેવાની જ તક છે ? અહીં તમારા બધાની સાથે રહીને તો ભગવાનનું ધ્યાન કરવાની, ને ધ્યાન કરીને ભગવાનમાં ભળવાની ખરેખરી તક છે. આવો સંયોગ મળે ક્યાંથી ? જંગલમાં બકરા ચારતો હોત તો આ ક્યાં સૂઝ જ હતી ? અહીં સંયોગ મળ્યા પછી પણ આ ન કરું તો મારા જેવો મૂરખ કોણ ? બસ, આજથી નિર્ધાર છે કે પહેલાં માન ખાતર મૌન રહેતો હતો, હવે ભગવાનમાં ભળવા ખાતર જીવનભર મૌન.'

તકતકતકના બુદ્ધિપૂર્વકના અર્થઘટન પર કેવા મહાન લાભો. રાજા વૈરાગ્ય પામી ગયો. અને ખુદ આ બોલનાર ભરવાડ સંન્યાસી અંતર્મુખ થઇ ગયો. પાકું મૌન પકડી ભગવાનના ધ્યાનમાં લાગી ગયો.

**જ્યારે ઉચ્ચ મનની સગવડ થઇ ને સુવર્ણ તક મળી છે તો શા સારુ મન ભગવાન સિવાય બીજે ઘાલવું ?**

આ સમજ એણે લઇ લીધી. કશું ભણ્યો નથી, છતાં સમજ ઊંચી લીધી. સમજ ઊંચી છે ને ? કેવું ભોજન છે, કપડાં કેવા છે ? માન કેવું મળે છે ? કોણ આવ્યું ? કોણ ગયું ?...' ભલભલા ભણેલાને આવું બહારમાંથી મન ઉઠાવી લેવાનું નથી પાલવતું. ભય રહે છે કે 'આ બધું બહારનું ધ્યાન ન રાખું, તો બધે લોચા જ વળી જાય !'

કેમ જાણે બહારમાં લોચો વળી જાય તો જિંદગી બગડી જાય ! અલ્યા !

**જિંદગી શેના પર બગડે ?**

**અંદરની વસ્તુમાં લોચો વળવાથી ? કે બહારની વસ્તુમાં લોચો વળવાથી ?**

આપણા જીવે અત્યાર સુધી જિંદગીઓ આમ જ બગાડી માટે હજી સુધી સંસારમાં ભટકતો રહ્યો છે. કર્મસત્તાથી વિટંબણા-નાલેશી ને પાકી પરાધીનતા ભોગવતો રહ્યો છે.

**કર્મસત્તાથી વિટંબણા**

જીવને વિટંબાણઓ છે ને ? ઘણી ઇચ્છાઓ હોવા છતાં ઇચ્છા મુજબ મળતું નથી, ધાર્યું થતું નથી, ઇચ્છા મુજબ વિષયો ભોગવાતા નથી, રાખ્યા રહેતા નથી, પોતાની ઇચ્છા મુજબ સગાસ્નેહી વર્તતાં નથી, આ બધી વિટંબણા જ છે ને ? વાંકુચૂંકુ ઘણુય નથી ગમતું છતાં માથે આવી પડે છે, આ પણ એક પ્રકારની વિટંબણા જ છે ને ? રોગ ગમે છે ? મોંઘવારી ગમે છે ? કુટુંબી આડો ચાલે એ ગમે છે ? પોતાનું માન ન સચવાય, અપમાન આવી પડે, શું એ બધું ગમે છે ? ના, તો એ વિટંબણા નથી ?

**કર્મસત્તાથી નાલેશી**

એમ મરવાની અને અહીંનું પાથરેલું બધું મૂકવાની લેશમાત્ર ઇચ્છા નથી, છતાં મરવું પડે, બધુ મૂકવું જ પડે, પરલોકમાં દુર્ગતિમાં જાવું પડે, આ નાલેશી જ છે ને ? કેવી મોટી નાલેશી ? મોટા પરિવારવાળા બનીને એકલા અટુલા અહીંથી પરલોકમાં હકાલપટ્ટી થાય, એ કેટલી મોટી નાલેશી ? કરોડપતિ બનીને હવે મરીને





જતાં પાસે એક કોડી ય નહિ, એ રીતે અહીંથી ચાલતી પકડવી પડે એ ઓછી નાલેશી છે ? નાની નાલેશી છે ?

**એટલી બધી વિટંબણા અને ભારે નાલેશીઓ તથા પાકી પરાધીનતા શાના લીધે ? કહો, કર્મસત્તાના લીધે–**

પરાધીનતા પણ કેવી પાકી જાલિમ છે ?

શરીર ભારે મેદ ભર્યું છે, ને ઊઠવા-બેસવામાં હરવા-ફરવામાં તકલીફ કરે છે. એ ઉતારી નાખવું છે, પરંતુ કર્મસત્તાની પાકી પરાધીનતા તે ઉપાયો કર્યા ય ન ઉતરે, ને ચલાવી લેવું પડે છે ! એ પાકી પરાધીનતા જ છે ને ?

મકાન પોતાનું અને એનું ભાડું બહુ સારું ઉપજે એવું છે, છતાં જુનો ભાડુઆત મામૂલી ભાડું આપી રહે છે, એને ખસેડી શકાતો નથી, એ પાકી પરાધીનતા નથી ?

જમાઇ ખોટો નીકળ્યો દીકરાની વહુ ખોટી નીકળી, પણ હવે એને બદલી શકાતા નથી. એ પરાધીનતા નથી ?

આજના દીકરા ટેઢા નીકળ્યા, તો એની વિટંબણા સહેવી પડે, પણ એને કાઢી ન મૂકાય કે ઘરમાંથી જાતે નીકળી ન જવાય, એ પરાધીનતા જ છે ને ?

☙ ☙ ☙ ☙ ☙ ☙

કોની પરાધીનતા ? કહો, કર્મસત્તાની, ત્યારે આવી કાતિલ કર્મવશતા જોઇ જાગતા રહેવા જેવું છે.

દા.ત. સમજો કે દાન દેવાનો સુંદર અવસર આવી ઊભો, ત્યાં પોતાની પાસે કાં તો ગરીબી હોઇ દાન દઇ શકાતું નથી, અથવા શ્રીમંતાઇ છતાં કૃપણતાને લીધે દેવાતું નથી, ત્યાં 'આ મારી કેવી કર્મવશતા કે લાભાંતરાયની ગુલામીમાં ગરીબી છે, યા દાનાંતરાય અને મોહનીય કર્મ મને દાન દેતાં અટકાવે છે ?' આ વિચારી શકાય તો જાગૃતિ રહે, અને ખોટા રાગ-દ્વેષ કે હરખ-શોકથી બચી જઇએ.

**મૂળ, હર પળે કર્મને દુશ્મન દેખવાના છે. તેથી આપણા સુખ-દુઃખના પ્રસંગોમાં હરખ શોક ન થાય, ને ગુણ-સુકૃત પર અભિમાન ન થાય.**

ગરીબી હો કે શ્રીમંતાઇ, ત્યાં કર્મસત્તા કેવું દુશ્મનનું કામ કરે છે, એ ધ્યાન પર લાવી શકાય. કદાચ શ્રીમંતાઇમાં દાન કરી શકતા હોઇએ, તો ય દાનમાં ફુલાઇ ન જવાય એ માટે પણ દુશ્મન કર્મસત્તાને આ રીતે દેખવાની કે 'હજી મારા અનંતાનંત જ્ઞાનને દબાવનારા, અનંતાનંત દર્શનને દબાવનારા, અનંત સુખ અનંત વીર્ય અને નિરંજન નિરાકારપણાને, વીતરાગતાને દબાવનારા, અનંત કર્મશત્રુ મારા માથે

બેઠા છે ! ત્યાં એ ભયંકર કચરામણમાં આટલાં દાન-સુકૃત પર, ને લોકથી થતી પ્રશંસા પર શું ફુલાઉં ?' આમ વિચાર રહે તો અભિમાનથી બચાય.

વાત આ છે પેલા સંન્યાસીએ 'તક, તક, તક,' એ શબ્દોનો વિવેકભરી બુદ્ધિ વાપરીને અર્થ એવો ઘટાવ્યો કે જેના પર (૧) રાજા વૈરાગ્ય પામી ગયો ! (૨) ભરવાડ સંન્યાસી પોતે હવે ખરેખરો અંતર્મુખ સંન્યાસી બની ગયો ! અને (૩) બીજા સંન્યાસીઓ જાગ્રત થઇ ગયા ! વિવેક પૂર્વક કામ કરવાની આ ખૂબી, નહિતર તક-તક-તક શબ્દો તો બકરા હાંકવાના ભરવાડી શબ્દો હતા. એમાં શો માલ હતો ? કહે છે ને-

'ઉદ્યમીઓ ધૂળમાંથી સોનું શોધી જાય છે.'

**બુદ્ધિના ઉદ્યમમાં આપણી સ્વતંત્રતા :-**

**ઉદ્યમ જોઇએ, તો ધૂળ જેવી વસ્તુમાંથી સોના જેવી કમાણી થાય.**

**બુદ્ધિનો ઉદ્યમ હોય, તો વિવેક એવો પ્રગટે.**

એથી આવી નાખી દેવાના ભરવાડી શબ્દો તક-તક-તકમાંથી સંન્યાસીના બુદ્ધિપુરુષાર્થે રાજાને વૈરાગ્ય વગેરે જેવાં મહાન કાર્ય નીપજ્યાં ! આ બુદ્ધિના ઉદ્યમમાં આપણી સ્વતંત્રતા છે. તેથી આપણે સ્થિર ચિત્તે, દીર્ઘ દૃષ્ટિ-વિશેષજ્ઞતા...વગેરે વાપરીને બુદ્ધિનો ઉદ્યમ કરવો હોય તો કરી શકીએ છીએ આ એવી સ્વતંત્રતા છે કે જેનાથી બીજી વાતે ગમે તેટલા પરતંત્ર હોઇએ પણ બુદ્ધિ લડાવવામાં કોઇની અટકાયત થતી નથી, એટલું જ નહિ. પરંતુ જ્યાં દુનિયા વસ્તુને કે પ્રસંગને અવળા માર્ગે ખતવતી હોય, ત્યાં આપણે સવળા માર્ગે ખતવી શકીએ દા.ત.

રોગ આવ્યો, દુનિયા માનશે કે 'આ ખરાબ થયું, પીડા આવી', આપણે બુદ્ધિ લડાવી માની શકીએ કે 'કશું ખરાબ નથી થયું, સારું થયું.' દુનિયા રોગને ઊંધા માર્ગે ખતવે છે. 'શરીરને પીડા થઇ અને દુનિયાનાં કામ અટકી પડ્યાં,' એટલું જ બુદ્ધિથી વિચારી નિરાશ થાય છે. વિચારવાનો આ માર્ગ ઊંધો. એટલા માટે ઊંધો કે એમ નિરાશ થવાથી રોગ કાંઇ મટતો તો છે નહિ, ઊલટું એક શરીરના રોગની પીડા ઉપરાંત બીજી મનની પીડા વધારી રહ્યો છે !

**પોતાની જાતે જ એવું વિચારીને શરીરિક પીડા ઉપરાંત માનસિક પીડા વધારવી એ સીધો માર્ગ ? કે ઊંધો ?**

એમાં મન સ્વસ્થ રાખનારી તાત્ત્વિક બુદ્ધિ તાત્ત્વિક વિચારણા ગુમાવવી, એ માર્ગ ઊંધો ? કે સીધો ? કહો ઊંધો જ. ત્યારે, બુદ્ધિથી જે એમ જુએ છે કે 'આમ તો કાંઇ ધંધા-ધાપા વગેરે પાપ વ્યાપારોથી નિવૃત્તિ લઇ પરમાત્માનાં ધ્યાનમાં





ચોવીસેય કલાક બેસી શકતો નહોતો તે હવે આ રોગે એની સગવડ કરી આપી. ચાલો ઠીક થયું, તો પ્રભુમાં મન પરોવી દઉં. એમના નામનો જાપ કરું. એમને પ્રાર્થના કરું. એમનાં સ્તવન ગુણગાન કરું.'' બોલો આ વિચાર્યું એમાં બુદ્ધિ સીધા માર્ગે ગઇ ? કે ઊંધા માર્ગે ? કહો, સીધા માર્ગે બુદ્ધિ છે, કેમકે એ મનને સ્વસ્થ, નીરોગી ને સ્વચ્છ રાખે છે.

બુદ્ધિની સ્વતંત્રતાનો ઉપયોગ કરવો જોઇએ વસ્તુની કે પ્રસંગની ચારે બાજુ વિચારવી જોઇએ, લક્ષમાં લેવી જોઇએ. તો રોગમાં એ દેખાય કે રોગ અશુભ કર્મના ઉદયથી આવે છે, પરંતુ રોગ આવીને ભોગવાઇ જઇને એ કર્મ ચાલ્યું જાય છે, નાશ પામે છે. એટલે કે રોગથી એટલો કર્મકચરો સાફ થાય છે, ને વધારામાં આપણા ચિત્તમાં શાંતિ સમાધિ હોય, કશી હાયવોય-ગ્લાનિ ન હોય, તો બીજાં કેટલાંય કર્મ પણ સાથે સાથે નાશ પામે છે ! તો આવા મોટા લાભ કરવાની બુદ્ધિએ ઊંધા માર્ગે કે સીધા માર્ગે ?

ખંધક મહામુનિની રાજાએ મારાઓ મોકલી જીવતા ચામડી ઉતરાવી. આવા મહામુનિઓ ભયંકર ઉપસર્ગની પીડા વખતે પણ આવું વિચારવામાં બુદ્ધિનો ઉપયોગ કરી ભવસાગર તરી ગયા, પોતાના જીવને સમજાવી દીધું-

**સમાધિની સરસ ચાવી :**

**'કર્મ ખપાવાનો અવસર એહવો, ફરી નહિ મળશે ઓ ! પ્રાણી રે.'**

સમાધિની આ સરસ ચાવી છે. નરકમાં ભયંકર પીડા હોય એટલે ભયંકર કર્મ ખપાવાનો અવસર તો મળે પરંતુ ત્યાં સંયમ નહિ એટલે એવી ચિત્તસમાધિ નહિ, તેથી વિશિષ્ટ જંગી કર્મક્ષય નહિ, એટલે આવો અવસર ત્યાં નહિ. તેમ, મનુષ્ય જનમમાં એવો અતિશય પાપિષ્ઠ અને અતિ ક્રૂર શત્રુ મળે તો જ એ આવી ભયંકર પીડા આપે એ સિવાયના તો કોઇ આપે નહિ, એટલે એવો શત્રુ મળવાનું સહેલાઇથી મનુષ્ય જનમમાં ય ડગલે ને પગલે ન થાય. માટે કહ્યું-'કર્મ ખપાવાનો અવસર એહવો ફરી નહિ મળશે ઓ પ્રાણી રે.'

સમાધિની આ બહુ સરસ ચાવી છે. ગમે ત્યાં કષ્ટમાં ચિત્ત વિહ્વલ થતું હોય, હાયવોય કરતું હોય. સામા જીવ પર ગુસ્સો ચડી જતો હોય, ત્યાં આ વિચારવાનું કે 'કર્મ ખપાવાનો અવસર એહવો ફરી નહિ મળશે પ્રાણી રે.'

એમ, મનગમતું ન મળ્યું, ન બની આવ્યું ત્યાં પણ આ જ ચાવી લગાડવાની. દા.ત. ખાવા સારું ન મળ્યું કે ખાવા ઓછું મળ્યું. પહેરવા ઓછું કે ખરાબ મળ્યું...ત્યાં આ જ વિચારવાનું કે 'કર્મ ખપાવાનો અવસર એહવો ફરી નહિ મળશે ઓ પ્રાણી રે'

કેમકે એટલું અશુભ કર્મ ઉદયમાં, એટલે તો ન ગમતું મળ્યું, ખરાબ મળ્યું, ને એ મળતાં એનું અશુભ કર્મ ભોગવાઇ ખપી ગયું. એવું ખરાબ મળ્યા વિના અશુભ કર્મ ભોગવાત શી રીતે ? -ને ભોગવાયા વિના એ નષ્ટ ક્યાંથી થાત ? આવી બુદ્ધિ કરવા આપણે સ્વતંત્ર છીએ, પરંતુ ગમાર, તે એની કિંમત નથી, એટલે એવી બુદ્ધિ કરતાં આવડતી નથી કે પાલવતી નથી ! તે ઊંધા માર્ગે બુદ્ધિ લઇ જઇએ છીએ. જોઇએ તો વળી એક મહાન લાભ આ છે-

**અણગમતું કષ્ટ વધાવી લેવામાં સત્ત્વ વધે છે. મહાધન સત્ત્વની કમાણી !**

**મહાવીર પ્રભુની સત્ત્વકમાઇ :-**

સમજી રાખજો સત્ત્વ એ મહાધન છે. જેમ જેમ કષ્ટ વેઠતા જઇએ, અણગમતું પ્રસન્નતાથી ચલાવ્યે રાખીએ, તેમ તેમ સત્ત્વની કમાણી થતી જાય સત્ત્વ જ ગુણસ્થાનક વધારે. ભગવાન મહાવીર પ્રભુએ બાર વરસ સુધી એમ જ કષ્ટોને વધાવી વધાવી સત્ત્વ વધાર્યે રાખ્યું, તો અંતે એવા મહા સત્ત્વ સુધી પહોંચી ગયા કે ઋજુવાલુકા નદીના તીરે આઠમા ગુણસ્થાનકે અપૂર્વ કરણનું પરમ સત્ત્વ વિકસાવી ઉચ્ચ ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં ચડ્યા, તે વીતરાગ બની સર્વજ્ઞ બન્યા ! સત્ત્વહીનનાં આ કામ નહિ. અલ્પ સત્ત્વનાં આ કામ નહિ. એ માટે મહાસત્ત્વ-પરમ સત્ત્વ જોઇએ.

પરમ સત્ત્વ એકી કલમે ન આવે. એ માટે તો સત્ત્વને ખૂબ કમાતા ચાલવું જોઇએ, વિકસાવતા ચાલવું જોઇએ. ભગવાન મહાવીર પ્રભુએ સાડા બાર વરસ સુધી ખૂબ કષ્ટોને વધાવી વધાવી એમ જ સત્ત્વધન વધાર્યે રાખેલું ત્યારે એ પરમ સત્ત્વ સુધી પહોંચી ગયેલ. તો શું આપણે ભગવાન કરતાં પણ ચડિયાતા ? તે હમણાં તો કષ્ટથી ભાગવાનું રાખી અને મનગમતું વધાવ્યે રાખી સત્ત્વનાશ કર્યે જઇએ અને પછી એકાએક ક્યારેક પરમ સત્ત્વ ઊભું કરી દઇશું ? ભૂલશો નહિ.

**જેટલું ગમતું વધાવીએ ને અણગમતું રોઇએ એટલો સત્ત્વનો નાશ છે.**

'ભાઇ આપણને ઉપયોગી હોય તો સારો,' આમાં ગમતું વધાવ્યું ત્યાં સત્ત્વનાશ, 'ભાઇ એ આપણો એક પણ સ્વાર્થ ભાંગ્યો તો ખોટો,' આમાં અણગમતું રોયા ત્યાં પણ સત્ત્વનાશ. પછી એ સત્ત્વનાશથી ભાઇ પ્રત્યે દ્વેષ-અરુચિ થવાની, તે કદાચ જીવનભર નહિ ટળે ! એને કોઇ સમજાવે તો ય સત્ત્વ નષ્ટ છે એટલે ઉદારતા-ઉપશમ-વાત્સલ્યની બુદ્ધિ જ નહિ થાય.

**સત્ત્વને આપણે ક્યાં ક્યાં હણી રહ્યા છીએ એ બહુ તપાસવા જેવું છે.**

જેથી પછી એવા અવળા ધંધા બંધ કરાય.





ખાવા બેઠા, સામે રોટલી છે, લાડુ છે, 'રોટલી કરતાં લાડુ સારો-મીઠો 'એમ કરી લાડુ લેવા જઇએ ત્યાં સત્ત્વ હણાયું. 'આજે નીતિ કરતાં અનીતિથી વધુ ધન મળે' એમ માન્યું ત્યાં સત્ત્વ હણાયું, પછી ભલે ભાગ્યમાં એવો વેપાર જ ન હોય તે અનીતિ આચરી ન શકે. પરંતુ-

**લોકવાયકામાં તણાયે અયોગ્ય વિચારવા માત્રમાં સત્ત્વ ઘવાય.**

આ લોકવાયકા છે કે 'ભાઇ ! આજે તો અનીતિથી પૈસા મળે.' ત્યારે આપણે જો મનમાં એવું લાવીએ કે 'ખરી વાત છે, આજે તો અનીતિથી જ પૈસા મળે,' તો આ લોકવાયકા પ્રમાણે માત્ર વિચારવા જતાં ય સત્ત્વ હણાય છે, તો પછી પૈસાના લોભમાં અનીતિ-અસત્ય સેવે ત્યાં સત્ત્વ હણાય એમાં શી નવાઇ ? લોકોને કામવાસના ને કામરાગ જગાડે એવા આપણા વેશ કે એવા આપણા બોલ યા ચાલ અથવા એવા આપણાં લખાણ ગમે છે માટે જો આપણે એવા વેશ-બોલ-ચાલ-લખાણ કરીએ તો ત્યાં આપણું સત્ત્વ હણાયુ. સત્ત્વરક્ષા તો તે, કે (૧) એવું પહેરે કે સામો એ જોઇ કામરાગ વધારી ન શકે, (૨) એવા શબ્દ બોલે કે સામાને વૈરાગ્ય જન્મે, (૩) એવાં લખાણ કરે કે એ વાંચનારનો જિનવચન પર શ્રદ્ધા, સંવેગ અને વૈરાગ્ય જાગે, પોષાય અને વધે. એમ કરવામાં સત્ત્વ વધે. બાકી,

**માન કષાયમાં ફસી પહેરવા-બોલવા-ચાલવામાં કે લખવામાં-કે જે સામાના વિષય, રાગને ઉત્તેજિત કરતા હોય.-એમાં તો સરાસર સત્ત્વનો નાશ છે.**

આપણી પાસે કપડાં છે, ગાત્ર છે, વાણી છે, કલમ છે. પૈસા છે. એનો સારા માટે ઉપયોગ કરવો કે ખોટા માટે, એમાં આપણે સ્વતંત્ર છીએ. સારા માટે કરીએ તો સત્ત્વ વધે છે, ખોટા માટે કરીએ તો સત્ત્વ હણાય છે.

**બુદ્ધિની આ સ્વતંત્રતા એવી છે કે ગમે તેવું મળ્યું હોય પરંતુ એને સારામાં ઉતારી સત્ત્વ પોષવું એ આપણા હાથમાં છે.**

**માટે તો એ જોયું કે રોગ આવ્યો ત્યાં રોવા ન બેઠા, પણ આ વિચાર્યું કે આમાં તો-**

(૧) પાપારંભોથી નિવૃત્તિ મળી,

(૨) પરમાત્માને ભજવા અવકાશ મળ્યો,

(૩) એટલા કર્મકચરા સાફ થશે,

(૪) રોગ આદિ કષ્ટ વધાવી લેવામાં સત્ત્વ વિકાસ થશે.

આવું માન્યું એ બધું સારામાં ઉતાર્યું ગણાય. આમાં મહાવિવેક છે. વિવેક બુદ્ધિના ઉદ્યમથી-પુરુષાર્થથી આવે છે. અલબત્ત સત્સંગ-શાસ્ત્રશ્રવણનો સહારો

લેવો જોઇએ પછી બુદ્ધિ વિશાળ-ઉમદા-પવિત્ર અને સૂક્ષ્મ બનવાથી વિવેક ઉચ્ચ કોટિનો આવે.

**જીવનમાં વિવેકનો ઉપયોગ જીવને મહાન બનાવે, અવિવેક અધમ બનાવે.**

પેલા અમિતતેજ રાજાએ મહા અપરાધી અશનિઘોષ વિદ્યાધરને પકડી લાવવા છોડેલી વિદ્યાએ જ્યાં જોયું કે અશનિઘોષ ભાગીને કેવળજ્ઞાનીના શરણે બેસી ગયો છે, એટલે એ વિદ્યા વિવેકથી એને પકડ્યા વિના પાછી ફરી, આવી અમિતતેજ પાસે, અને હકીકત કીધી.

**અમિતતેજ શું કહે છે ?**

હવે અમિતતેજમાં પણ વિવેક પ્રગટ્યો, તે વિચારે છેકે 'હવે આપણે અશનિઘોષને પકડવો નકામો છે. આપણે કામથી કામ. એ બેન સુતારાને ઉપાડી ગયો છે, તે બેનને જ મેળવી લઇએ, અને આપણે કેવળજ્ઞાનીનાં દર્શને જઇએ.' બસ, એમ વિચારી એક વિદ્યાધરને સુતારાને લઇ આવવા મોકલ્યો અને એને કેવળજ્ઞાની બળદેવ મુનિ પાસે પોતે જાય છે એટલે ત્યાંજ સુતારાને લઇને આવવા કહ્યું. હવે અમિતતેજ પોતે શ્રીવિજય અને પરિવાર સાથે કેવળજ્ઞાની પાસે ઉપડ્યા. શુભ કાર્યમાં વિલંબ શા માટે ?

વિદ્યાધર પહોંચ્યો અશનિઘોષની રાજાધાનીમાં. ત્યાં એના મહેલમાં એની માતા પાસે જઇ બધી હકીકત કહી, અને કહ્યું કે મહારાજાએ મને સુતારાને તેડી લાવવા મોકલ્યો છે.

**અશનિઘોષની માતા આર્યમાતા :-**

અશનિઘોષની માતાને દીકરો પરસ્ત્રી ઉઠાવી લાવ્યો છે. એ વાત ગમતી તો હતી જ નહિ. અને હવે જાણવા મળ્યું કે સુતારાના ભાઇ સમ્રાટ રાજા અમિતતેજે મહાજ્વાલા વિદ્યા છોડી અને અશનિઘોષને ભાગી જવું પડ્યું છે. અને જઇને કેવળજ્ઞાની બળદેવમુનિનાં શરણે બેસી જવું પડ્યું છે, એટલે હવે સમ્રાટ રાજા અમિતતેજ આગળ એનું કાંઇ ઊપજે એવું છે નહિ. તેથી સુતારાને સમ્રાટના હુકમ મુજબ સોંપી દેવી જોઇએ.

**આર્ય માબાપ સંતાનનું અનુચિત પસંદ ન કરે :**

સારા મા-બાપને દીકરા-દીકરી પર ગમે તેટલો મોહ હોય છતાં એ દીકરા-દીકરીના દુરાચારના પ્રયત્ન કે અન્ય તદ્દન અનુચિત પ્રયત્નને એ પસંદ કરતા નથી. માબાપનું એ રોકવાનું બની શકતું ન હોય એટલે સમસમીને બેસી રહેવું પડે એ જુદી વાત, પરંતુ તેથી જરાય રાજી તો નહિ જ કે 'ચાલો દીકરો પરસ્ત્રી તો પરસ્ત્રી,





પણ મનગમતી ઉઠાવી લાવ્યો, ને ખુશી ખુશી થઇ ગયો છે, એ સારું થયું,' એવું જરાય માબાપ માને નહિ. આર્ય દેશનો પ્રભાવ છે કે સારા માણસને સદાચારના રાહ ઉલ્લંઘવા ન ગમે. પછી છોકરા કાબૂમાં ન હોય અને માબાપને લાચાર બનવું પડે એ જુદી વાત, પણ મોકો આવતાં છોકરાને અનુચિત માર્ગથી બચાવી લેવા તત્પર હોય. આ હિસાબે અહીં માતાએ જોયું કે હવે તો મોટા રાજા અમિતતેજ જ બેન સુતારાને બોલાવી લે છે, તો મારે એને મોકલી જ દેવી જોઇએ.

તરત જ અશનિઘોષની માતાએ સુતારાને સોંપી દીધી, અને વિદ્યાધર એને અમિતતેજના કહેવા પ્રમાણે કેવળજ્ઞાની ભગવાન બળદેવમુનિ પાસે લઇ આવે છે. અહીં સમ્રાટ અમિતતેજ પણ શ્રીવિજય રાજા અને પરિવાર સાથે આવી ગયેલ છે. એ સુતારા ત્યાં આવતાં પ્રસન્ન થાય છે, ને શ્રીવિજય રાજાને તો પત્ની મળતાં જાણે જીવમાં જીવ આવ્યો એવો અનહદ આનંદ થાય છે.

તમને પરમાત્મા મળતાં આવા અપૂર્વ આનંદનો કોઇ અનુભવ થયો છે ?

**પરમાત્મા મળ્યાનો અપૂર્વ આનંદ સંસાર પાર કરી આપે :**

સંસાર તરવો કેમ મોંઘો થઇ પડ્યો છે ?

સંસાર પાર કરી ગયેલા અને ભવ્યાત્માઓને પાર કરાવનારા, પરમાત્મા મળ્યાનો, મનમાની પત્ની મળ્યા જેવો ય આનંદ નથી અનુભવાતો તેથી સંસાર તરવાનું મોંઘું થઇ ગયું છે. સંસારી ચીજ મળ્યા જેટલોય આનંદ નહિ, પછી એથીય અધિક આનંદની તો વાત જ ક્યાં ? ભલે આપણે મન મનાવીએ કે 'મને ભગવાન મળ્યાનો ખૂબ આનંદ થાય છે.' પણ હૃદય તપાસવા જેવું છે કે 'શું એ આનંદનો બીજી બધી સંસારિક પ્રાપ્તિઓના આનંદ પર એવો પસારો છે ખરો કે એ બધા આનંદને ફિક્કા પાડી દે ?' શું-એ બધી સંસારિક પ્રાપ્તિઓ મારા ભગવાનની સેવામાં ને ભગવાનની શોભા વધારવામાં ઉપયોગી થશે-એવી હૈયે ધરપત-એવો ઉલ્લાસ થાય છે ?

માણસને મનમાની પત્ની મળ્યાનો અનહદ આનંદ હોય છે તો એને પછી 'પાસે પૈસા-મોટર-બંગલો અને બીજી માલમિલકત હોય તે પત્નીની સેવામાં કામ લાગશે. એને પ્રસન્ન કરવામાં ઉપયોગી થશે.' એમ લાગ્યા કરે છે, અને પ્રસંગે પ્રસંગે એ પ્રમાણે એનો ઉપયોગ કરે છે. એ બધાય વૈભવમાં પોતાની ઉપયોગિતા કરતાં વધુ પત્નીને ઉપયોગિતાનું દર્શન કરે છે ત્યારે,

**જો ભગવાન મળ્યાનો પારાવાર આનંદ હોય તો જેમ પતિને અત્યન્ત પ્રિય પત્ની માટે લાગે એમ ભક્તને પોતાની માલમિલકત પોતાની જાત કરતાં ભગવાન માટે વધુ ઉપયોગી હોવાનું લાગે.**

મહારાજા શ્રેણિકને આ સ્થિતિ હતી. મિથ્યાત્વમાં રુલતો હતો ત્યાં સુધી કશું ઠેકાણું નહોતું, અને પટ્ટરાણી ચેલણા અતિ પ્રિય હતી તો પોતાની માલ મિલકત પોતાની જાત માટે ઉપયોગી કરતાં ચેલ્લણા માટે વધુ ઉપયોગી લાગતી હતી. કહે છે ને તારા માટે મારું બધું-સર્વસ્વ કુરબાન છે ?' પરંતુ જ્યાં ભગવાન મહાવીરસ્વામીને અત્યન્ત પ્રિય કર્યા, ત્યાં ચેલ્લણા માટે ઉપયોગી નહિ એટલું બધું ઉપયોગી ભગવાન માટે માન્યું. એના એ પ્રભાવ હતો કે ચેલ્લણા માટે અવસરે પણ રત્ન-કંબલના સવાલાખ સેનૈયા ખર્ચ કરવા તૈયારી નહોતી તે પ્રભુની સુખ-શાતાના સમાચાર મળ્યાની વધામણીમાં જરૂર પડ્યે હીરાનો હાર પણ દઇ દેવામાં દિલને લેશ પણ આંચકો નહોતો. પ્રભુ સર્વસ્વ મનાઇ ગયાનું અને પ્રભુ પર અનહદ પ્રેમ થઇ ગયાનું એ પરિણામ આવે એમાં નવાઇ નથી.

**પ્રભુ પર પ્રેમનો દાવો રાખતા પહેલાં આ જોવા જેવું છે કે આપણું કેટલું આપણી જાત કરતાં પ્રભુ માટે ઉપયોગી લાગે છે ?**

- કંજૂસ સ્વાર્થીને પોતાનું બધું લગભગ રાખી મૂકવા માટે ઉપયોગી લાગે છે.
- ઉદાર એકલપેટા સ્વાર્થીને બધું લગભગ જાત માટે ઉપયોગી લાગે છે.
- ઉદાર મોહાંધ સ્વાર્થીને બધું જાત અને કુટુંબ માટે ઉપયોગી લાગે છે.
- પત્નીમાં અંધને બધું પત્ની માટે ઉપયોગી લાગે છે.
- સમકિતીને બધું ભગવાન માટે ઉપયોગી લાગે છે, અસ્તુ.

શ્રીવિજય રાજાને પત્ની સુતારા પર એટલો બધો પ્રેમ છે કે જ્યાં એ અશનિઘોષના કબજામાંથી છૂટીને અહીં પતિ પાસે આવી કે પતિ શ્રીવિજયને પારાવાર આનંદ થયો.

**અશનિઘોષ ક્ષમા માગે છે :**

હવે કેવળજ્ઞાની બળદેવમુનિ પાસે જ્યાં શ્રીવિજય રાજા ને વિદ્યાધર સમ્રાટ અમિતતેજ પહોંચ્યા, ત્યાં બીજી બાજુ અશનિઘોષ વિદ્યાધર પહેલેથી મુનિના શરણે પહોંચી ગયેલ હતો એ ઊઠીને આ બંને રાજાની પગે પડીને ક્ષમા માગે છે, કે 'મહારાજા ! માફ કરો, મને, મારા હાથે ભયંકર ભૂલ થઇ ગઇ છે. મને હવે એનો પારાવાર પસ્તાવો છે. પરસ્ત્રી ઉઠાવી જવાનું કેટલું ઘોર પાતક મેં કર્યું ! અધમાધમ એવો હું મારું મોં પણ આપને શું બતાવું ? મને હવે ભારે શરમ લાગે છે. હું આપની આગળ જ શું, આ ધરતી પર પણ ઊભો રહી શકતો નથી. પૃથ્વી મારા જેવા પાપાત્માથી ભારે બને છે. મને એમ થાય છે કે ધરતી માર્ગ આપે, ધરતી ફાટે, તો હું અંદરમાં ઊતરી જાઉં. ક્ષમા કરો પ્રભુ ! ક્ષમા કરો. મને આપ જેવા ઉત્તમ પુરુષ





મારા જેવા નાલાયક નરાધમને ક્ષમા નહિ આપે તો બીજું કોણ આપનાર છે ?'

એક વખતનો મદાંધ માણસ હવે અતિ નમ્ર બનીને મુક્ત મનથી માફી માગે છે, મુક્ત મનથી એટલે કે મનની ગાંઠ છોડી નાખીને, ક્ષમાયાચના કરે છે. કેવી રીતે એ બને છે ? એમ સમજતા નહિ કે 'એણે હવે પછાડ ખાધી છે, હવે એનું કાંઇ ચાલે એવું નથી રહ્યું માટે એ એમ કરે છે,' એવું સમજતા નહિ, કેમકે હારેલો પરિસ્થિતિવશ ક્ષમા માગવી પડે તો માગે તો ખરો, પરંતુ એને દિલથી નમ્રતા અને મુક્ત મન આવવું સહેલું નથી. બહારથી નમ્રતાનો દેખાવ રાખી ક્ષમા માગવી પડે તોય અંદરખાને એમ થાય કે 'ક્યાં આ ફસાયો ને મારે નમવું પડે છે ? ક્ષમા માગવી પડે છે ?' આમાં અભિમાન છે, ને ગાંઠ છે.

**'મારે નમવું પડે છે' એ ભાવ અભિમાનનો છે, 'મારે ક્ષમા માગવી પડે છે' એ ભાવમાં માયાની ગાંઠ વળેલી છે.**

દેખાય શું ? જાણે અભિમાન મૂકી નમ્ર બનીને નમી રહ્યો છે, પરંતુ અંદરમાં 'ક્યાં મારે નમવું પડે છે ?' એમાં જે 'મારે' છે એ અભિમાનના ઘરનો શબ્દ છે. 'હુ' 'મને' 'મારે' 'મારાથી' 'મારું' એ અહંત્વના-અભિમાનના રૂપકો છે. 'હું હોશિયાર છુ, મૂર્ખ નથી' એમાં જેમ અભિમાન છે, એમ 'હું અભિમાન નથી કરતો' એમાં ય અભિમાન છે. પતિ પત્નીને કહે 'તું અભિમાન કરે છે એ મને જરાય ગમતું નથી' એમાંય 'મને' જે આવ્યું એ પતિનું અભિમાન છે. પૂછો-

પ્ર.-તો પછી જે એ કહે 'મને અભિમાન નથી ગમતું' એ શું ખોટું કહે છે ?'

ઉ. ખોટું નહિ, સાચું કહે છે, પણ સાચું આ રીતે કે 'મને તારું અભિમાન નથી ગમતું', એ ભાવથી કહે છે માટે સાચું, બાકી પોતાનું અભિમાન અહંત્વ તો એને ગમે છે માટે તો 'મને' કહી રહ્યો છે. જો પોતાને અહંત્વ ન હોય ને, તો તો શિખામણ આપવા એમ કહેવાય, 'જુઓ, આપણે અભિમાન કરીએ એ ખોટું છે, ખરાબ છે. એમાં અશુભ કર્મ બંધાય, અને ક્યારેક હલકા ય પડવું પડે. અભિમાનમાં શ્રીમંતાઇ વખતે બોલ્યા કે 'આપણે તો કોઇની ગુલામી કરીએ નહિ,' પરંતુ કમભાગ્યે સરકારી ફસામણ આવી, કે શ્રીમંતાઇ ગઇ, અને સરકારી ઓફિસરની ગુલામી કે નોકરી કરવાનો અવસર આવ્યો અને શેઠની ગુલામી કરવી પડી ત્યાં કોઇ પૂછે, 'કેમ ભાઇ ! તમે તો કહેતા હતા ને કે આપણે કોઇની ગુલામી ન કરીએ-એ ક્યાં ગયું ? આ શું કરી રહ્યા છો ?' એ વખતે મોંઢું કેવુંક થાય ? શો જવાબ દેવાય ? હલકા જ પડવું પડે ને ? એટલે જ શિખામણ અપાય કે 'અભિમાન ખોટું છે, એમાં પાપ બંધાય અને ક્યારેક હલકાય પડવું પડે.' પરંતુ તે 'આપણે' કહીને કહેવાય, જેથી

મને તમારું અભિમાન નથી ગમતું' એવું અભિમાન દાખવવાનો બોલ ન નીકળે.

અભિમાનનું સ્વરૂપ બારીક છે, ઝીણવટથી જોઇએ તો જ ખ્યાલમાં આવે કે અંતરંગ અભિમાન આવી ગયું છે. માનો કે કોઇએ વખાણ્યાઃ 'ભાઇ ! ફલાણો આટલું અભિમાન બતાવી ગયો છતાં તમે સામે અભિમાન ન બતાવ્યું. ગજબ છે તમારી નમ્રતા ને સહિષ્ણુતા ! ત્યાં જો આપણે એમ કહીએ કે 'ભાઇ ! આપણને અભિમાન નથી આવડતું' તો આ બોલમાં અભિમાન છુપાયેલું છે. માટે તો સામાના વખાણના બોલ વધાવી લેવાય છે, ને ગર્ભિત કહેવાય છે કે 'બીજા અભિમાન કરે, હું ન કરું,' એમ જાત-પ્રશંસા કરાય છે.

**આપણી પ્રશંસા આનંદથી ઝીલવી કે આપણે જાતે આપણી પ્રશંસા કરવી એમાં અભિમાન છે.**

**મદથી નીચ ગોત્રકર્મ બંધાય :**

માટે તો પ્રશમરતિ શાસ્ત્રે કહ્યું કે **પરની નિંદા કરે, પરની હલકાઇ-અપકર્ષ ગાય, યા સ્વોત્કર્ષ કરે, એથી નીચગોત્ર કર્મ બાંધે, કેમ કે એમાં મદ-અભિમાન છે, ને મદથી નીચગોત્ર કર્મ બંધાય.**

વિચારજો, દિવસમાં કેટલી વાર નીચ ગોત્રકર્મ બાંધતા હોઇશું ?

ખૂબી જુઓ-આપણે ગુણિયલ હોઇએ, દા.ત. ક્ષમાશીલ હોઇએ-ગુસ્સો ન કરતા હોઇએ, પરંતુ જો એમ કહીએ 'ભાઇ ! આપણને ગુસ્સો ન આવડે.' તો એ હકીકત સાચી હોવા છતાં એમાં સ્વોત્કર્ષ છે, અભિમાન છે, ને ત્યાં ગુણિયલ હોવા છતાં નીચગોત્ર કર્મ બંધાય ! આશ્ચર્ય નહિ પામતા.

**આત્માના ગુણ-દોષનું અને કર્મનું સાયન્સ (વિજ્ઞાન) ઝીણું છે. ગુણ ગાતાં દોષ !**

'ફલાણી બાઇ બહુ સુશીલ અને બહુ રૂપાળી' એમ બોલો એમાં કામરાગ કામ કરી જવા સંભવ ! એમ કહેતા નહિ-

❀ ❀ ❀ ❀ ❀ ❀

પ્ર૦-તો શાસ્ત્રોમાં આવે છે. રાજાને રાણી હતી. સુશીલ, ગુણિયલ અને રૂપવતી ! તો શુ શાસ્ત્ર લેખકને એ લખતાં કામરાગ ?

ઉ૦-શાસ્ત્રકાર મહર્ષિઓ તો ભવભીરુ મહાવૈરાગી સંસાર પાપોથી અને વિષયવાસનાથી પર થયેલા હતા. તમે એવા છો ? તો એ મહર્ષિઓનો ચાળો ન કરશો. એ સ્ત્રીની સુંદરતા લખે અને સ્ત્રી શરીરનાં રમણીય ગાત્રોનું વર્ણન કરે એની પાછળ પુણ્યકર્મનો પ્રભાવ બતાવવાનો તથા એવો પુણ્યસંયોગ પામવા





છતાં એ સ્ત્રીની ગુણિયલતા-સુશીલતા અને આગળ પર આત્મ હિતનાં પરાક્રમ કેવાં કરે છે એ બતાવવાનો આશય હોય છે. એવી રૂપાળી પણ રાણી પર વૈરાગ્ય પામી રાજા કેવા ત્યાગ-માર્ગે જવાના ભવ્ય પુરુષાર્થ કરે છે એ બતાવવું હોય છે. એટલે સ્ત્રી સૌંદર્યના વર્ણનમાં એમને કામરાગ થવાનો સંદેહ પણ ન કરાય.

આપણી જાત માટે જુઓ કે આપણે મહર્ષિઓ જેવા મહાવિરાગી છીએ ? ભવભીરુ છીએ ? વિષય-વાસનાથી પર થયેલા છીએ ? બોલો, અત્યંત-રૂપવાન અને ઉદ્ભટવેશવાળી સ્ત્રી પર નજર નથી જતી ને ?

**કદાચ રૂપાળીનું અંગ અચાનક નજરે ચડી થયું, તો એ રૂપ દિલમાં ખંજરની જેમ ખટકે છે ને ?**

રૂપાળો પણ સાપ નજરે ચડતાં જેમ એક ભયની ધ્રુજારી અનુભવાય છે, એમ રૂપાળી સ્ત્રીનાં ગાત્ર દેખાતાં ભયભરી કમકમી અનુભવાય છે ? જો આ દર્શનમાં અનુભવ નથી, તો સ્ત્રી સારી રૂપાળી એમ બોલવામાં ધ્રુજારી થશે ? કે જેમ રૂપદર્શનમાં એક પ્રકારના રાગની મીઠાશનો અનુભવ થાય છે એમ બોલવામાં પણ રાગનું ગલગલિયું થઇ રહ્યું હોય છે ?

માટે જ વાસનાથી પર એવા મહર્ષિઓની હરોળમાં વાસનામાં પડેલા માનવીથી ઊભા ન રહેવાય, અને **'સ્ત્રી સારી રૂપાળી'** એવો ભાવ મનમાંય ન લેવાય નહિતર કામરાગમાં ફસી જવાય.

**'પરદેશી રૂપાળો' એટલું કરવામાં રૂક્મિને કામરાગ—**

મહાબ્રહ્મચારી સ્ત્રીરાજા રુક્મિ એની રાજસભામાં આવેલા પરદેશી રાજકુમારને જોતાં 'આ સારો રૂપાળો' એટલું એક ક્ષણવાર ચિંતવવામાં પડી, તો રાજકુમારે તરત પરખ્યું કે 'એ કામરાગમાં પડી,' અને એથી પોતે ત્યાં આવેલો તો એક મહાબ્રહ્મચારીનાં મંગળમય દર્શન અર્થે, પરંતુ આ કામરાગની સહેજ ચેષ્ટા જોતાં ખિન્ન થઇ ગયો, અને પોતાના રૂપ પ્રત્યે એને ધિક્કાર છૂટ્યો કે 'ધિક્કાર છે મારાં આ રૂપને કે એણે આ પવિત્ર બાઇને ભુલાવી ! બિચારીને મોહમાં પાડી ! મહાબ્રહ્મચારી તરીકે આ રૂક્મિ દેશોદેશ પંકાતી હતી તે ખોટું નહિ. પંકાતી હોય, પરંતુ અત્યારે તો મારાં રૂપે એને દર્શન આપી અને કામરાગમાં પાડી ! માટે આવા ગોઝારા રૂપનો, હું ચારિત્ર લઇ ત્યાગ તપસ્યા અને અંતિમ અનશન કરવા દ્વારા, વિધિસર નાશ કરું.' એવા નિર્ણય પર એ પરદેશી રાજકુમાર આવી ગયો.

રાજકુમારની આ કલ્પના ભ્રાન્તિભરી નહોતી, એમ મહાનિશીથ આગમમાં ત્રિલોકનાથ ખુદ મહાવીર પ્રભુ ગણધર ગૌતમસ્વામીને રુકમીના અધિકારમાં જે

આ વર્ણવે છે એ પરથી સમજાય છે. ત્યાં પ્રભુએ એવું કહ્યું નથી કે એ રાજકુમાર રુકમીમાં કામરાગ કલ્પવામાં ભૂલ્યો હતો, એને ભ્રમણા થઇ હતી એવું પ્રભુએ કહ્યું નથી. ઊલટું એ પાપ ધોવા રુકમીએ ચારિત્ર જીવનમાં ઘોર તપસ્યા કર્યાનું પ્રભુએ કહ્યું છે, ને અંતે પણ એની આલોચના ન કરતાં ઊલટું પોતે કુમાર સામે રાગ દેખાડી જોયેલું તે પોતાના રાગથી નહિ પણ કુમારના બ્રહ્મચર્યની પરીક્ષા કરવા જોયેલું.' એવો ખોટો બચાવ કરવા ગઇ તો પછીથી એક લાખ ભવ આ સંસારમાં ભમી, એમ મહાવીર પ્રભુએ કહ્યું છે.

**સારાંશ, 'સ્ત્રી રૂપાળી તરીકે જોવી ય ખોટી, અને બોલવી ચિંતવવી ય ખોટી' એવું હૈયામાં હરદમ જાત માટે જાગતું રાખો-તો જ બચી શકશો.**

આત્માના દોષોનું અને કર્મનું વિજ્ઞાન ઝીણું છે. સ્ત્રીના રૂપમાં સહેજ દર્શન કે વર્ણનમાં, અરે ! સહેજ ચિંતનમાં પણ નઠારો કામરાગ આવી જાય એવું ઝીણવટથી જુએ-વિચારે તો જ સમજાય. એ જ રીતે કાંઇ ન ચાલ્યું ત્યારે 'ન છૂટકે સામાની આગળ નમ્રતા દેખાડાય એમાં અભિમાન પોષાય છે,' એ ઝીણવટથી જુએ તો જ ખબર પડે.

પણ પેલા સુતારારાણીને ઉપાડી જનાર અશનિઘોષ વિદ્યાધરમાં આવો નમ્રતાનો ખોટો દેખાવ નથી. કિન્તુ એને પોતાનાં દુષ્કૃત્ય માટે ખરેખરો પશ્ચાત્તાપ સંતાપ થયો છે, તેથી અમિતતેજ સમ્રાટ રાજા આગળ હૈયાની નમ્રતાથી ક્ષમા માંગી રહ્યો છે. તો હવે અહીં વિદ્યાધર ચક્રવર્તી રાજા અમિતતેજ પોતાની બેન સુતારાને ઉપાડી જવાનો ભયંકર અપરાધ કરનાર આ અશનિઘોષને શું કરે ? કેવી ભયંકર સજા કરે ?

પરંતુ ના હવે જ્યારે સુતારા અખંડ શીલવાળી પાછી મળી ગઇ છે ને અપરાધી અશનિઘોષ ગુનાનો ઇકરાર કરી પગે પડીને ક્ષમા માગી રહ્યો છે, પછી એના પર વૈરની ગાંઠ ન રખાય.

**આર્ય સંસ્કૃતિનો આ મહિમા, કે ઘોર અપરાધી દુશ્મન પણ નમ્ર બની પશ્ચાત્તાપ સાથે ક્ષમા માગે તો એને માફી આપવાની.**

'રાવણ સાથે મિત્રતાનો સંબંધ બાંધવા તૈયાર, પણ સેવ્ય-સેવકપણાનો સંબંધ નહિ,' એવા નરવીર વાલિરાજાને ખેદાનમેદાન કરવા રાવણ આવેલો, પરંતુ યુદ્ધમાં રાવણ હારી જતાં હવે જ્યાં એ વાલિની ક્ષમા માગે છે, ત્યાં વાલિએ ખુન્નસ ન રાખ્યું. ક્ષમા આપીને ઉપરથી પોતે રાવણની કર્મ-વિટંબણા દેખી વૈરાગ્યથી ચારિત્ર લેવા તૈયાર થઇ પોતાના નાના ભાઇ સુગ્રીવને રાજા બનાવી રાવણની આજ્ઞામાં





રહેવાનું ગોઠવી આપે છે ! સુગ્રીવને કહે છેઃ 'જો તારું મારા જેવું પુણ્યબળ નહિ, તેથી તને એકલાને કોઇ દુશ્મન ફેંદી નાખે નહિ એ માટે તારે રાવણના આજ્ઞાંકિત રહી સુરક્ષિત રહેવાનું.'

**આર્ય સંસ્કૃતિના આ ક્ષમાના અને સમર્થના આશ્રિત રહેવાના પાઠ ભણાવાય તો આજે જે કોરટો કેસોથી ઉભરાય છે તે ન ઉભરાય.**

**ધર્મબિન્દુ શાસ્ત્ર કહે છેઃ 'સમર્થ આશ્રયની નિશ્રામાં રહેવું.'**

આ જો સચવાય, તો મોટા સામે, માલિક સામે, સમર્થની સામે, કોરટમાં લડવા શાનું જવાય ? આશ્રય દાતા તરીકે એમનું સન્માન-ગૌરવ-બહુમાન સચવાય. એ થોડો અન્યાય કરતા દેખાય તો ય સહન કરી લઇ એમનો વિનય-આમન્યા સચવાય. એનાથી જતે દહાડે એમના પર સારી અસર પડે. મોટાનું થોડું સહન કરી લેવાની તૈયારી જોઇએ.

જીવનમાં શું એકલું સુંવાળા જ રહેવાનું ? અને મનમાન્યું ભોગવવાનું જ હોય ? સહન કરવાનું જોઇએ જ નહિ ?

સહર્ષ સહન કરવાથી તો સત્ત્વ ખીલે છે, ખડતલ બનાય છે, સાત્ત્વિક બનાય છે. લખી રાખો-

સહન કરી લેવામાં સત્ત્વ ખીલે, સહન કરવાનું ટાળવામાં સત્ત્વ હણાય.

આ મોટાનું સહન નથી થતું માટે ઝગડા ઉપાડાય છે.

'સહર્ષ સહન કરવાથી સત્ત્વ ખીલે' આ હિસાબ પર વિચારશો તો સમજાઇ જશે કે ઇંદ્રિયનિગ્રહ અને કષાયોપશમ, વિષયવિરક્તિ અને કષાયત્યાગ એ બેના ઉપર જ્ઞાનીઓએ કેમ સૌથી વધુ ભાર મૂક્યો ?

બધી સાધનામાં આ વિષય-વિરક્તિ અને કષાયમુક્તિની સાધનાને સૌથી અગત્યની કેમ ગણી ? કહો, એટલા જ માટે કે એમાં આંતરિક રીતે સારું સહન કરવું પડે છે કેમકે અનંત અનંત કાળના અભ્યાસ વિષયાસક્તિના અને કષાય-સેવનના છે. એટલે એ જીવના સ્વભાવ જેવા થઇ ગયેલા તે સહેજમાં મનમાં ઊઠી આવે છે. એને જો દબાવીએ તો જ વિષયવિરક્તિ અને કષાયશમન ઊભા થાય. પરંતુ આ દબાવવાનું કામ ઘણું કઠિન ! અનંતાકાળ પોષાયેલા અને સ્વાભાવિક જેવા થઇ ગયેલા એમ શે દબે ? એને દબાવવા આંતરિક રીતે ઘણું સહન કરી લેવાનું સમજી રાખવું જોઇએ, ને એમ કરવામાં સારું એવું સત્ત્વ ચકાવવું પડે. આમ-

**જ્યાં સત્ત્વ ચકે એટલે જીવને એ ઉપરના ગુણસ્થાનકે લઇ જાય.**

**ત્યારે માનવભવમાં શ્રેષ્ઠ કામ ઉપર-ઉપરના ગુણસ્થાનકે ચડવાનું કરવાનું છે.**

તો જ ઉપર ઉપર ચડતાં દશમા ગુણસ્થાનકના અંતે વીતરાગ થવાય, અને બારમાના અંતે કહો કે તેરમા ગુણસ્થાનકે કેવળજ્ઞાની સર્વજ્ઞ થવાય.

આમ. ઇન્દ્રિયનિગ્રહ-વિષયવિરક્તિ અને કષાયોપશમ-કષાયમુક્તિ સાધવામાં ખાસું સહન કરવાનું અને એ માટે સત્ત્વ વિકસાવવાનું કરવા દ્વારા એની પરાકાષ્ઠાએ મહાસત્ત્વ ઝળકી ઊઠવાથી વીતરાગ સર્વજ્ઞ બનાય છે. તેથી એ ઇન્દ્રિયનિગ્રહ અને કષાયોપશમનું અતિશય ઊંચું મહત્ત્વ છે.

ત્યારે એની સામે ઇન્દ્રિયોની ખણજ ઊઠી એને એનો વિષય ન આપતાં સહી લેવી નથી, તેમ જ અંતરમાં કષાય સળવળ્યો એને દબાવવામાં બહારનું જે સહી લેવું પડે એ સહી લેવું નથી, અને ઇન્દ્રિયવિષયભોગ કરવો છે, કષાયની લાગણીને ક્ષમાદિથી ન દબાવતાં ભભકાવવી છે, તો એમાં સત્ત્વ હણાય છે. એવું-

દિવસમાં કેટલીય વાર અને જિંદગીના વરસોના વરસો વિષય-કષાયનાં સેવન કરી કરી સત્ત્વ સેંકડો હજારો વાર હણ્યે જવું છે, તો એથી બહુ વધી ગયેલી નિઃસત્ત્વતા શે દબાવાની ?

વિષયકષાયમાં સત્ત્વ હણાયાં રહે છે માટે જ ધર્મક્રિયામાં સ્થિરતા નથી રહેતી.

સત્ત્વહીનતામાં આત્મહિત-પરાક્રમ શું થઇ શકે ?

જોજો એમ તો સત્ત્વહીન દશામાંય દેવદર્શન-પૂજા કે ક્યારેક તપસ્યા યા દાનાદિ આત્મહિત સધાતા તો હોય, પણ એ જોમ વિનાના સધાતા હશે. એટલે તો-દેવદર્શનાદિ વખતે આંખ ડાફોળિયાં મારતી હોય છે ! મન આચડકુચડ વિચારતું હોય છે !

તપ કરવા છતાં મન પર ખાનપાનનું મહત્ત્વ એવું જ ઊભું હોય છે !

દાન કરવા છતાં પૈસા સારા ને જરુરી, તથા રાખવા જેવા ને વધુ કમાવા જેવા લાગતા હોય છે !

આમાં એ દેવદર્શન-પૂજા-તપ દાનાદિ-આત્મહિત માટે પરાક્રમ શું ખેડ્યું ? માટે આ સમજી રાખવા જેવું છે કે-

**ધર્મક્રિયામાં જો આડાઅવળા વિચાર આવે છે, તો સમજવું કે એ ક્રિયા નિઃસત્ત્વતાને લીધે તેવા આત્મપરાક્રમથી નથી થતી. માટે એ સત્ત્વ ને પરાક્રમ વધારો.**

આત્મા પરાક્રમી એટલે તો જંગે બહાદુર, એ ક્રિયામાં મનને એટલું બધું ચોંટાડી દે કે ત્યાં મનની મજાલ નથી કે એમ ડાફોળિયું મારવા વિચારી શકે યા બીજા વિચારમાં જઇ શકે. આવું પરાક્રમ ન જાગવાનું કારણ સત્ત્વહીનતા છે, ને-





એ સત્ત્વહીનતા વિષયો અને કષાયોનાં બહુ બહુ સેવનથી સત્ત્વને હણી હણીને ઊભી કરાઇ છે.

જોવાનો વિષય સામે આવ્યો, ઝટ આંખ એમાં જોડી તો સત્ત્વ હણ્યું. આંખને ત્યાં ન જવા દેવા જરાય સત્ત્વ ન વાપર્યું.

સન્માન-પ્રશંસાનો શબ્દ કાન પર આવ્યો. મન પર આવ્યો, મન પર સત્ત્વ વાપરી રાજી પો-માન ન હોતું થવા દેવું, પરંતુ સત્ત્વ હણી ઝટ એમાં રાજી થયા.

ખાનપાનનાં દસ જ દ્રવ્ય મળવાનાં છે છતાં જીભની ગુલામીમાં 'આજે ૧૫ કે ૨૦ દ્રવ્યથી અધિક નહિ વાપરું' એવો નિયમ ન કર્યો, ગુલામી ઊભી રાખી સત્ત્વને હણ્યું.

ભાઇએ કે બીજાએ કાંઇક આપણું અણગમતું કર્યું. ત્યાં સત્ત્વ વાપરી મન બગડવા નહોતું દેવું, સ્નેહ-મૈત્રીભાવ ઊભો રાખવા જેવો હતો, પરંતુ ઝટ નિઃસત્ત્વ બનીને મનને બગાડી સ્નેહ તોડી નાખીને વિરોધ-અમૈત્રી ઊભી કરી, તો સત્ત્વ હણ્યું...

આ હિસાબ છે-મન બગડવા જાય છે એને અટકાવવા સત્ત્વ વાપરી આંતર વ્યથા સહી લો, એ વ્યથાને નિષ્ક્રિય કરો, તો સત્ત્વ વિકસ્યું. એમ મન ઇન્દ્રિય વિષયમાં જવાનું કરે છે એને ને ઇન્દ્રિયને અટકાવી દો, સત્ત્વ ધરી ઊઠેલી ખણજને સહી લો અર્થાત્ નિષ્ક્રિય કરો, તો સત્ત્વ વિકસ્યું. સામે ગુનેગાર આવ્યો છે, એના બહુ મોટા અપરાધ પર ભારે શિક્ષા કરવાનો વિચાર છે, પણ એ હવે ક્ષમા માગે છે. તો સત્ત્વ વાપરી એ શિક્ષાના વિચારને સહી લો, નિષ્ક્રિય કરો, અને એ અપરાધીને ક્ષમા આપી દો, તો સત્ત્વ વિકસ્યું.

જીવનમાં સત્ત્વ વિકસાવવા ડગલે-પગલે પ્રસંગ છે.

**મન-ઇન્દ્રિયની તુષ્ટિ પુષ્ટિ ન કરો તો સત્ત્વ વિકસે.**

**અમિતતેજ ક્ષમા આપે છે.**

પેલો અશનિઘોષ પરસ્ત્રી ઉપાડી જવાનો બહુ મોટો અપરાધ કરનાર હવે એ સ્ત્રીના ભાઇ વિદ્યાધર સમ્રાટ્ અમિતતેજની હવે ક્ષમા માગે છે, તો અમિતતેજ એને ક્ષમા આપી દે છે. પોતે સમ્રાટ છે, એને પકડાવી જેલમાં નખાવવો હોત તો નખાવી શકત, પરંતુ નહિ, સામો નમી પડે છે ને ? પાપનો પશ્ચાત્તાપ કરે છે ને ? એને ક્ષમા આપી દેવી એમાં આપણું સત્ત્વ ખીલે, નહિતર ક્ષમા ન આપવામાં સત્ત્વ હણાય, ક્ષમા આપી દીધી, શિખામણ આપી મિત્ર જેવો કરી લીધો.

**આપણું સત્ત્વ કોણ હણે છે ? આપણે જ હણીએ છીએ...**

હજી આપણા પૈસા બીજો લૂંટે, પરંતુ આપણું સત્ત્વ તો આપણે જ લૂંટીએ

છીએ ! આપણે જ ખત્મ કરીએ છીએ ! કેમ ? ઇંદ્રિયો અને મનની ઉઠેલી ખણજો સહી નથી લેવી, એના વિષયો અને કષાયોની ગુલામી કરવી છે, માટે સત્ત્વ હણાયે જાય છે.

હવે જુઓ અશનિઘોષ કેવું પરાક્રમ કરે છે !

રાજા અમિતતેજ અને શ્રીવિજય વગેરે કેવળજ્ઞાની બળદેવ મહર્ષિને નમસ્કાર વંદન કરી એમની દેશના સાંભળવા બેસે છે.

કેવળજ્ઞાની કહે છે-

'હે મહાનુભાવો ! આ જગતમાં રાગ અને દ્વેષ જીવનું ભયંકર અધઃપતન કરે છે, છતાં અજ્ઞાન-મૂઢ જીવ આવા ઊંચા મનુષ્ય જનમમાં આવીને પણ એ રાગ-દ્વેષને દબાવતો નથી, તો પછી બીજે કયા જન્મે એને દબાવી શકવાનો ?' કેવી માર્કાની વાત !

**રાગદ્વેષ મનુષ્ય જન્મે ન દબાવ્યા તો બીજા ક્યા જન્મે દબાવી શકાશે ?**

માણસને વિષયોનો રાગ દબાવવા વિષયોનો ત્યાગ કરવાની એટલે કે વ્રત-નિયમ-તપસ્યા કરવાની વાત આવે ત્યારે વિચારે છે કે 'અહીં તો નહિ બને, આગળના જન્મે જોઇશું' પરંતુ એને એ ખબર નથી કે 'ઠીક છે, ત્યાગ ન કર્યો, તો પછી વિષયરાગ જ પોષાવાનો છે એ આગળ મનુષ્ય જન્મ શી રીતે આપશે ? ને બીજો અવતાર મળ્યો તો ત્યાં રાગ શે દબાવી શકવાનો ? આવા રુડા જનમમાં જ જે શક્ય હતું એ ન કરી હલકા અવતારે કરી શકવાનો ? અરે ! કોઇ તત્કાલ સારા ભાવમાં મનુષ્ય આયુષ્ય બંધાઇ મનુષ્ય અવતાર પણ મળ્યો છતાં અહીં પોષેલા વિષય રાગના સંસ્કાર ત્યાં શી રીતે વિષયવિરાગ-વિષય ત્યાગ જાગવા દેશે ? એ પણ વિચારવા જેવું છે.

કેવળજ્ઞાની મુનિના ઉપદેશ પર અશનિઘોષ ઊભો થઇ હાથ જોડીને પૂછે છે, 'ભગવન્ ! મને સુતારા પર કાંઇ તેવો કામરાગ નહિ જાગેલો, છતાં કેમ એના પર ખેંચાઇ એને ઉપાડવાનું નીચ કામ કર્યું ?

કેવળજ્ઞાની કહે છે -

'હે મહાનુભાવ ! એની પાછળ તારો પૂર્વભવનો એના પરનો રાગ કામ કરી ગયો. પૂર્વે તું દાસીપુત્ર કપિલ, આ સુતારા તારી ભાર્યા સત્યભામા હતી. આ રાજા અમિતતેજ એ વખતે રાજા શ્રીષેણ હતા. સત્યભામા મૂળ સારા બ્રાહ્મણકુળની કન્યા, પણ એના બાપે ભ્રમમાં તને વિદ્વાન બ્રાહ્મણ સમજી પરણાવેલી, તે એને પાછળથી તું દાસીપુત્ર હોવાની જાણ થતાં શીલસદ્ગુણો બચાવવા રાજા શ્રીષેણના શરણે જઇને રહી. તું લેવા ગયો તો સાફ કહી દીધું રાજાને કે 'એના સંપર્કમાં





મોકલશો તો હું આત્મહત્યા કરીશ.' આમ એની પાસેથી તને હવે વિષયસુખની આશા ન રહી એટલે એના પ્રત્યેનો કામરાગ તો દબાયો પરંતુ એની સાથે રહી સ્નેહ દ્રઢ કરેલો, તે સ્નેહરાગ એમ જ ઊભો રહ્યો. તે રાગે અહીં તારું એના તરફ ખેંચાણ થયું.'' એ બધી વિગત કેવળજ્ઞાની મહર્ષિએ વિસ્તારથી ત્યાં કહી, પછી કહ્યું કે-

**ચારિત્ર શા માટે ? સ્નેહરાગાદિ અટકાવવા–**

''જુઓ ભાગ્યવાન ! આ સ્નેહરાગ પણ ન દબાવ્યો તો કેવું જાલિમ પરિણામ લાવે છે ! એ અહીં જોઇ શકાયું કે કામવાસના જોર નહિ કરવા છતાં પરસ્ત્રીનું સ્નેહરાગે હરણ કરાવ્યું. માટે સ્નેહરાગ પણ ભયંકર છે, એટલું જ નહિ પણ **જે સંસારના કારણે સ્નેહરાગ જન્મે છે એ સંસાર પણ ભયંકર છે.** એટલે જ સુબુદ્ધ જીવો સંસારનો ત્યાગ કરી અણગાર બને છે, જેથી એવા રાગ પોષાતા બંધ થઇ જાય. એ બંધ તો કર્મ બંધાવાનું બંધ, અને આગળ કર્મજનિત સંસાર અને રાગાદિ થવાનું બંધ, પરિણામે જનમ-મરણની પરંપરાનો અંત.''

શું કહ્યું કેવળજ્ઞાની ભગવાને ?

**રાગથી કર્મ, તથા કર્મથી સંસાર અને રાગાદિ. એથી વળી નવાં કર્મ, નવો જનમ અને રાગ એમ જનમોની પરંપરા ચાલે છે.**

નામ મોટું ભગવાનનું ધર્યું હોય પરંતુ જો રાગાદિ નષ્ટ નથી કર્યા, તો એ પરમાત્મા નથી, અને જો એ રાગાદિ નષ્ટ કરી દીધા છે, તો પછી નામ ગમે તે હો, પણ એ આદરણીય પરમાત્મા છે માટે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી મહારાજે ગાયું-

**भवबीजाङ्कुरजनना रागादयः क्षयमुपागता यस्य ।**
**ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥**

**અર્થાત્ સાંસારિક જન્મનું બીજ રાગાદિ, અને પછી એમાંથી નીપજતા અંકુર કર્મ, એને ઉત્પન્ન કરનાર રાગાદિ છે. અહીંના રાગાદિ દોષો-વિકારો એ જેના નષ્ટ થઇ જે વીતરાગ-નિર્વિકાર-નિર્દોષ બનેલા છે, ચાહે બ્રહ્મા હો, વિષ્ણુ હો, શંકર હો, કે અરિહંત હો, એને મારો નમસ્કાર છે.**

**પ્ર. બ્રહ્મા-વિષ્ણુના નામથી નમસ્કાર ?**

ઉ.- હા, અમારે તો સાચુ 'બ્રહ્મા' નામ, સાચું 'વિષ્ણુ' નામ અને સાચું 'શંકર' નામ ધર્યું હોય એને નમસ્કાર છે. ખોટું બનાવટી નામ ધરેલાની કોઇ કિંમત નથી. આપણે 'મહાવીર' નામથી નમસ્કાર કરીએ છીએ તે સાચું 'મહાવીર' નામ ધરનારને નમીએ છીએ. નહિતર મહાવીર નામ તો ગમે તે કોઇ છોકરાનું ય પાડ્યું હોય પરંતુ મહાવીરાય નમઃ બોલીએ તેથી થોડો જ એ છોકરાને નમસ્કાર કરીએ

છીએ ? સાચું 'મહાવીર' નામ ધરનારને જ નમીએ છીએ.

## બ્રહ્મા-વિષ્ણુ-શંકર એટલે ?

એમ અહીં સાચું બ્રહ્મા-વિષ્ણુ-શંકર નામ હોય તો નમવામાં વાંધો નથી. 'બ્રહ્મા' નામ સાચું હોય તો એનો અર્થ શુદ્ધ આત્મા થાય, ને શુદ્ધ આત્મામાં રાગાદિ દોષ ન હોય. સાચું 'વિષ્ણુ' નામ હોય તો એનો અર્થ વ્યાપક વિશ્વવ્યાપી એવો થાય, ને વિશ્વ વ્યાપીને વિશ્વના કોઇ પદાર્થમાં રાગ કે દ્વેષ કરી અટકી જવાનું હોય નહિ, એટલે એ પણ રાગાદિ વિનાના હોય. સાચું 'શંકર' નામ હોય તો એના અર્થ શં = સુખ કરનાર ને સુખ રાગાદિથી થાય નહિ. એટલે પોતાના રાગાદિ નષ્ટ કરી જગતના રાગાદિ નષ્ટ કરનારું શાસન આપે તો જ સાચા શંકર બની શકે.

આમ રાગાદિનો ક્ષય કરી નાખ્યો હોય એ જ સાચા બ્રહ્મા છે, સાચા વિષ્ણુ છે, સાચા શંકર છે, એટલે નામધારી બ્રહ્મા આદિને અમારો નમસ્કાર નથી, એ એમાં ગર્ભિત સૂચન છે.

વાત આ છે-સંસારમાં જન્મ-ભવ એ રાગાદિના યોગે થાય છે. માટે એ ભવનું બીજ છે એમાંથી કર્મ જન્મે છે. કર્મથી પછી રાગાદિ અંકુર જન્મે છે. એ બન્નેના મૂળમાં પૂર્વ જનમમાં સેવેલા રાગાદિ છે.

## અનાદિ રાગ-કર્મ પરંપરાનો અંત કેમ થાય ?

પ્ર૦-રાગથી કર્મ, કર્મથી રાગ...એમ તો રાગ ને કર્મનો કદી અંત જ ન આવે ?

ઉ.- અલબત્ત, રાગમોહનીય આદિ કર્મ છે એટલે રાગાદિ કષાયો ઊઠવા જાય, પરંતુ અહીં જીવનો જેવો શુભ-અશુભ પુરુષાર્થ હોય તે પ્રમાણે એ ઉઠેલા રાગાદિ નિષ્ફળ કે સફળ થાય છે. અર્થાત્ ઊઠેલી રાગાદિની લાગણી પર હવે વિચાર કેવા કરવા, વાણી કેવી બોલવી કે કાયા-ઇંદ્રિયોથી વર્તાવ કેવા કરવા એ જીવના પુરુષાર્થને આધીન છે. એમાં જો વિચાર-વાણી-વર્તાવ રાગાદિને અનુકૂળ હોય અર્થાત્ રાગાદિ ભર્યા હોય, તો ત્યાં કહેવાય કે રાગાદિ સફળ થઇ ગયા, અને જો પ્રતિકૂળ વિચાર વાણી-વર્તાવ હોય, દા.ત. રાગની સામે વૈરાગ્યના, દ્વેષની સામે ઉપશમના, ક્રોધની સામે ક્ષમાના...એવા વિચાર-વાણી-વર્તાવ હોય તો ત્યાં કહેવું પડે કે રાગાદિ નિષ્ફળ કરાયા.

આમ 'જો અમારાં પૂર્વનાં તેવાં કર્મ છે, તો એના ઉદયે રાગાદિ ભાવ તો થવાના જ, ને એ રાગાદિથી તેવાં કર્મ બંધાવાનાં, પછી અમારો ઉદ્ધાર શી રીતે ?' આવી મૂંઝવણ થાય એનો નિકાલ આ રીતે મળી રહે છે. આ ચાવી લગાડવાની છે.

આપણને ઉઠતા રાગાદિને અનુકૂળ વિચાર વાણી વર્તાવ ન દઇ એને નિષ્ફળ





કરવા, આ રાગાદિનાશની ચાવી.

આમ, જ્યાં રાગાદિ સફળ થાય ત્યાં એનું જોર રહ્યું એટલે નવાં કર્મ જોરદાર બંધાય, અને જ્યાં રાગાદિને નિષ્ફળ કર્યા ત્યાં રાગાદિ દૂબળા પડ્યા, તેથી ત્યાં કર્મ પણ દૂબળાં બંધાય અને એમ આગળ જતાં રાગાદિ તદ્દન નિષ્ફળ જતાં નવાં કર્મબંધન એવાં ઊભાં જ ન થાય, જૂનાનો નિકાલ થઇ જાય, અને આત્મા વીતરાગ બને.

કષાય અને યોગથી કર્મ બંધાય.

કષાય છે રાગાદિની લાગણી

યોગ છે મન-વચન-કાયાની પ્રવૃત્તિ

**અંતરમાં કષાય ઊઠે જીવનાં કષાય મોહનીય કર્મથી અને-**

**વિચાર-વાણી-વર્તાવ રૂપી યોગ પ્રવર્તે જીવના પુરુષાર્થથી, જીવની વીર્યશક્તિથી.**

જો અંતરના ભાવ રાગાદિ કષાયના છે, ને જીવના અવળા પુરુષાર્થથી વિચાર-વાણી-વર્તાવ પણ રાગાદિ કષાયભર્યા છે, તો એ રાગાદિ ફાવી ગયા ! એના પર જોરદાર નવાં કર્મ અને રાગાદિના સંસ્કાર ઊભા થઇ જવાના. પણ જો જીવ સત્પુરુષાર્થ કરી વિચાર-વાણી-વર્તાવ એવાં રાગાદિભર્યા ન કરે, કિન્તુ ઊલટા કરે. વૈરાગ્ય-ઉપશમ-ક્ષમા- નમ્રતા-નિસ્પૃહતા વગેરેના વિચાર કરે, એવી વાણી બોલે, એવા વર્તાવ કરે, તો કષાય અને યોગનો મેળ ન બેઠો, યોગની ફાવટ થઇ. રાગાદિ નિષ્ફળ ગયા, ત્યાં નવાં કર્મ એવાં ન બંધાય. શું ?

કષાય અને યોગનો મેળ ન બેસે, તો યોગની ફાવટ અને કર્મબંધ અલ્પ.

**અહીં એમ નહિ કહેતા,**

પ્ર-જ્યારે અંતરમાં રાગમોહનીય કર્મના ઉદયથી રાગ ઉઠેલો જ છે, તો વિચાર-વાણી-વર્તાવ રાગભર્યા ન થાય એ કેમ બને ? એમ, એવું ક્રોધ વગેરેમાં કેમ બને ?

ઉ. બસ, આ જ ખૂબી જિનશાસન બતાવે છે, કે મોક્ષમાર્ગનો આરાધક આત્મા અંતરની મલિનવૃત્તિ લાગણી સાથે ઝગડતો હોય છે. કેવી રીતે ? અંતરમાં રાગ ભભક્યા કરે છે, પરંતુ એણે નક્કી કર્યું છે કે મારે રાગનો વિચાર નથી કરવો, રાગની વાણી નથી બોલવી, રાગની પ્રવૃત્તિ નથી કરવી. દા.ત. વિના ઇચ્છાએ પણ અચાનક રૂપાળી યુવાન પરસ્ત્રીનું દર્શન થઇ ગયું, એ નિમિત્ત મળતાં રાગમોહનીય કર્મ ઉદયમાં આવ્યું, એટલે અંતરમાં રાગ ભભકી ઉઠ્યો. હવે માણસ ડાહ્યો છે, એટલે વિચાર કરી શકે છે-

**અંતરમાં રાગ છતાં વિચારણા રાગભરી કેમ નહિ ?**

'આ દર્શને મનને સહેજ લાગ્યું કે આ રૂપવતી છે એ રાગ ઉત્પન્ન થયો છે. હવે જો એના પર આંખ ઠેરવી રાખું, કે આંખ ખેંચી લઇને પણ એનું સ્મરણ રાખું, તો માર્યો જાઉં ! રાગ જામી જ પડે. માટે રાગની વિચારણા લેશપણ લંબાવવાની નહિ. મારું મૂળ પાયાનું આકર્ષણ જ ખોટું છે. આ રૂપાળી શાની ? આનું શરીર ભીતરમાં એકલું મલિન પદાર્થોથી ભરેલું છે, ઉપરાંત બીજાને લોભાવી રાગ કરાવી એને દુર્ગતિમાં ભટકાવનારું છે, ઘોર નરકની ભઠ્ઠીમાં બાળનારું છે, એને રૂપાળું શાનું કહેવાય ?'

આ વિચારણા, બોલો, રૂપ પ્રત્યે રાગભરી છે ? કે અરુચિભરી ? કહેવું જ પડશે કે અરુચિભરી જ છે, કેમકે રૂપાળા શરીરને સારા તરીકે આકર્ષાઇને નહિ. પરંતુ એના દોષ જોવા તરીકે ઉભગીને વિચાર કરી રહ્યો છે.

આ સૂચવે છે કે અંતરમાં રાગ ઊઠેલો છતાં વિચારણા રાગભરી નહિ પરંતુ વિરાગભરી-અરુચિભરી થઇ શકે છે. બસ, એ જ પ્રમાણે બોલ પણ અંતરમાં રાગ છતાં અરુચિના બોલી શકાય છે. બીજા બાળ જીવને શિખામણ આપી શકાય કે 'જો ભાઇ ! આવા રૂપમાં આકર્ષાઇશ નહિ, એ રૂપ ગોઝારાં છે, ભયંકર પાપ બંધાવનારાં છે,' આ વાણી પણ કેવી છે ? રાગભરી નહિ, કિન્તુ પરસ્ત્રી વિષયની નિન્દા કરનારી એટલે કે એના પ્રત્યે ઘૃણાભરી.

એમ, પરસ્ત્રીદર્શન થતાં અંતરમાં રાગ તો ઊઠ્યો, પરંતુ આંખને તરત ત્યાંથી ખસેડી નાખી, અને ખીસામાં આદીશ્વર ભગવાનનો ફોટો રાખ્યો હતો એ કાઢીને એ જોવામાં આંખ લગાડી દીધી, તો આ કાયાની પ્રવૃત્તિ પરસ્ત્રી પ્રત્યેના રાગભરી નહિ, કિન્તુ એની ઉપેક્ષા અને પરમાત્મા પ્રત્યેના રાગ ભરી થઇ.

**ભરત ચક્રવર્તી, કહે છે કે વીંટીમાં ભગવાનની પ્રતિમા રાખતા હતા. કેમ રાખતા હશે ?**

કહો, આવું પણ કોઇ કારણ હશે કે અંતરમાં સ્ત્રીનો કે બીજી વસ્તુનો રાગ ઊઠે કે તરત આંખ સામે વીંટી લાવીને એની અંદરના ભગવાન જોવાય. કાયાની આ ક્રિયા કેવી ? અંતરમાં જે રાગ ઊઠ્યો હતો એનાથી મિશ્રિત ? ના, એમ હોત તો તો આંખ સ્ત્રી કે એવા વિષય પ્રત્યે ટેકાવી રાખત, ને ટેસથી એ જોયા કરત. એમાં દર્શન ક્રિયા એના રાગભરી થાય. પરંતુ જ્યારે ચાહીને પ્રભુ-પ્રતિમા જોવા જવાય છે તો એ ક્રિયા પ્રભુ પ્રત્યેના રાગભરી થઇ કહેવાય, સ્ત્રી કે બીજા વિષયના રાગભરી નહિ.

સારાંશ, અંતરમાં રાગમોહનીય કર્મવશ રાગ ઊઠે. પરંતુ પછી વિચાર-





વાણી વર્તાવ કેવા પ્રવર્તાવવા એ આપણા આત્માના હાથની વાત છે અર્થાત્ આત્માના પુરુષાર્થનો વિષય છે. આમ, કર્મ અંતરમાં રાગ જગાડે છે, પણ સત્ આત્મ-પુરુષાર્થ રાગથી ઊલટ અરુચિભરી વિચારણા ચલાવે છે, વાણી બોલાવે છે કાયા પ્રવર્તાવે છે, આમાં રાગને પુરુષાર્થનો સહારો ન મળ્યો. એટલે એ રાગ નવું રાગમોહનીય કર્મ જોરદાર ન બંધાવી શકે. હિસાબી વાત છે-

**રાગ એને અનુકૂળ વિચાર-વાણી-વર્તાવ સાથે જેવો જોરદાર, એવો પ્રતિકૂળ વિચારાદિ સાથે જોરદાર નહિ. તો નવાં રાગકર્મ પણ જોરદાર ન બંધાય.**

આમ, રાગથી કર્મ, કર્મથી રાગ, વળી એ રાગથી કર્મ ને એ કર્મથી રાગ. ભલે ચાલ્યું, પરંતુ જ્યાં અંતરમાં રાગ છતાં વિચારણા વૈરાગ્યભરી કરી કોઇ શાલિભદ્ર વગેરેના મહાત્યાગ વૈરાગ્યનાં સ્મરણ કરીને પોતાના રાગની નિન્દા અને રાગ થવા પર ભારે સંતાપ અને ઘૃણાભરી વિચારણા કરી, ત્યાં એ રાગ દૂબળો પડ્યો ગણાય, ને એથી નવાં રાગકર્મ દૂબળાં જ બંધાય. એ વળી ઉદય પામી દૂબળો જ રાગ દેખાડવાના, ને ત્યાંય પાછું રાગનિન્દા-રાગઘૃણા-રાગસંતાપની વિચારણા રહેતાં એ દૂબળો પણ રાગ વધુ દૂબળો બનવાનો. એથી રાગ મોહનીય કર્મ વધુ દૂબળાં બંધાવાનાં.

બસ, આમ ચાલ્યા જાઓ, અંતરમાં પૂર્વકર્મવશ રાગ ઊઠે છે, પરંતુ વિચાર-વાણી-વર્તાવ એથી ઊલટ વૈરાગ્ય રાગઘૃણા-સંતાપભર્યા કરતા ચાલો. તો એક દિવસ એવો આવશે કે જ્યારે રાગ સમૂળગો નષ્ટ થઇ જશે, ને વીતરાગ બનાશે.

તો આ શું કરવાનું આવ્યું ?

જીવનભર અંતરમાં ઊઠતા રાગાદિ કષાયો સાથે લડી લેવાનું. શી રીતે લડાય ? કયા શસ્ત્રથી લડાય ? રાગાદિ કષાયની ઘૃણા કરવાની ને રાગાદિ કષાયને પ્રતિકૂળ વિચારણા-વાણી-વર્તાવ પ્રવર્તાવવાના. બસ,

**ધર્માત્માને જીવનભર સંગ્રામ, કોની સામે ? રાગાદિ મલિનવૃત્તિઓ સામે. કયા શસ્ત્રથી ? પ્રતિકૂળ વિચાર-વાણી-વર્તાવરૂપી શસ્ત્રથી.**

ક્રોધને પ્રતિકૂળ વિચારણા કેવી ?

અંતરમાં ક્રોધ ઊઠ્યો ? બસ, તરત એને ભૂલવા પ્રતિકૂળ વિચારણા-વાણી-વર્તાવ શરૂ કરી દો.

ક્રોધને પ્રતિકૂળ વિચારણા આ-

'આ ભાગ્યશાળી પર ક્રોધ શું કરું ? મારું આમણે બગાડયું જ નથી. મારું મારા કર્મે જ બગાડ્યું છે. મારાં અશુભ કર્મ આમની પાસે વાંકું બોલાવે છે, વાંકું આચરાવે વર્તાવે છે. વાંકું કરનારા ખરેખર તો મારાં કર્મ, આ તો માત્ર બિચારા હાથા.'

ઘોર અંધકારમાં રેડિયમના હાથાવાળી કુહાડીનો ઘા લાગ્યો ત્યાં દેખાય તો એવું જ કે હાથાનો ઘા લાગ્યો, કુહાડીના ફળાનો નહિ કેમકે ઘોર અંધકારમાં કાળું લોખંડનું ફળું દેખાતું નથી. કિન્તુ એ ખબર છે કે તીક્ષ્ણ ધાર લાગીને ફાડિયું ઉખડે તે લોખંડી ફળાથી જ હોય, લાંબી લાકડીથી નહિ.

એમ, અજ્ઞાનતાના ઘોર અંધકારમાં અતીન્દ્રિય કર્મ દેખાય નહિ, દેખાય સામે કોઇ જીવંત વ્યક્તિ અને જેમ રેડિયમનો હાથો ઘા કરતો દેખાય એમ આ વ્યક્તિ વાંકું બોલતી-વર્તતી દેખાય પરંતુ લોખંડી ફળા વિના હાથાનું ઘા કરવાનું ગજું નહિ, એમ આપણા અશુભ કર્મ વિના આપણું બગાડવાનું સામાનું ગજું નહિ. એટલે જ જ્યાં સુધી આપણાં શુભ કર્મ સાબૂત હતાં-આપણને અશુભ કર્મનો ઉદય ન હોતો ત્યાં સુધી એ ભાઇ સીધા ચાલતા હતા. આપણું બગાડતા નહોતા, આપણને પ્રતિકૂળ વર્તતા ન હોતા. અશુભ ઉદયમાં આવે છે એ પેલાને આપણી પ્રતિકૂળ વર્તવા પ્રેરે છે.

તો મૂળ અપરાધી મારાં કર્મ છે, ગુસ્સો કરું તો એના પર કરું. સામી વ્યક્તિ પર શા માટે ગુસ્સો કરું ? શા સારુ એને ગુસ્સાના બોલ સંભળાવું ? કે એની સામે ગુસ્સાનો ચહેરો દેખાડું ? આમ મન ક્ષમાના વિચાર કરે એ અંતરમાં ભભૂકી ઊઠેલા ગુસ્સાથી વિરુદ્ધ વિચારણા થઇ. એમાં એ અંતરના ગુસ્સાનું જોર મોળુ પાડ્યું ગણાય ને તેથી કર્મ બંધાય તે મોળા ક્રોધ મોહનીય કર્મ બંધાય.

અંતરની ક્રોધાદિ મલિન વૃત્તિની સામે ક્ષમાદિ ગુણના વિચાર વાણી-વર્તાવ ચલાવવો એ મલિનવૃત્તિ સામે સંગ્રામ છે. જીવનભર આ સંગ્રામ ખેડતા રહેવાનું છે.

કદાચ એમ પણ બનતું હોય કે અંતરમાં ક્રોધ સળવળતા સાથે વિચાર ક્રોધનો આવી જતો હોય. અને શબ્દ પણ એ બોલાઇ જતા હોય. છતાં જો હૈયે બળતરા હોય કે 'અરેરેરે ! આ હું શું વિચારી બોલી રહ્યો છું ? ક્ષમાના અભ્યાસ માટેની અહીં કેવી સોનેરી તક ! હું તે તકને વેડફી રહ્યો છું ? અહીં આ ક્ષમાનો અભ્યાસ નહિ કરું તો બીજા કયા ભવે એ કરી શકવાનો ? તેમ અત્યારે જો આ અભ્યાસ નહિ રાખું તો અહીં પણ આ જીવનના અંતે ક્ષમાદિ ક્યાંથી સૂઝવાના ? ત્યારે જો અંતે ક્ષમાદિને બદલે ક્રોધાદિની મલિનવૃત્તિ રહી, તો પછીથી સદ્ગતિ ક્યાંથી મળવાની ?...'

આમ જો ક્રોધ, લોભ, રાગાદિ અંગે બળતરા થતી હોય તો એ મલિનવૃત્તિ સામે અંશે પણ લડાઇ છે. એવો બળાપો વારંવાર થવાથી ધીમેધીમે પણ ફરક પડે છે. ક્રોધ-લોભ-રાગાદિના વિચાર-વાણી-વર્તાવ મોળા પડતા આવે છે. અહીં જોયું





ને કે કેવળજ્ઞાની બળદેવમુનિ અમિતતેજ, શ્રીવિજય અને અશનિઘોષ વગેરે આગળ રાગ-દ્વેષ-કામ-ક્રોધાદિ કષાયોને ભયંકર તરીકે ઉપદેશી રહ્યા છે, જે સાંભળતાં અશનિઘોષ વિદ્યાધરે પૂછ્યું, 'પ્રભુ, મારે કાંઇ સંબંધ નહિ, ને ખાસ આ સુતારા પર આટલો બધો રાગ કેમ ? કે જેણે આ ગોઝારું દુષ્કૃત્ય કરાવ્યું ?'

એમાં કેવળજ્ઞાની મહર્ષિએ એનો પૂર્વભવ સંભળાવ્યો એમાં છેલ્લે એ બતાવ્યું કે 'તું' કપિલ દાસીપુત્ર. પત્ની સત્યભામા તને છોડી ગઇ છતાં તેં એના પરનો સ્નેહરાગ છોડ્યો નહિ આર્તધ્યાન કરતો રહ્યો તેથી અંતે મરીને સ્નેહરાગના પાપે સંસારના પ્રવાસે નીકળી પડ્યો. એમાં આ ભવની પૂર્વના ભવે તું મનુષ્યભવ પામી તાપસ થયો. તપસ્યાના પ્રતાપે અહીં વિદ્યાધર થયો. પૂર્વના રાગના સંસ્કારે તને ભુલાવ્યો ! રાગ ભયંકર છે.'

કેવળજ્ઞાનીની આ વાણી અશનિઘોષ, અમિતતેજ અને શ્રીવિજય પર ભારે અસર કરી ગઇ. અશનિઘોષને તો જબરદસ્ત વૈરાગ્ય ઉત્પન્ન થઇ ગયો. એના મનને થયું કે-

**અશનિઘોષની ભવ્ય વિચારણા–**

'અરે ! રાગની આ ભયંકરતા ? કપિલના અવતારે જેના પર રાગ કરતો ઝૂરતો રહ્યો એ પત્નીએ તો મને તરછોડી જ દીધેલ, છતાં ત્યાં મેં મરતાં સુધી રાગ પકડી રાખ્યો ! કેવો હું મૂર્ખશિરોમણિ ! રાગમાં વળ્યું તો કાંઇ નહિ, પત્ની પાછી તો આવી જ નહિ, ને છતાં રાગમાં મર્યો તો કેવો સંસારમાં ભટકતો થયો !! પ્રભુ ! પ્રભુ ! પછી પણ અહીં એ જ વ્યક્તિ પર રાગમાં તણાયો ? પરસ્ત્રીનો ચોર બન્યો ? કેટલો મૂઢ હું ? જો એક રાગના પાપે આ, તો હવે રાગમાત્ર વોસિરે વોસિરે. હવે સ્વસ્ત્રીનો રાગ શું કે રાજ્ય લક્ષ્મીનો રાગ શું, યા સત્તા-સન્માન ને વિષયોનો રાગ શું, કશો રાગ મારે જોઇએ નહિ, રાગનો વિષય સંસાર જોઇએ નહિ, સંસારવાસથી સર્યું. સંસારમાં રહું તો ઝેરીલા રાગ કરવા પડે ને ? ઝેરવાળા સર્પની જેમ રાગરૂપી ઝેરવાળો સંસાર જ મને ખપે નહિ.'

અશનિઘોષ કેવળજ્ઞાની ભગવંતને કહે છે, 'પ્રભુ ! બહુ ઉપકાર કર્યો આપે ! મારો પૂર્વભવ બતાવ્યો ! મારી પૂર્વની દુર્દશા દેખાડી. અહીં એનું જ ખતરનાક પરિણામ આવ્યું તે હવે સમજાયું. પ્રભુ ! હું મહાપાપાત્મા છું, આવા પાપથી હવે જીવતા કેમ રહેવાય ! પૃથ્વી મારા જેવાથી ભારે મરે છે !'

કેવળજ્ઞાની મહર્ષિ કહે છે-

'મહાનુભાવ ! એમ મરવાનો વિચાર કરે છે, પણ એમાં તો આ જીવનનું મોત થશે, પાપનું મોત નહિ થાય. પાપ તો આત્માને જડબેસલાક ચોંટેલા આત્માની

સાથે જ પરલોકમાં ચાલશે ! ત્યાં એ પાપના ભયંકર વિપાકમાં તારી કેવી દુર્દશા ! પાપને અહીં માર્યો વિના મર્યો તો ભાવી કેવા બેહાલ ! માત્ર કારમા દુઃખ નહિ, કિન્તુ આ પાપનાં ભારી પુનરાવર્તન !! ભારે પાપિષ્ઠ જીવન ! દુઃખિત અને પાપિષ્ઠ જન્મોની પરંપરા ! આ ખપે તને ? અહીં પાપને મારીને મરીશ, તો તું ન્યાલ થઇ જઇશ.'

શું કહ્યું અનંત જ્ઞાનીએ ?

**પાપને અહીં માર્યા વિના મરે તેના પછીથી ભવોભવ બેહાલ ! અહીં પાપને મારીને મરે તે પછીથી ન્યાલ થઇ જાય.**

**માનવભવનો ઊંચામાં ઊંચો ઉદ્દેશ ને ઊંચામાં ઊંચો સદુપયોગ હોય તો આ-કે આપણા મોત પહેલાં પાપોનું મોત લાવી દેવું. પણ એ એકી કલમે નહિ થાય માટે જીવન જીવતા જઇએ તેમ તેમ પાપનાશ-પાપત્યાગ કરતા ચાલવાનું.**

પાપ કાયા, ઇન્દ્રિયો અને મન પ્રત્યે સુંવાળા બનવાથી થયેલા. તો-

**પાપનાશ કાયા, ઇન્દ્રિયો અને મન પ્રત્યે કઠોર બનવાથી એટલે કે બાર પ્રકારનો તપ આચરતા રહેવાથી થાય.**

પાપત્યાગ 'અહં' 'મમ' બે મોટાં પાપ છોડવાથી અર્થાત્ સંયમથી થાય.

બીજાઓ સાથે વેર, વિરોધ, ઇર્ષ્યા-અસૂયા, પરનિંદા, આપબડાઇ, મિથ્યાત્વ-દુરાગ્રહ...વગેરે પાપો 'અહં' અહંત્વમાંથી જન્મે છે, હિંસા-આરંભસમારંભ જૂઠ-અનીતિ. રંગરાગ-વિષયવિલાસ મૂર્છા-આસક્તિ લોભ વગેરે પાપ 'મમ' તૃષ્ણામાંથી જન્મે છે. માટે પાપોની ઇમારતના પાયારુપ 'અહં' 'મમ' પાપને હચમચાવી દેવા જોઇએ. કેમ હચમચે ? ભગવાન અરિહંતદેવનું શરણ સ્વીકારી, જાતનું એમને સમર્પણ કરવાથી અહંત્વ હચમચે, અને અરિહંત વચનનું જીવન બનાવવાથી મમત્વ-તૃષ્ણાનો પાયો હચમચે. હૈયામાં આ કોતરી રાખો, અને વારંવાર યાદ કરો કે-

અરિહંતશરણ-સમર્પણથી અહંત્વ મરે
અર્હદ્-વચનના જીવનથી મમત્વ-તૃષ્ણા મરે.

પાછું આ માત્ર યાદ કરીને બેસી નહિ રહેવાનું, કિન્તુ એનો અમલ કરતા ચાલવાનું. અરિહંતનું એક માત્ર શરણું સ્વીકારીએ, 'પ્રભુ ! તું જ મારે તારણહાર રક્ષણહાર છે, તું જ મારો બેલી, તુંજ મારે આધાર છે. જગતનાં સગાં શું, કે જગતના પદાર્થો શું, કોઇ જ મારા રક્ષણહાર નથી, કોઇ જ બેલી-સહાયક નથી. કવિ કહે છે- 'જિન સેવો નિજ આતમરૂપી, અવર ન કોઇ સહાયી, ચાહ લગી જિનચંદ્ર પ્રભુ કી.'





જ્યારે અરિહંત પ્રભુ જ શરણ છે, તો જાતને પ્રભુનાં ચરણે સમર્પિત કરી દઇએ. આ કરીએ એટલે પછી આપણા આત્માને અરિહંત-જિન-વીતરાગ સ્વરૂપ લેખીએ. દૂધમાં ખાંડ એકમેક-એકરસ થઇ જાય, એમ વીતરાગમાં આપણે એકમેક-એકરસ થઇ જઇએ, પછી અહંત્વ-અહંકાર-અભિમાન ઊભું ન રહે.

ખાંડ દૂધને સમર્પિત થઇ ગઇ, દૂધ સાથે એકમેક થઇ ગઇ, પછી દૂધ એ જ ખાંડ, ખાંડનું અલગ અસ્તિત્વ નહિ. એમ આપણે અરિહંતને સમર્પિત થઇ ગયા પછી અરિહંત એ જ આપણે. આપણું અલગ અસ્તિત્વ જ ન લાગે, અર્થાત્ 'આપણે એટલે કોઇ ચીજ નહિ.' એમ મનને બેસી જાય, પછી અહંત્વ શાનું થાય ?

**અર્હંને (અરિહંતને) સમર્પિત થતા નથી માટે જ 'અહં' જીવતું રહે છે.**

**એમ, અર્હદ્ વચન મુજબ જીવવું નથી માટે મમતા તૃષ્ણા અને હિંસાદિ પાપો ઊભાં રહે છે.**

પેલા અશનિઘોષને સુતારાહરણ કર્યાનો અને એની પાછળ માનવ હત્યાકાંડભર્યા યુદ્ધ કર્યાનો ભારે સંતાપ હતો, એ સંતાપમાં એને 'મરું' એમ થતું હતું, ત્યાં કેવળજ્ઞાની ભગવંતે આ સલાહ આપી કે 'અહં' મૂકી દે. 'અર્હં'નો નાદ લગાવ, મરવાની મમતા મૂકી દે, અર્હદ્ વચનના અનુસારે જીવવાનો દ્રઢ સંકલ્પ કરી લે. એવું જીવન અહિંસા-સંયમ-તપનું છે એનાથી નવાં પાપ અટકી જશે અને જૂનાં પાપનો નાશ થતો જશે.'

અશનિઘોષે એ સલાહ સ્વીકારી લીધી, અને ગુરુ પાસે સંસારનો ત્યાગ કરી ચારિત્ર લઇ લીધું, પોતાના આત્માને પાપથી ઉગારી લીધો. તમને કદાચ એમ થતું હશે કે-

પ્ર. પણ મોટી સમૃદ્ધિ, પરિવાર અને મનગમતા વિષયભોગનો સંસાર એકદમ જ કેમ છૂટે ?

ઉ. પરંતુ એ જુઓ, કે એ સમૃદ્ધિ-પરિવાર વિષયો એકાએક જ મળી જાય તો લઇ લેવાય છે ને ? તો પછી એનો ત્યાગ પણ એકાએક જ કેમ ન થઇ શકે ? એકાએક અણધાર્યું મૃત્યુ આવે ત્યારે એકાએક ત્યાગ થાય જ છે ને ? તો પછી-

**જેમ મૃત્યુની રૂએ એકાએક ત્યાગ, એમ ધર્મની રુએ, એકાએક ત્યાગ કેમ ન થઇ શકે ?**

મન પર લેવાની જ વાર છે. મનને જો એમ થઇ જાય કે સમૃદ્ધિ વગેરે આજે નહિ તો કાલે અંતસમયે છૂટી જ જવાના છે, ત્યારે જો અહિંસા-સંયમ-તપ જો સારા આરાધી લીધા હોય તો સંસ્કારરૂપે આગળ સાથે ચાલનારા છે, તો છૂટી

જનારી ચીજ કરતાં સાથે રહેનારી ચીજનું જીવન કાં ન બનાવું ?' આ જો મન પર બેસી જાય તો ત્યાગમાર્ગ કશો કઠિન નથી, સમૃદ્ધિ આદિનો એકાએક ત્યાગ કરી ઊભા થઇ જવાય. અહિંસાદિને અપનાવી લેવાય.

ત્રિલોકનાથ સોળમા તીર્થંકર શ્રી શાન્તિનાથ ભગવાનનો જીવ ચોથા ભવમાં વિદ્યાધર ચક્રવર્તી અમિતતેજ રાજા છે. એ અહીં કેવલજ્ઞાની બળભદ્ર મુનિ પાસે અશનિઘોષ જેવા પરસ્ત્રી-હરણ કરનારને અત્યારે સમસ્ત સંસારનો ત્યાગ કરી ચારિત્ર પંથે ચડી જવાનું ભારે પરાક્રમ કરતો જોઇ ચકિત થઇ જાય છે ! કે 'આ શું ! પરસ્ત્રીને ઉપાડી જનારમાં તો કેટલો બધો રાગ ભર્યો હોય ? કેટલો ઉત્કટ રાગ હોય ? એ પકડાઇ જાય, ને પરસ્ત્રી મૂકી દેવી પડે, તો ઠોકર ખાવાથી એનો તો રાગ છોડે, પણ રૂપાળી સ્વસ્ત્રીઓ જે મોટા રાજકુળમાંથી આવેલી હોય છે, ને જે પોતાને સ્વાધીન હોય, એનો રાગ એને શી રીતે છૂટે ? એમ સંતાન-પરિવારનો અને રાજપાટ-ખજાના-ઠકુરાઇ વગેરેના રાગ શે છોડ્યા જાય ? ત્યારે આ અશનિઘોષ આ બધું જ એકી કલમે છોડી દે છે ! આશ્ચર્ય છે.'

રાજા અમિતતેજ માત્ર વિસ્મય પામીને બેસી રહેતા નથી, પણ પોતાની જાત સાથે તુલના કરે છે કે, 'અરે ! હું કેવો ? સદાચારીનો દાવો રાખનારો છતાં સંસારની ખાળમાં રમનારો ! મોટા રાજ્યસામ્રાજ્યનો વિજેતા પણ વિષયોનો ગુલામ ! એ કેવળજ્ઞાની મહર્ષિને પૂછે છે-

''પ્રભુ હું ભવ્ય ? કે અભવ્ય ? અશનિઘોષ જેવા ચારિત્ર લે, ને મને એનો ઉલ્લાસ ન થાય. તો મારામાં ભવ્યત્વ કેવું ?''

મુનિ કહે છે, 'મહાનુભાવ ! સામાન્ય ભવ્યત્વની વાત ક્યાં, તમે અહીંથી નવમા ભવે ભરતક્ષેત્રમાં ચક્રવર્તી થઇને સોળમા શાંતિનાથ નામે તીર્થંકર થનાર છો ! ને આ શ્રીવિજય ત્યારે તમારા પુત્ર ચક્રાયુધ થઇને તમારા ગણધર થનાર છે !'

આ સાંભળતાં જ અમિતતેજ અને શ્રીવિજયને આનંદનો પાર ન રહ્યો. અપરંપાર હરખ થયો. થાય જ ને ? તીર્થંકર અને ગણધર થવાનું મળે, એ કેટલી મોટી ખુશનસીબી ! અમિતતેજ તીર્થંકર થવાના તે પણ એ જ ભવમાં ચક્રવર્તી થઇને ? ત્યારે ચક્રવર્તી એટલે તો આખા ભરતક્ષેત્રના છ ખંડ, ૩૨,૦૦૦ દેશ, નવ નિધાન, ૧૪ રત્ન, ૧,૯૨,૦૦૦ રાણીઓ, વગેરે મહા સંપત્તિ પામેલા ! છતાં કેવા એ નિર્લેપ-અનાસક્ત-ઉદાસીન રહેતા હશે કે અવસર આવી લાગ્યો એટલે કાચી સેકંડમાં એને છોડી દેતાં લેશ પણ આંચકો આવે નહિ ! તમે ? ભગવાનની પૂજા કરવા ગયા, ને એક નાનકડી ચાંદીની વાટકી જરા આઘી પાછી





થઇ, તો આકુળ-વ્યાકુળ થવાય છે ને ? આટલી એક નાનકડી માયા પર પણ આસક્તિ ? ચક્રવર્તીને જે મળેલું એની અપેક્ષાએ તમને શું મળ્યું છે ? ઠીકરા જ ગણાય ને ! પરંતુ ઠીકરા પર ને ઠીકરા ચાટવા પર જીવને કેટકેટલો હરખ હરખ થઇ જાય છે ! એ હિસાબે રતન જેવું મળ્યું હોય એને કેટલો બધો હરખ હરખ અને કેટલી બધી મમતા આસક્તિ થાય ! એવા ભારે આનંદ અને આસક્તિ હોય ત્યાં એ વૈભવ અને વિલાસની માયા છૂટે ? છોડવાનું મન થાય ? પરંતુ શાંતિનાથ ચક્રવર્તી સાપની કાંચળીની જેમ એ છોડી નીકળી પડે છે ! અહીં અમિતતેજના ભવમાં પણ વિદ્યાધર-ચક્રવર્તીપણાનો ઠાઠ મળ્યો છે, એ ય છોડવાના છે. તો એ શી રીતે શક્ય બનતું હશે ? આજે દેખો શ્રીમંતોની દશા, એમને છોડવાનું મન થાય છે ? ત્યારે આ તો વિદ્યાધર-ચક્રવર્તીપણાની ઘણી ઊંચી શ્રીમંતાઇ ! તે છોડવાનું એમને મન કેમ થતું હશે ? તે કેમ છોડી નિકળતા હશે ? ત્યાં કહેવું પડે કે ચક્રવર્તીપણું રાખી બેઠા હતા ત્યારે પણ હૈયે એના એવા હરખના ઉન્માદ ન હોતા. ચક્રવર્તીના ઠાઠ પર એવી ચીકણી આસક્તિ નહિ કે, જે ક્યારેય એનો સ્વેચ્છાએ ત્યાગ ન કરવા દે.

**ઉત્તમ પુરુષોનાં જીવનમાંથી આ શીખવા મળે છે કે બહુ સારાં પણ દુન્યવી સુખ-સન્માન સગવડ-ઠકુરાઇમાં ચીકણી આસક્તિ ન રખાય, ને હરખના ઉન્માદ ન સેવાય.**

શાલિભદ્ર જંબુકુમાર વગેરેને અઢળક સંપત્તિ મળી હતી છતાં એ એકદમ જ એનો ત્યાગ કરવાનું કેમ કરી શક્યા ? જો એ મમ્મણ શેઠની જેમ સંપત્તિમાં અત્યંત આસક્ત બનીને રહ્યા હોત તો તો સમજતા નહિ કે, એને એમ છોડી શક્યા હોત હૈયા પર સંપત્તિની અતિ મમતાના ભાર હોત તો છોડવાનું મુશ્કેલ હતું. અરે ! થોડી પણ સંપત્તિની ભારે મમતાનો હૈયા પર ભારે બોજ રહ્યે, એનો ત્યાગ મુશ્કેલ છે. સર્વ ત્યાગ તો પછી. પરંતુ આજે યોગ્ય દાન-ક્ષેત્ર સામે આવે, છતાં થોડો પણ ધનત્યાગ નથી કરી શકતા ને ? એટલે તો સગા બાપ કે ભાઇ-ભાગીદાર સાથે ઝઘડવાનું થાય છે. થોડી સંપત્તિ જતી કરાય તો ઝઘડો મટે અને સ્નેહ ટકે એમ છે. પરન્તુ થોડી પણ સંપત્તિનો હૈયે ભાર છે, એના પર અત્યંત આસક્તિ છે. એટલે એનો ત્યાગ પાલવતો નથી, ને બાપ કે ભાઇ-ભાગીદાર સાથે જીવનભરના અંટસ વહોરી લેવાય છે.

**કેવું વિચિત્ર ! જડ એવી થોડી સંપત્તિ પરનો અતિ રાગ ચેતન એવા બાપ કે ભાઇ પરના રાગને ધક્કો મારે છે !**

રામચંદ્રજી સ્વેચ્છાએ વનવાસ માંગી લઇ વનમાં ચાલી નીકળવા શી રીતે તૈયાર થયા હશે ? પિતાના પાટવી પુત્ર હતા એટલે રાજગાદીના હકદાર હતા. પિતાએ પણ એમને રાજગાદીએ બેસાડવાનું નક્કી કર્યું હતું. હવે ઓરમાન માતા કૈકેયીનાં વચનથી પિતાએ ભરતને રાજ્ય સોંપી દેવાનું નક્કી કર્યું, ને રામને બોલાવી કહી દીધું કે 'ભરતની માતાને લગ્ન વખતે મેં વરદાન કહેલું તે હવે એ વરદાનમાં ભરત માટે અયોધ્યાનું રાજ્ય માંગે છે. તેથી મેં એ કબૂલ કરી રાજ્ય ભરતને સોંપ્યું છે' તો ત્યાં શું રામચંદ્રજીને ખેદ થયો કે 'હાય ! મારો રાજ્ય હક ખલાસ ? ને પિતા બોલીને ફરી જાય છે ? માને કબૂલાત આપેલી તે સાચવવાની ? ને મને કબૂલાત આપેલી તે નહિ સાચવવાની ? તો શું ભરત હવે સમ્રાટ્ ? ને મારે એ નાનાભાઇ ભરતના તાબેદાર થઇને રહેવાનું ? આવો કશો ખેદ એમને થયો ? ના.

**કેમ આવો ખેદ નહિ ?**

**સંપત્તિનો હૈયા પર ભાર ન હોય તો ગુણો સચવાય -**

કહો, રામચંદ્રજીને રાજ્ય પર અત્યન્ત આસક્તિ ન હોતી. એનો હૈયા પર ભાર ન હોતો. એમના હૈયા પર ભાર તો વિનયાદિ ગુણોનો હતો. વિનયાદિ ગુણોની એમને ભારે તમન્ના હતી એટલે તો વિનયગુણમાં એ જુએ છે કે 'પિતાજીને આટલું મને કહેવાનું ય શા માટે રાખવું પડે છે ? એટલી મારા વિનયની ખામી લાગે છે.' ખેદ એમને આનો થયો એટલે તો એ કહે છે 'બાપુ ! આપને આટલું ય મને કેમ જણાવવું પડે છે ? આપ રાજ્યના કુલ મુખત્યાર છો, ને હું આપનો એક આજ્ઞાંકિત સેવક છું. આપ એક હવાલદારને પણ રાજ્ય આપવા ઇચ્છો તો આપવા અધિકારી છો, ને મને એનો હવાલદાર થવાનું કહો તો મારે આપની એ આજ્ઞા પણ હર્ષભેર શિરોધાર્ય છે. પરંતુ આપ મને પૂછો યા જણાવો, કે રાજ્ય મારે અમુકને સોંપવાની ઇચ્છા છે, એમાં તો મારા વિનયની ખામી લાગે છે. મને આપે જણાવવાનું જ શાનું હોય ? એવો મારો લેશમાત્ર અવિનય માનશો નહિ. આપની ઇચ્છાથી ભરત રાજા થાય એમાં હું બહુ જ રાજી છું. ભરત કોઇ મારાથી જુદો નથી. ભરત એ હું જ છું.'

કેવા ઉમદા બોલ ! એ ય માત્ર બોલીને પતાવ્યું નહિ. પણ જોયું કે 'પોતે અહીં રહ્યો ભરત કાંઇ રાજ્ય ગાદી લે નહિ-કેમકે ભરતનો મોટાભાઇ પ્રત્યે એટલો બધો રાગ અને વિનયભાવ છે ! તેથી રામચંદ્રજી પિતાને કહે છે-

**રામની ઉમદા ચર્યા–**

'જુઓ બાપુ ! મારે અહીં રહ્યે ભરત રાજગાદી લેશે નહિ, ને એ ન લે, તો આપે અમારી માતા કૈકેયીને આપેલું વચન સચવાય નહિ, સત્ય ઠરે નહિ. ઇક્ષ્વાકુ





વંશના કોઇ પણ રાજાએ આપેલું વચન પળાયા વિના રહેલું નથી, તો આપનું વચન પળાવું જ જોઇએ. એ માટે હું વનવાસ માગી લઉં છું. મને આશીર્વાદ આપો. આ હું હમણાં જ ચાલ્યો, શુભ કાર્યમાં વિલંબ ન કરવો જોઇએ.'

બસ, એટલું બોલીને રામચંદ્રજી તરત પિતાને પગે પડી વનવાસ માટે ચાલી નીકળે છે, ને ત્યાં જ રાજા દશરથ બેભાન થઇ જાય છે ! રાજકુળમાં હાહાકાર મચી જાય છે, છતાં રામ પાછા વળતા નથી.

કેટલી બધી ઉમદા ચર્ચા ! કેટલું બધું ઉમદા આચરણ ! કેમ એ બની શક્યું ? કહો, રાજ્યસંપત્તિ પર અત્યન્ત આસક્તિ નહોતી માટે બન્યું. હજી આગળ એકેકના ઉમદા બોલ જુઓ-

રામ વનમાર્ગે ચાલી નીકળ્યા, તો પાછળ ભરત અને કૈકેયી દોડતા આવ્યાં. ભરત પગે પડીને વીનવે છે-'મોટાભાઇ ! એક અઘટતું માતાએ કર્યું, હવે બીજું અઘટતું મારે કરવાનું ? હું કદી રાજ્ય લઉં નહિ. આપ પાછા પધારો, મારા પર દયા કરો, અને રાજગાદી સ્વીકારી લો.'

**કૈકેયીના ઉમદા બોલ–**

કૈકયી પણ કહે છે, 'વત્સ ! અમે તો સ્ત્રીજાત, ક્ષુદ્ર સ્વભાવની ને અકાર્યની કરનારી. તમે તો પુરુષ છો, ઉમદા સ્વભાવ અને મોટા પેટના, મારો આટલો અપરાધ ગળી જાઓ, મને માફ કરો, અને ચાલો પાછા રાજ્યને સંભાળી લો.'

રામચંદ્રજીને તો જો રાજસંપત્તિની ભારે આસક્તિ હોત, તો તો આ કેવો સોનેરી અવસર હતો ! હવે જો રાજગાદી સ્વીકારી લેત, એમાં તો શાબાશી મળત કે 'શું કરે ? ભરત અને કૈકેયીના કકળતા દિલના અતિ આગ્રહને લીધે રાજ્ય લેવું પડ્યું' એમ શાબાશી ય મળત, અને અતિ પ્યારું રાજ્ય પણ મળી જાત. પરંતુ રાજ્ય એવું પ્યારું હતું જ નહિ, એના પર અતિ આસક્તિ હતી જ નહિ. એટલે ભરત-કૈકેયીના કાલાવાલા પર શાના લોભાઇ જાય ?

એ તો એમણે મોટાભાઇ તરીકેનો અધિકાર બજાવ્યો, પાણીનો કળશ મંગાવી ભરતના માથે ઢોળતાં કહે છે, 'જા, હું અયોધ્યાની ગાદી પર તારો અભિષેક કરું છું, તું એ સંભાળી લે, મારી આજ્ઞા છે. તારે બીજું કશું બોલવાનું નહિ.'

**અધિકાર શાના માટે બજાવવાનો ? સ્વાર્થસાધના માટે નહિ, પરંતુ વિનય-ઔચિત્યાદિ આત્મસંપત્તિની કમાઇ માટે.**

રામચંદ્રજીને પિતાનો આ વિનય બજાવવો હતો કે પિતાનું એકવચનીપણું જળવાઇ રહી પિતાનો યશ ખંડિત ન થાય, યશ વધે ને લોક કહે 'જુઓ, દશરથે

પોતાનું વચન પાળવા જરૂર પડી તો પોતાના વહાલામાં વ્હાલા અને સુયોગ્ય એવા પાટવી કુંવરને બાજુએ રાખી નાના દીકરાને રાજ્ય આપી દીધું !' એવું પોતે કરવું.

(૧) વડીલે કોઇને આપેલું વચન પળાય એ માટે નાનાએ ભોગ આપવો પડે તો આપી દેવો એ વડીલનો વિનય છે. એમ-

(૨) પોતાના સુકૃતથી વડીલને યશ આપવો એ ય વડીલ પ્રત્યેનો વિનય છે.

(૩) વડીલની શોભા વધે એ માટે વડીલ જ્યાં જાય ત્યાં સાથે જવું ને પાછળ ચાલવું એ પણ વડીલ પ્રત્યેનો વિનય છે.

વિનયના આવા કેઇ પ્રકાર છે. પણ આજે કાળ વિષમ છે. વિનયના આવા કોઇ પાઠ ભણાવાતા નથી. તેમ જ વિનયગુણની એવી ભૂખ પણ નથી, તેથી વડીલને ઊલટું નાનાઓના દબાયેલા કે પરાધીન રહેવું પડે છે. બાપાજીને ક્યાંય જવું હોય અને એમાં સાથે કોઇને લઇ જવાની જરૂર હોય તો ય ત્યાં વિચાર કરવો પડે છે કે 'ચાર દીકરામાંથી કોણ મારી સાથે આવશે ?' જો જરૂરીમાંય આમ, તો બાપાજીની વગર કામે ખાલી શોભા વધારવા માટે તો એમની સાથે જવાનું દીકરાને સૂઝે જ ક્યાંથી ?

જ્યાં પાયાના વિનયગુણના વાંધા, ત્યાં ધર્મ શો ?

પ્ર. આમ આપણને લાગે કે વડીલ પ્રત્યે કોઇ વિનય ન સાચવતો હોય, છતાં એ દાન તો કરી શકે છે. તપસ્યા કરી શકે છે, પ્રભુ-ભક્તિ, સાધુભક્તિ, વ્રત-નિયમ વગેરેમાનું કાંઇ કરી તો શકે જ ને ? તો શું એ ધર્મ કર્યો નહિ કહેવાય ?

ઉ. પરંતુ અહીં સમજવા જેવું છે, કે જ્યારે એ વડીલનો વિનય નથી સાચવતો-અવિનય કરે છે, તો એની પાછળ એનું અભિમાન કામ કરી રહ્યું છે. દા.ત. (૧) પોતાના ઉપકારી અને પૂજ્ય માતાપિતાની શોભા વધારવાને બદલે જાતની જ શોભા વધારવાની હોંશ રહે છે, (૨) એમને કોઇ સારા કામનો યશ આપવાને બદલે પોતાની જાતને જ યશ આપવાનું મન રહે છે તો એનો અર્થ સ્પષ્ટ છે-કે પોતાને અભિમાન છે કે 'માતા-પિતા કરતાં હું સારો. હું મોટો, હું કિંમતવાળો !'

પોતાના પૂજ્ય અને ઉપકારી સામે આવું જ્યાં અભિમાન હોય, ત્યાં હૃદયમાં કઠોરતા કેવી ગણાય ? બીજા આગળ તો ઠીક, પરંતુ ઉપકારી અને પૂજ્યની આગળ તો ખાસ નમ્રતા-મૃદુતા રહેવી જોઇએ. એ નથી રાખવી, તો એ દિલની મહા કઠોરતા વિના ન બને.

હવે દિલની એવી કઠોરતા લઇને કોઇ દાન શીલ-તપનો ધર્મ કરવા નીકળી પડે એ કાંઇ દિલમાં ધર્મના પરિણામને લઇને ન હોય, પરંતુ કોઇ લોકવાહવાહ, કે





દુન્યવી સુખની લાલચના હિસાબે ધર્મ કરતો હોય. જો પોતાના ઉપકારી અને પૂજ્ય માતા-પિતાની સામે પોતાને જશ લેવો છે, પોતાની શોભા વધારવી છે તો ધર્મ કરતી વખતે પણ જાતની વાહ વાહની લાલસા કેમ આગળ નહિ આવે ?

**ત્યારે જે હૈયામાં આવી નકરી લાલસા ભરેલી છે, એ હૈયામાં દાનનો, શીલનો કે તપનો શુદ્ધ પરિણામ શી રીતે હોય ?**

**શુદ્ધ ધર્મનો પરિણામ કોમળ દિલમાં આવી શકે.**

મિથ્યાત્વીના ચારિત્ર પણ કેમ નિષ્ફળ જાય છે ? દિલમાં ગાઢ મિથ્યાત્વ છે એટલે કઠોરતા છે. દિલમાં દુન્યવી સુખ-વાહવાહની લાલસા છે એટલે ખરેખર ચારિત્રધર્મનો પરિણામ નથી. શુદ્ધ ધર્મનો પરિણામ લાવવાનો છે તો દિલને અહંભાવ. માનાકાંક્ષા અને સુખ-લંપટતાથી મુક્ત રાખો.

માન-માનાકાંક્ષા અને સુખ-લંપટતા એ દિલને કઠોર બનાવે છે.

દુનિયામાં દેખાય છે-કે જ્યાં માન-અભિમાન છે, માનાકાંક્ષા છે, દુન્યવી સુખની લંપટતા છે, એ પછી ધર્મ કરતો હશે તોય જો ક્યાંક માન ઘવાયું તો ઝગડી પડતાં વાર નહિ લગાડે. દિલની કઠોરતા વિના આ બને ? એમ પોતાને માનાકાંક્ષા છે, ને પોતાના બદલે બીજાને માન મળી ગયું, તો એ સહન નહિ કરી શકે. દિલ ચચળશે, કકળશે, માન મેળવનાર ઉપર ઇર્ષ્યા અને માન દેનાર પર દ્વેષ અરુચિ અભાવ થશે. આ કઠોર દિલ વિના ન બને. એમ દુન્યવી સુખની લંપટતા છે, ધર્મ કરીને એ જ જોઇએ છે, તો એમાંય જ્યાં ધર્મ કરતી વખતે કોઇના તરફથી પોતાની અનુકૂળતા-સગવડ ઘવાઇ, તો તરત દિલ કચવાટ અનુભવશે દા.ત. પ્રભુના દર્શન કરતો ઊભો છે, ને કોઇ આડે આવ્યું, અને પ્રભુ પોતાને દેખાતા બંધ થયા, ત્યાં સામા ઉપર ક્રોધ અને કચવાટ સળવળે છે.

શા સારુ, ભાઇ ! કચવાટ ? બાહ્ય દર્શન કરવા ઉપરાંત અંદરમાં હૈયે જો શુદ્ધ દર્શન-ધર્મનો પરિણામ છે, તો ત્યાં શાંતિથી આંખ મીંચી અંતરમાં પ્રભુદર્શન કરવા લાગ. પણ ના, ધર્મ કરવા પાછળની સુખ-લંપટતા ને અભિમાન દિલને એવું કઠોર બનાવે છે કે તેથી આ સમાધાન કરી લેવાની કોમળતા નથી કે 'ચાલ દર્શન બંધ થયું તો આંખ મીંચીને પ્રભુનું સ્મરણ કરવા દે, એ પણ ખાસ જરૂરી છે કે-

**બહુ દર્શન કર્યા પછી દિલમાં ભગવાનને સારા ધારી રાખવા, જેથી પછીથી એ ભગવાન યાદ આવ્યા કરે.**

જો બહુવાર સુધી દર્શન કર્યા પછી પણ સ્મરણ નથી તો એ પ્રભુદર્શન બીજા રૂપરંગનાં દર્શનના ઝેરથી કેમ બચાવશે ? એ તો રૂપરંગનાં પાપ-દર્શન

વખતે જો પૂર્વના દર્શનની વચમાં વચમાં કરેલ વીતરાગ પ્રભુનું સ્મરણ આવીને ઊભું રહે, તો એ પાપ-દર્શનને ધક્કો લાગે. પ્રભુ યાદ જ ન આવે, પ્રભુની શાંત રુપાળી મુદ્રા યાદ જ ન આવે, તો રૂપરંગનાં દર્શન પર શાનો ઘા પડે ? એ તો બહુ મીઠાશથી એવા દર્શનના ઘૂંટ અખંડ પીધા કરવાનો ! ને અગણિત પાપ બાંધવાનો, પાપ વાસના દ્રઢ કરવાનો. માટે એ ખંડિત કરવા ત્યાં પ્રભુનું સ્મરણ જોઇએ.

**રૂપરંગનાં દર્શન ખંડિત કરવા પ્રભુમુદ્રાનું સ્મરણ સતત ચાલતું કરો.**

**પ્રભુમુદ્રાનું સ્મરણ કરવા પ્રભુદર્શને વચમાં વચમાં આંખ મીંચી પ્રભુનું સ્મરણ કર્યા કરો.**

## મૂર્તિપૂજા કેમ જરુરી ?

મૂર્તિપૂજા નહિ માનનારા ભૂલા પડે છે. એમને મૂર્તિમાં ભગવાન જ નથી દેખાતા, માત્ર પાષાણ દેખાય છે, તેથી ભગવાન તરીકે મૂર્તિ ને જોવી જ નથી. મૂર્તિનું દર્શન કરવું નથી, મૂર્તિમાં ભગવાનની શાંત વીતરાગ મુદ્રાનાં દર્શન કરવાં જ નથી, પછી દર્શનની વચમાં વચમાં એ શાંત મુદ્રાનું સ્મરણ કરવાની વાત જ ક્યાં ? ને જો એવાં દર્શન-સ્મરણ નથી, તો પછીથી જડ રૂપ-રંગનાં દર્શન વખતે એવું સ્મરણ કરવાની એટલે કે પ્રભુની શાંત નિર્વિકાર રૂપાળી મુદ્રા યાદ લાવવાની વાતે ય શી ?

**જિનમૂર્તિનું આ મહત્ત્વ છે, કે એનાં દર્શન-સ્મરણ, પછીથી રૂપરંગનાં દર્શનની વચ્ચે આવી રૂપ-રંગના મોહથી બચાવે.**

**પરસ્ત્રીદર્શનથી બચવા ઉપાય–**

વાત આટલી, કે જિનમૂર્તિનાં દર્શન વખતે જિનની મુદ્રા અને કીકીમાં રાગ નહિ, દ્વેષ નહિ, એવી શાંતતા નિર્વિકારતા જોયા કરવાની. તેમ જ દર્શન વખતે વચમાં વચમાં આંખ મીંચી એનું સ્મરણ કરવાનું. માનસિક દર્શન કરવાનું. એવા વારંવારના સ્મરણથી આત્મામાં એ શાંત જિનમુદ્રાના સંસ્કાર પડે છે-જે પછીથી પરસ્ત્રી દર્શન થતાં, જાગ્રત થઇને શાંત જિનમુદ્રાનું સ્મરણ કરાવે છે, ને એથી પરસ્ત્રીના રૂપમાં ભયંકરતા દેખાડી એના પર દ્રષ્ટિ કરવા ન દેતાં ઊઠાવી લેવાય છે.

એટલે પ્રભુદર્શન વખતે વચમાં વચમાં આંખ મીંચી વારંવાર એ પ્રભુમુદ્રાનું સ્મરણ કરતા રહેવું જોઇએ. જો આ મુખ્ય કાર્ય ખ્યાલમાં હોય તો પછી ભલે આપણા પ્રભુદર્શનની આડે કોઇ આવ્યું. ત્યાં ઉકળાટ-કચવાટ શાનો થાય ? કેમ કે એ વખતે પ્રભુ મુદ્રાનું આંખ મીંચીને સ્મરણ ચાલુ કરી દેવાય. કહેતા નહિ કે-

પ્ર. પણ એવા પ્રભુ-દર્શનની આડે આવનારના અવિવેક પર ઉકળાટ-કચવાટ





ન થાય ?

ઉ. દિલ કોમળ હોય તો એવાની ભાવ કરુણા ચિંતવાય કે બિચારા અજ્ઞાન છે, કર્મપીડિત છે, તે બીજાને દર્શનમાં થતા અંતરાયનો વિચાર નથી કરતા. પરંતુ દયાને બદલે દ્વેષ-ઉકળાટ શા માટે ? દિલ કઠોર છે માટે જ દ્વેષ થાય છે. કઠોરતાનું કારણ દર્શન બહારથી કરવાં છે, પણ અંતરમાં દર્શન-ધર્મ નથી લાવવો. એની કાંઇ પડી નથી, તમન્ના નથી.

જેને પૂજ્ય અને ઉપકારી માતા-પિતાના વિનયની પડી નથી, તમન્ના નથી, એને અભિમાન છે, ને એ અભિમાન અહીં પ્રભુદર્શન વખતે પણ ઊભું જ છે તે દર્શનની આડે આવનાર પર ઉતરી પડે છે, જે એની ભાવદયા ચિંતવવાનું ભુલાવે છે ! વાત સાફ છે કે-

**જે માતાપિતા સામે અભિમાન રાખે એ ત્રાહિત સામે કેમ નહિ રાખે ?**

મા-બાપ પર કઠોર દિલ બીજા પ્રતિકૂળ કરનાર પર સહેજે કઠોરતા દેખાડવાનું. ત્યાં ધર્મના સ્વરૂપમાં જે મૈત્રી, કરુણા, વગેરે ભાવ જરૂરી ગણ્યા છે, એ ઘવાવાના. આમ-

**માતાપિતા-વિદ્યાગુરુ-ધર્મગુરુનો અવિનય કઠોરતાને પોષી કરુણારૂપી ધર્મના સ્વરૂપનો જ ઘાત કરવાના.**

એટલે જ કહેવાય છે કે વિનય એ ધર્મનું મૂળ છે. ''વિણયમૂલો ધમ્મો.'' વિનયનો ભંગ કર્યે ધર્મ શી રીતે રહે ? અંતરમાં ધર્મ પરિણતિ શી રીતે આવે ? ધર્મની પરિણતિ માટે મૈત્રી-કરુણાભાવ પાયામાં જોઇએ. તે કોમળ દિલમાં હોય-કઠોર દિલમાં નહિ. અવિનય દિલને કઠોર બનાવે છે-તેથી જ ધર્મના પાયામાં વિનયની જરૂર છે, કે જેથી દિલ કોમળ રહે. મહાન આગમશાસ્ત્ર 'ઉત્તરાધ્યયન' માં પહેલું અધ્યયન 'વિનય'નું મૂક્યું છે તે એ જ સૂચવે છે. આ ઉત્તરાધ્યયનના ૩૬ અધ્યયનના પદાર્થ પરમતારક ત્રિલોકનાથ શ્રી મહાવીર પરમાત્માએ નિર્વાણ પામતાં પહેલાં છેલ્લી દેશનામાં કહ્યા હતા. એટલે 'શ્રી મહાવીર ભગવાન પણ મોક્ષે જતાં જતાં છેલ્લે છેલ્લે વિનયને પહેલો ધર્મ કહી ગયા' એમ કહેવાય.

રામચંદ્રજી પિતા પ્રત્યેના વિનયધર્મને સાચવવા માટે જ વનવાસ સ્વીકારી લે છે. પિતાનું વચન સચવાવું જ જોઇએ એ વિનયનો ભાવ છે. ભરત પોતાની હાજરીમાં પિતાના વચને આપેલા રાજ્યને સ્વીકારે જ નહિ. તેથી પોતે વનવાસ લે એટલે ભરતને રાજ્ય સ્વીકારવું પડે. માટે પોતે વનવાસે નીકળી પડ્યા. ત્યાં ભરત આવી જઇને રામચંદ્રજીને પાછા વળી રાજગાદી સંભાળી લેવા આગ્રહ કરે છે, ને

પોતે રાજ્ય લેવાની ઘસીને ના પાડે છે. તો રામચંદ્રજી મોટાભાઇ તરીકેનો અધિકાર બજાવી ભરત પર અભિષેક કરીને એને ગાદી સંભાળી લેવાનો આદેશ કરે છે.

અધિકાર કયો બજાવવાનો ? ભરત-કૈકેયીનો બહુ આગ્રહ છે, ને પોતે પાટવી કુમાર પણ છે તો રાજગાદી લઇ લેવાનો અધિકાર બજાવવાનો ? કે પિતાનો વિનય સાચવવા માટે રાજ્યત્યાગનો અધિકાર બજાવવાનો ?

જ્યાં મોટી રાજ્યસંપત્તિ પર પણ અત્યન્ત આસક્તિ ન હોય અને વિનયાદિ સંપત્તિ ઉપર અતિ આસક્તિ હોય, ત્યાં રાજ્ય-સંપત્તિ લેવાનો અધિકાર લેખામાં ન હોય.

શાંતિનાથ ભગવાન ચક્રવર્તી હતા, પરંતુ એમને એ ઠકુરાઇ પર એવી આસક્તિ ન હોતી. એ પૂર્વના અહીં અમિતતેજના ભવમાં પણ વિદ્યાધર ચક્રવર્તી હોવા છતાં એ ચક્રવર્તીપણા પર અત્યન્ત આસક્ત નથી એટલે જુઓ હવે કેવાં આત્મ-પરાક્રમ કરે છે !

**રાજા અમિતતેજ અને શ્રીવિજયનો ધર્મ સ્વીકાર–**

પહેલું તો અહીં બળદેવ કેવળજ્ઞાની મહર્ષિને પૂછતાં જ્યા મહર્ષિએ કહ્યું કે આજથી નવમા ભવે અમિતતેજ ચક્રવર્તી શાન્તિનાથ ભગવાન થશે, અને શ્રીવિજય એમના ગણધર થશે, ત્યાં એ બંનેએ મહર્ષિ પાસેથી સમ્યક્ત્વ સહિત શ્રાવકના અણુવ્રતોના નિયમ કરી લીધા. અને અશનિઘોષે એમની નજર સામે સંસાર-ત્યાગ કરી ચારિત્ર લઇ લીધું હતું તે જોઇ પોતે સંસાર-ત્યાગની ભાવના મનમાં જગાવી દીધી.

કેવો ફરક ! અશનિઘોષ પરસ્ત્રીહરણનું મહાપાપ કરનારો હતો અમિતતેજ એવા પાપવાળા ન હોતા. છતાં હવે અશનિઘોષ સંસાર ત્યાગનું મહાપરાક્રમ કરે છે ! ત્યારે અમિતતેજ માત્ર શ્રાવકનાં વ્રતો લે છે ! એ સૂચવે છે કે હજી પોતાને સંસારની આસક્તિ ઊભી છે. ત્યારે અશનિઘોષે એ ફગાવી દીધી ! પરસ્ત્રી-હરણ સુધી પહોંચી જાય એનો રાગ તો કેટલો બધો તીવ્ર હોય ! છતાં એ રાગને ફગાવી દે, ને એવો તીવ્ર રાગ નહિ એવા અમિતતેજ ન ફગાવી શકે ? પરંતુ નથી ફગાવી શકતા એ અહીં હકીકત છે. કેમ એમ બન્યું હશે ?

મહારાગવાળો સર્વથા રાગ તોડે, ને અલ્પ રાગવાળો નહિ.

❀ ❀ ❀ ❀ ❀ ❀

**કારણ કે મહારાગવાળાને હૈયે એવો ધક્કો લાગી ગયો કે અરેરે ! મેં મોહાંધ થઇ આ શું કરી નાખ્યુંકે આ જીવનમાં સ્વસ્ત્રીનો પણ ત્યાગ કરવાનો હતો ત્યાં મેં પરસ્ત્રી ઉઠાવી ? અનાર્ય મ્લેચ્છ જેવું નીચ કામ ? પણ એ કરાવનાર છે મોહની અંધતા. માટે હવે મારે મોહાંધતા જોઇએ જ નહિ. થોડો પણ મોહ રાખું તો એ મને અવસરે નીચ કામ**





**સુધી પહોંચાડે ને ? બસ, હવે એ વોસિરે, વોસિરે, વોસિરે.'' આમ દિલને, દિલના મોહને જોરદાર ધક્કો લાગી ગયો, મૂળ પાયાભૂત મોહ પર અત્યન્ત તિરસ્કાર છૂટ્યો. તેથી મોહનો સર્વથા ત્યાગ અપનાવી લીધો, ત્યારે અલ્પરાગવાળાને આવો ધક્કો નથી લાગ્યો એટલે સર્વમોહ-ત્યાગ સુલભ નથી. મોહને ધક્કો લાગે તો મોહ છૂટે.**

મોહને ધક્કો લાગે એટલે ? જીવથી કરાતા મોહ પર દિલને તીવ્ર ખટકો લાગે, ભારે આંચકો આવે કે 'અરરર ! આ હું શું કરી રહ્યો છું ? કેટલું બધું આ ગલીચ કામ ? કેવી મારા આત્માની મૂઢતા-વિચાર હીનતા ?' અશનિઘોષને રાગદશા પર ધક્કો લાગી ગયો-મેં મૂર્ખે પરસ્ત્રી રાગ કર્યો ? મૂળમાં રાગદશા જ ખોટી છે, કે જે આવા અતિ નીચ કાર્ય સુધી લઇ જાય છે.' આમ રાગ દશામાં ખરાબી જોઇ એને ધક્કો લાગ્યો એટલે પછી મૂળમાં આ પાયાની જ રાગદશા ખોટી' એમ મનને લાગી આવી મૂળમાંથી રાગદશા છૂટી. મનને થઇ ગયું કે 'મૂળ પાયામાં સ્ત્રી પર રાગ છે. તો જ પરસ્ત્રી પર રાગ થાય છે. માટે હવે તો સ્વસ્ત્રી પર પણ રાગ ન જોઇએ. એમ બીજાં રાજપાટ, ખજાના, સત્તા, ઠકુરાઇ વગેરે પર પણ જો રાગ રાખું તો એય વધીને અયોગ્ય વસ્તુ પર પણ પહોંચી જાય. માટે એય ન જોઇએ' 'જીવમાં રાગના મૂળ પાયા પર જ અનેકાનેક દોષો દુર્ગુણો-દુષ્કૃત્યો આવે છે, ને એના પર ભવ-પરંપરા ચાલે છે. માટે સંસારના કશા પદાર્થ પર રાગ ન જોઇએ.' એમ મનને થવાથી રાગ છૂટ્યો. સંસાર છૂટ્યો.

ત્યારે અમિતતેજ રાજાને રાગદશા પર આવો ધક્કો નથી લાગ્યો.

મૂળ પાયામાંથી સંસારનો રાગ ન છૂટે તો સંસાર શી રીતે છૂટે ?

અહીં એક પ્રશ્ન થાય છે-

પ્ર. અમિતતેજને પહેલેથી પરસ્ત્રી-રાગ હતો નહિ, જ્યારે અશનિઘોષને પરસ્ત્રી-રાગનું કટુ ફળ જોયા પછી પરસ્ત્રી-રાગ રહ્યો નહિ. આમ હવે બંને સમાન ભૂમિકા પર આવ્યા, તો પછી અશનિઘોષને મૂળ પાયાની રાગદશા ઊઠી જાય, ને અમિતતેજને કેમ ન ઊઠે ?

ઉ. આનું કારણ સ્પષ્ટ છે-અશનિઘોષને મૂળ પાયાના રાગને ધક્કો લાગ્યો, કેમકે એ જ પાયાના સ્ત્રી-રાગ ઉપર એને સ્વયં કડવો અનુભવ થયા પછી લાગ્યું કે 'એ સ્ત્રી-રાગ ઉપર જ પરસ્ત્રીનો રાગ થયો, માટે પાયાનો જ રાગ ખોટો, રાગ ખતરનાક !' એમ એના પર દિલ કકળી ઊઠ્યું. કહો-

**રાગ ખોટો-ખતરનાક લાગે ને દિલ કકળી ઊઠે એ જ રાગને ધક્કો.**

રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, નિંદા ઇર્ષ્યા વગેરે જે કોઇ દોષને ધક્કો

લગાડવો હોય એને દિલમાં એવો ખતરનાક લગાડી દો કે એના પર દિલ કકળી ઉઠે કે 'હાય ! આમાં મારું શું થશે ? પરલોકે કેવી ભયંકર દોષમય દુર્દશા !' દોષો-દુર્ગુણો પર દિલ કકળતું નથી એટલે જ એને ધક્કો લાગતો નથી. ને એ ફાલ્યાફૂલ્યા રહે છે. જીવને હોંશે હોંશે એ રાગ-દ્વેષ, જૂઠ-ડફાણ, દંભ-અનીતિ, ઇર્ષ્યા-વેરઝેર વગેરે અખંડ ચાલે છે ને ? વર્ષોના ધર્મના પરિચય પછી પણ આ જ દુર્દશા ને ? દિલને જ્યાં સુધી એ ખતરનાક લાગીને એના પર એના ભાવી ભયંકર અનર્થો પર દિલ કકળી ઊઠે નહિ, ત્યાં સુધી એને ધક્કો લાગે નહિ, એટલે જીવનમાં એ ઓછા થાય નહિ.

**વર્ષોના ધર્મના પરિચયે શું આપ્યું ?**

અસત્ય-અનીતિ-ઇર્ષ્યા-વૈર વિરોધ વગેરે અધર્મને ધક્કો ન આપ્યો ? સત્ય-નીતિ-ગુણપ્રમોદ-સર્વ જીવમૈત્રીભાવ-ક્ષમા-ઔદાર્ય વગેરે ધર્મની મમતા ન જગાડી ? તો એ ધર્મ-પરિચય કેવો સાધ્યો ? બાપના સારા કમાઉ દીકરાને નવી માતાનો વર્ષોનો પરિચય રહે છે પરંતુ એના પર પોતાની સગી માતા જેવી મમતા કે એના સંતાન પર સગા ભાઇ જેવી મમતા નથી થતી. કારણ કે પહેલેથી પરિચય જ, 'માતા ઓરમાયી, પોતાની સગી માતા નહિ,' એ મનમાં ધારી રાખીને જ રાખેલો. એમ અહીં, પહેલેથી જ ધર્મનો પરિચય એવો રાખ્યો હોય ત્યાં ધર્મ પોતાનો શી રીતે થાય ?

**'ધર્મ પરાયો, પોતાનો નહિ !' ની દુર્દશા**

'મારું તો, મારું ઘર, મારી પત્ની, મારાં સંતાન, મારી દુકાન, મારી તિજોરી,' એ સમજ રાખી હોય ત્યાં સહેજે 'મંદિર મારું, ગુરુ મારા, સાધર્મિક મારા, ધર્મ મારો, ધર્મક્ષેત્રો મારાં' એ ભાવ આવે નહિ, પછી પેલી ઓરમાયી માતાની જેમ ધર્મ પોતાનો ક્યાંથી લાગે ? ભલે ને એનો પરિચય વર્ષોથી કરાતો હોય !

આત્મામાં તપાસી જુઓ કે 'ધર્મ પોતાનો નહિ, મંદિર પોતાનું નહિ, સાધર્મિક અને ધર્મક્ષેત્રો પોતાનાં નહિ,' એવી સમજની દુર્દશા છે કે નહિ ? સારા કુળમાં જન્મ્યા એટલે...

**જિંદગીના છેડા સુધી ધર્મનો પરિચય તો રહેશે, પણ ઓરમાયા જેવા એ પરિચયથી આત્માનું દળદર શું ફીટશે ?**

'ધર્મ પોતાનો, કંચન-કાયા-કુટુંબ પરાયા,' એ ભાવ હૃદયસ્થ થાય નહિ, ધર્મની પોતાના તરીકેની મમતા જાગે નહિ ત્યાં સુધી આત્માનું દળદર ફીટે નહિ.

ત્યારે ધર્મની મમતા જાગે શી રીતે ? ધર્મ પોતાનો લાગે શી રીતે ? કહો,





કાયા-કંચન-કુટુંબ પરના રાગ-મમત્વ અને એની પાછળના આરંભ-સમારંભના ભાવ, અસત્ય-અનીતિ તથા ક્રોધાદિ કષાયો ને ઇર્ષ્યા-વૈરવિરોધ વગેરે દોષ દુર્ગુણોને ધક્કો લાગે ત્યારે. એ ધક્કો લગાડવા એની ખતરનાકતા પર દિલ કકળી ઊઠવું જોઇએ.

શાલિભદ્રને એ અઢળક સંપત્તિ અને બત્રીસ અપ્સરા-શી પત્નીઓ અને એના અઢળક ભોગવિલાસ ખોટા-ખતરનાક લાગ્યા. દિલ કકળી ઊઠ્યું, એટલે સંયમ ધર્મ પર અનેરી મમતા જાગી, સંયમ પોતાનું, અને આ બધું પરાયું, એવું સચોટ લાગી ગયું, એટલે પછી આ બધાંનો ત્યાગ કરી સંયમધર્મ અપનાવી લેતાં વાર ન લાગી.

**તમે કેમ સંયમ વિના બેઠા છો ? કહેતા નહિ, પુણ્ય જોઇએ ને ? પુણ્ય તો છે જ, માટે તો આટલું સાંભળવાનું મળવા સુધીની સગવડ પામ્યા છો. હવે આગળ જે કરવાનું છે તેના માટે કોઇ પુણ્ય નથી. એના માટે તો પુરુષાર્થ જોઇએ. વનમાં ભૂલા પડેલા આંધળાને કોઇ દોરનાર મળી જાય, એ પુણ્યના યોગે, પરંતુ પછીથી દોરનારનો હાથ પકડી માર્ગે ચાલવાનું કરાય તે પુણ્યથી નહિ, પણ પુરુષાર્થથી.**

**પુણ્ય તો વળાવા જેવું છે, આરાધના નગર છે. વળાવો નગરની ભાગોળ સુધી મૂકી જાય. પુણ્ય એ ભાગોળ સુધીનો વળાવો, પછી આરાધનાના નગરમાં પેસવાનું ને ચાલવાનું પુરુષાર્થથી જ થાય.**

પૂર્વના કાળે મારવાડમાં એક ગામથી બીજે ગામ જવા માટે જંગલના રસ્તે લૂંટારુ વોળાવો થતો. એ સાથે હોય એટલે બીજા લૂંટારા મળે તો આ વોળાવાને જોઇને સમજી જાય કે 'આ આપણો ભેરુ જ પ્રવાસીને લઇ જાય છે. તેથી એના દોરેલા પ્રવાસીને લૂંટાય નહિ' આ લૂંટારું વોળાવો આવતા ગામની ભાગોળ સુધી જ પહોંચાડવાનું કરે. પછી કાંઇ એ પ્રવાસીને નગરમાં પેસાડવાનું અને નગરના માર્ગો પર ચલાવવાનું ન કરે, એ તો પ્રવાસીએ જાતે જ કરવું પડે. એમ પુણ્ય એ વોળાવો છે. એ સંસારના જંગલમાં આપણને ધર્મ-આરાધનાની પૂર્ણ સામગ્રીરૂપી ભાગોળ સુધી પહોંચાડે, પણ પછીથી ધર્મ-આરાધનામાં પ્રવેશ-એટલે કે ધર્મ અને ધર્મારાધના પર અથાગ મમતા માટે તો આપણે પુરુષાર્થ અજમાવવો પડે. ધર્મ પર મમતા કરનારું કોઇ પુણ્ય કર્મ નથી, પણ પુરુષાર્થ છે. એમ આરાધનાના માર્ગે ચાલવાનું પણ પુરુષાર્થથી જ થાય. એ ચલાવનાર કોઇ પુણ્યકર્મ નથી, પણ પુરુષાર્થ જ છે.

શાલિભદ્રને કેવીક ધર્મ મમતા જાગી ગઇ હશે કે દેવતાઇ જેવી સંપત્તિ છોડી સંયમ લેવા નીકળી પડે છે ? કહો સંયમની અઢળક મમતા તેને ક્યારે જાગી

શકી ? કહો દુન્યવી સંપત્તિ-સગા વગેરેના રાગાદિને ખતરનાક લેખી એના પર દિલ કકળી ઊઠ્યું ત્યારે.

સનત્કુમાર ચક્રવર્તી કેમ મહાત્યાગ કરી શક્યા ?

શરીરમાં એકાએક સોળ રોગ ઊભા થયા દેખી, એના મૂળ કારણમાં પૂર્વજન્મોના રાગ-દ્વેષાદિને જોયા તેથી અહીંના પણ છ ખંડની ઠકુરાઇ વગેરેના રાગ મમતા આદિને ખતરનાક દેખી એના પર દિલ કકળી ઊઠ્યું. એટલે એ સર્વનો ત્યાગ કરી ચારિત્ર પંથે નીકળી પડ્યા.

અશનિઘોષની દ્રષ્ટિ મૂળ રાગ પર ગઇ. એ જ ખતરનાક લાગી. એના પર દિલ કકળી ઉઠ્યું. માત્ર પરસ્ત્રી-રાગ ખરાબ નહિ, માત્ર સ્ત્રી-રાગ જ ખરાબ ખતરનાક. મારા આત્માનું નિકંદન કાઢનારો રાગ ! તો 'હાય ! અત્યાર સુધી એમાં મેં જીવન બગાડ્યું ?' એમ દિલ કકળી ઊઠ્યું. કેવળજ્ઞાની પાસેથી પોતાના પૂર્વભવ જાણીને કહે છે.

''પ્રભુ ! રાગના કારણે કપિલના ભવમાં સત્યભામા છોડી જતાં દુર્ધ્યાનમાં પાપ બાંધ્યાં તો ભવમાં ભટકતો થઇ ગયો. છેલ્લે છેલ્લે તાપસના ભવમાં ધર્મ કર્યો પણ ઘેલી ઘેલી માન્યતાનો ધર્મ કર્યો. બેની સામાન્ય દયા, ને બાર નહિ, બારસોની ઘોર હિંસા ! એય કરીને વળી વિદ્યાધર થવાનું પાપ-નિયાણું કર્યું-તો અહીં વિદ્યાધર થતાં રુડો માનવજન્મ છતાં ધર્મ ન સૂઝ્યો ! પાપ નિયાણું હોય ત્યાં ધર્મ શાનો સૂઝે ? રાગમાં ને રાગમાં સડતો રહ્યો. પણ આ સુતારાએ ઉપકાર કર્યો કે મને એના પર રાગ થઇ આવતાં તમાચ પડી ને આંખ ખૂલી ગઇ. એમાં વળી આપે પૂરવ ભવોની દુર્દશા બતાવી રાગનાં દુઃખદ પરિણામ દેખાડીને એની ખતરનાકતા દેખાડી. મહાન ઉપકાર આપનો ! હવે પ્રભુ ! મને આ રાગમાંથી છોડાવો.''

**અશનિઘોષનું ઔચિત્ય–**

''હે મહાભાગ ! તમારા દાદા જ્વલનજરી જાણે ધર્મમૂર્તિ ! અને તમારા પિતા અર્કકીર્તિ મહાત્યાગી ! ત્યારે તમે પોતે ભાવીમાં ચક્રવર્તી અને તીર્થંકર થનારા છો ! તેથી હું માની હોવા છતાં, તમને નમવામાં મને કોઇ લજ્જા નથી. આ મારું રાજ્ય વગેરે બધું તેમ જ મારા અશ્વઘોષાદિ પુત્રોને તમારે ચરણે સોંપી દઉં છું.'' એમ કહેતાંક અશનિઘોષે પોતાના મોટા પુત્ર અશ્વઘોષને અમિતતેજ સમ્રાટના ખોળે બેસાડી દીધો.

જોજો આમાં કોઇ દીનતા નથી કે 'પરસ્ત્રી રાખવા જતાં પાછો પડ્યો એટલે શું કરે ? બધું સમ્રાટ રાજાને ચરણે ધરી જ દેવું પડે ને ? ના, સમ્રાટ રાજાએ આવી કોઇ માંગ કરી નથી કે 'લાવ ગુન્હાના બદલામાં બધું મૂકી દે એમ સજા કરી





હોત તો તો દીનતાથી ચરણે ધરી પડત; પણ ના, અહીં તો પોતાને વૈરાગ્ય ઝળહળી ઉઠ્યો છે, અને બધું હવે છોડી દેવું છે. એમાં અલ્પ-શક્તિવાળા દીકરાને સ્વતંત્રતાના અભિમાનમાં નહિ, પણ બીજાની સામે સુરક્ષિત રહે એટલા માટે મહાશક્તિવાળા સમ્રાટ્ રાજાને આધીન રાખવો છે, તેથી એને રાજ્ય સાથે સમ્રાટના ચરણે ધરી દે છે.

**આ ઔચિત્ય છે કે અલ્પશક્તિવાળાએ મહાશક્તિવાળાની નિશ્રામાં રહેવું, જેથી અવસરે સહાય-સંરક્ષણ મળે.**

એટલે જ વાલી રાજા પોતે રાવણ કરતાં નાના રાજ્યવાળા હોવા છતાં મહાશક્તિવાળા હતા તેથી એમણે રાવણની નિશ્રા આધીનતા ન હોતી રાખી, પરંતુ પોતાના ભાઇ સુગ્રીવનું એવું સામર્થ્ય જોતા નથી, એને રાવણ કરતાં અલ્પશક્તિવાળો જુએ છે, અરે ! બીજા બળવાન રાજાની સામે પણ કદાચ એ ન ટકી શકે એવી અલ્પશક્તિવાળો જુએ છે, તેથી જ એ નાના ભાઇ સુગ્રીવને રાવણની આજ્ઞામાં-નિશ્રામાં રહેવાનું ગોઠવે છે. એથી શું થાય ? આ થાય કે ક્યારેક કોઇ બળવાન રાજા એના પર ચઢી આવે તો રાવણ આની સહાયમાં ઊભો રહી પેલા બળવાન રાજાને હટાવી દે. જો મોટાની ઓથ ન હોય તો આ સહાય ક્યાંથી મળે ? અને સહાય ન મળે તો બળવાનથી ફેંદાઇ જ જાય.

## સમર્થની નિશ્રામાં બે મોટા લાભ–

એટલા માટે તો શ્રીધર્મબિન્દુ શાસ્ત્રમાં સામાન્ય ગૃહસ્થ-ધર્મમાં આ એક ગુણ કહ્યો છે, કે 'યોગ્ય સમર્થની નિશ્રા રાખવી' આમાં બે મોટા લાભઃ એક તો યોગ્યને આશ્રિત બન્યા રહેવાથી સ્વેચ્છાચારી બનતાં અટકાય, અને અનુભવસિદ્ધ માર્ગદર્શનાદિ મળ્યા કરે અને સ્વચ્છંદતા ન આવે, ને બીજું એ કે આપત્તિ સમયે સમર્થની ઓથ મળે.

આજે પહેલી બાબત જોઇએ તો દેખાય છે કે આજના છોકરા અલગ રહેવાનું કરતાં માબાપની છાયા ગુમાવી કેવા સ્વેચ્છાચારી બને છે ! જો સાથે રહી છાયામાં રહેતા હોત તો તોફાની યુવાન વયમાં પત્ની પ્રત્યે એટલા ખોટા વિષયાંધ ન બનત, કેમ કે વડીલોની લાજમર્યાદા સાચવવાની રહેત. પરંતુ અલગ રહેવાનું કર્યું,એટલે પછી કોની લાજ-મર્યાદા રહે ? ત્યારે અલગ રહેતાં, બાપના જીવન-અનુભવો પરનાં માર્ગદર્શન પણ છોકરો ક્યાંથી પામે ? એ ન મળે અને અનુભવહીન સ્વબુદ્ધિએ ચાલવું હોય ત્યાં કેટલાય ઠોકા ખાવા પડે ને નિષ્ફલતાઓ મળતી જાય.

અનુભવીની નિશ્રામાં નહિ, એટલે નવા નવા અનુભવ જોવાય ન મળે અને સાંભળવા ય ન મળે. તેમ મોટાની છાયામાં રહેવાનું નહિ, એટલે પોતાની પ્રવૃત્તિમાં

કોઇને પૂછવાનું ય ન રહે, અને મર્યાદાપાલન પણ ન રહે એમાં સ્વચ્છંદતા નિરંકુશતા અને આપમતિ જ પોષાયા કરે.

**સ્વચ્છંદતા** એટલે પોતાને ફાવે તેમ ચાલ્યા, જ્યારે ને જે ઇચ્છા થઇ ત્યારે એ મુજબ કરવાનું રહેવાનું, રાતે ઉઠીને ખાઇ લેવું છે, પિકચર જોવા જવું છે. લોફર મિત્ર કરવા છે ને ઘરમાં ઘાલવા છે, તો એ બધામાં કોઇ મોટા અટકાવનાર, ટોકનાર ત્યાં છે જ નહિ એટલે સ્વેચ્છાનુસાર ચાલવાનું થાય. એમ-

**આપમતિ** એટલે જે કાંઇ વર્તાવ કરશે એ પોતાની મતિ અનુસારે કરવાનો. માથે મોટા છે નહિ એટલે સલાહ પૂછવાની રહેશે નહિ, પરિણામ ? લેવાના બદલે દેવાના થાય. અનુભવ વિના સ્વમતિ કેટલે પહોંચે ? એમ, વળી જો ક્યાંક સારું ફળ આવ્યું તો અભિમાનનો પારો ચડશે કે મારી મતિ કેવી સરસ ચાલે છે ! પછી ? એ સ્વમતિના વિશ્વાસે એવાં સાહસ કરી બેસશે કે જેમાં ભારે પછાડ ખાવાનો અવસર આવે. ત્યારે,

**નિરંકુશતા** એટલે પોતાની બોલ-ચાલ પર કોઇ મોટાનો અંકુશ જ નહિ, પછી ઘરના માણસ સાથે અનુચિત છૂટછાટ પર અંકુશ નહિ રહે. એમ અભક્ષ્યભક્ષણ ઉદ્ભટ રંગરાગ, વગેરે પણ નિરંકુશપણે ચાલવાનાં.

આ સ્વચ્છંદતા-આપમતિ-નિરંકુશતામાં માનવના મર્યાદાથી શોભતા અને ગુણવૈભવવાળા જીવન જીવવા ન મળે. આમાં જો મિથ્યાત્વીનો કુસંગ મળી ગયો તો જૈનપણું ય લોપાઇ જતાં વાર નહિ ! મોટા કોઇ રોકનાર નથી ને ? એટલે એવા મિથ્યાત્વીનો પગપેસારો પૂરો છે, એની સાથે તો વાતોચીતોમાં જૈનપણું ખોટું લાગીને બહારનું સારું લાગવાનું સંભવિત છે. પછી કદાચ જૈનપણાને તિલાંજલી આપે એમાં ય નવાઇ નહિ. એમ કુસંગમાં જીવનમાં જુગાર વગેરે વ્યસનો ય પેસે એ સ્વાભાવિક છે. સમર્થની નિશ્રા વિના કેટલા અનર્થ ?

ત્યારે જેને માતાપિતા કે વડીલને આશ્રિત નથી રહેવું એને આપત્તિ આવ્યે કઇ દશા ? કોની હૂંફ ! કોનું આશ્વાસન ? કે કોનું માર્ગદર્શન ? એટલે જ આપત્તિ વેઠવાની. અને આ જગતમાં આપત્તિ ક્યાં લેવા જવી પડે એમ છે ? હાલતાં ને ચાલતાં નાનીમોટી આપત્તિ આવી જ છે સમજો. દા.ત. અલગ રહેવામાં પત્નીને ય નિરંકુશતા મળી એટલે એ હવે જરા રોફ દેખાડે-એ આપત્તિ. એને કોણ શિખામણ દેનાર મળે ? માથે મોટા હોય તો એમની છાયામાં ગમે તેમ બોલવાનું ચાલી શકે નહિ. એકલામાં રોફ ચાલે. પછી તો એનો રોફ વધતાં ભાઇ ને જિંદગીભર સોસવાતા જ રહેવાનું ને ?





આર્ય દેશની મર્યાદાઓ-રિવાજોમાં એક રિવાજ સંયુક્ત કુટુંબનો. એ કેટલો બધો ગુણકારી અને કેટલો આનંદદાયી નિશ્ચિત અને બીજાની હૂંફ ભર્યો ! એ લાભો આધુનિક વિભક્ત કુટુંબમાં જોવા ક્યાંથી મળે ?

અશનિઘોષ સમજે છે કે 'માથે સમર્થ આશ્રયદાતા હોય તો નિરંકુશતા ને સ્વચ્છંદતા ન આવે, અને આપત્તિમાં સંરક્ષણ મળે', તેથી પુત્ર અશ્વઘોષને સમ્રાટ અમિતતેજ રાજાના ખોળે મૂકી દે છે. અને પોતે કેવળજ્ઞાની (બળદેવમુનિ) અચલ મહર્ષિને ચરણે ચારિત્ર લઇ લે છે.

એ ચારિત્ર લે છે એટલે એનું પૂર્વ ભવોનું ચરિત્ર સાંભળીને વિરક્ત બનેલી શ્રીવિજયની માતા સ્વયંપ્રભા અને બીજા કેટલાય વિદ્યાધરો પણ ચારિત્ર માર્ગે ચડી જાય છે.

અમિતતેજ અને શ્રીવિજય સમ્યકત્વ સહિત શ્રાવકનાં વ્રતો સ્વીકારી લે છે. અમિતતેજ અશ્વઘોષને એના પિતાનું રાજ્ય સોંપે છે ને સૌ પોતપોતાના સ્થાને જાય છે.

અમિતતેજ અને શ્રીવિજયની ગાંઠ છે. તે બંને જણા અરસપરસ સહકાર સાથે ધર્મ-ઉદ્યોતનાં કામો કરે છે.

પહેલા નંબરનું કામ જિનભક્તિ. તે ઠાઠથી દેવદર્શન, પૂજા, સ્તુતિ, સ્તવન ઉપરાંત વાર તહેવારે ભગવાનની વિશિષ્ટ ભક્તિ-ઉત્સવ-મહોત્સવ વગેરે કર્યે જાય છે. વર્ષમાં ત્રણ મોટા મહોત્સવ જિનેન્દ્રભક્તિના નક્કી કર્યા છે. તે ઊજવતાં તો અનેરો આનંદ અને ભક્તિરાગ અનુભવે છે.

વીતરાગ સર્વજ્ઞ અરિહંત ભગવાનની ભક્તિ અનેરી સાધના છે. શ્રી યોગદૃષ્ટિ-સમુચ્ચય શાસ્ત્ર કહે છે-

**મન-વચન-કાયાથી વીતરાગ ભક્તિ એ શ્રેષ્ઠ યોગબીજ -**

**'जिनेषु कुशलं चित्तं योगबीजमनुत्तमम् ।'**

જિનેન્દ્ર ભગવંતો સંબંધી કુશળ ચિત્ત-ચિંતન-શ્રદ્ધા-પ્રીતિ, એમને સ્તુતિ-નમસ્કાર તથા પ્રણામ-પૂજા વગેરે એ શ્રેષ્ઠ યોગબીજ છે. ચિંતન-સ્તુતિ-પ્રણામ એ મન-વચન-કાયાથી થાય છે એટલે જિનભક્તિ મન-વચન-કાયાથી કરાય એ શ્રેષ્ઠ યોગબીજ છે.

શાસ્ત્રે યોગબીજનો અર્થ કર્યો કે બાકી યોગ' એટલે મોક્ષ-સાધક અનુષ્ઠાન. એનું 'બીજ અર્થ એટલે અસાધારણ કારણ. અર્થાત્ મોક્ષ-સાધક કોઇ પણ અનુષ્ઠાન દાન-દયા-શીલ-વ્રતનિયમ-તપ-સંયમ...વગેરે તેમાં 'જિનેષુ કુશલ ચિત્તં' વગેરે

યોગબીજ પૂર્વ ભૂમિકા હોય, કેમકે એ બીજ એટલે કે અસાધારણ કારણ છે. દાનાદિ સાધના કરવા માટે બીજાં કારણોની જરુર પડે, પરંતુ એની પહેલાં આ યોગબીજની અસાધારણ જરૂરીયાત છે. અર્થાત્-

દરેક દાનાદિ ધર્માનુષ્ઠાન જિનભક્તિ પૂર્વક જ કરાય.

**યોગનાં ૫ બીજ**

(૧) જિનેન્દ્ર ભગવાનની મન-વચન-કાયાથી ભક્તિ.

(૨) ગુરુની પણ એવી ત્રિવિધ ભક્તિ ઉપરાંત સેવા વૈયાવચ્ચ.

(૩) સહજ ભવ-વૈરાગ્ય.

(૪) વિવિધ વ્રત-નિયમોનું પાલન.

(૫) શાસ્ત્રભક્તિ-સ્વાધ્યાય.

આમાં શું શું આવ્યું ? દેવ-ગુરુ-વ્રતાદિધર્મ, અને શાસ્ત્રની ઉપાસના તથા વિષય-વૈરાગ્ય.

સંસારની અને સંસારનાં અંગોની ઉપાસના બહુ કરી, અનંતાકાળ કરી, રાચી માચીને કરી, હવે એમાં ફરક પડે પછી મોક્ષ-સાધક અનુષ્ઠાનને દિલમાં જગા મળે. દિલમાં જ્યાં સુધી સંસારનાં અંગોની જ ઉપાસના વ્યાપેલી હોય, ત્યાં સુધી મોક્ષ માટેની સાધનાની ઉપાસના શી રીતે ઊભી થાય ? એ બાહ્યમાં ઊભી થતી દેખાય તો ય તે સરવાળે સંસારનાં અંગભૂત વિષયો-લક્ષ્મી-વાહવાહ વગેરેની સિદ્ધિ માટે જ હોય. ઠેઠ ચારિત્ર સુધીની સાધના કરાય પણ તે આ દુન્યવી સુખ-સન્માન વગેરે માટે કરાતી હોય, એટલે અસલમાં ઉપાસના તો સંસારની ને સંસારનાં અંગોની જ છે. આ સ્થિતિને દૂર કરવા માટે વીતરાગ ભગવાનની શુદ્ધ ઉપાસના તેમજ વીતરાગના પંથે ચાલનાર ગુરુની શુદ્ધ ઉપાસના છે. પૂછો -

પ્ર૦- સંસારની ઉપાસના દિલમાં વ્યાપેલી હોય ત્યાં વીતરાગની ઉપાસના આવે ય ક્યાંથી ?

ઉ૦-એ માટે જ ત્રીજું યોગબીજ 'ભવ-વૈરાગ્ય' જરૂરી ગણ્યું, ભવ યાને સંસાર પર વૈરાગ્ય આવે એટલે કે સંસારનાં સુખ-સન્માન-વિષયો પર અભાવ થાય, એ અકારાં લાગે-સારી પણ ખીરની ઊલટી-વમન થઇ જાય તો એ ઊલટી પર કેવો અભાવ, કેવી ઘૃણા થાય ? એવી ઘૃણા સંસારનાં સુખ-સન્માન પર થાય, પછી દિલમાં એની રુચિ ન રહે. આકર્ષણ ન રહે, એટલે સંસારની દિલમાં ઉપાસના મોળી પડે. તો પૂછો,

પ્ર. સંસારનાં સુખ-સન્માન તો મજેનાં દેખાય છે. એના પર અભાવ-





ઘૃણા-અરુચિ થાય શી રીતે ?

ઉ. એના પરલોકે ભયંકર કટુ વિપાક વિચારીને એના પર ઘૃણા થાય. મનને એમ થાય કે જો અહીંનાં થોડા વર્ષોનાં સુખ-સન્માન પછી નરાકદિનાં દીર્ઘકાળનાં ભયંકર કટુ દુઃખો છે, તો આ સુખ-સન્માન કેવાં ગોઝારાં ! એ ગોઝારાં લાગવાથી સહેજે એના પર ઘૃણા થાય. મીઠાઇ વધારે ખવાઇ ગયા પછી જો ભારે અકળામણ થાય છે તો પેલી મીઠાઇ પર કેવી ઘૃણા થાય છે ? સારા ચાલતા વેપાર પર કોઇ ભારે સરકારી લફરું આવી પડે તો એના પર કેવી ઘૃણા થાય છે ? એને એમ થાય છે કે આના કરતાં મારા નાના રાજ્યની ઓછી સુખ-સગવડ સારી-કેમકે સ્વતંત્રતા તો ખરી !' બસ, આ જ રીતે-

**સંસારસુખ કેમ અકારાં લાગે ?**

નજરકેદી રાજાની જેમ આ સંસારમાં પોતાનું કર્મનું હલકટ કેદીપણું હૈયે ખટકે તો કર્મનાં આપેલાં ગમે તેટલાં સુખ-સન્માન પણ અકારાં લાગે.

એમ સુખ સન્માનમાં વિષયોની પરાધીનતા, ઇન્દ્રિયોની પરાધીનતા તથા અંતે પૂર્ણ નાશવંતતા જોઇને પણ એ અકારાં લાગે.

આ સુખ-સન્માનની લગન પર મરનારાને એના વિયોગની ભારે વેદના જોઇને સુખ-સન્માન અકારાં લાગે, જેથી પોતાને મરતાં વેદના ન થાય.

અકારાં ઘૃણાપાત્ર સુખ-સન્માન અંતે જાય છે તો શું રોવું ? સમભાવ રાખવો. આવાં સુખ વૈરાગ્ય-ભવ-વૈરાગ્ય પર જિનેન્દ્રદેવ અને નિર્ગ્રન્થ ગુરુની ઉપાસના હૈયે સ્થાન પામે. આવું ઉપાસનાભર્યું જીવન હોય ત્યાં મોક્ષ-સાધક અનુષ્ઠાન હૈયામાં સ્થાન પામે એટલા માટે પાંચ યોગબીજોને 'યોગ'નાં અર્થાત્ મોક્ષસાધક ધર્માનુષ્ઠાનોનાં 'બીજ' એટલે કે અસાધારણ કારણ ગણ્યાં.

પાંચ યોગબીજોમાં પહેલું યોગબીજ જિનેન્દ્ર ભગવાનની મનથી ઉપાસના રૂપે એમનું કુશળ ચિંતન. મન એમનામાં સ્થાપે એ પોતાનું કુશળ ચિત્ત કહ્યું. વાચિક ઉપાસના રૂપે પ્રભુનાં સ્તુતિ-નમસ્કાર કહ્યાં, અર્થાત્ એમનાં સ્તુતિ-સ્તોત્રપાઠ કહ્યાં, તથા કાયિક ઉપાસના રૂપે પ્રણામાદિ, કાયાથી નમસ્કાર-નમન-દર્શન-પૂજન વગેરેને બતાવ્યાં.

રાજા અમિતતેજ અને શ્રીવિજય આમાં પહેલા નંબરમાં લીન બન્યા છે. કેમ વારુ ?

રાજા અમિતતેજ અને શ્રીવિજય કેવળજ્ઞાની અચલમુનિ (બળદેવમુનિ) પાસેથી પોતાની આગામી તીર્થંકર-ગણધર બનવા સુધીની ઉન્નતિ સાંભળીને, તેમજ

અશનિઘોષની પૂર્વભવોમાં સંસારના રાગવશ થયેલી અવનતિ જાણીને, ધર્મ પ્રત્યે ભારે રુચિવાળા બનેલા, અને તેથી જ ૧૨ વ્રતનો શ્રાવકધર્મ સ્વીકારનાર બનેલા છે. એટલે હવે પોતપોતાના સ્થાને જઇ જિનેશ્વર ભગવાનના સુંદર ભક્તિ-ઓચ્છવ યોજે છે. જેમણે જગતમાં ધર્મ વહેતો મૂક્યો, એટલે તો આપણે એ ધર્મનિધાન પામ્યા, એ પરમ પુરુષ તીર્થંકર પરમાત્માને એક ઘડી પણ કેમ ભુલાય ? ધર્મ યાદ આવવા સાથે એ ધર્મના પ્રણેતા સહેજે યાદ આવે. આ યાદ આવે એ 'જિનેષુ કુશલં ચિત્તં.'

❀ ❀ ❀ ❀ ❀ ❀

વળી ધર્મ જિનેશ્વર ભગવાનના વચન અનુસારે જ માનવા-કરવાનો છે. ધર્મ જિનાજ્ઞાને પ્રતિબદ્ધ છે. કહો જિનાજ્ઞા એ જ ધર્મ છે. એટલે ધર્મના રસિયાને સહેજે જિનાજ્ઞા યાદ આવે. વાતે વાતે જ એમ થયા કરે કે 'મારા જિનેશ્વર ભગવાને મારા માટે શું શું આદરવા જેવું કહ્યું છે, ને કયા કયા પાપો-દોષો-દુર્ગુણો છોડવા જેવા કહ્યા છે,' એમાં જિનેશ્વર ભગવાન પહેલા યાદ આવે છે. પરમ ઉપકારી તરીકે યાદ આવે છે. એટલે એમના પર હૈયામાં ભક્તિ-બહુમાન ઉછળે છે, તેથી સહેજે એ પ્રભુનાં પૂજન-સ્તવન-ઉત્સવ કરવાનું મન થાય જ.

બંને રાજાઓ સુંદર જિનેન્દ્રભક્તિ-ઉત્સવો ઉજવે છે, તેથી લોકો પણ સહેજે જિનભક્તિમાં સામેલ થાય છે. મોટા રાજા તરફથી ઉત્સવ હોય એટલે સારા દબદબાથી ઊજવાતો હોય, એમાં લોકો જોવાના રસથી પણ આવે-તોય કાંઇક ને કાંઇક પામી જાય. ભગવાનના પ્રતાપે ધર્મ પામ્યા, ને ભગવાનના પ્રતાપે આ માનવ ભવ ઉપરાંત ધન-માલ વગેરેની અનેક પ્રકારની પુણ્યાઇ પામ્યા, તો સહેજે એ ધનમાલ જિનેન્દ્રભક્તિમાં લગાવાય. એ આમ લેખે લાગે છે.

## ઠાઠથી જિનભક્તિના ૨ મોટા લાભ-

જિનભક્તિમાં

(૧) આપણને બાહ્ય ચંચળ ધન જઇને આંતરિક નક્કર ભક્તિધન કમાવાનું મળે છે. તેમ જ-

(૨) બીજાઓને જિનસન્મુખ, ધર્મસન્મુખ કરવાનો અનુપમ લાભ મળે છે.

જિનેન્દ્ર-ભક્તિમાં આપણા પૈસા લેખે લાગે એ સામાન્ય લાભ નથી, મહાન લાભ છે. શ્રી પંચાશકશાસ્ત્ર કહે છે. 'જિનેશ્વર ભગવાનના ચરણે અર્પેલી થોડી પણ લક્ષ્મી અક્ષય લક્ષ્મીનું કારણ બને છે.' એનું કારણ સમજો છો ? કારણ આ, કે એ ભક્તિ કરવામાં જિનેશ્વર દેવ પર આંતરિક બહુમાન વધે છે. આ ભક્તિ ન કરતાં પૈસા સાચવી રાખે કે રંગરાગમાં ઉડાડે, તો જિન-બહુમાન ક્યાંથી આવે ? કે





ક્યાંથી વધે ? ત્યાં તો પૈસા સાચવી રાખવામાં પૈસા પર બહુમાન પોષાય, ને રંગરાગમાં ઉરાડવામાં રંગરાગ પર બહુમાન પોષાય, ને રંગરાગમાં ઉરાડવામાં રંગરાગ પર બહુમાન રહ્યા કરે. એ ન કરતાં કદાચ જીવદયામાં પૈસા ખર્ચે તો જીવો પર ભાવ વધે, જિન પર ભાવ શી રીતે વધે ? એ તો જિનભક્તિમાં પૈસા ખર્ચાય, ભોગ અપાય, તો જિનેશ્વર ભગવાન પર ભાવ વધે, બહુમાન વધે.

**ત્યારે આ જીવનમાં આ મોટું કામ છે કે જિનેશ્વર ભગવાન પર આપણા હૈયામાં ભાવ વધતા કરીએ.**

જિનેન્દ્ર પ્રભુ પર બહુમાન-આદરભાવ ખૂબ વધારતા રહીએ. આ કામ બહુ મહત્ત્વનું કેમ ? આટલા જ માટે કે-

**દિલમાં જિન-બહુમાન વધતું રહેવાથી જિન પ્રત્યે એવું મમત્વ જામવા માડે કે એમની આગળ દુન્યવી સુખ-સંપત્તિ તુચ્છ લાગવા માંડે.**

પરાકાષ્ઠાએ દુન્યવી સુખ-સંપત્તિ તદ્દન અકિંચિત્કર, નગણ્ય અને અતિ તુચ્છ લાગ્યાથી ને ઊંચી પ્રભુભક્તિમાં એ અંતરાયભૂત લાગ્યાથી, એનો સંપૂર્ણ ત્યાગ કરાય અને વિકસિત જિન-મમત્વથી જિનના ચારિત્ર-માર્ગે ચડી જવાય. જિનનું મમત્વ અનહદ વધી ગયું તો દુન્યવી મમત્વ હેઠાં ઉતરી ગયાં સમજો. એટલે દુન્યવી સરંજામ છોડી સહેજે જિનચરણે બેસી જવાનું થાય.

વાત આ છે-**ધર્મ વધારવો છે ?**

તો જિનનું મમત્વ વધારો. એથી તન ધનનાં મમત્વ ઓછાં થઇ એના દ્વારા ધર્મ સધાશે.

તપ કોણ નથી કરવા દેતું ? તનનું મમત્વ.

દાન કોણ નથી દેવા દેતું ? ધનનું મમત્વ.

જિનેશ્વર ભગવાન પર મમત્વ જામે એટલે પેલાં મમત્વ ઓછાં થાય. ભગવાનના ભક્તિ-ઉત્સવો આ કરી આપે છે. પ્રભુ પર બહુમાન-મમત્વ વધારી આપે છે. આ કેવો મહાન લાભ ?

**દુનિયા પરનું મમત્વ ઊતરી જાય અને વીતરાગ પર મમત્વ જામી પડે એણે તો મોહની છાતી ભેદી નાખી. પછી ઉગ્ર તપ-સંયમ પણ સુલભ થઇ ગયા.**

શાલિભદ્ર-ધનાજી કેમ કરોડો-અબજોની સંપત્તિ છોડી ચારિત્ર લઇ શક્યા ? કહો, મહાવીર પ્રભુ પર એમને મમત્વ વધી ગયું, તેથી આ સંપત્તિનું મમત્વ ઊતરી ગયું. એટલે તો ત્યાગ સરળ બની ગયો. પછી પણ કેમ એ કાળી તપસ્યામાં ચડી

ગયા ? આ જ કારણે કે પ્રભુ પર મમત્વ એટલું બધું વધી ગયું કે કાયા પરનું ય મમત્વ ઊતરી ગયું. તેથી આ કાયા દ્વારા પ્રભુના પગલે પગલે જોરદાર તપસ્યા લગાવી.

જિનેન્દ્રદેવના ભક્તિ-ઉત્સવથી પોતાને આ જિન મમત્વ-બહુમાન વધે એ એક મોટો લાભ.

**ઠાઠથી જિનભક્તિનો બીજો મોટો લાભ–**

બીજો લાભ આ, કે લોકો જિનભક્તિ મહોત્સવ દેખી જિન સન્મુખ થાય. ધર્મ સન્મુખ થાય. આ પણ નાનો લાભ નથી. યોગવિંશીકા શાસ્ત્ર કહે છે-

'બીજામાં ધર્મનો વિનિયોગ કરવાથી પોતાને ધર્માનુબંધી પુણ્ય મળે, ભવાંતરે ઉચ્ચતર ધર્મ સુલભ થાય.'

માત્ર આમાં પોતાનો આશય નિર્મળ જોઇએ, 'બીજાનું ધર્મથી કલ્યાણ થાઓ માટે એમને ધર્મ સન્મુખ કરું ધર્મ સુઝાડું' આવો આશય હોય. આવો આશય હોવાથી એમાં ધર્મ પર બહુમાન વધ્યું. જેમ દા.ત. લાયક પુત્રને મન એમ થાય કે 'મારા બાપુજીનો બહાર યશ ફેલાવું જેથી લોક એમની પ્રશંસા કરે-એમને માને,' અને પછી પુત્ર એવો પ્રયત્ન કરે, એમાં એના હૈયે પિતા પ્રત્યે અત્યાર પહેલાં જે બહુમાન હતું, એમાં એણે વૃદ્ધિ કરી. એમ, ધર્મ માટે થાય કે 'મારે મન તો ધર્મનું મહત્ત્વ છે, પરંતુ બહારમાં ધર્મનો યશ ફેલાવું જેથી લોકો ધર્મની પ્રશંસા કરે, ધર્મનું મહત્વ સમજે, ધર્મને માને, અને પછી બીજામાં ધર્મનો વિનિયોગ કરે' ત્યાં ધર્મ પર બહુમાન વધ્યું ગણાય. એ હિસાબે ભવાંતરે સહેલાઇથી ઉચ્ચતર ધર્મ મળે, એટલે કે દા.ત. અહીં અમુક કક્ષાનો શ્રાવકધર્મ મળ્યો હોય, તો ત્યાં એનાથી ઉચ્ચ કક્ષાનો સૂક્ષ્મ કોટિનો શ્રાવકધર્મ મળે, એમાં નવાઇ નથી. સામાન્ય બહુમાનથી સામાન્ય ધર્મ, તો વિશેષ બહુમાનથી વિશેષ ધર્મ મળે, એ ન્યાયયુક્ત છે.

કુમારપાળ મહારાજાએ જાતમાં તો સમ્યગદર્શનપૂર્વક ૧૨ વ્રતનો શ્રાવકધર્મ ઘણો અદ્‌ભુત વિકસાવ્યો, પરંતુ લોકોમાં ય સાતવ્યસન-ત્યાગ, તથા ઉત્સવો, સંઘયાત્રા-મંદિરાદિનિર્માણ વગેરે દ્વારા જૈનધર્મની પ્રશંસા વગેરે ખૂબ ફેલાવ્યું, તો એમાં પોતાના દિલમાં ધર્મ-બહુમાન વધ્યું ગણાય, ને બીજાઓમાં એ ધર્મ વિનિયોગથી ભવાંતરે ઉચ્ચતર ધર્મપ્રાપ્તિ નક્કી થઇ. અહીં કરતાં ઉચ્ચતર એટલે અહીં તો શ્રાવકધર્મ ને ભવાંતરે સાધુધર્મ-તે પણ કેવો ? ગણધર બનાવે એવો ? સાધુધર્મ લીધા પર સંયમભાવ એવો ઊંચો અને જિન સમર્પણ તથા જિનવચન બહુમાન એવો ઊંચો કે સાધુદીક્ષા આપનાર જિનેન્દ્ર એમને ગણધર પદે બેસાડે. આ કયા નિયમ પર ?





**અહીં બીજાઓમાં ધર્મનો વિનિયોગ કરવા પર ધર્મ-બહુમાનની અધિકતા થવાથી ભવાંતરે પોતાને અધિકતર ધર્મ મળે.**

આ પરથી શીખવા જેવું છે કે આપણે તો ધર્મ કરીએ, પરંતુ આપણી જે શક્તિ પહોંચે મનની કે ધનની એનાથી બીજાને ધર્મ-સન્મુખ કરીએ, ધર્મ તરફ આકર્ષણ કરીએ. ધર્મમાં જોડીએ. એવી બુદ્ધિ-વિદ્વત્તાનો ઉપયોગ કરીએ. યા ધન હોય તો ધનનો એવો સદુપયોગ કરીએ, જેથી બીજાઓ ધર્મમાં આકર્ષાય, ધર્મમાં જોડાય, તો એમાં આપણું ધર્મ-બહુમાન વધે છે. ને ભવાંતર માટે અહીં કરતાં અધિક ધર્મ આપણને સુલભ થાય છે.

પૂછી જુઓ અંતરમાં, જે કાંઇ થોડી કે વધુ ધનની શક્તિ મળી છે. ત્યાં એ નથી તો મનની-બુદ્ધિની ને બોધની શક્તિ મળી છે, એનાથી એવાં સુકૃત કરું કે બીજાઓ ધર્મમાં આકર્ષાય, ધર્મમાં જોડાય. આવું મન થાય છે ખરું ? થાય છે તો એવો પ્રયત્ન થાય છે ? જો પાસે ધન છે છતાં આવું મન નથી થતું, તો પૈસાનો શો ઉપયોગ છે ? તિજોરીમાં દાટી મૂકવાનો ? યા પોતાના ને કુટુંબના રંગ-વિલાસ કરવાનો ? પૈસા કેવી ચીજ છે ? આજ છે ને કાલે નથી, પ્રાણ છૂટવા સાથે છૂટી જનારી ચીજ છે એના પર આવો ગોઝારો મોહ કે એનાથી ભવાંતરે ઉચ્ચતર ધર્મ નક્કી કરી આપે એવાં ધર્મ-પ્રભાવક કાર્ય કરવાનું મન નથી થતું ? પૈસા પુણ્યથી મળ્યા છે ને ? ને એ જ પૈસાથી પાપ કરવાનાં ? ને પુણ્યને પેસવા નહિ દેવાનું ? આ તો એવું થયું કે બાપથી પૈસા મળ્યા પછી બાપને ઘરમાં ન પેસવા દે ! એ પૈસા પર એવો હક જમાવે કે બાપને એ હકમાં જરાય ભાગ જ નહિ ! બાપને સો રુપિયા ધર્મ-ખર્ચ માટે જોઇતા હોય તો તે ન દે. આવો છોકરો કેવો ગણાય ? હરામી જ ને ? એમ તમે પુણ્યથી મળેલા પૈસા પર પુણ્યનો હવે હક જ ન રહેવા દો, પુણ્યને પેસવા જ ન દો, તો તમે કેવા ગણાઓ ?

ભાગ્યશાળી માણસો લાખ-બે લાખ ખર્ચી યાત્રા સંઘ લઇ જાય છે, તમે કુટુંબને યાત્રાએ લઇ જાઓ ત્યારે એટલું ય મન થાય છે ખરું કે 'લાવ ૫-૨૫ સાધર્મિકને યાત્રામાં સાથે લઇ જાઉં ?' એટલીય શક્તિ ન હોય તો ૨-૪ પણ ગરીબ સાધર્મિકને યાત્રા કરાવું એવું મન થાય ખરું ? ના, કેમ નહિ ? 'મારા પૈસા પર કુટુંબનો હક છે. સાધર્મિકનો નહિ' આવું જ કાંક મનમાં બેઠું છે ને ? એનો અર્થ, પૈસા પર પાપ સગાઓનો હક ! ધર્મ સગાઓનો નહિ ! પાપનો હક ખરો, પણ પુણ્યનો નહિ ! આ જ ને !

**લક્ષ્મી કેમ ગોઝારી !**

કેવું વિચિત્ર ! પુણ્યે દીધેલા પૈસા પર પુણ્યનો હક નહિ ?

આ લક્ષ્મી આટલા માટે જ ગોઝારી છે કે એ દાતાર પુણ્યનો હક ભુલાવી દુર્ગતિદાયી ધરખમ પાપોનો હક મનાવે.

**એમ કહેતા નહિ,**

પ્ર. લક્ષ્મી પર પુણ્યશાળીને પુણ્યનો હક લાગે છે ને ? એટલે તો લક્ષ્મી પુણ્યના માર્ગે ખર્ચે છે ?

ઉ. તે ત્યાં સમજતા નહિ કે એ પુણ્યનો હક લક્ષ્મીએ સુઝાડ્યો, એમ તો લક્ષ્મી કેટલાની પાસે ? ને એમાંથી કેટલાને લક્ષ્મી પુણ્યનો હક સુઝાડે છે ? લક્ષ્મી જો આ સુઝાડતી હોય તો તો બધા લક્ષ્મીવાનને લક્ષ્મીએ પુણ્યનો હક સુઝાડવો જોઇએ-પણ એવું નથી. તો સિદ્ધ થાય છે કે લક્ષ્મી કાંઇ પુણ્યનો હક નથી સુઝાડતી.

**પુણ્યનો હક સુઝાડનાર ધર્મની લેશ્યા છે.**

જેને ધર્મની લેશ્યા છે એને એમ સૂઝે છે કે પુણ્યે આપેલા પૈસા પર પુણ્યનો પહેલો હક છે. જેમ પાપ લેશ્યાવાળાને એમ થાય કે 'પૈસા પર મારો ને મારા કુટુંબનો હક છે, અમારા વેપાર, સુખ-સગવડ, મોજ-વિલાસ માટે જ આ પૈસા છે.' શું ? પુણ્યે દીધેલા પૈસા 'પુણ્ય માટે નહિ, પાપ માટે !' આવી પાપલેશ્યાવાળા જીવોની મનોદશા છે, ને લક્ષ્મીવાન આવા જીવો ઘણા. લક્ષ્મી એમને પુણ્યકાર્યો સૂઝવા દેતી નથી. એ સૂચવે છે કે લક્ષ્મી તો ગોઝારી છે. એવો મોહ કરાવનારી છે કે પુણ્યકાર્યોની અવગણના કરાવે ! ફક્ત જેને ધર્મની લેશ્યા છે, એ લક્ષ્મીમાં એવા મોહી જતા નથી ને પુણ્યકાર્યોમાં એને સારી રીતે ખર્ચ્યે જાય છે. તો બોલો-

## ધર્મલેશ્યા-પાપલેશ્યામાં શો ફેર ?

ધર્મથી મળેલા તન-ધનાદિ ધર્મ માટે છે, આ ધર્મલેશ્યા. ને તન-ધનાદિ વૈભવ-વિલાસરૂપ પાપ માટે છે-એ પાપલેશ્યા.

પાપલેશ્યામાં 'ભવાંતર માટે અધિક ધર્મ નક્કી કરું.' આવું શાનું થાય ? એ તો ધર્મલેશ્યાવાળાને થાય, ને એ માટે ઉપાય આ જુએ કે 'હું જાતે તો ધર્મ કરું.' પરંતુ મારા તન-મન-ધનથી બીજાઓમાં પણ ધર્મનો વિનિયોગ કરું.' પછી એ એવાં ધર્મ-પ્રભાવક કાર્યો કરે, જેથી બીજાઓમાં ધર્મ પ્રસરે.

રાજા અમિતતેજ અને શ્રીવિજય એ કરી રહ્યા છે. કેળવજ્ઞાની મુનિ પાસેથી ધર્મલેશ્યા લઇ આવ્યા છે એટલે હવે અહીં પોતપોતાના નગરમાં પોતે તો જિનભક્તિ સુંદર કરે છે, પરંતુ બીજાઓ ધર્મ તરફ આકર્ષાય એવાભવ્ય જિનેન્દ્રભક્તિ-મહોત્સવો યોજે છે. ઉપરાંત એ ગુરુભક્તિ કરવામાં પણ જાગતા રહે છે. જ્યાં મોકો મળ્યો કે





સુપાત્રદાન, મુનિઓને આહાર વસ્ત્ર-પાત્ર વગેરેનાં દાન પણ સારાં કરે છે.

બંને રાજાને ધર્મની લેશ્યા જાગી છે ને ? એટલે આ ઉપરાંત દિલમાં દુઃખી જીવો પર દયા બહુ ઊભરાય છે. પાપલેશ્યાવાળાને દિલમાં દયા ન આવે. એને તો એના પર તિરસ્કાર થાય કે એ આ ક્યાં મારા પૈસા પડાવવા આવ્યો ? કોરી કડકડતી સ્વાર્થની જ લગન. એટલે પોતાનું શરીર કે પોતાના પૈસા સ્વાર્થપૂર્તિ માટે જ સરજાએલા લાગે, પરાર્થ સાધવા માટે નહિ, દુઃખીનાં દુઃખ ફેડવા માટે નહિ. એને દુઃખી પ્રત્યે કોઇ દયા જ નહિ. બન્ને રાજા ધર્મલેશ્યાવાળા છે, તેથી દુઃખી જીવો પ્રત્યે દયાવાળા બની ગયા છે, એમનાં દુઃખ પીડા જોઇ દ્રવિત થઇ જાય છે. તેથી એ દુઃખો ટાળવા માટે પણ સારો ધન-વ્યય કરે છે, રાહતની શક્ય સગવડો કરે છે.

જોજો અહીં અમિતતેજની આ ભોગ આપીને કરાતી જીવદયામાં આગળ ઉપરના ભવે પારેવાની ઉચ્ચ કોટિની દયાનાં બીજ પડે છે. અહીં કેવા શુદ્ધ, પવિત્ર અને કોમળ દિલે દુઃખિત જીવોનાં દુઃખ જોઇ પીગળી જતા હશે ! અને કેવા તન-મન-ધનનો ભોગ આપી એમનાં દુઃખ-પીડા-આપત્તિ ટાળતા હશે કે એ દયાનો ભાવ તન-મન-ધનનાં દાનથી સિંચાઇ-સિંચાઇને મોટી પારેવાની દયારૂપી ઉચ્ચ ફળને આપે ! આ સૂચવે છે કે-

**ભવાંતરમાં ઉચ્ચ કોટિના દયાદિ ધર્મ જોઇતા હોય તો અહીં તન-મન-ધનને સારો ભોગ આપીને દયાદિ ધર્મનાં ખૂબ સિંચન કરો.**

બંને રાજા ધર્મલેશ્યાવાળા બન્યા છે-એટલે

જિનભક્તિ સુપાત્રદાન, અને દુઃખિતના દુઃખનો નાશ કરવા ઉપરાંત એ આત્મગોષ્ઠી બહુ જ કરે છે. આત્મગોષ્ઠી એટલે આત્મા સંબંધી ચર્ચા-વિચારણા-વાતો. અંતરંગમાં જેમ પહેલાં શરીર અને ઇંન્દ્રિયોની જ ચિંતા હતી. એનાં જ સુખોની લગન હતી, તો એની જ વાતોચીતો-ચર્ચા વિચારણા થતી. એમ હવે અંતરંગમાં આત્માની ચિંતા અને આત્મહિતની લગન લાગી છે, તેથી એની ગોષ્ઠી-વાતો-ચર્ચા-વિચારણા થાય એ સહજ છે.

**આત્મગોષ્ઠી એ કેવી સુંદર પ્રક્રિયા !**

કેમ સુંદર ? એટલા જ માટે કે આત્મા અરૂપી અતીન્દ્રિય છે, આંખેથી કે સ્પર્શનેન્દ્રિયથી વર્તાય નહિ. આંખ દેહને જોઇ શકે, સ્પેર્શનેન્દ્રિય પવનને જાણી શકે, પરંતુ આત્માને નહિ. આત્મા ઇન્દ્રિયોથી બિલકુલ નજરમાં આવતો નથી, અને આપણે એના પર શ્રદ્ધા કરવી છે કે 'એ આત્મા છે' શી રીતે થાય ? જ્ઞાનીનાં શાસ્ત્રનાં વચનથી થાય. પરંતુ એ કોઇ એવી જોરદાર શ્રદ્ધા અનુભવાતી નથી કે

જેના પર જીવનની પ્રવૃત્તિઓમાં વાતે વાતે આત્મા નજર સામે આવતો હોય. તો સવાલ છે કે-

આવા અરૂપી આત્માની એવી જોરદાર શ્રદ્ધા કેવી રીતે કરવી ?

**વારંવાર આત્મગોષ્ઠીથી આત્માની જોરદાર શ્રદ્ધા થાય.**

કારણ એ છે કે આત્મ-ગોષ્ઠીમાં આત્મા અંગેની જ ચર્ચા ને એની જ વિચારણા છે, આત્મા અંગેની જ વાતચીત છે, તેથી વારેવારે મન પર આત્મા આત્મા આવ્યા કરે છે. એટલે એના સંસ્કાર એટલા બધા ગાઢ થતા જાય છે કે પછીથી સહેજમાં આત્મા યાદ આવે. આ નિયમ છે, કે-

**જેના સંસ્કાર ગાઢ એ સહેલાઇથી મનમાં સ્ફુરી આવે.**

એટલે તો રાગાદિના, કામ-ક્રોધાદિના ગાઢ સંસ્કાર હોવાથી સહેજમાં એ રાગાદિ મનમાં સ્ફુરી આવે છે. આપત્તિમાં પણ એ સહેલાઇથી સ્ફુરી આવવાના.

**'દ્રઢ સંસ્કારે સહજ સ્મરણ'**ના નિયમ પર જુઓ પેલો સુદર્શન શેઠનો જીવ-નોકર, મહાત્મા પાસેથી એક માત્ર 'નમો અરિહંતાણં' પદ પામેલો, ને એને મહામંત્ર સમજેલો, તે આખો દિવસ એની રટણા કરતો થઇ જવાથી એના મન પર એના ગાઢ સંસ્કાર એવા જોરદાર પડ્યા કે આમ તો વારે વારે એ પદ યાદ આવે, પરંતુ અંતે નદીના પૂરમાંથી તરી જવા માટે પાણી પર ઝંપાવાત કરતાં અંદરમાં છૂપા રહેલ લાકડાના ખૂંટા પર એ પડ્યો. પડતાં જ એના પેટને ફાડી ખૂંટો અંદરમાં ઘૂસી ગયો. આવી ઘોર વેદના ઊભી થઇ તોય ત્યાં મનમાં ઝટ 'નમો અરિહંતાણં' સ્ફુરી આવ્યું ને વેદના વીસરીને એની રટણામાં ચડી ગયો. આવી જાલિમ પીડા વખતે ય કેમ ઝટ 'નમો અરિહંતાણં' નું સહેલાઇથી સ્મરણ ? કહો, એની ખૂબ ખૂબ રટણાથી એના સંસ્કાર એટલા બધા ગાઢ-ઘેરા પડી ગયેલા, એ અહીં વેદના વખતે પણ સ્મરણ અતિ સુલભ કરે છે.

**અંતકાળે 'નમો અરિહંતાણં' કેમ સુલભ થાય ?**

તમારે અંતકાલે કે અકસ્માત આદિ વખતે 'નમો અરિહંતાણં' 'અરિહંત' 'ૐ હ્રીં અર્હં નમઃ' 'નમો નવપયાણં' આવું કાંઇક ઝટ યાદ લાવવું છે ? તો એનો ઉપાય આ છે કે એની ખૂબ રટણા કરો. શ્રીપાલકુમાર કેવી એની જોરદાર રટણા કરતા હશે કે ધવલશેઠના પેંતરાથી વહાણના ઝરુખેથી નીચે દરિયામાં પટકાતાં જ એમને તરત જ 'નમો નવપયાણં' કે 'નમો સિદ્ધચક્કસ્સ' યાદ આવ્યું ! શું ? 'હાય બાપ' 'ઓય મા' નહિ, પણ મનમાં આ સ્ફુર્યું ! કારણ આજ કે એના સંસ્કાર ગાઢ બનાવી દીધેલા. શી રીતે ? વારંવારની દિલથી રટણા કરવાના પ્રતાપે.

જીવનમાં કોક કટોકટીમાં, કોઇક આપત્તિ વખતે, કોઇ અકસ્માત્ વખતે,





વિઘ્ન-અપશુકન-અમંગળ યા કોઇપણ વિષમ પ્રસંગે આ યાદ આવવાની અતિશય જરૂર માનો છો ?

તો એના દ્રઢ ગાઢ સંસ્કાર જોઇશે. એ માટે એની ખૂબ ખૂબ રટણ રાખો, દુનિયાનાં કાર્યો બજાવતાં વચમાં મનમાં આ લાવ્યા કરો.

**કામની વચમાં 'નમો અરિહંતાણં' ની યાદથી કામ કેમ ન બગડે ?**

પ્ર. કામની વચમાં વચમાં આ યાદ આવે ?

ઉ. આવે, જો એના પર મનની ચોંટ લાગી જાય તો.

દા.ત. જુઓ-કોઇક જુવાનિયાને ૩૦ વરસ થવા આવ્યા. કન્યા નહોતી મળતી, એમાં કોક બાપ તરફથી પોતાની કન્યાને માટે માગું આવ્યું. આણે કન્યા જોઇ, પસંદ પડી ગઇ, સગાઇ થઇ. હવે આ યુવાન દુકાન કે ઓફિસમાં કામ કરતો હોય એની વચમાં વચમાં એને કન્યા કેટલી વાર યાદ આવે ? એથી એનાં કામ બગડે ? ના, ન બગડે. કામમાં એકતાન હોય તોય કન્યા વારે વારે યાદ આવે છે. ખૂબ રસથી એકતાનતાથી યાદ આવે ? હા, કન્યાના ક્ષણવાર સ્મરણ વખતે એમાં લીન એકતાન, ને પછી ચાલુ કામમાં લીન એકતાન. વળી પાછું ક્ષણવાર એનું એકતાન સ્મરણ, એમાંથી પાછો ચાલુ કામમાં એકતાન પરોવાશે.

મન જુદી જુદી ક્ષણે જુદાં જુદાં કામ કરે જ છે, જુદાં જુદાં ચિંતન કરે જ છે. કન્યાનું સ્મરણ તો વીજળીના ઝબૂકાની જેમ આવી જાય છે, તેથી ચાલુ કામને વાંધો નથી આવતો. એટલે સાંસારિક કામોની વચમાં વચમાં ''નમો અરિહંતાણં'' જેવું પદ ટપકી પડે એમાં બીજાં કામ કોઇ બગડી જવાના નથી. અરે બહાર મોટેથી તો શું પણ આંતરજલ્પથી ય અંદરખાને બોલ્યા નહિ, પણ માત્ર કલ્પનાથી અંદર કે બહાર લખેલું સહેજ વાંચી લીધું, તો એમાં કોઇ બીજું બગડતું નથી, પણ એની વારંવારની દિલથી રટણા કરતાં આત્મામાં સંસ્કારો જમા થાય છે, એ ખરેખર અવસરે મનમાં એ પદ ઉપસ્થિત કરી દે છે, સ્ફુરાયમાન કરી દે છે.

**આત્મા પ્રત્યક્ષ નહિ છતાં શ્રદ્ધા કેમ થાય ?**

બસ, આ રીતે આત્માની વારંવાર ગોષ્ઠીમાં આત્મા શરીરથી જુદા તરીકે ને શરીરની અંદર રહેલો વારંવાર મન પર આવે એટલે આત્મ-તત્ત્વની શ્રદ્ધા ઊભી થઇ જાય છે. પશ્ચિમ દેશનો ગોબેલ્સ એમ કહેતો કે તમે એક જૂઠ સો વાર ચલાવો એટલે એ સાચામાં ખપે છે, લોક એને સાચું માની લે છે. કારણ કે લોક માનસ પર એના સો વાર સંસ્કાર પડ્યા એ મન પર 'જાણે એ સાચી હકીકત છે' એ રીતે સાચા તરીકે સ્ફુરાયમાન કરી દે છે.

એમ, ભલે આત્મા નજરે નથી દેખાતો એટલે એના પર શ્રદ્ધા ન થતી હોય, ને શ્રદ્ધાનું ફળ ન દેખાતું હોય, દા.ત. પાપમાં આત્માનું બગડે છે, એનું દિલને દુઃખ થતું હોય છતાં જો આત્માની ગોષ્ઠી ચાલુ છે, વારંવાર એની વાતો ને એની ચર્ચા-વિચારણા ચાલુ છે, તો મન પર વારંવાર એના સંસ્કાર પડવાથી 'આત્મા ખરેખર છે' એ રીતે મનમાં શ્રદ્ધા થાય છે, આત્મા મન પર આવી જાય છે. એ આવવા પર સહેજે પછી આત્મહિતનો વિચાર આવે કે 'આ કામ કરું છું, એમાં મારા આત્માનું હિત જળવાય છે ? કે ઘવાય છે ? પૂર્વે કહ્યું તેમ, સાંસારિક કામોની વચમાં વચમાં આત્માને નજર સામે લાવવાનો છે. તેથી કામ આત્માના હિતનું હોય, તો દિલને આનંદ રહે કે 'ચાલો, આમાં મારા આત્માનું હિત સારું સધાઇ રહ્યું છે' ને જો રસદાર ખાનપાનાદિ-મોજમજાહ જેવું આત્માના અહિતનું કામ છે, તો એમાં વારેવારે આત્મા મન પર આવતાં દિલને દુઃખ થાય કે 'આમાં મારા આત્માનું હિત ઘવાઇ રહ્યું છે ! મારા આત્માનું અહિત થઇ રહ્યું છે !'

પણ આ આનંદ કે દુઃખ થાય ક્યારે ? આત્મા દ્રષ્ટિ સામે આવે ત્યારે ને ? એ આવવાનું તો જ બને કે જો આત્મતત્ત્વની સચોટ શ્રદ્ધા થાય. એ શ્રદ્ધા જો માત્ર શાસ્ત્રશ્રવણથી એવી જોરદાર થતી નથી કે જે મનમાં ઝટ આત્માની યાદ લાવી દે, તો ત્યાં વારંવાર આત્મ-ગોષ્ઠી એ ઉપાય છે.

**નાશવંત રાખ ને ધૂળની ચર્ચા કરવા કરતાં અવિનાશી આત્માની ચર્ચા કરવામાં શાણપણ છે.**

આત્માને સોનું ગણીએ તો જગતના પદાર્થ અને જગતની બાબતો રાખ ને ધૂળ જેવી ગણાય. કેમકે એ બધું અંતે ઊડી જનારું ! ને આત્મા ઊભો રહેનારો ! પેલું બધું માત્ર અહીં જ ઊભું થયેલું, ને આત્મા અનંત કાળથી ચાલ્યો આવતો, ને ભાવી અનંતાકાળ ચાલનારો !

લાંબી મુસાફરીમાં ગાડીમાં મુસાફર ભેગા હોય. ભલે બે દિવસ ગાડીમાં સાથે ચાલવાના હોય. પરંતુ શું એની મીઠી મીઠી વાણી ને નાસ્તાપાણી જોઇ પોતાની પાસેના રુપિયા કે ઝવેરાતમાંથી એના પર વરસી જવાય ? અને ઘરે કુટુંબ પર ? કેમ ફરક ? ખબર છે કે આ મુસાફર તો કામચલાઉ સાથે, જ્યારે કુટુંબ જિંદગી ભરનું સાથે. કુટુંબ સોના જેવું લાગે, એવા આ કામચલાઉ મુસાફર ન લાગે. પેલા સોનાની આગળ તો આ રાખ ને ધૂળ જેટલી જ કિંમતના લાગે બસ, એ જ પ્રમાણે





આ જીવનના મોટા બંગલા-મોટર ને પ્રેમાળ સગાંવહાલાં ભવની મંજિલમાં માત્ર આ જીવનની ગાડીના મુસાફર જેવા. ત્યારે આત્મા સનાતન કાળનો. એટલે,

**જેમ કુટુંબ માટે સરજાયેલ સંપત્તિ પ્રવાસી મિત્ર પર વરસાવી નથી દેવાતી, એમ આત્મા માટેની પુણ્ય સામગ્રી પ્રવાસી મિત્ર જેવા કુટુંબ પર વરસાવી ન દેવાય. એથી તો આત્માનું હિત જ સધાય.**

કર્તવ્ય છે આત્મગોષ્ઠી-ચર્ચા-વિચારણા. એ સોના જેવા આત્માની કરાય, રાખ-ધૂળ જેવી દુન્યવી બાબતોની નહિ. કર્તવ્ય છે આત્મગોષ્ઠી, જેથી એ કરતા રહેવામાં એક તો આત્મા નજર સામે રહ્યા કરે, ને એનું ભાવી બગાડવાનું ન કરાય, અને બીજું, દુન્યવી ગોષ્ઠી એથી અટકવાથી દુન્યવી બાબતોનાં મહત્ત્વ હૈયે અંકિત ન થાય.

જેની બહુ ગોષ્ઠી, એનું મહત્ત્વ મન પર અંકિત થઇ જાય છે. કોઇને દુશ્મન માની જો બીજા આગળ કે પોતાના મનમાં એનું જ પિંજણ કર્યા કરાશે તો મન પર એનું મહત્ત્વ જામી જશે. પછી સીધી નવકારવાળી નહિ ચાલે, દેવપૂજા-સામાયિકની સાધના સીધી નહિ ચાલે. પણ એમાં વચમાં વચમાં મનમાં એ દુશ્મન ટપકી પડશે ! એનું પિંજણ ચાલશે ! સાધનામાં આ પિંજણ એ અંગારારૂપ છે, એ સાધનાના રૂપરંગને બાળી નાખે.

**ધર્મસાધના રુડી તો જ થાય કે જો પૂર્વે દુન્યવી વસ્તુનું પિંજણ ન કર્યું હોય, એ કરી એને મહત્ત્વ આપવાનું ન કર્યું હોય.**

માટે તો શાણા માણસો મોટા દુશ્મનને પણ મહત્ત્વ ન આપવા માટે એનું બહુ પિંજણ-ગોષ્ઠી કરતા નથી. એમ, એ તુચ્છ બાબતોની પણ પિંજણગોષ્ઠી કરતા નથી. સમજે છે કે 'તુચ્છને શું મહત્વ આપવું ?' એટલે જ એમનાં જીવન શાંતતા-સ્વસ્થતા ભર્યાં ચાલે છે. બીજાની આગળ તે કદાચ તુચ્છનું પિંજણ ન કરે, પરંતુ પોતાના મનમાં ય જો એનું પિંજણ કર્યા કરે, તો ય તુચ્છને મહત્ત્વ અપાઇ જાય છે, ને તે પછી ધર્મ-સાધનામાં ય એનું પિંજણ કર્યા કરે છે. તેથી તુચ્છનું પિંજણ નહિ કરવું.

**તુચ્છના પિંજણથી બચવા ઉપાય આત્મગોષ્ઠી છે.**

આત્માની વાતો-વિચારણા બહુ કરો, એનું જ પિંજણ કર્યા કરો, તો તુચ્છ બાબતોનાં પિંજણથી બચાય, અને બીજી બાજુ આત્મા નજર સામે ને નજર સામે રહ્યા કરશે. એથી બને એટલું એના અહિતથી બચવાનું ને એના હિતમાં પ્રવર્તવાનું ભાન રહેશે.

**આત્મા ભુલાય છે માટે જ એના હિતાહિતનો વિચાર ભુલાય છે.**

આત્માને ન ભૂલવા આ એક ઉપાય કે આત્માની ગોષ્ઠી બહુ કરો.

અમિતતેજ અને શ્રીવિજય રાજા બીજી ધર્મસાધનાની સાથે આત્મગોષ્ઠી વિશેષ કરે છે. તેથી મોટી રાજ્યચિંતા પણ નિશ્ચિંતપણે કરે છે, કેમકે આત્મગોષ્ઠીથી મન પર આત્માનું મહત્ત્વ સ્થાપિત થઇ ગયું છે એટલે સાંસારિક બાબતોમાં બાહ્ય વસ્તુનું મહત્ત્વ નહિ. પણ આત્માના શુભાશુભ કર્મનું જ મહત્ત્વ સમજે છે. તેથી રાજ્યમાં કાંઇ બગડ્યું-સુધર્યું તો એ કર્મની લીલા સમજી એમાં બહુ હરખ-શોક કરતા નથી. સમજે છે કે 'મોટા રાજ્ય અંગેની પણ બાબતો જો કર્માધીન છે, આપણી મરજીને આધીન નહિ, તો ચિન્તા કર્મની કરવી જોઇએ. એ બાબતોની નહિ. ચિન્તા આત્માની કરાય તો નવાં કર્મ અશુભ ન બંધાય અને જૂનાં કર્મના ફળમાં આત્મા મન બગાડે નહિ.

**કર્મના ચલણ આગળ દુન્યવી બાબતોની ચિંતાનું કશું ચલણ નહિ. તેથી એ ચિંતા નિષ્ફળ છે.**

આત્મગોષ્ઠીના બે લાભ (૧) બાહ્ય ચિંતાની પીડા નહિ, ને (૨) બાહ્યમાં સમયની બરબાદી નહિ.

(૧) આત્મગોષ્ઠી બહુ કરવાથી આત્મા નજર સામે રહ્યા કરે. એટલે એના શુભાશુભ કર્મનું મહત્ત્વ જ મન પર રહે ને એથી બાહ્યની ચિંતા કરવી નકામી, કેમકે કર્મ કરે તે થાય, ચિંતાથી કાંઇ વળે નહિ એટલે એ ચિંતા નકામી, ફજુલ લાગે. એટલે સહેજે એ ચિંતાથી પીડાવાનું ન કરાય. બાહ્યની ચિંતા એ પીડા છે. મનને સતાવ્યા જ કરે, પૂછતા નહિ-

**આત્મચિંતા કેમ પીડારૂપ નહિ ?**

પ્ર. તો શું આત્માની ચિંતા એ પીડા નહિ ? કેમ મનને સતાવનારી નહિ ?

ઉ. ના, આત્માની ચિંતા નિષ્ફળ નથી, સફળ છે. કેમકે એના પર કર્મનું કાંઈ ચાલતું નથી.

**શુભાશુભ કર્મનું ચલણ બાહ્ય ઉપર, આત્માની ચિંતા પર નહિ.**

**આત્માની ચિંતા અને હિતાહિત ઉપર આત્માના શુભાશુભ પુરુષાર્થનું ચલણ.**

**ધર્મમાં આત્માનું સ્વાતંત્ર્ય કેવી રીતે ?**





કર્મ ભલે વાંકા હોઇ, ભલે બાહ્યમાં અનુકૂળતા ન રહેવા દે. પ્રતિકૂળતા લાવે, પરંતુ ત્યાં જો આત્માએ સાવધાન બની ધર્મનો, આત્માના હિતનો પુરુષાર્થ કરવો હોય તો એ સ્વતંત્ર છે, કરી શકે. સવાલ થાયઃ

પ્ર.-પાસે પૈસા છતે દાન પુણ્ય કરી શકતા હતા. પૈસા ગયે એ કરવાનું બંધ પડ્યું, ત્યાં દાનમાં આત્માનું સ્વાતંત્ર્ય ક્યાં રહ્યું ? કર્મની જ આધીનતા રહી ને ? એમ, શરીર સારું છે તે તપ કરી શકતા હતા, શરીર નરમ પડ્યે તપ નથી થઇ શકતો, એમાં ય કર્મની જ આધીનતા રહી ને ? ધર્મ કરવામાં આત્માનું સ્વાતંત્ર્ય ક્યાં રહ્યું ?

ઉ. અહીં જ ભૂલા પડાય છે. ધર્મ એટલે માત્ર બાહ્ય દાન કે બાહ્ય તપ જ સમજી રાખ્યો તેથી ભૂલા પડ્યા. ધર્મ અનેક પ્રકારે છે. એમાં દા.ત. જેમ બાહ્યમાં દાન કરવું એ ધર્મ છે, પણ પૈસા ખોવાયે અંતરમાં પૈસાને ચંચળ-તુચ્છ માનવાનું કરવું એ ય ધર્મ છે. 'પૈસા પાપ કરાવનારા, પૈસા ચંચળ, આત્માના સમભાવ આગળ પૈસા તુચ્છ,' એમ માની પૈસા ગયાનો કશો શોક ન કરાય, ચિત્તમાં સમતા-સમાધિ રખાય, એ મોટો ધર્મ છે. દાન ધર્મ નાનો, પણ પૈસાની મૂર્ચ્છાનો ત્યાગ, પૈસાના મહત્ત્વનો ત્યાગ અને સમતાભાવ મોટો. આ ત્યાગમાં આત્માનું સ્વાતંત્ર્ય છે. શું !

**પૈસાના અભાવમાં શોક નહિ, મૂર્ચ્છા તૃષ્ણા નહિ, એ પૈસાથી થતાં દાન કરતાં મોટો ધર્મ છે.**

વળી પૈસા ગયા તો બાહ્ય દાનનો ધર્મ અટક્યો, પણ જિનભક્તિ-સામાયિક-શાસ્ત્રસ્વાધ્યાય વગેરે ધર્મ હાથમાં છે, એમાં આપણું સ્વાતંત્ર્ય છે. ધારીએ તે પ્રમાણે કરી શકાય. હૈયે મૈત્રીભાવ, કરુણાભાવ, ગુણાનુરાગ, દેવગુરુ-ધર્મપ્રીતિ, રુપ-સંવેગ, વિષય-વૈરાગ્ય, સંઘ-વાત્સલ્ય, ઉપબૃંહણા વગેરે ધર્મ વધારવામાં આત્માનું સ્વાતંત્ર્ય છે. ત્યાં કર્મની ગુલામી નથી પણ ધાર્યા મુજબ એ કરવા આત્મા સ્વતંત્ર છે.

શરીર નરમ પડ્યે ભલે બાહ્ય તપધર્મ અટક્યો. પરંતુ દ્રવ્ય-સંક્ષેપ-રસત્યાગ ને બીજા વ્રતનિયમ વગેરે ધર્મ કરવામાં આત્મા સ્વતંત્ર છે. એમ, પહેલાં કહ્યું તેમ મૈત્રીભાવ વગેરે ધર્મ વધતો હોય તો વધારી શકીએ. એમાં આત્મા સ્વતંત્ર છે.

બોલો આત્માની ચિંતા કરવી હોય તો કર્મ શું અટકાવી શકે છે ? અંતરનો પુરુષાર્થ જ પ્રગટ કરવાનો છે. અનેકાનેક પ્રકારના શુભ વિચારના, શુભ વાણીના,

શુભ વર્તાવના પુરુષાર્થ છે, એ કરવામાં આત્મા સ્વતંત્ર છે. પણ એ પુરુષાર્થ આત્માની ચિંતા પર આધારિત છે. આત્માની ચિંતા હોય તો પુરુષાર્થ શક્ય છે, આપણે એ કરવા સ્વતંત્ર છીએ, એટલે આત્મચિંતા નિષ્ફળ જતી જ નથી. એમાંથી આવા શુભ વિચાર આદિના પુરુષાર્થ થાય. એટલે આત્માની ચિંતા સફળ થઇ, અને જ્યાં સફળતા હોય, મનગમતું ફળ આવે, ત્યાં એ ચિંતા-એ મહેનત પીડારૂપ ન લાગે, મનને સતાવનારી ન લાગે. એટલે આત્મચિંતાને બીજી ત્રીજી ચિંતાની હરોળમાં ન મુકાય.

**દુન્યવી બાબતોની ચિંતા અને આત્માની ચિંતામાં મોટો ફરક છે.**

દુન્યવી બાબતોની ચિંતામાં, માણસને પુણ્ય ઓછું પહોંચે છે ને અધિક મેળવવા-કરવાની ચિંતા રહે છે, ઇચ્છા થાય છે, ને અધિકની મહેનત કરે છે. હવે એ મળવા-કરવાનું તો પુણ્યને આધીન હોય છે, ને પુણ્ય એટલું છે નહિ, તેથી મળવાનું ન દેખાતાં અલ્પ પુણ્ય સામે બીજું તો શું કરી શકે ? મનમાં માત્ર ખેદ-ઉદ્વગ કરવાનો રહે છે. એવું, કોઇ આપત્તિ હોય, દુઃખ હોય, એ ટાળવા મથે, પણ અશુભ કર્મનો ઉદય પાકો હોવાથી એ ટળતું નથી. તેથી ખિન્નતા રહે છે. અજ્ઞાનતા એવી કે બંનેમાં અલ્પ પુણ્યાઇ કે પાકા અશુભોદય તરફ નજર જતી નથી. તેથી મનને રાહત મળતી નથી, ને ખોટાં વલખાં-ખેદ-સંતાપથી મન પીડાયા કરે છે.

ત્યારે આત્મ-ચિંતામાં આત્માના હિત-અહિતનો વિચાર કરી હિતમાં પ્રવૃત્તિ અને અહિતનો ત્યાગ કરવાનો રહે છે. અહિતથી નિવૃત્ત થવાનું રહે છે. આ હિતાહિતની પ્રવૃત્તિ-નિવૃત્તિ પોતાના પુરુષાર્થને આધીન છે. તેથી જેટલો જેટલો પુરુષાર્થ થઇ શકે એટલો કરવામાં પોતે સ્વતંત્ર છે, ને એ કરીને શક્ય હિત સાધતો જાય, અહિતનો શક્ય ત્યાગ કરતો જાય. એમાં મોક્ષમાર્ગે પ્રયાણ ચાલુ રહે છે. ત્યાં ખેદ-ચિંતા-સંતાપ શાના કરવાના રહે ? પૂછો-

**આત્મચિંતામાંય ધાર્યું ન બનતાં ખેદ કેમ નહિ ?**

પ્ર. પુરુષાર્થની શક્તિ કરતાં અધિક હિત ન સાધી શકાય એની ચિંતા તો રહેને ? પુણ્ય કરતાં અધિક ધન-માન ન મળ્યું, એમાં જેમ ખેદ, એમ આમાં પુરુષાર્થ કરતાં અધિક હિત ન સધાયું એનો ખેદ, ખેદ તો સરખો જ રહ્યોને ?

ઉ.- ના. આત્મચિંતાવાળો દુન્યવી બાબતો અંગે તો સમજે છે- કે એ પોતાનાં શુભાશુભ કર્મ પ્રમાણે જ બનનાર હોય છે, તેથી એના હરખ-ખેદ કશા કરવાના નહિ, જેમ બજારમાં નાણાં પ્રમાણે માલ મળે, ત્યાં ઓછાં નાણાંએ અધિક માલ ન





મળ્યાનો ખેદ નથી કરતો, એમ-

**ભવના બજારમાં પુણ્ય પ્રમાણે પ્રાપ્તિ થાય.**

ત્યાં ઓછાં પુણ્યે અધિક પ્રાપ્તિ ન થયાનો ખેદ શાનો કરવાનો ? એ એવો ખેદ કરે નહિ. દુન્યવી બાબતમાં તો એ બાહ્ય સંપત્તિ આવો, સન્માન મળો કે બાહ્ય આપત્તિ આવો, એણે તો એક હિસાબ માંડી મૂક્યો છે કે 'કર્મની ચિઠ્ઠી પ્રમાણે જેમ ચાલતું હોય એમ ચાલવા દો,' આમ વિચારીને દુન્યવી ગમે તે પરિસ્થિતિમાં એ સ્વસ્થ મન રાખે છે.

ત્યારે આત્મ-હિતની બાબતમાં સમજે છે કે 'આ કાંઇ એકદમ લાડવો ખાઇ જવાની વાત નથી. કિન્તુ પુરુષાર્થથી કદમ કદમ આગે બઢવાનું છે. અનંતા કાળની જડ પુદ્ગલની રમતના ઘેરા કુસંસ્કારના થર આત્મામાં જામેલા પડ્યા હોય તેની અકાટ્ય અસરો જીવનમાં કામ કરતી હોય, એ કાંઇ એકદમ જ નાબૂદ થઇ એકદમ જ ઉત્કૃષ્ટ આત્મહિત પ્રગટ ન થઇ શકે. પેલી અસરોના લીધે કાંઇ એકદમ જ ઉત્કૃષ્ટ ધર્મ-પુરુષાર્થ ન બની શકે. પરંતુ તેથી કાંઇ નિરાશ-હતાશ થવાની જરૂર નથી. આત્મ-હિતના માર્ગે મારે પુરુષાર્થ ચાલુ રાખવાનો. એ ચાલુ રહે તેમ તેમ હિત સધાતું જ જવાનું છે. મારું કામ શક્ય બધો જ પુરુષાર્થ કરવાનું, શક્ય હિત-કર્તવ્ય બજાવવાનું, ફળની ચિંતા નહિ કરવાની,' કહે છે ને-

**'कर्मण्येवाधिकारस्ते, मा फलेषु कदाचन ।'**

ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે-''તારો અધિકાર કર્તવ્ય બજાવવા પર રાખ, ક્યારેય ફળ પર રાખીશ નહિ કે, હું આટઆટલું ફળ કેમ ન મેળવું ? એ ફળ મેળવવાનો મારો અધિકાર છે, મારા હાથની વાત છે' એવું મનમાં લાવીશ નહિ. કર્તવ્ય પર અધિકાર રાખીશ કે 'હું આટલું કર્તવ્ય કેમ ન બજાવું ?' તો કર્તવ્ય કરવામાં જોમ આવશે. પછી કર્તવ્ય-કરણની પાછળ ફળ તો બેઠું જ છે. તે કર્તવ્ય-કરણના પ્રમાણમાં ફળ નીપજવાનું છે. ફળ કર્તવ્ય-કરણને આધીન છે, તારી ઇચ્છાને આધીન નહિ અને કર્તવ્યકરણ પુરુષાર્થને આધીન છે, એ પુરુષાર્થ તારા અધિકારની વાત છે.

આમ, આત્મહિતની ચિંતાવાળો શક્ય પુરુષાર્થથી આત્મ-હિતનાં કર્તવ્ય બજાવ્યે જાય છે, ને ફળની ચિંતામાં પડતો નથી, તેથી કશો ખેદ કરવાનો રહેતો નથી, ને પહેલાં કહ્યું તેમ દુન્યવી બાબતોમાં સરવાળે પોતાનાં શુભાશુભ કર્મ

પ્રમાણે નીપજે-નીવડે એમ સમજી, અને એ કર્મ આપણા ખેદ-સંતાપને લેખામાં ન લેતા હોવાનું સમજી, ખેદ-સંતાપ નથી કરતો.

સગર ચક્રવર્તીના ૬૦ હજાર પુત્રો અષ્ટાપદજીની યાત્રાએ ગયેલા. પોતાના એ ૬૦ હજાર પુત્રો અષ્ટાપદજીની રક્ષા માટે એને ફરતી નહેર કરવામાં દેવતાના ભવન પર પાણી પડતાં દેવતાએ એમને બાળી નાખ્યા. એ સાઠ હજાર એકી કલમે મરી ગયાના સમાચાર સગરને મળ્યા કે ક્ષણભર આઘાત લાગ્યો. પણ પછી કર્મની લીલા સમજી-'આ તો દુન્યવી બાબત. એટલે કર્મને આધીન, એમાં મારી ઇચ્છા કે પુરુષાર્થનું કશું ન ચાલે' એમ અકાટ્ય કર્મની લીલા સમજી-મન વાળી લીધું. ખેદ પડતો મૂકી જ્યાં પોતાના પુરુષાર્થનું ચાલી શકે છે એવા આત્મહિતરૂપ સંયમ લેવા તૈયાર થઇ ગયા.

**દુન્યવી બાબત કર્મની લીલા સમજાયા પછી બહુ એની ચિંતા ન રહે.**

રાજા અમિતતેજ અને શ્રીવિજય ધર્મમાં લાગી જવા સાથે રાજ્યપાટ નભાવે છે. પણ તે નિશ્ચિત્ત રહીને, ચિંતા-સંતાપ-અધીરતા કર્યા વિના. કેમકે રાજ્યપાટ એ દુન્યવી બાબત હોઇ સરવાળે કર્મની લીલા પ્રમાણે નીપજવાનું ને નીવડવાનું, તેથી ત્યાં ફજુલ ચિંતા શા સારુ કરવી ? રાજ્યનું સારું સંચાલન કરવા માટે યોગ્ય ઉપાયો યોજી દીધા, પછી એમાં કશુંક બગડે તો એ પોતાના પુરુષાર્થના વાંકે નહિ, પણ કર્મના વાંકે સમજવાનું.

**કર્મની લીલા એવી કે તમારા લાખ પ્રયત્ન પર પણ પાણી ફેરવી નાખે.**

માટે, કર્મ નિપજાવે ત્યાં ચિંતા-ખેદ-સંતાપ નહિ કરવાના.

બંને રાજાને આવી કર્મ-શ્રદ્ધા ક્યાંથી આવી ? કહો, આત્મગોષ્ઠીમાંથી. વારંવાર એ આત્માની ચર્ચા-વિચારણા કરતા રહેતા તેથી આત્મા નજર સામે રમ્યા કરતો હોવાથી, એની વર્તમાન સ્થિતિ કર્માધીન હોઇ કર્મ પણ નજર સામે રમ્યા કરે. તેથી એમને લાગે કે 'કર્મે ધાર્યું બનવા દો. મારે આત્માએ એમાં કશું ગુમાવવાનું નથી, માટે એની ચિંતા કશી કરવાની નહિ.' આમ રાજ્યરક્ષણ-સંચાલન અંગે યોગ્ય ઉપાય યોજ્યા પછી નિશ્ચિંત રહે એમાં શી નવાઇ ? પછી ભલેને એમાં આઘું પાછું થાય, પણ એ કર્મને ભળાવ્યું, કર્મના હવાલે નાખ્યું, એટલે એની ખોટી ચિંતા જ નહિ. મન નિશ્ચિંત કે 'કર્માનુસાર બને છે. કર્મ એવાં હોય એટલે એમ જ થાય. ભલે





થાય, કોઇ ફિકર નહિ.'

જીવનમાં આ પરથી શીખવા જેવું છે. જ્યાં કશું ઉપજવાનું નથી એની ખોટી ચિંતાઓ કરી કરી દૂબળા પડો છો, આર્તધ્યાન કરી કરી રકમબંધ પાપો બાંધો છો, એ બધુ બંધ પડે, વારંવાર આત્મગોષ્ઠી કરી આત્મા અને કર્મ નજર સામે રાખવાના-એટલે કર્મશ્રદ્ધાથી ખોટી ચિંતા અટકે.

(૧) આત્મગોષ્ઠીનો આ એક લાભ. કે દુન્યવી બાબતોમાં ચિત્ત સ્વસ્થ-નિશ્ચિંત રહે, મન દૂબળું ન પડે, મનને પીડા નહિ.

(૨) આત્મગોષ્ઠીનો બીજો લાભ આ, કે એટલો સમય લેખે લાગે,

**ફજુલ વાતોમાં બરબાદ ન થાય, ને પાપના ઢેર ન વધે.**

મોટા અમિતતેજ રાજા કે શ્રીવિજય રાજા ગાંડા નહોતા, મૂર્ખ યાને અક્કલ વિનાના નહોતા કે આત્માની વાતો લઇને બેસે. એ સમજતા હતા કે 'જો આત્મગોષ્ઠી નહિ રાખીએ તો વિકથા-કૂથલી-નિંદા આપ બડાઇની વાતો વગેરે આત્માને નીચે પટકવા તૈયાર જ છે, ને એમાં તો આત્માને રસ બહુ, તેથી એમાં તો દુન્યવી જરૂરી પાપાચરણ કરતાં ભારે પાપનાં પોટલાં બાંધવાનું થાય, અને રાગ-દ્વેષ વગેરેના કુસંસ્કારો ઘેરા બનતા જાય એ જુદું. આ લોથ કોણ માથે લે ? એમાં આનંદ કેટલો ? કૂથલીમાં ક્ષણનો આનંદ ! એની ખાતર થઇને મોટી પાપની લોથ માથે લેવી ? ઘેર ગયો એ આનંદ, ન જોઇએ' એ સમજથી એમાં સમય બરબાદ ન કરવા આત્મગોષ્ઠી કર્યા કરતા.

**આત્મગોષ્ઠીનો ત્રીજો લાભ આ, કે આત્માની બહુ વાતો કરવાથી આત્માની શ્રદ્ધા જામે, આત્મા નજર સામે રમ્યા કરે, અને આત્મહિતની ચિંતાપૂર્વક એમાં પ્રવૃત્તિ થાય.**

આનો પ્રતાપ હતો કે બંને રાજા જિનભક્તિ, સાધુસેવા અને પરપીડાનિવારણમાં ઉજમાળતાથી લાગ્યા રહેતા. તેમ જ સંસારના વિષયો આત્માના મહાશત્રુ સમજી પહેલાંની જેમ હવે છૂટથી એનાં સેવન નહિ રાખતા. ક્યારેક એને સેવી લેતા એમાં પણ એમને પહેલાં જેવો રસ નહોતો આવતો, એવો રસ એ લેતા નહિ.

આત્મ-ચિંતાનો શો પ્રભાવ ? વિષયોની વિષય સુખોની ચિંતા-લગન ઓછી થઇ જાય !

આત્મચિંતાનો પ્રભાવ આ રીતે છે, કે મન આત્મચિંતાથી ભર્યું ભર્યું થઇ જાય એટલે ત્યાં વિષય ચિંતાને ઊઠવાને જગા જ નથી રહેતી. મનનો સ્વભાવ છે કે મન એક વખતે એક ચિંતા કરતું હોય ત્યારે બીજી ચિંતા ન કરે, ન કરી શકે, દા.ત. માણસ રૂપિયા ગણતો હોય ત્યારે ચિત્ત એની સંખ્યાની ગણતરીમાં અર્થાત્ ચિંતામાં રોકાયેલું રહે છે તો એ વખતે ખાવા-પીવાની ચિંતા કે કોઇ આવ્યા-ગયાની ચિંતા નથી થઇ શકતી. અરે ! સખ્ત ઘામ ભર્યા રૂમમાં ખાસા મચ્છરિયા કાટતા હોય તો ય રૂપિયા ગણવાની એકમાત્ર લગનમાં મચ્છરદંશ તરફ લક્ષ નહિ. રૂપિયા ગણતી વખતે એમાં ચિત્ત નહિ જાય. એમ વાણિયો રાતના ચોપડા લખતો હોય, અને એમાં રોજમેળ ન મળતો હોય તો એ મેળ મેળવવાની ચિંતામાં ને ગડમથલમાં એને ઠંડી-ગરમી-ડાંસ માંકણની પીડા કશી યાદ નહિ આવે. પછી મેળ મળી ગયો. એની ચિંતા ગડમથલ મટી ગઇ, એટલે હવે એને લાગશે કે 'માંકણ વધી ગયા છે' શું ચોપડો લખતો હતો ત્યારે ઠંડી કે ગરમી નહોતી ? હતી, પણ મન ચોપડાની ચિંતામાં હતું, એટલે આની ચિંતાને જગા નહોતી. માકણ નહોતા કરડતા ? કરડતા હતા, પણ મનમાં ચોપડાનું ચિંતન હોવાથી એક વખતે મન એકમાં જ, એ હિસાબે ઠંડી-ગરમી વગેરેના ચિંતનને જગા ન હોતી.

બસ, આ વાત છે કે મનમાં આત્માની ચિંતા ચિંતન વ્યાપી ગયું એટલે વિષયોની ચિંતા-ચિંતનને અવકાશ ન મળે. મન રૂપિયા ગણવામાં પરોવાયું તો બીજામાં નહિ જાય, એમ મન આત્માની વિચારણામાં પરોવાયું તો વિષયોમાં નહિ જાય. અહીં તમને એમ લાગશે કે-

પ્ર. મારા આત્માને વિષયો કેવો ગુલામ બનાવે છે ? એવી આત્માની ચિંતા કરવામાં વિષય-ચિંતા ન આવી ?

ઉ. ના, કેમકે આ ચિંતામાં તો વિષયોને દુશ્મન તરીકે દેખ્યા એટલે એ કોઇ વિષય-ચિંતા ન કહેવાય, એ તો વિષય-ઘૃણા છે. વિષય-ચિંતા તો એ, કે જેમાં ઇષ્ટ-અનિષ્ટ વિષયોની ગડમથલ ચાલતી હોય. દા.ત. ''હમણાં સારા ઘઉં નથી આવતા, હલકા આવે છે. સારા ક્યારે મળવાના ?'' આ ગડમથલ એ વિષયચિંતા છે. હવે જો આત્મ-ચિંતામાં વિષયોની કારમી ગુલામીની વિચારણા ચાલતી હોય તો તો તરત મનને થશે કે 'આ સારા-નરસા ઘઉંની શી બહુ લપ કરવી હતી ? વળવાનું કાંઇ નથી, ને આત્મા કર્મથી ભારે થવાનો. આત્મા માટે જાલિમ છે વિષયોની લત !' આમ,-





**વિષયો પ્રત્યે ઘૃણાની વિચારણા એ વિષય ચિંતા નહિ, પણ આત્મ ચિંતા છે.**

**આત્મચિંતા એટલે આત્માની સારા માટેની ચિંતા.**

**વિષય-ચિંતા એટલે વિષયોના સારા માટેની ચિંતા.**

**આત્મચિંતા ને વિષયચિંતા બે સાથે કેમ નહિ ?**

આત્મચિંતા ચાલે ત્યાં વિષયચિંતા ન ચાલી શકે. એમ વિષયચિંતા ચાલે ત્યાં આત્મચિંતા ન ચાલી શકે. કેમ વારુ ? એટલા જ માટે કે આત્માનું સારું ને વિષયોનું સારું પરસ્પર વિરુદ્ધ છે. તમે જો વિષયો સારા કરવા જાઓ તો એમાં આત્માનો મોહ વધવાનો છે, રાગ પોષાવાનો છે, ને એ મોહવૃદ્ધિ ને રાગપુષ્ટિથી આત્માનું બગડવાનું છે, સારું નથી થવાનું.

દા.ત. મકાન તોડીને બંગલો બાંધ્યો, હવે શું થવાનું ? મકાન પર જેવો મોહ હતો એવો જ મોહ બંગલા પર ? કે વધારે મોહ ? 'મોહ', એટલે રાગ, મમત્વ ને મિથ્યાજ્ઞાન. સાદા મકાન માટે એવો રાગ, એવું મમત્વ એવું મિથ્યાજ્ઞાન કદાચ નહિ હોય, જેવું બંગલા પર થશે. સાદું મકાન કદાચ અવસરે કોઇને વાપરવા અપાશે. પણ બંગલો નહિ ! કેમ ? બહુ મમત્વ છે માટેસ્તો. એમ 'મકાન તો આપણું, ને મંદિર ઉપાશ્રય આપણા નહિ, સંઘના' એવું મિથ્યાજ્ઞાન કદાચ મકાન માટે હશે, પરંતુ બંગલા માટે તો ભારે મિથ્યાજ્ઞાન રહેવાનું.

મકાનમાંથી જોરદાર બંગલો કર્યો તો રાગ પણ જોરદાર થવાનો. ઉઘાડી વાત છે, બંગલો મકાન કરતાં સુંદર માનીને તો બંધાવ્યો છે, એટલે એના પર વિશેષ રાગ રહે જ. મકાન કરતાં એ વધુ સારો લાગે જ. હજી મકાનને જોઇ જોઇ રાગ નહિ સ્ફુરે, પણ-

**બંગલા તરફ જ્યારે જ્યારે દ્રષ્ટિ જશે, અરે ! માત્ર યાદ આવશે ત્યારે ત્યારે રાગ સ્ફુરવાનો. માટે બંગલો મકાન કરતાં ખતરનાક.**

બોલો, વિષય સારો કરવા જતાં આત્માએ ગુમાવ્યું ? કે કમાવાનું કર્યું ? મોહ-મમત્વ-મિથ્યાજ્ઞાન અને રાગ વધી જવાથી આત્માની ઘોર ખોદાવા માંડી-મિથ્યાજ્ઞાન તો કેવું જાલિમ કે બંગલામાં પૈસા પડી ગયા. વપરાઇ ગયા નહિ લાગે, પણ સ્થાવર મિલકત-મૂડીરૂપ લાગશે ? જ્યારે કોઇ દેરાસર-ઉપાશ્રયમાં આપવાની વાત આવશે તો એમાં રૂપિયા વપરાઇ જવાનું એટલે કે પડી જવાનું દેખાશે !

ખરેખર તો મંદિરમાં પૈસા ગયા એ પરલોકની પુણ્ય-મૂડી થઇ, અને અહીં પણ વારે વારે સુકૃત-અનુમોદનાનું વ્યાજ-નફો ઉપજાવવાની મૂડી થઇ. ઇન્વેસ્ટમેન્ટ-રોકાણ થયું. પરંતુ મૂર્ખ જીવને મિથ્યાજ્ઞાનવશ ઊંધું જ દેખાય છે.

''હે મહાનુભાવ ! મારવાડમાં જેમ જલ્દી પાણી ન મળે, એમ આ સંસારમાં મનુષ્યભવ ઝટ ન મળે, એ અતિ દુર્લભ છે. એવા મનુષ્યપણાને પામી એને જૈન ધર્મની આરાધના દ્વારા સફળ કરી લેવો જોઇએ. નહિતર એ વિના એ વેડફાઇ જાય. ધર્મ જ વાંછિતપૂરક છે, માટે ધર્મની આરાધનામાં જ આ જનમનો મહાકિંમતી સમય લેખે લાગે છે.''

શું કહ્યું વિદ્યાધર મુનિઓએ ? મરુભૂમિમાં પાણીની જેમ સંસારમાં મનુષ્ય-ભવ પામવો અતિ દુર્લભ છે. માટે-

**જેમ પેલા મારવાડમાં દુર્લભ પાણીનું એક ટીપું પણ વેડફી નથી નખાતું, એમ મનુષ્ય જનમની અતિ કિંમતી એકેક ક્ષણ પણ વેડફી ન નખાય.**

**માનવ-જનમની ક્ષણ ક્ષણનો સદુપયોગ કરવો જોઇએ.**

**સમય ક્યાં વેડફાય છે ? ને ક્યાં લેખે લાગે ?**

હિંસાદિ પાપો ક્રોધાદિ કષાયો, અને શબ્દાદિ ઇન્દ્રિય-વિષયોમાં સમય વેડફાઇ જાય છે. અને દાન-શીલ-તપ-ભાવના તથા સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રની આરાધનામાં લેખે લાગે છે. ૧૮ પાપસ્થાનકમાં સમય વેડફાઇ જાય છે, એનાથી વિપરીત ધર્મ સ્થાનકોમાં સમય લેખે લાગે છે. જીવ અનાદિના મોહવશ અજ્ઞાન અને મોહમૂઢ બની સમયને પાપમાં વેડફી નાખે છે, ત્યારે સત્ સમાગમે સુબુદ્ધ અને વિવેકી બની ધર્મમાં જીવન અકાળ સફળ કરે છે !

આપણે આપણા જીવનમાં આ તપાસવાનું છે, કે 'આપણો કેટલો સમય પાપમાં ? ને કેટલો સમય ધર્મમાં ?'

જો પ્રત્યેક ક્ષણ પર ચોકસાઇ રહે તો આ જોવાનું રહે કે 'મારી આ ક્ષણ પાપસ્થાનકના અંધ સેવનમાં તો નથી જતી ને ?' એકાદિ વાર કાયાથી પાપસેવન હોય તોય મનથી પાપભય-પાપઘૃણા-તત્ત્વબુદ્ધિ વગેરે રાખી, ધર્મસ્થાનકનું સેવન બનાવી શકાય. દા.ત. વેપાર કરતી વખતે મનને એમ રહે કે 'મારાથી અનીતિ, વિશ્વાસઘાત વગેરે પાપ ન થાઓ,' 'સંયમવ્યાપારને યોગ્ય આ માનવભવમાં મારી





કેવી કમનસીબી કે મારે આ પાપવેપાર કરવો પડે છે !' 'સારો નફો થાય એમાં કાંઇ ખીલવા ખુશ થવા જેવું નથી, કેમકે એટલી પૂર્વની પુણ્યમૂડી ઓછી થાય છે. પુણ્યની હુંડીનું વેચાણ થાય છે ને વેપાર-પરિગ્રહથી પાપની ખરીદી થાય છે'...આવો આવો વિચાર રહે એ ધર્મસ્થાનક છે. એ શુભ મનોયોગ છે. સાંસારિક જીવનના ખટલામાં આવા શુભ વિચારની, શુભ મનોયોગની બહુ જરૂર છે. જેથી ઢગલાબંધ પાપ પ્રવૃત્તિઓમાં જીવને કાંઇક બચાવ મળે, નહિતર તો પ્રવૃત્તિઓ પાપની, ને વિચારણા પણ પાપમય, ત્યાં જીવનો કેટલો મરો થાય ?

**સરિયામ ધરખમ પાપવિચારોમાં, યુગો વીત્યે ઊંચે આવ્યામાંથી ક્ષણમાં નીચે ઊતરી જવાનું થાય !**

વિદ્યાધર મુનિ અમિતતેજ રાજાને કહી રહ્યા છે, કે 'મારવાડમાં પાણી દુર્લભ એમ આ સંસારમાં મનુષ્ય જન્મ દુર્લભ છે. માટે એ જો અહીં મળ્યો છે, તો એની એક ક્ષણ પણ બરબાદ નહિ કરવી. જીવનની પ્રત્યેક ક્ષણ આરાધનામાં લગાવી દેવી. મતલબ-

**જીવવું તો છે જ, પણ પ્રમાદમાં જીવવાને બદલે આરાધનામાં જીવવું.**

આ એટલા માટે ધ્યાનમાં રાખવાનું છે-કે જીવન જીવ્યાનું ફળ આવે છે. જીવેલું નિષ્ફળ નથી જતું. સારી રીતે જીવો તો સારું ફળ આવે ને નરસી રીતે જીવો તો નરસું ફળ આવે. 'જીવનમાં જો ધર્મ નથી, તો જીવ્યું નિરર્થક છે, નિષ્ફળ છે.' એ જે કહેવાય છે, તે સારું ફળ નહિ પામવાના અર્થમાં કહેવાય છે. બાકી ધર્મ વિના જીવ્યા એટલે પાપભર્યું જીવન જીવ્યા, તો શું એ પાપોનાં નરસાં ફળ આવ્યા વિના રહે ? આ સામાન્ય વચન છે કે-

**''સુકયં દુક્કયં વા, જહન્નં દસગુણિયં ફલં હોઇ.''**

અર્થાત્ સુકૃત કરો કે દુષ્કૃત કરો, એનું ઓછામાં ઓછું દસગણું ફળ આવે છે. જઘન્ય એટલે ?

**જો એ કરતી વખતે ભાવ ઉગ્ર હોય તો સો-હજાર-લાખગણું કે તેથી વધારે પણ ફળ આવે.**

શાલિભદ્રના જીવે થાળી-ખીરનું દાન કરેલું પણ અતિશય ઊંચા ભાવથી કરેલું. તો પછીના શાલિભદ્રના જીવનમાં રોજની દેવતાઇ નવાણું પેટીનો માલ એમને ત્યાં ઊતરતો ! કહો, આને થાળી-ખીરના પ્રમાણમાં કેટલા ગુણો કહેવો ? આંકડો

ન માંડી શકાય.

રાજગૃહીના દ્રમકે-ભિખારીએ પોતાને ભીખ ન મળતાં ગુસ્સે થઇને વૈભારગિરિ પર ચડી શિલા પાડતાં નીચે તળેટીએ એકત્રિત થયેલા લોકોને કચરી નાખવાનો અત્યંત ઉગ્ર સંકલેશ કર્યો. સંક્લિષ્ટ ભાવ કર્યો, તો મરીને સાતમી નરકમાં જઇ પડ્યો. કેટલા ગણું ફળ ? આંકડો ન મંડાય.

**જીવનમાં તકેદારી :** જીવન જીવતાં આ જ ધ્યાન રાખવાનું છે કે સાંસારિક મોહમાયાથી આરંભ-વિષય પરિગ્રહની પ્રવૃત્તિ કરતી વખતે ઉગ્ર કષાયના ભાવ તીવ્ર કામ-ક્રોધ-લોભાદિના ભાવ ન થઇ જાય. કષાયના ભાવ બહુ મંદ રાખીએ, દિલમાં કંપ અને પાપનો સંતાપ રાખીએ, જેથી કટુ ફળ ટૂંકમાં પતે, નહિતર પરિણામ ભયંકર ભૂંડાં આવવાનાં.

દેવ-દર્શન-પૂજા, દયા-દાન-શીલ-તપ-સંયમની ધર્મ-પ્રવૃત્તિ કરતી વખતે શુભ ભાવ બને તેટલા ઊંચા કરીએ, જેથી એના ઉચ્ચ ફળના ભાગી બનીએ, નહિતર ધર્મ સારો કર્યા છતાં મંદ શુભ ભાવમાં ફળ મામૂલી આવવાનાં.

આ ઉપરથી સમજાશે કે જીવન કેટલું સાવધાનીથી જીવવા જેવું છે !

**જીવનમાં આ સાવધાની કે પાપમાં મંદ ભાવ, ને ધર્મમાં ઊંચા ભાવ રખાય.**

પ્રમાદ આ જ છે કે 'ધર્મના ભાવ જ ન જાગે. અગર કુલાચારથી ધર્મ કરે તોય એમાં મંદ ભાવ હોય, અને પાપની વાત આવે સંસાર-પ્રવૃત્તિની વાત આવે, ત્યાં એમાં ઓતપ્રોત થઇ જવાય. ઊંચા ભાવ રહેતા હોય.' પ્રમાદ ટાળવો હોય તો આનાથી ઊંધું કરવું જોઇએ. પાપના ભાવ ન રહે, આ પાપ કરવાં જ પડતાં હોય ત્યાં બહુ મંદ ભાવ રહે, ને ધર્મમાં હૈયે ભાવ ઉછળતા રહે. વિદ્યાધર મુનિ અમિતતેજને આ કહી રહ્યા છે, કે પ્રમાદથી માનવક્ષણ બરબાદ ન કરો. એને ધર્મથી સફળ કરો, કેમકે ધર્મ જ ઇષ્ટ સાધક છે. શું ?

**ધર્મ જ ઇષ્ટસાધક છે, ધર્મનું પ્રત્યક્ષ ફળ અહીં મળે છે.**

જીવને ઇષ્ટ છે સુખ. એ ધર્મથી જ સિદ્ધ થાય છે. પૂર્વે એવો ધર્મ સાધ્યો નથી, અને અહીં સુખનાં ફાંફા મારે, તે સુખ ક્યાંથી મળે ? ઘણા માણસો એક યા બીજા પ્રકારના સુખ માટે કેટલું ઝંખવા અને મથવા છતાં, દેખાય છે ને કે ધાર્યું સુખ મેળવી શકતા નથી ? જીવની ધારણા ઓછા સુખની છે ? ના, ઘણાય સુખની





તૃષ્ણા છે. પણ કેમ એ મળતું નથી ? ધર્મ જ ધાર્યા સુખને મેળવી આપનાર છે, ને તે પૂર્વે કર્યો નથી. સંસારનાં સુખ કે મોક્ષનાં અનંતા સુખ સાધી આપનાર ધર્મ જ છે. સવાલ થશે-

પ્ર.- પણ અહીં ધર્મ કરીએ ને એથી અહીં તો સુખ ન મળે ને ?

ઉ. પણ અહીં વિચારવા જેવું છે કે, માનો ને કે અહીં સુખ ન મળ્યું. પણ તો પછી પાપ કરીને, પ્રમાદ કરીને ય સુખ ક્યાં મળે છે ? એમ સુખ મલતું હોત તો તો આખી દુનિયા સુખી થઇ ગઇ હોત. એટલે વિચારવા જેવું તો આ છે કે પાપમાં ને પ્રમાદમાં પડ્યા રહીને ય ધાર્યાં સુખ તો મળતાં નથી, તો પછી એમ સમય એમાં વેડફી નાખવાને બદલે સમયને ધર્મમાં લેખે કાં ન લગાડવો ? પ્રતિક્રમણ ગુમાવીને બજારમાં ભાવતાલ-રૂપ સમજવા રોજ આંટા માર્યા કર્યા. તો ય, નસીબ બે ડગલાં આગળ, તે મનમાન્યા પૈસા મળ્યા નહિ. તો શું આ મૂર્ખાઇ નથી ? એના કરતાં પ્રતિક્રમણ-સામાયિક-સ્વાધ્યાય ન કરતાં એમ જ વાતોના તડાકા મારતાં બેઠા એમાં શું મળે છે ? રાગ-દ્વેષ, આર્તધ્યાન, પાપલેશ્યા ને નિંદાનાં પાપ થાય કે બીજું કાંઇ ? શું ત્યારે એ ખબર છે કે-

**ભલે ધર્મનું પૈસા વગેરે ફળ ભવાંતરે મળવાનું હોય, પરંતુ શાંતિ-સમાધિ-પ્રસન્નતાનું સુખ અહીં મળે છે.**

બજારમાં મફતિયા આંટા મારનાર જીવને શાંતિ નથી, રઘવાટ છે, સમાધિ નથી પણ ચિત્તની અસ્વસ્થતા છે. પ્રસન્નતા નથી, પણ ચિંતા છે. પ્રસન્નતા નિશ્ચિન્તને હોય, કેટલીય ચિંતાઓ હૈયાને કોચતી હોય ત્યાં પ્રસન્નતા શી રીતે આવે ? ત્યારે નિશ્ચિન્તતાથી-પ્રેમથી પ્રતિક્રમણ કરતો હોય એણે તો ખોટી ચિંતાઓને પડતી મૂકી હોય. ભાગ્યનો ભરોસો રાખ્યો હોય કે 'ભાગ્ય પ્રમાણે જ મળવાનું છે. ભાગ્ય પ્રમાણે મળી જ રહેવાનું છે તો શા સારુ લાખ રૂપિયાનું પ્રતિક્રમણ ગુમાવી ફોગટ બજારમાં આથડ્યા કરું ?' આમ, મસ્તીથી શું પ્રતિક્રમણ કે શું જિનપૂજા, સામાયિક, વ્રત-નિયમ-તપ-જપ વગેરે ધર્મ કરતો રહેતો હોય એને પ્રત્યક્ષમાં અહીં જ ચિત્તની શાન્તિ અને પ્રસન્નતા મળે છે. અનુભવ કરનાર આ જાણે છે. તમારે આ અનુભવ કરવો નથી, ને કહેવું છે કે 'ધર્મનું ફળ તો પરલોકમાં મળે જ્યારે વાતોચીતોથી અહીં જ થાકેલા મનને રાહત મળે છે, મનોરંજન મળે છે, બજારમાં ફરવાથી નવું જોવા-જાણવા મળે છે. બહાર ફરવા જવાથી શરીરને તાજગી મળે છે.' આ બધા તુચ્છ અને અનિશ્ચિત આનંદના અનુભવ છે.

**તુચ્છ આનંદમાં તુચ્છ માણસ લેપાય. મહાન આત્માના આનંદ મહાન હોય. આનંદ પછીથી સુકૃતાનુમોદનરૂપ થાય તે મહાન આનંદ.**

તુચ્છ આનંદમાં તુચ્છ માણસ લેખાય. મહાન આત્માના આનંદ મહાન હોય. આનંદ પછીથી સુકૃતાનુમોદનરૂપ થાય તે મહાન આનંદ.

**તુચ્છ આનંદમાં તો પછીથી એ યાદ આવતાં દુષ્કૃત-અનુમોદનરૂપ થાય. ત્યારે-**

મહાન આનંદ તે, કે જેનાં પછીથી સુખદ સંભારણાં રહે અને એ વળી સુકૃત-અનુમોદનારૂપ હોય જેથી પુણ્યની ભરતી થયા કરે. વિચારી જુઓ શાલિભદ્રના જીવે પૂર્વ ભવે ખીર ખાઇ લીધી હોત તો કેવો આનંદ થાત ? ને એના બદલે એણે એનું સુપાત્રદાન કર્યું તો કેવો આનંદ અનુભવ્યો ? તુચ્છ અને મહાન આનંદનું આ અંતર સમજો તો લાગે કે ધર્મથી ભારે શાન્તિ-સમાધિ-પ્રસન્નતાનું અદ્‌ભુત સુખ મળે છે. એટલે જ્યારે પાપ-પ્રમાદાચરણ કરવા છતાં ધાર્યાં સુખ તો મળતાં નથી, તો પછી ધર્મ કરવો શું ખોટો કે તેથી આવા સુંદર શાંતિ-સમાધિ-પ્રસન્નતા સુખ તો મળે ?

## બંને રાજાની વિશિષ્ટ સાધના

રાજા અમિતતેજને મુનિનો બોધ લાગી ગયો એટલે તે પછી શ્રીવિજય રાજા સાથે મસલત કરીને વિશેષ ધર્મ-સાધનામાં લાગી ગયા. એમાંય વિશેષ બે શાશ્વતી ઓળી ચૈત્ર અને આસો માસની, એમાં ઘર આંગણે, અને બળદેવ મુનિના કેવળજ્ઞાનના વાર્ષિક દિવસે એમના કેવળજ્ઞાનના સ્થળે વિશિષ્ટ જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉજવે છે.

ધ્યાનમાં છે ને કે બળદેવ મુનિ સંસારીપણે શ્રીવિજયના કાકા છે. તેમજ શ્રીવિજય અને અમિતતેજ બંનેને ધર્મમાં ખાસ જોડનારા છે, તથા કેવળજ્ઞાન એ આરાધ્ય વસ્તુ છે, એટલે ઉપકારીના કેવળજ્ઞાનના દિવસની વરસો વરસ જિનેન્દ્રભક્તિ-મહોત્સવથી ઉજવણી કરાય એ સ્વાભાવિક છે. મૂળમાં, શું કેવળજ્ઞાન, કે શું એવી કોઇ બીજી શુભ પ્રવૃત્તિ, એની હૈયે ભારે કિંમત વસેલી હોવી જોઇએ, તો એની ઉજવણી ત્યાગ-તપ-જપ-દાન-જિનભક્તિ-સાધુસેવા વગેરેથી કર્યા વિના રહેવાય નહિ.

બંને જણ વર્ષોનાં વર્ષો ધર્મ-સાધનામાં ઉજમાળ રહેતા. એમાં એક પ્રસંગ





એવો બને છે કે રાજા અમિતતેજ પ્રધાન મંડળની સાથે મહેલ પર બેઠા છે, ગોષ્ઠિ ચાલી રહી છે, ત્યાં દૂર એક મહાત્માને આવતા દેખ્યા. મહાત્મા કેવા છે ? તપથી તપી તપીને હાડપિંજર શું એમનું શરીર બનેલું છે. રાજા એમને જોઇને તરત હાથ જોડે છે ને ઊભા થઇ જાય છે.

## મુનિને વંદન કરતાં મુનિ સામું ન જુએ તો ?

કેમ વારુ ? રાજા મુનિ પર ભાવવાળો છે. બહુમાનવાળો છે. એટલે એમને જોતાં બીજું પડતું મૂકીને સહેજે હાથ જોડાઇ જાય અને ભક્તિ કરવાનો ઉછરંગ જાગે 'દૂર મુનિ દેખાય તો પણ હાથ જોડવાના ? મુનિને ક્યાં આપણા નમસ્કાર દેખાવાના છે ?' તે શું મુનિને દેખાડવા માટે નમસ્કાર કરવાનો છે ? કે પોતાના કલ્યાણ માટે ? કેટલાય અજ્ઞાન માણસોને મનમાં આ હોય છે, કે મહારાજે અમારો નમસ્કાર જોવો જોઇએ. એટલે જો મહારાજ સ્વાધ્યાયાદિમાં લીન હોય અને નમસ્કાર કરતા ભાઇના સામે ન જોયું તો તરત એને લાગી આવે છે, કે 'જુઓ, અમે વંદના કરીએ છીએ ને મહારાજ અમારા સામું પણ જોતા નથી ?'

અલ્યા ભલા આદમી ! તે તારા જેવા તો મોટા શહેરમાં કેટલાય માણસો આવ્યા જ કરે, તો શું સાધુએ પોતાનું સ્વાધ્યાયાદિ કાર્ય પડતું મૂકી એ બધાના સામું જ જોયા કરવું ? શું સાધુપણું એમણે આ માટે લીધું છે ? તું સાધુને વંદન કરવા શા માટે આવે છે ? એ ઉચ્ચ જીવન જીવે છે. માટે ને ? ઉચ્ચ જીવન શું ? વાતો-ડાફોળિયાં કે બહારમાં જોવાનું મૂકી જ્ઞાનધ્યાનમાં લીન બનવું એ જ ઉચ્ચ જીવન ને ?

**સાધુનું ઉચ્ચ જીવન શું ? આ જ, કે મોહમાયા તો મૂકી, પણ અહીં સાધુપણામાં ય બહારમાં જોવાનું ય મૂકી દેવાનું ને તપ સંયમ-સ્વાધ્યાયમાં લીન રહેવાનું.**

જો આમાં સાધુપણું માન્ય હોય અને એના સાધુપણા પર પણ બહુમાન હોય, તો એ સાધુ તપ સંયમ સાથે જ્ઞાનધ્યાનમાં લીન રહેલા દેખાય ત્યાં ખુશી થવાનું હોય ? કે 'મારી સામું ન જોયું !' એમ કરી નારાજ થવાનું હોય ?

તમને શાના ઉપર પ્રેમ છે ? સાધુની સાધુતા ઉપર ? કે સાધુ તમારો સત્કાર કરે એના ઉપર ?

સાધુને વંદન કરો અને એ તમારા સામું ન જોતાં કે ધર્મલાભ ન દેતાં

પોતાના સ્વાધ્યાયમાં લીન રહે ત્યાં તમારી કસોટી થાય છે કે તમે નારાજ થાઓ છો ? કે રાજી ?

'મારા સામું જોતા નથી, મને ધર્મલાભ નથી આપતા' એમ મનમાં લાવી નારાજ થાઓ છો, મનને ખોટું લગાડો છો. તો એમાં તમારો અહંભાવ પોષાય છે, કેમકે સાધુ તરફથી તમને સત્કારની અપેક્ષા છે, 'મને સાધુએ આવકારવો જોઇએ' એવું લાગે એ મદ છે. વળી સાધુ પર મનને ખોટું લગાડીને દુર્ભાવ કરવાનું થાય છે ? સાધુને વંદના કરીને આ ફળ મેળવવાનું ?

**સાધુ સામું ન જુએ તો શું વિચારવું ?**

ત્યારે, જો તમે રાજી થાઓ છો કે 'વાહ ! મારા ગુરુ કેવા સાધુપણામાં સ્થિર ! કેવો એમનો સુંદર સ્વાધ્યાયયોગ ! મારી સામું ન જોયું તો ભલે મારી શી કિંમત છે ? ચાલો, મને સુસાધુના વંદનનો લાભ મળ્યો. અહો ! કેવો સુંદર લાભ !' આમ ખુશી થાઓ તો આમાં તમે સાધુતાની ને સ્વાધ્યાયની અનુમોદનાનો લાભ પામો છો, અહંભાવ હેંઠો મુકાય છે એ લાભ, શુદ્ધ નિરાશંસ ભાવના વંદનનો લાભ, કેટલા બધા સુંદર લાભો ! 'હું વંદન કરું ને મહારાજ મારા સામું જુએ', એમાં તો વંદન આશંસાવાળું-અપેક્ષાવાળું થયું.

રાજા અમિતતેજ દૂર સાધુને જોતાં હાથ જોડી વંદન કરે છે. સમજે છે, 'સંસારમાં નમસ્કાર તો અનંતાને કર્યાં, પણ તે પાપ-પોષક બન્યા, ત્યારે આ સાધુ-વંદન પુણ્યપોષક છે. સંસારમાં આ સારભૂત છે.'

પછી રાજા ઊભા થાય છે. શા માટે ? સાધુની ભક્તિનો લાભ લેવો છે, સુપાત્રદાન દઇ જન્મ પાવન કરવો છે, કેમકે એ જુએ છે કે સાધુ હાડપિંજરશા દેખાય છે. એટલે મહાતપસ્વી લાગે છે, ને તે શહેરમાં ફરી રહ્યા છે-એટલે પારણા માટે જ ફરતા હશે.' તેથી આવા મહાન તપસ્વી સંયમી સાધુને વહોરાવવાનો રાજાને ઉમળકો થઇ આવે છે.

**તપસ્વી સાધુની અને ધર્મી જીવની બલિહારી છે.**

તપસ્વી સાધુ તપસ્યા કરીને સુંદર શુભ ભાવમાં રમતાં, પોતાનાં તો પાપ ખેરવી રહ્યા છે, પરંતુ ધર્મી જીવને દર્શન આપી એનામાંય સુંદર શુભભાવ જગાવી એનાંય પાપ ખેરવી રહ્યા છે 'આપ તરે ને પરને તારે' એ એમની બલિહારી. ત્યારે ધર્મી જીવની બલિહારી આ, કે એ પણ દેવ-ગુરુ-સંઘ-શાસ્ત્ર-તીર્થ વગેરેનું





આલંબન મળતાં શુભ ભાવ ચકાવે છે, હર્ષિત હર્ષિત થઇ જાય છે. અને શક્ય લાભ લેવા ઝંખે છે, મથે છે અધર્મી હીનભાગી જીવનું આ ભાગ્ય નહિ. કહે છે ને-

**'સકલ પદારથ હે જગમાંહી' ભાગ્યહીન નર પાવત નાહીં.'**

આપણે ભાગ્યશાળી છીએ કે હીનભાગી ? એનું અહીં માપ નીકળે છે-કે દેવ-ગુરુ-ધર્મ-સંઘ-શાસ્ત્ર વગેરેનું આલંબન મળતાં હરખિત થઇએ છીએ ? કે આપણી તીવ્ર વિષયાસક્તિમાં, તવંગરપણાના મદમાં, કે હોશિયારીના અભિમાનમાં એની ઉપેક્ષા-અવગણના-બેપરવાઇ થાય છે ? હીનભાગીને આ જ આવડે. એ પામરને ખબર નથી કે વિષયો, લક્ષ્મી કે હોશિયારી વગેરે તો ચાર દિનની ચાંદની જેવાં છે, અંતે ઉડી જવાના છે. અનંતા મનુષ્યોના એ ઊડી ગયા, તું કોણ વિસાતમાં ? પરંતુ ઊડી જતા પહેલાં અહીં મોકો છે ત્યારે તું સુંદર સુકૃત અને શુભ ભાવ કમાઇ લેવાનું ચૂકી રહ્યો છે, એ તારી ભારે કંગાલિયત અને કમનસીબી છે.

અંતે તો ધન, વિષયો અને વડાઇ જશે, ને સુકૃત-શુભ ભાવની સુવર્ણતક પણ જશે.

❀ ❀ ❀ ❀ ❀ ❀

**મૃત્યુએ આપણને નથી પકડ્યા ત્યાં સુધી જ શુભભાવ અને શુભ ગડમથલની હોશિયારીની સોનેરી તક છે.**

**મોહથી ભાગવું એટલે ?**

આ સોનેરી તકનું મહામૂલ્ય સમજે એ મોહના અંધાપાથી છૂટ્યો, અને તકને સફળ કરે. અર્થાત્ શુભ ભાવ અને એને જગાવનાર શુભ ગડમથલ એટલે કે આત્મહિતકર દેવ-ગુરુ-શાસ્ત્ર-તીર્થ વગેરેને અવલંબી શુભ વાણી-વિચાર-વર્તાવની પ્રવૃત્તિ કરે એ મોહથી દૂર ભાગતો કહેવાય, મોહના અંધાપાને દૂર ફગાવતો કહેવાય.

પેલા બે રાજાને મહાત્માએ આ કહ્યું હતું કે 'મૃત્યુનો માથે મોટો ભય છતાં જીવો આત્મહિત નથી સાધી લેતા એમાં કારણભૂત મોહ છે, દુર્દાન્ત મિથ્યાત્વનો અંધાપો છે.' મહાત્માનાં આ વચન સાંભળી રાજાઓ વિચારમાં પડી ગયા કે ત્યારે આપણે મોહમાં ફસી રહ્યા. આપણું શું થશે ? કદાચ પૂછો-

પ્ર. રાજાઓ આત્મહિત તો સાધતા જ હતા ને આત્મહિત સાધવાનું તો મોહમાં અંધાપો ટળ્યાથી થાય, પછી એમને કેમ એમ લાગ્યું કે અમે મોહમાં ફસ્યા રહ્યા ?

ઉ. એમ લાગવાનું કારણ એ છે કે-

(૧) એક તો એક મોહનો એટલે કે મિથ્યાત્વનો અંધાપો તો ટળ્યો હતો, પરંતુ બીજો મોહ એટલે સાંસારિક વિષયોનો રાગ, એનાથી દૂર ભાગ્યા ન હોતા પરંતુ એની પકડમાં રહેલા હતા. તેથી એમને મોહમાં ફસી રહ્યાનું લાગ્યું.

**ઘરવાસમાં આત્મહિત આટામાં લૂણ જેટલું**

(૨) બીજી વાત એ છે કે આત્મહિતની સાધના કરતા તો હતા પરંતુ ત્યાં સાંસારિક પ્રવૃત્તિ અર્થાત્ આરંભ પરિગ્રહ અને વિષય-કષાયની પ્રવૃત્તિની અપેક્ષાએ આટામાં લૂણ જેટલી જ આત્મહિતની પ્રવૃત્તિ હતી. અર્થાત્ ભરચક પાપ પ્રવૃત્તિથી મિશ્રિત ધર્મપ્રવૃત્તિ હતી ! શુદ્ધ નીતરતી આત્મહિત-પ્રવૃત્તિ, નીતરતી-એકલી આત્મહિતની પ્રવૃત્તિ તો પેલી પાપ-પ્રવૃત્તિથી બિલકુલ મિશ્રિત ન જોઇએ અર્થાત્ એ આરંભ-વિષય પરિગ્રહની સાંસારિક પ્રવૃત્તિ તદ્દન મૂકી દેવાય ને તે પણ પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ થાય, એના અંગેના જૂઠ અનીતિના પણ સરાસર ત્યાગની પ્રતિજ્ઞા કરાય ત્યારે જ શુદ્ધ આત્મહિતની પ્રવૃત્તિ થાય.

**સર્વ પાપત્યાગથી જ શુદ્ધ આત્મહિતની પ્રવૃત્તિ થાય.**

એટલે રાજા અમિતતેજ અને રાજા શ્રીવિજય સમજતા હતા કે જીવનમાં હજી ચાલુ પાપના થોકની સામે આત્મહિત-સાધના તો આટામાં લૂણ જેટલી, એના પર શો સંતોષ લેવાય કે અમે આત્મહિત સારું સાધીએ છીએ ? ખરું શુદ્ધ આત્મહિત સાધવાનું તો બાકી જ છે. એ હાથમાં ન આવે ત્યાં સુધી એની ચિંતા કેમ ન રહે ?

એમ મોહ એટલે વિષયરાગ ઊભો છે ત્યાં સુધી મોહની ફસામણી કેમ ન લાગે ? કેમ ન ખટકે ?

બોલો, તમને અમે પૂછીએ 'કેમ ભાઇ ! આત્મહિત ક્યારે સાધવું છે ?' તો તમે શો જવાબ આપો ? આજ ને કે, 'સાહેબ ! યથાશક્તિ આરાધના કરીએ છીએ.' એટલે ? તમારું મન સમજી રહ્યું છે કે 'આત્મહિત સાધી જ રહ્યા છીએ. શક્તિવાળા રોજ એકાસણાં કરે, અમે શક્તિ અનુસાર રોજ નવકારશી કરીએ છીએ. દેવદર્શન પૂજા રોજ કરીએ છીએ.' આ જવાબમાં એ સમજ ક્યાં છે કે મોહની ફસામણીમાં બેઠા છીએ ત્યાં સુધી ખરેખરું શુદ્ધ ભરચક આત્મહિત સાધવાનું છે ક્યાં ? મોહના ભરચક પાપની સામે આટામાં લૂણ જેટલું આત્મહિત સાધી સંતોષ માનવાનો કે 'અમેય યથાશક્તિ સાધીએ છીએ !' આટા જેટલાં પાપ શી રીતે ?





કદાચ સમકિત અવળું માની લઇએ તો પણ બાકીના સત્તર પાપસ્થાનકમાનાં પાપ દિવસમાં કેટલી વાર ચાલે છે ? ને ધર્મ કેટલો થાય છે ?

**યથાશક્તિ ધર્મ શેને કહેવાય ?**

માણસ દસ લાખ રુપિયાની મૂડી પર વેપાર કરે અને રોટલા ખર્ચ કાઢે તો શું એ સંતોષ માને ખરો કે 'ચાલો, યથાશક્તિ કમાઇએ છીએ ફિકર નથી.' દસ લાખની મૂડી પર આજે જ્યાં માત્ર વ્યાજ પણ લાખ રૂપિયા આવે એમ હોય ત્યાં કેટલા નફાની ગણતરી ગણે ? ૩-૪ લાખ તો ખરા જ ને ? એની જગાએ વ્યાજ જેટલા લાખ રૂપિયા ય નહિ, ને વાર્ષિક રોટલા-ખર્ચ ૧૦-૧૫ હજાર જેવું કમાય, તો શું એ સંતોષ માને કે વાંધો નહિ. કમાણી ચાલુ છે ? કે એને કોઇ પૂછેઃ 'કેમ ભાઇ ! કમાણી ચાલે છે ને ?' તો શું એ એમ કહે કે 'સમયાનુસાર કમાણી ચાલુ છે ?' ના જ કહે. એ તો એમ કહેઃ 'શું રાખ કમાણી ! કોઇ ધંધો જ બરાબર નથી ચાલતો.' કેમ એમ કહે છે ? કારણ છે કે એની નજર સામે ૩-૪ લાખ રૂપિયાની કમાણી થવી જોઇએ એમ તરવરે છે. એટલી કમાણીની સામગ્રીરૂપ ૧૦ લાખ રૂપિયાની મૂડી છતે એટલા નહિ, અરે ! અડધા ચોથા ભાગના કે દસમા ભાગનાય નહિ ને ૧૦-૧૫ હજાર રૂપૈડીની કમાણી થાય એ શું કમાણી છે ?'

બસ, આ રીતે વિચારો કે અહીં આર્ય મનુષ્યના પાંચે ઇંદ્રિય પરિપૂર્ણ નીરોગી દેહ, દીર્ઘ આયુષ્ય અને જિનશાસન રૂપી મૂડી કેવી મળી છે ! એના પર આત્મ-હિતની કમાણી કેટલી થઇ શકે ? ને કેટલી કમાણી કરી રહ્યા છો ?

**માનવભવની મૂડી પર શું શું થઇ શકે ?**

સર્વ હિંસા-જૂઠ વગેરે પાપોનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ શું આ આર્યમાનવ-જન્મ વગેરે મૂડી પર જ થઇ શકે ? કે એ મૂડી વિનાય થઇ શકે ? સમસ્ત ભવોનો ત્યાગ આ જ મૂડી ઉપર કમાઇ શકાય ? કે એ વિના પણ કમાઇ શકાય ? દેવ-જન્મ વગેરેમાં આ ન થઇ શકે ને ? ઉત્કૃષ્ટ કોટિના ક્ષમાદિ ધર્મ કમાઇ શકવાનું આર્ય માનવ જન્મમાં જ બને ? કે બીજે પણ બને ? બીજે વીતરાગપ્રાય અનુત્તરવાસી દેવજન્મ જેવામાં ય જો એ બની શકતું હોત તો ઉત્કૃષ્ટ ક્ષમાદિ એટલે ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર, ને એ પ્રાપ્ત થઇ જતાં તો તરત જ કેવળજ્ઞાન જ આવી જાય ! તો શું અનુત્તરવાસી દેવ ક્યારેય કેવળજ્ઞાન પામ્યો ? ને મોક્ષે ગયો ? ના, એ અનુત્તરવાસી દેવ તો એ ભવની વિશેષતાથી પરમ શાતાના યોગે જ નિર્વિકાર હોવાથી વીતરાગ

જેવા ખરા, પરંતુ ચોથા ગુણસ્થાનકે જ રહેલા, પણ નહિ કે દશમાની ઉપરના ૧૩મા ગુણસ્થાનકે. આ સમજવા જેવું છે કે-

**ઇન્દ્રિયોના જેમ ઓછા વિકારો તેમ વધુ શાતા, જેમ વધુ શાતા તેમ ઓછા વિકારો દા.ત. ઉપર ઉપરના દેવલોકમાં.**

વૈમાનિકના પહેલા બે દેવલોકમાં મનુષ્ય જેવા વિકારો ને મનુષ્ય જેવા સંભોગ, છતાં શાતા ઓછી ! અને ૩ જા ૪ થા દેવલોકમાં શાતા સુખ વધારે તો ત્યાં વિકારો ઓછા એટલે સંભોગ નહિ, પણ માત્ર શરીર સ્પર્શથી જ સંતોષ ! એ સૂચવે છે કે પહેલા બીજા કરતાં આમને વિકાર ઓછા ને શાતા વધારે. ત્યારે પાંચમા છઠ્ઠા દેવલોકના દેવને સ્પર્શનેન્દ્રિયનો ય વિકાર નહિ, ખણજ નહિ, એને ચક્ષુનો વિકાર-ખણજ એટલે એ માત્ર રૂપદર્શનથી સંતોષ પામે, છતાં શાતા નીચેવાળા કરતાં ઊંચી ! ત્યારે સાતમા આઠમાવાળાને વળી એ ય નહિ એમને શ્રોત્રેન્દ્રિયની ખણજ વિકાર, ને દેવીનાં ગીત-મુલાયમ શબ્દ સાંભળીને સંતોષ પામનારા, છતાં શાતા નીચેના દેવો કરતાં વધારે ! એથી ઉપરના ૯-૧૦-૧૧-૧૨ મા દેવલોકવાળાને એય વિકાર નહિ. એમને માનસિક ખણજ માનસિક વિકાર જ ઊઠે એટલે માત્ર દેવીના સ્મરણથી સંતોષ પામી જનારા. એટલે તો દેવીઓ બે દેવલોક સુધી જ જન્મનારી, તેમાં આઠમા દેવલોક સુધી જ જાય, કેમકે ૭ મા ૮ મા વાળાને એનાં સંગીત સાંભળવાં હોય, એટલે સામે જોઇએ. બાકી નવમાથી બારમા સુધીનાને એ વિકાર નથી, એમને માત્ર મનનો વિકાર થાય, ને તે માટે કોઇ પ્રત્યક્ષ હાજરીની જરૂર નહિ, સ્મરણ માત્રથી એ માનસિક વિકાર શાંત થઇ જાય. પણ તો પછી એ દેવતાને શાતા કેટલી ? તો નીચેના પાંચે ઇન્દ્રિયોના વિષયો ભોગવનારા દેવો કરતાં વધુ શાતા !

હોય જ ને ? ઉપર ઉપરના દેવલોકના દેવોનું પુણ્ય ઊંચું ઊંચું છે, તો એમાં મુખ્યપણે શાતા, સુખ ઊંચું ઊંચું હોય જ. એટલે જેમ જેમ પુણ્ય ઊંચું ઊંચું તેમ તેમ શાતા ઊંચી ઊંચી. જ્યાં શાતા ઊંચી ઊંચી છે ત્યાં ઇન્દ્રિય-વિકારો ઓછા-ઓછા થતા આવે છે. એમાં બારમા દેવલોકની ઉપર ગ્રૈવેયક અનુત્તર વિમાનના દેવતાઓને વળી પુણ્ય ઊંચું, તેમ શાતા ઊંચી, ને એ શાતા ભોગવે નિર્વિકારતાથી. પૂછો-

**વિષયભોગ વિના શાતાસુખ શું ?**





પ્ર. ઇન્દ્રિયના વિકાર જ નહીં, વિષયભોગ જ નહીં, પછી શાતાસુખ શું ?

ઉ. ઇન્દ્રિયના હિસાબ માંડો એટલે 'વિષયભોગ વિના સુખ શું' એ સમજાઇ જશે. હિસાબ આ છે કે માત્ર વિષયભોગથી સુખ નથી. પરંતુ ઇંદ્રિય ખણજ હોય તો જ વિષયથી સુખ લાગે છે. જેમ જેમ વિષય મળે તેમ તેમ ખણજ સંતોષાતી આવે છે, અર્થાત્ ઘટતી આવે છે, ને જ્યારે ખણજ પૂર્ણ વિરામ પામે છે ત્યારે જીવને મહા શાતા લાગે છે.

એ સૂચવે છે કે ખણજની પૂર્ણ નિવૃત્તિમાં ભારે શાતા. તો પછી-

**ખણજ જ ઊઠે નહિ એમાં મહાશાતા હોય એ યુક્તિસિદ્ધ છે.**

આ અનુભવસિદ્ધ છે કે ઇંદ્રિય ખણજ હોય તો જ વિષયથી સુખ લાગે છે. પેટ ભરીને પેંડા ખાઇ લીધા, ત્યારે તો જીવ પર પેંડાના સંયોગે સુખ લાગતું હતું, હવે પેટ પૂર્ણ ભરાઇ ગયા પછી એ જ જીભ પર પેંડાના સંયોગે કેમ સુખ નથી લાગતું ? ઇન્દ્રિય-વિષય સંયોગ તો છે જ, છતાં સુખ નહિ ? કારણ છે કે જીભને ખણજ નથી, વિકાર નથી. અહીં જુઓ કે ઉપર ઉપરના દેવને ઊંચા ઊંચા શાતા વેદનીય પુણ્યના હિસાબે શાતા ઊંચી હોય છે. એમાં વિવાદ જ નથી ને ? હવે એને વિકારો ઓછા ઓછા હોય એટલે ઓછા ઓછા વિષયભોગ હોય છે એ શું સૂચવે છે ?

**વિકાર અને વિષયભોગ ઓછા ઓછા થતા આવે તેમ તેમ શાતા ઊંચી ઊંચી અનુભવાય, અને વિકારો બંધ થઇ જતાં વિકારીના કરતાં પરમ શાતા અનુભવાય, કેમકે મૂળ કારણ શાતાવેદનીય કર્મ ઊંચું.**

હવે સમજાઇ જશે કે ગ્રૈવેયકમાં-અનુત્તરવિમાનમાં વિકારો અને વિષયભોગ નહિ, ત્યારે શાતા ઘણી ઘણી ઊંચી. ફેરવીને કહીએ તો શાતા બહુ બહુ ઊંચી, તેથી ત્યાં વિકારો નહિ, નિર્વિકાર દશા, વીતરાગ જેવી દશા.

આમ અનુત્તરવાસી દેવને વીતરાગ સમાન દશા છે, પરંતુ તે પરમ શાતાના ઘરની. એટલે આમાં કાંઇ ગુણસ્થાનકની વૃદ્ધિથી આ દશા નથી આવી. ગુણસ્થાનક તો ચોથું અવિરત-સમ્યગ્દ્રષ્ટિનું જ. એટલે આગળ દેશવિરતિભાવનું પાંચમુ ય ગુણસ્થાનક નહિ ! પછી સર્વવિરતિ ભાવના છઠ્ઠા ગુણસ્થાનકનીય વાત નહિ. તો ઉપરની ૧૦માથી આગળના ગુણસ્થાનકની વાતે ય શી ?

ત્યારે મનુષ્ય સર્વવિરતિ પાળીને ગુણસ્થાનકમાં આગળ વધતાં ૧૦ માને

અંતે સમસ્ત રાગાદિ કષાય અત્યંત ક્ષય કરી નાખે, ત્યાં જ ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર આવે. આ બતાવે છે કે-

**ઉત્કૃષ્ટ આત્મહિત આ વીતરાગ ભાવનું યથાખ્યાત ચારિત્ર-**

એ શી રીતે કમાઇ શકાય ? માત્ર માનવ ભવની મૂડી પર. તો જ્યારે માનવ ભવની મૂડી પર આટલા ઊંચા આત્મહિતની કમાણી શક્ય છે પછી એ ક્રોડો અબજો જેવી યથાખ્યાત ચારિત્રની કમાણીની આગળ માત્ર દેવદર્શન-પૂજા-નવકારશી તપ વગેરે તાંબિયા ૫-૧૦ પૈસા જેવી કમાણી પર સંતોષ મનાય ? એને કમાણી કહેવાય ? દસ લાખની મૂડી પર જ્યાં ૩-૪ લાખ કમાવવા શક્ય હોય ત્યાં ૧૦-૧૫ હજારની કમાણીને ક્યો વાણિયો કમાણી માને ?

**બંને રાજાને ચટપટીઃ**

બસ, રાજા અમિતતેજ અને શ્રીવિજય આ જ રીતે વિચારી રહ્યા છે કે 'અમારે બંને રાજાને સંસારમાં રહીને જે સારી પણ આત્મહિત-સાધના થઇ રહી છે, એ સર્વ પાપત્યાગ પૂર્વકની સંયમરૂપી આત્મહિતની સાધના આગળ નગણ્ય છે.' ૩-૪ લાખ કમાઇ શકવાની મૂડી છતાં ૧૦-૧૫ હજારની કમાઇ થાય, એથી રોટલા તો નીકળે છતાં કશી કમાઇ લાગતી નથી. ઊલટું મૂડી-સાધન સામગ્રી બેકાર થઇ રહી લાગે છે, એમ બન્ને રાજાઓને મહાત્માનાં વચન પર લાગે છે કે 'આ ઉચ્ચ માનવજન્મ વગેરે એ મૂડી છે, સાધન સામગ્રી છે, ને એથી ૩-૪ લાખની જેમ ઉચ્ચ સંયમ સાધના રૂપ ઉચ્ચ આત્મહિત કમાઇ શકાય એમ છે. પણ એ ન કમાતાં ઘરવાસનાં અસંખ્ય પાપો ઊભાં રાખીને કરાતી આત્મહિત સાધના એ કોઇ કમાઇ જ નથી, એમાં તો માનવજન્મ આદિ સાધન-સામગ્રી નિષ્ફળ જઇ રહી છે.'

બંને રાજાઓને ચટપટી જાગી, મનને થયું કે વર્ષોને તો ગુમાવ્યાં પણ હવે કેટલો સમય સાધવાનું મળશે ? એટલે જ્ઞાની મહાત્માને પૂછે છેઃ 'ભગવન્ ! હવે અમારું આયુષ્ય કેટલું બાકી ?'

**બંને રાજાનું માત્ર ૨૬ દિવસનું આયુષ્ય બાકી**

ત્યાં મહાત્મા કહે છે, 'તમારું આયુષ્ય હવે ૨૬ દિવસનું બાકી છે.'

સાંભળતાં જ રાજા અમિતતેજ અને શ્રીવિજય ચોંકી ઉઠ્યા. 'હેં ? એક મહિનોય પૂરો નહિ ? માત્ર ૨૬ દિવસ ?'

જ્ઞાનીએ દીઠી હકીકત, એમાં શું કરે ? શું જ્ઞાનીને દયા કરવાનું કહી શકાય





ખરું કે 'બાપજી ! આ શું કહો છો ? છવ્વીસ જ દિવસ ? જરા વધારો, કાંઇક ૫-૧૦ વરસ જેટલું તો કરી આપો ?' ના, શું આયુષ્ય કે શું પરભવ, એ કાંઇ ફેરવી આપવાનું કહેવાય એવું નથી. ન આયુષ્ય વધારી શકાય કે ન પરભવની ગતિ બદલી શકાય.

જાણો છો ને કે મહાવીર ભગવાનને અંત સમયે ઇન્દ્રે વિનંતી કરી કે 'પ્રભુ ! આપ આપનું આયુષ્ય બે ઘડી વધારી દો, જેથી ભસ્મગ્રહનું આપના જન્મ નક્ષત્ર પર સંક્રમણ આપની અહીં હાજરીમાં થઇ જાય તો એ આપના શાસન પર ઉપદ્રવકારી ન બની શકે.

ભગવાન કહે, 'હે ઇન્દ્ર ! આ કદાપિ બન્યું નથી, તેમ બની શકે નહિ કે પૂર્ણ થતા આયુષ્ય કર્મને મોટા તીર્થંકર પણ વધારી શકે.'

'પણ પ્રભુ ! શાસન પર આપત્તિ આવશે એનું શું ?'

ભગવાન કહે છેઃ 'એ તો ભાવી ભાવ સમજ, ભવિતવ્યતા જ એવી ય તો એમ જ બને. એ અન્યથા થાય નહિ. બાકી જન્મનક્ષત્ર પરથી ભસ્મગ્રહ ઊતરી જતાં શાસનનો પાછો ઉદય થશે. શાસનનું માન-સન્માન વધતું ચાલશે. ચિંતા ન કરીશ.'

શું બતાવે છે આ ? જ્ઞાની આયુષ્યનું માપ કહી શકે છે, પણ વધારી શકતા નથી. તૂટીની બૂટી નહિ. આયુષ્ય તૂટતું હોય ત્યાં જંગલની જડીબુટ્ટી પણ એને ન તૂટવામાં કામ લાગતી નથી. માટે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું ને-

**'અસંખયં જીવિય, મા પમાયએ'**

જીવિત=આયુષ્ય, અસંખય=અસંસ્કાર્ય છે,

આયુષ્ય સાંધો-વૃદ્ધિ વગેરે સંસ્કારને અયોગ્ય છે. એમાં તૂટતાં સાંધોય ન થાય ને એક ક્ષણનોય વધારો પણ ન થઇ શકે. માટે 'મા પમાયએ' અર્થાત્ 'પ્રમાદ ન કરો, ગફલતમાં રહી આત્માનું હિત સાધી લેવાનું ન ચૂકો.' આયુષ્ય જરા પણ વધારી નહિ શકાય.

જેમ આયુષ્ય અસંસ્કાર્ય છે, તેથી જ્ઞાનીને એમાં વધારો કરી આપવા ન કહી શકાય, તેમ પરભવની નિશ્ચિત્ત થઇ ગયેલી ગતિ પણ નથી બદલી શકાતી, એટલે જ્ઞાનીને એ બદલી આપવાનું કહેવાય નહિ.

માટે તો જુઓ કે રાજા શ્રેણિકે મહાવીર ભગવાનને વિનંતી કરી કે, 'પ્રભુ ! મારી નરકગતિ મિટાવી આપો. હું તમારો સેવક નરકે જાઉં ?'

પ્રભુ કહે છેઃ 'મહાનુભાવ ! પરભવની નિશ્ચિત થઇ ગયેલી ગતિ બદલી ન શકાય, પણ તારે ફિકર ન કરવી, કેમકે નરકમાંથી નીકળ્યા પછી તું મનુષ્ય ભવમાં આવી મારા જેવો તીર્થંકર થવાનો છે, અને ત્યાં જ સર્વકર્મક્ષય કરી મોક્ષ પામવાનો છે.'

આ વાત છે-

**અનંત શક્તિવાળા મોટા તીર્થંકર પણ આયુષ્ય વધારવા કે પરભવની ગતિ ફેરવવા સમર્થ નથી.**

પછી બીજા જ્ઞાનીનું તો સામર્થ્ય જ ક્યાં ? એટલે જ પેલા અમિતતેજ ને શ્રીવિજય રાજાઓ જ્ઞાની પાસેથી પોતાનું માત્ર ૨૬ દિવસનું આયુષ્ય જાણ્યા પછી એ માગણી નથી કરતા કે, 'સાહેબ ! આટલું બધું થોડું આયુષ્ય ? એમાં આપ વધારો કરી આપો.'

તો હવે કેમ કરવું ? જુઓ, આવું સાંભળીને રોવા બેસવું કે 'હાય ! આટલું જ આયુષ્ય બાકી ? હાય ! હાય ! હવે શું શું ?' આમ રોતા બેસવામાં કાંઇ વળે નહિ. એવું રોવું એ તો નરી કાયરતા છે, કંગાલિયતતા છે, મૂર્ખતા-મૂઢતા છે.

**ડહાપણ તો એ છે જે નિશ્ચિત ભાવી હોય, એમાં શક્ય કામ કાઢી લેવુંઃ સારું કરી લેવું.**

દ્વૈપાયન ઋષિએ શ્રાપ આપ્યો કે 'દ્વારિકા સળગાવી નાખીશ.' એ તપ તપી નિયાણું કરી દેવતા થયો. અહીં ભગવાન નેમનાથ સ્વામીને કૃષ્ણ-વાસુદેવે દ્વારિકાનું ભાવી પૂછ્યું કે 'દ્વારિકાનું શું થશે ?' પ્રભુએ એ જ કહ્યું કે 'દ્વૈપાયનના કોપથી સળગી જશે.''

હવે શું કરવાનું ? ભાવી નિશ્ચિત છે. તો કૃષ્ણની રાણીઓ તથા શાંબ પ્રદ્યુમ્ન વગેરે પુત્રોએ પોતાનું કામ કાઢી લીધું, ભગવાન પાસે સંસાર છોડી ચારિત્ર માર્ગ અપનાવી લીધો.

રાવણને જ્ઞાનીએ ભાખ્યુંઃ 'તારું મોત પરસ્ત્રીનાં કારણે થશે.' હવે શું કરવાનું ? જ્ઞાનીની વાણી અફર ટંકશાળી, રાવણે એક કામ કરી લીધું. જ્ઞાનીને કહ્યું, 'પ્રભુ ! મને પ્રતિજ્ઞા કરાવો, પરસ્ત્રી ઇચ્છે નહિ, ત્યાં સુધી એના ભોગનો ત્યાગ.' અલબત્ત આમાં એટલું અધૂરું રહ્યું કે 'પરસ્ત્રી ઇચ્છે કે ન ઇચ્છે માટે એનો ત્યાગ.' આ નિયમ ન કર્યો, છતાં બળાત્કારનો ત્યાગ કર્યો એટલું એ કમાયો અને





એટલા નિયમથી ય એ બચી ગયો હોત, પરંતુ અભિમાન નડ્યું.

**રાવણનું મોત પરસ્ત્રીથી ? કે અભિમાનથી ?**

જાણો છો ને કે એ સીતાને ઉપાડી લાવ્યો, પરંતુ પછી ઘણી ઘણી પ્રાર્થના, વિનવણી કરી, લાલચ દેખાડી, ભય દેખાડ્યો, છતાં સીતા માની ? નહિ, ત્યારે રાવણે સીતાને છોડી દેવાનો નિર્ણય કર્યો. કેમકે પોતાનો નિયમ પાળવો છે.

⁂ ⁂ ⁂

તો રાવણે છોડી દેવાનો નિર્ધાર કર્યો છતાં કેમ સીતાને છોડી ન મૂકી ?

મનને અભિમાન નડ્યું કે 'એમ ને એમ છોડી દઉં તો લોકમાં મારી હલકાઇ થાય કે રામ-લક્ષ્મણનો રાવણને ભય લાગ્યો એટલે એણે સીતાજીને છોડી મૂક્યાં. માટે એમ નહિ પણ લડાઇ કરી જીતીને રામ-લક્ષ્મણને અહીં પકડી લાવી પછી સીતાનું દયાદાન કરું, કહું 'જંગલના રખડતાઓ ! સીતાને હજી રાખી શકું છું, પરંતુ તમારી દયા આવે છે. તો લ્યો સીતાનું દાન કરું છું. લઇ જાઓ સીતાને.'

આ અભિમાનથી યુદ્ધ ખેલ્યું ને એમાં એ હાર્યો-મર્યો.

ત્યારે પૂછો-'એમાં તો અભિમાનના કારણે મોત થયું ને ? પરસ્ત્રીના કારણે કયાં થયું ? કહેવાય છે ને કે રાવણ પરસ્ત્રીના કારણે મર્યો ?'

પરંતુ આનો જવાબ સીધો છે. અભિમાન થવામાં નિમિત્ત તો પરસ્ત્રી કેદ પકડી રાખી હતી એ જ હતું. સીતા કેદમાં રાખી હતી તો જ આ વિચાર આવ્યો કે એને એમ ને એમ ન છોડી મૂકું, પરંતુ યુદ્ધ કરીને દયાદાનથી છોડી દઉં. એટલે આ અભિમાનમાં નિમિત્ત છે પરસ્ત્રી. તેથી પરસ્ત્રીનાં કારણે મોત એમ કહી શકાય.

વાત આ હતી-અનિષ્ટ ભાવી ભાવ નિશ્ચિત હોય ત્યાં શું કરવું ? એને કાંઇ અન્યથા કરી શકાય નહિ. ફેરવી શકાય નહિ, પરંતુ એની વચમાં સારું કરી લેવું, કામ કાઢી લેવું. રાવણે એટલું કર્યું હતું, 'ન ઇચ્છતી પરસ્ત્રીને અડવું નહિ.'

**અભયકુમારે નિશ્ચિત ભાવીભાવમાં શું કામ કાઢી લીધું ?'**

અભયકુમારના પૂછવા પર ત્રિલોકનાથ શ્રી મહાવીર ભગવાને કહ્યું 'રાજા થઇને દીક્ષા લેનાર આ ઉદાયન રાજર્ષિ થઇ ગયા. હવે મારા શાસનમાં રાજા થઇને કોઇ દીક્ષા નહિ લે.'

અભયકુમારે જોયું કે 'જ્યારે અનંતજ્ઞાની પ્રભુએ આ કહ્યું ત્યારે એ નિશ્ચિત્ત ભાવી ભાવ કે રાજા થઇને દીક્ષા લેનાર કોઇ નહિ નીકળે' અભયકુમાર વિચારે છે કે

'તો હવે જો પિતાજી રાજગાદી સંભાળી લેવાનું કહે છે તેમ રાજા થઇને ગાદી સંભાળી લઉં, તો તો પછી મને દીક્ષા ન મળે તો શું કરવું ?' પ્રભુએ 'રાજા થનાર દીક્ષા નહિ લે,' એવા ભાવી ભાવને પ્રકાશ્યા પર અભયકુમારે આ કામ કાઢી લીધું કે, એ વિચાર્યું કે 'જો રાજા થઇને દીક્ષા ન મળે તો તો રાજ્યશ્રી એ નરકશ્રી. રાજા થઇને હું ભવમાં ભટકતો જ થઇ જાઉં ! માટે મારે રાજા નહિ થવાનું.''

ખૂબી જુઓ-અભયકુમારને એ સવાસલો કરતાં ન આવડ્યો કે 'આપણે રાજ્ય ચલાવતાં એવા તીવ્ર કષાય ન કરીએ તો શાનું ભવમાં ભટકવાનું થાય ? ભવમાં ભટકાવનાર તો કષાયો જ છે ને ? તો આપણે એવા કષાયો નહિ કરવાના, અને એવા રાજાઓ પણ ક્યાં થઇ ગયા નથી કે તેમણે ધર્મ જાળવીને સદ્ગતિ સાધી હોય ? દા. ત. ચંદ્રાવતંસક રાજા, જે રાજ્ય કરતી વખતે સાવધાન રહ્યા, શ્રાવકનાં વ્રત પાળ્યાં, ને અંતે દેશાવકાશિક વ્રત પાળતાં સ્વર્ગે ગયા છે. તો આપણે પણ રાજા થઇને પણ શ્રાવક ધર્મ પાળીએ તો શો વાંધો આવવાનો ?'

### અભયે ખોટો સવાસલો ન કર્યો

અભયકુમારે આ સવાસલો ન કર્યો, કેમ વારુ ? વળી ખૂબી જુઓ, પોતાની સ્વેચ્છાથી રાજા નથી થવાનું, આ તો પિતા શ્રેણિક પોતાની ઉંમર થઇ એટલે હવે રાજ્યભારથી છૂટવા ચાહે છે અને અભયકુમારને ભાર સંભાળી લેવા આગ્રહ કરે છે, તેથી 'એક સુપુત્ર તરીકેની ફરજ અદા કરવા રાજ્ય સંભાળી લેવા રાજા બનવાનું છે. એટલે તો પછી જ્યાં પોતાની લાલસાથી રાજા ન બનવાનું હોય ને સંયોગવશ રાજા બનવું પડતું હોય, ત્યાં તો રાજ્ય ચલાવવાનું લાલસાથી નહિ, પણ આવી પડેલા કર્તવ્ય તરીકે સાવધાનીથી રાજ્ય ચલાવવાનું થાય. પછી શાનું ભવમાં ભટકવાનું થાય ? શાની નરકગતિ થાય ?' પરંતુ ના, અભયકુમારને આ સવાસલો ખોટો લાગે છે. કેમ, વારુ ?

અભયકુમાર સમજે છે કે ચંદ્રાવતંસક, ચેડા મહારાજ જેવા રાજા રાજ્યના મોટા હિંસામય-આરંભ સમારંભના કાર્યો, મહાપરિગ્રહના ખજાના, તથા લચપચતા વિષયવિલાસનાં સાધનોની વચમાં અલિપ્ત જેવા રહી શ્રાવકધર્મ પાળીને સ્વર્ગે ગયા. ભવના ફેરા વધ્યા નહિ એ તો એમની શાબાશી. એમના પુરુષાર્થની શાબાશી, તે બચી ગયા. બાકી તો એ રાજ્યપાટના મહાઆરંભસમારંભમાંની રોજીંદી જીવહત્યા, તથા મહાપરિગ્રહ, એની પાછળ અનેક માયાપ્રપંચ, તેમજ રાજાશાહી વિષયોના





રંગરાગ, એ તો જીવને ભારે કર્મબંધથી જકડી સંસારમાં ડુબાડી જ દે ! દીર્ઘ દુર્ગતિના લાખો ભવોમાં ભટકતા કરી દે !

તેથી એવા મહા જોખમી રાજ્યપાટના અખતરા ન થાય-ચાલો ને જોઇએ છીએ. રાજ્યપાટ ભોગવતા રહીશું, અને અંતરથી સાવધાન રહીશું કે આ બધી ખોટી માયા છે', આવા અખતરા કરવા ખોટા. ખરી રીતે તો સુજ્ઞ મનને એમ થાય, કે-

'અરે જીવડા ! જો રાજપાટ ખોટી માયાજાળ છે એમ માનીને ચલાવવું છે, તો એના કરતાં એને છોડી જ દે ને ? માયાજાળ ખોટી માનવી ને પછી પાસે રાખવી, એનો શો અર્થ ? ખરી રીતે તો જો એમ મન થાય છે કે 'માયાજાળ ભલે પાસે રહી, આપણે સાવધાન રહીશું', તો એ વિચારણામાં તો મન ચોરી કરી રહ્યું છે. મનને માયાજાળ એવી ભયાનક લાગી નથી. લાગી હોય તો એને છોડવા તલસાટ કરે, 'ક્યારે છોડું ? ક્યારે છોડું ?' એમ મનને થયા કરે. દુકાન પર મુનીમ વિશ્વાસઘાતી છે માટે ભયાનક છે એમ મનને લાગી ગયું હોય તો અને સંયોગવશ ન છોડી શકતો હોય, તો ય મનમાં કેવું થયા કરે કે 'આને ક્યારે છૂટો કરું ? ક્યારે છૂટો કરું ?' સંયોગ વશ રાખવો પડતો હોય ત્યાં મનને એમ ન થાય કે 'ભલે રહ્યો ત્યારે, આપણે સાવધાન રહીશું.' કેમ કે સમજે છે કે આપણી સાવધાની ગમે તેટલી હોય, પણ વિશ્વાસઘાતીનો શો ભરોસો કે એ ગમે ત્યારે ગફલતમાં નાખી વિશ્વાસઘાત નહિ કરે ?

એમ અહીં રાજપાટની માયાજાળ જો ખરેખર ભયાનક લાગી હોય તો એના ભરોસે ન બેસી રહેવાય. પરંતુ મન ચોર છે, ઉપર ઉપરથી મનાવે છે કે 'માયાજાળ ભૂંડી છે, ભયાનક છે', પણ અંદરખાને એની મીઠાશ અનુભવે છે...એટલે ખોટી માનવાનું મન થાય છે, પણ છોડવાનું મન નહિ.

### પાપ ખોટું માનવાનું મન થાય, પણ છોડવાનું મન નહિ એ ચોર મન.

### અભયે પિતાનો વિચાર કેમ ન કર્યો ?

અભયકુમાર આવા ચોર મનની સ્થિતિ સમજે છે, તેથી માનવાનું નહિ, પણ છોડવાનું ઝંખે છે. એમ કહેતા નહિ-

પ્ર. પણ એમણે ઉંમરલાયક પિતાનો વિચાર તો કરવો જોઇએ ને ?

ઉ. વિચાર શો કરવાનો ? અહીં જીવે ત્યાં સુધી સંભાળવાનો જ વિચાર ? કે એમના પરલોકનો વિચાર કરવાનો ખરો ? આવો પ્રશ્ન કરનારા કોઇ પરલોકનો

વિચાર કરતા નથી ત્યાં જો સામાના પરલોકનો વિચાર ન કરે, તો પોતાના ય પરલોકનો વિચાર શાનો કરતા હોય ? ના. માત્ર આ જીવનનો જ વિચાર કરવાનો હોય એમાં આર્ય માનવ તરીકે, અનાર્ય માનવની વિચારણા કરતાં શી વિશેષતા આવી ?

**શાસ્ત્રકારો તો જીવન પરલોક પ્રધાન જીવવાનું કહે છે.**

પરલોકનો મુખ્ય વિચાર રાખીને જીવવાનું, એટલે ? જીવનની રીતિનીતિ પરલોકને ન બગાડે એ મુખ્યપણે જોવાનું. એમાં પછી કદાચ આ જીવનમાં કોઇ વાત બગડી જતી હોય, કષ્ટ-તકલીફવાળી બનતી હોય તો ભલે, પરંતુ પરલોકહિત ન બગડવું જોઇએ. એ રીતે જ જીવવા વર્તાવ રાખવાના. દા.ત. વેપારમાં અસત્ય-અનીતિ ન કરે, પૂરી પ્રામાણિકતા અને સજ્જનતા રાખે, તો કદાચ ભલે કમાઇ ઓછી દેખાતી હોય, તો ય એમાં આ જીવન માટે જો કે કષ્ટરૂપ છે, છતાં પરલોક નહિ જ બગડવાનો. એવો નીતિમય વ્યવહાર રાખે એ પરલોકનો વિચાર મુખ્ય રાખીને કર્યો કહેવાય.

આ રીતે જો પોતાના જીવનનો વિચાર કરે, તો દેખાય કે સાંસારિક જીવનમાં તો ય હિંસામય અનેક આરંભ સમારંભો તેમજ પરિગ્રહ તથા વિવિધ વિષયોનાં પાપ કરવાં જ પડતાં હોય છે. એ કાંઇ પરલોક સુધારનાર તત્ત્વો નથી, બગાડનારાં તત્ત્વો છે. અલબત્ત, એમાં પરમાત્મભક્તિ, સાધુભક્તિ, સાધર્મિક ભક્તિ કરો, ધર્મક્ષેત્રોમાં દાન કરો, વ્રત-નિયમ તપસ્યા કરો, એટલું પરલોકહિતકારી કર્યું કહેવાય, પરંતુ એનું પ્રમાણ કેટલું ? ને સામે આરંભ-પરિગ્રહ-વિષય પ્રવૃત્તિનું પ્રમાણ કેટલું ? તન-મન-ધન ખરચાય એ પેલા પરલોક હિતકારી કૃત્યોના ફાળે કેટલા જાય ? ને આરંભ-પરિગ્રહ પ્રવૃત્તિ અને વિષય પ્રવૃત્તિના ફાળે કેટલા જાય ?

તાત્પર્ય, આરંભ-પરિગ્રહ-વિષયો જે પરલોકને બગાડનારા છે, એ સાંસારિક જીવનમાં ભરચક પ્રમાણમાં વ્યાપેલા રહે છે. ત્યાં પરલોક-અહિત કેટલું બધું ઊભું થાય ? માટે જ,

**શુદ્ધ પરલોકહિત સાધવું હોય તો સંસાર ત્યાગ પૂર્વકના ચારિત્ર જીવનમાં જ થાય.**

જેવું પોતાના માટે એવું કુટુંબ માટે.

હવે જો પોતાના આત્માનું પરલોકહિત ન બગાડે એ રીતે પોતાની જાતને





સંભાળી લેવાની પડી ન હોય તો કુટુંબના આત્માનું પરલોકહિત ન બગડે એ શાનું જુએ ? ને એમનું પરલોકહિત ન બગડે એ રીતે એમના આત્માને સંભાળી લેવાનું શાનું જ કરે ?

સવાલ આ હતો ને કે 'અભયકુમારે દીક્ષા ન લેતાં પિતા શ્રેણિકનું રાજ્ય સ્વીકારી લઇ, ઉંમરલાયક પિતાને સંભાળી ન લેવા જોઇએ ?' બોલો, આ સવાલ કરનારના મનના ખૂણામાંય અભયકુમાર ને શ્રેણિક બંનેમાંથી એકેયના પરલોકહિતનો વિચાર છે ? એમને મન તો આ જીવન, માત્ર આ ભવનું ન બગડે, એ જ રીતે જીવવાનું લાગે કે ભાવી પરલોકના અનેક ભવ બગડે નહિ એ રીતે જીવવાનું એવો કોઇ એમને વિચાર ખરો ? જો આ વિચાર હોય ને, તો તો આવો ઘેલો સવાલ જ ન ઉઠાવાય.

**દીક્ષાર્થી પુત્રની ફરજ**

પરલોક ન બગડવાનો મુખ્ય વિચાર હોય તો એ જોવાય કે પિતા શ્રેણિક પોતે તો પરલોકહિત બગાડે એવો સંસાર છોડી ચારિત્ર લઇ એટલું ભરપૂર પરલોકહિત સાધી લેવા તૈયાર નથી, અને અભયકુમાર એ માટે તૈયાર છે. તો ભલે પિતા પુત્ર બેય નહિ સહી, તો એકલો પુત્ર પણ એ જો પોતાના આત્માનું સંભાળી લેતો હોય તો સારું જ છે. પુત્રે રાજ્ય સંભાળી લેવામાં તો પિતા-પુત્ર બંનેનું પરલોક-હિત બગડે છે. એના કરતાં એકનું સુધરતું હોય એ શું ખોટું ? પૂછો-

પ્ર. તો શું ઘરડા બાપને સોસાતા મૂકી દેવાના ?

ઉ. એટલે શું પુત્ર દીક્ષા ન લેતાં પિતાની સાથે રહે એમાં પિતાને ઘડપણ નહિ પીડે ? ઘડપણથી નહિ સોસાય ? તમે કહેશો-

પ્ર. પણ પુત્ર પાસે હોય તો ઘરડા પિતાને આશ્વાસન રહે ને ?

ઉ. પણ એ તો કહો શું આશ્વાસન ? શું રોગ-વેદના ઓછી કરી આપે ? એથીય વધુ અગત્યનું, શું આયુષ્ય લંબાવી આપે ? શું પરલોકમાં સદ્ગતિએ મોકલી શકે ? આશ્વાસન-આશ્વાસનની વાતો એ સવાસલાં છે. એવા તો પૂર્વે અનંતા માનવભવોમાં બનાવટી આશ્વાસનો આપ્યાં. જાતે ય સંસારમાં ડૂબ્યા રહ્યા ને માતાપિતાને ય ડૂબતા જ રાખ્યાં, તો અહીં પણ છતી સમજે એ જ કરવાનું ? ને પછી ભવમાં ભટકતા રહેવાનું ?

સાચું આશ્વાસન તો આ છે કે પુત્ર માતાપિતાને સમજાવી ચારિત્રમાં

પોતાની સાથે લે, અગર માતાપિતા ન બૂઝે, તો જાતે ચારિત્ર લઇ, પછીથી માતાપિતાને સમ્યક્ત્વ પમાડે ને વિશેષ વ્રત-નિયમાદિ ધર્મમાં ને બને તો ચારિત્રમાં જોડે. આવા આજે પણ દાખલા છે, ને પૂર્વ કાળમાં તો કેટલાય બની ગયા.

**પુત્રસાધુના આલંબને માતાપિતાદિને બોધના દાખલા**

(૧) જંબુકુમાર જાતે તૈયાર થયા, માતાપિતાના આગ્રહે પરણવી પડેલી આઠેય સ્ત્રીઓને પહેલી મુલાકાતે જ તૈયાર કરી, તો તે પૂર્વે માતાપિતા તૈયાર નહિ, તે હવે તૈયાર થઇ ગયા !

(૨) બાળ વજ્રકુમાર રાજસભામાં માતાના એને ફોસલાવાના આગ્રહ સામે મક્કમ રહ્યા ને ગુરુ પાસેથી રજોહરણ લઇ લીધું, તો માતાને હવે પોતાના મોહનો પસ્તાવો થયો, ને એ પણ તૈયાર થઇ ગઇ !

(૩) આર્યરક્ષિતે ઘરેથી ગુપચુપ નીકળી જઇ દ્રષ્ટિવાદ ભણવા માટે ચારિત્ર લીધું, ભણ્યા, ને પોતાનો ભાઇ આર્ય ફલ્ગુ શોધતો આવ્યો. તો એ પણ એમને જોઇ ચારિત્રમાં આવી ગયો ! પછીથી આર્યરક્ષિતસૂરિ પરિવાર સાથે પધાર્યા, તો બ્રાહ્મણ પણ બાપ વગેરેએ ચારિત્ર લીધું !

(૪) અવંતી સુકુમાળે માતા અને ૩૨ પત્નીઓની સંમતિ ન મળતાં અંદર ઓરડામાં જઇ લોચ કરી નાખી ખાનગી સાધુવેશ પહેરી લીધો, નીચે જઇ ગુરુ પાસે ચારિત્ર લઇ લીધું, ને એ જ રાતના કંથેરીના વનમાં કાઉસગ્ગ ધ્યાને રહી ગયા. ત્યાં પૂર્વભવની વૈરિણી શિયાળણી અને એનાં બચ્ચાંઓએ એમને ફાડી ખાધા, મરીને નલિની ગુલ્મ વિમાને દેવતા થયા. સવારે માતા અને પત્નીઓને આ ખબર પડતાં માતાએ ૩૧ વહુઓ સાથે ચારિત્ર લીધું. એક પત્ની ગર્ભિણી હતી તેથી એ ઘરમાં રહી.

**પુત્રની દીક્ષા પછીથી કેમ માતાપિતાને બોધ ?**

વાત આ છે, માતાપિતા વિરાગી પુત્રનું પહેલાં નહિ સાંભળે, પણ પુત્ર ચારિત્ર લે, તો પછીથી લોહીના સંબંધે માતા પિતાને પુત્રમુનિ તરીકે મમત્વ થાય છે કે 'અમારા મહારાજ !' ને એની રુએ એ પુત્રસાધુના ઉપદેશને સારો ઝીલે છે, ધર્મ પામી જાય છે, જે એમને સદ્‌ગતિ પમાડે છે. પણ પુત્ર જો દીક્ષા લેવાનું માંડી વાળી માતાપિતાને સંભાળી બેસી રહે તો એ એમને ધર્મ શું પમાડી શકે ? માનવભવ પરલોક સુધારવા માટે છે, તે માબાપના માત્ર આ જીવનના હિત જોતા બેસવામાં એમનું અને પોતાનું પરલોકહિત શું સાધી શકે ?





અભયકુમાર બાપાજીનું આ જીવનનું જ હિત જોઇ એમને સંભાળવા બેસી ન રહ્યા, પણ પિતાને એમ કહીને સંમત કરી લીધા કે-

**'મહાવીર પ્રભુના ભક્ત એવા આપનો હું પુત્ર, ને હુંય પ્રભુનો ભક્ત, એ રાજ્ય લઇને નરકે જાય એ શું આપને પસંદ છે ?'**

શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી છે. એ શું એમ કહે કે 'પસંદ છે ?' પોતાનો ગમે તેવો સ્વાર્થ હોય પણ પુત્રનાં નરકગમનની વાત આવે ત્યાં તો પોતાના સ્વાર્થને બાજુએ રાખી પુત્રને નરકગમનથી બચાવી લેવાનું જ પસંદ કરે. તરત જ એમણે સંમતિ આપી અને વરઘોડો કાઢી અભયકુમારને પ્રભુ પાસે લઇ જઇ ચારિત્ર અપાવી દીધું.

શું કર્યું અભયકુમારે ? પિતાએ રાજગાદી સંભાળી લેવા કહ્યું ત્યાં સુધી ચારિત્રની એવી ઉતાવળે ય નહિ. ને ચારિત્ર લેવા પિતાની સંમતિ પણ માગેલી નહિ. ચાલુ રાબેતા મુજબનું ગાડું ચાલતું હતું, મગધદેશનું મંત્રીપણું સંભાળતા બેઠા હતા, તો હવે જ્યારે પિતા રાજાએ રાજ્યગાદી સંભાળી લેવાની વાત કરી, તો જાતે પોતે પ્રભુ પાસેથી નક્કી જાણી આવ્યા કે 'રાજા થાઉં તો દીક્ષા નહિ મળે,' પરંતુ આવીને રાજા થયા વિના એમ ને એમ મંત્રીપણાનું જીવનગાડું ચલાવ્યે જવું હતું, પણ એમ ન કરતાં કેમ એકદમ જ ચારિત્ર લેવા નીકળી પડ્યા ? વિલંબે ચારિત્ર ન લેવાત ?

અહીં એ વાત આવીને ઊભી રહી છે કે-

**નિશ્ચિત અનિષ્ટ ભાવી ભાવ જાણ્યા પછી એના પર રોવા ન બેસતાં સારું શક્ય હોય એ કરી લેવું.**

અભયકુમારે આ કર્યું. પ્રભુ પાસેથી જાણ્યું કે 'હવે કોઇ રાજા મારા શાસનમાં ચારિત્ર નહિ લે.' આવું રુડું જિનશાસન, ને ૨૧૦૦૦ વરસમાં કેમ એક પણ રાજા ચારિત્ર લેનારો ન નીકળે ? કહો, ભાવીભાવ. ભવિતવ્યતા જ એવી કે એટલા હજારો વરસમાં એકાદ પણ રાજા ચારિત્ર નહિ લેવાનો. એટલે અભયકુમાર જુએ છે કે 'હું જો રાજા થાઉં તો મને પણ ચારિત્ર ન મળે. આ અનિષ્ટ ભાવીભાવ છે.'

તેથી 'અનિષ્ટ ભાવીભાવ પર રોતા ન બેસતાં શક્ય સારું કરી લેવું' એ હિસાબે અભયકુમારે તરતમાં જ ચારિત્ર લેવાનું નક્કી કરી લીધું. શક્ય સારામાં, ચારિત્ર જેવું સારું બીજું ક્યું ?

આ જો ધ્યાનમાં લો તો ધર્મનો પુરુષાર્થ વિકસી ઉઠે. બોલો, 'મૃત્યુ નિશ્ચિત આવવાનું એ નિશ્ચિત ભાવીભાવ ખરો ને ? કે એમાં અચોક્કસ જેવું ખરું કે મૃત્યુ આવેય ખરું ને ન પણ આવે-એવું ખરું ?' ના, જનમ્યા પછી મૃત્યુ આવવાનું જ. કેમ એમ ? કહો જન્મની સાથે મૃત્યુ સંકળાયેલું હોય એ ભાવીભાવ જ એવો, તે કાંઇ ઇષ્ટ નથી લાગતો, અનિષ્ટ લાગે છે. એટલે 'આ અનિષ્ટ ભાવીભાવ નિશ્ચિત છે' એમ ધ્યાન પર આવી જાય તો શક્ય સારું કરી લેવાની અર્થાત્ ધર્મનો પુરુષાર્થ વિકસાવવાની હોંશ જાગે, વિશિષ્ટ ધર્મ-પુરુષાર્થ ઝળકી ઉઠે. એટલે ચારિત્રભાવનાનો આ એક વિચાર કારણભૂત છે.

**મૃત્યુનો અનિષ્ટ ભાવીભાવ નિશ્ચિત હોઇ સારું એટલે કે ચારિત્ર સાધી લેવું.**

બંને રાજા ચારિત્ર લે છે-

પેલા બે રાજા અમિતતેજ અને શ્રીવિજય. જ્યાં જાણ્યું કે હવે ૨૬ દિવસનું આયુષ્ય બાકી છે ત્યાં એ અનિષ્ટ નિશ્ચિત ભાવીભાવ જાણીને રોવા ન બેઠા કે 'હાય ! ત્યારે આટલું વહેલું મરી જવાનું ?' ના, એમણે તો નક્કી કર્યું કે તો પછી આપણે શક્ય સારું કરી લઇએ. શું સૌથી સારું ? ચારિત્ર. તે ચારિત્ર લેવાનો નિર્ધાર કરી દીધો અને પોતપોતાના રાજ્યમાં જિનેન્દ્રભક્તિ મહોત્સવના ભારે ઠાઠ કર્યા, છૂટા હાથે દાન દીધાં, પોતપોતાના પુત્રને રાજ્યગાદી સોંપી દીધી, અને પોતે સંસાર-ત્યાગ કરી ચારિત્ર સ્વીકારી લીધું.

ચારિત્ર લીધા પછી પણ અનિષ્ટ ભાવીભાવની આડે જેટલો સમય છે, એમાં પણ શક્ય સારું કરી લેવું છે, એટલે બંનેએ જીવનભરનું અનશન, તે ય પાદપોપગમન અનશન સ્વીકારી લીધું. 'પાદપોપગમન' એટલે પાદપની જેમ-ઝાડની જેમ પડ્યા રહ્યા તે પડ્યા રહ્યા. જીવનના અંત સુધી હાલવું નહિ ચાલવું નહિ. છે ને પરાક્રમ ? તમે કોઇ ધર્મ-પરાક્રમ ધારી રાખ્યું છે ? ના, કેમ ના ? કારણ કે હજી વધારે જીવવાનું પુણ્ય છે એટલે શું કામ ધર્મ-પરાક્રમની ઉતાવળ હોય ?

ધર્મ પુરુષાર્થને ઝગમગાવવાનું કેમ નથી બનતું ? પુણ્ય પહોંચતું છે માટે જ ને ? હમણા જો આ બન્ને રાજાઓની જેમ આયુષ્યનું પુણ્ય તૂટતું દેખાય તો તો મહાન ધર્મપરાક્રમ ઝળકી ઊઠે ને ? તો-

**આ વધારે પહોંચતું પુણ્ય કેવું ? ધર્મપ્રેરક કે પાપપ્રેરક ?**





લોકો કહે છે 'પુણ્ય હોય તો ધર્મ થાય' આ સાચું છે ? તો તો લોકો કેમ ધર્મમાં લાગી પડતા નથી ? ને જ્યાં પુણ્ય ખૂટતું દેખાય ત્યાં કેમ ધર્મમાં લાગી પડે છે ? એ જ બતાવે છે પુણ્ય પહોંચતું હોય ત્યાં સુધી તો પાપમાં મગ્ન રહેવું છે, ને આયુષ્યપુણ્ય કે બીજું પુણ્ય ખૂટતું દેખાય ત્યાં ધર્મ સૂઝે છે. તો બોલો, પુણ્ય પાપપ્રેરક કે ધર્મપ્રેરક ? ખબર છે ને કે પાપપ્રેરક પુણ્ય એ પાપાનુબંધી પુણ્ય ગણાય છે ? પુણ્યનો બિચારાનો કેવો ગુન્હો કે એ જીવને લલચાવીને પાપમાં ઘસડી જાય ? ધર્મમાં ન જવા દે ?

જરા સમજો, પુણ્ય તો જોતજોતામાં પૂરું થઇ જવાનું છે, પણ એની સાથે ધર્મપરાક્રમની સોનેરી તક પણ પૂરી થઇ જશે. ને પછી પુણ્ય ખૂટ્યે ધર્મકાળ અને ધર્મસામગ્રીના અભાવે ધર્મપુરુષાર્થ નહિ થાય.

**માનવ-આયુષ્ય એટલે ધર્મકાળ, એ વીતી ગયે શું થઇ શકવાનું ?**

**માનવ શરીર એ ધર્મસામગ્રી, એ ખૂંચવાઇ ગયે શો ધર્મપુરુષાર્થ થઇ શકશે ? અંત સમયે ધર્મની ભાવના યે કદાચ જાગી, માનવશરીરરૂપ સામગ્રી વિના જીવ શું કરી શકવાનો ? આ વિચાર કેમ નથી આવતો ?**

**માનવકાળને ભોગ-કાળ અને માનવદેહને ભોગ-સામગ્રી માની લીધી ત્યાં પછી એનાથી ધર્મ નહિ સૂઝે.**

સવારે ઊઠ્યા ત્યાંથી સમય શાનો શાનો લાગે છે ? ચાલો, પ્રતિક્રમણનો સમય થયો. દેવદર્શનનો સમય થયો, ગુરુવંદનનો, પૂજાનો, વ્યાખ્યાન શ્રવણનો સમય થયો' આવું લાગે ખરું ? ના, ના, 'ચાલો નાસ્તાનો સમય થયો,' 'નાહવાનો સમય થયો', 'બજારનો સમય થયો' 'જમવાનો સમય થયો', 'આરામનો સમય થયો' આ બધા ય સમય કેવા લાગ્યા ? કહો, ભોગસમય ભોગકાળ લાગ્યા !

એમ, શરીરને શાનું સાધન માન્યું ? આ શરીરથી શા કામ કરવાં છે ? કહોને એવાં કામ જે મોજમજાહ આપે, પણ નહિ કે જે પુણ્યકમાઇ કરાવે. એટલે શરીરને મોજ-મજાહનું સાધન બનાવવું છે ત્યાં પછી એ શરીર મોજમજાહની સાધનસામગ્રી મનાઇ ગઇ.

આટલા ઊંચા માનવ-આયુષ્ય અને માનવદેહને શી રીતનો લેખશો ? દ્રષ્ટિ જ ફેરવવાની છે. બંને રાજાએ અનશન તો કર્યા છે, પરંતુ એમાં રાજા શ્રીવિજયને પોતાના પિતા ત્રિપૃષ્ઠ વાસુદેવનું અસાધારણ બળ અને સમૃદ્ધિ યાદ આવ્યાં, એટલે

પોતાને એવું પ્રાપ્ત કરવાની ઉત્કટ ઇચ્છા થઇ આવી. ક્યાં ઊંચી સંયમની ભાવના ને ક્યાં આ જડ પૌદ્ગલિક બળ સમૃદ્ધિની લગન ! સંયમમાર્ગમાં એકવ્રત અપરિગ્રહનું મહાવ્રત છે. કેમ એ મહાવ્રત ! એટલા જ માટે કે 'અલ્પ પણ પરિગ્રહ ભૂંડો છે' એ સમજ થઇ એટલે પરિગ્રહના સર્વેસર્વા ત્યાગને મન પર વધાવી લીધાં છે. તો સંયમ લીધું-પાળ્યું ત્યાં સંયમની ભાવનામાં તો જડ પૌદ્ગલિક વસ્તુમાત્રના પરિગ્રહને ભૂંડો લેખ્યો છે, અને હવે અહીં વાસુદેવનું બળ-સમૃદ્ધિ જોઇએ છે. એની લગન ઊઠી છે ! કારણ કાંઇ ? જડ વસ્તુનાં સ્મરણ ખોટાં.

**જડના વિકલ્પ ખોટા, કેમકે ચિત્તને વિકૃત અને અસ્વસ્થ કરી દે.**

**બાવો એક વિકલ્પમાં ફસાયો**

બાવાજી મસ્તીથી ઇશ્વરનું ધ્યાન કરી રહ્યા હતા, એમાં કફનીનાં કાણાં પર નજર પડી અને એના વિકલ્પમાં ચડ્યા કે 'અરે ! આ કાણું ક્યાંથી ? જરુર લાગે છે કે ઉંદર કાપી ગયા. હવે કેમ કરવું ? આમ ને આમ તો બીજાંય કાણાં પાડી નાખે. માટે હવે એક બિલ્લી વસાવવી.

❀ ❀ ❀ ❀ ❀ ❀

જોયું ? જડનો એક વિકલ્પ ઊભો કર્યો તો કેટલે પહોંચ્યું ? બિલ્લી વસાવું ત્યાં સુધી વિકલ્પ પહોંચ્યો. તેમ એટલેથી અટકતો નથી. પણ આગળ વધતાં બિલાડીને દૂધ જોઇએ, દૂધ માટે ગાય રાજા પાસેથી માગી લાવું, ગાય માટે ખેતર માગી લાવું, ખેતર સંભાળવા માણસ માગી લાવું...' વિકલ્પ ક્યાં સુધી પહોંચ્યા ? જડનો એક પણ વિકલ્પ કેટલો ભૂંડો ! બાવો તરત ચોંક્યોઃ 'હાય ! હું સંન્યાસી, સંસારમાયા-ત્યાગી ક્યાં પહોંચ્યો ? પ્રભુ-સ્મરણ ભૂલી માયા ચિંતનમાં ? કફનીના એક કાણા પર ? કફની જ ન જોઇએ-લંગોટી ભર રહીશ.'

**જડના એક વિકલ્પ પર વિકલ્પોની હારમાળા ચાલેઃ ત્યાં આત્મા-પરમાત્મા ભૂલાય.**

સંભૂતિમુનિ ધ્યાનમાં ખડા છે, સનત્કુમાર ચક્રી વંદન કરવા આવ્યા છે, પટ્ટરાણી વંદન કરતાં એના કેશની લટ નીચે પડતાં મુનિનાં ચરણે અડી ગઇ. મુનિને એક વિકલ્પ ઊઠ્યોઃ 'કેવા મુલાયમ અને ચમકતા કેશ !' બસ ખલાસ, આટલો પટ્ટરાણીના વાળની સુંવાળાશનો એક વિકલ્પ પણ ભૂંડો ! પાપી વિકલ્પોની





હારમાળા ચલાવે. મુનિ પટ્ટરાણીની સામે નથી જોતા. પણ મનોમન વિચારે છે કે 'જેના કેશ આવા સુંવાળા એની કાયા કેવી સુંવાળી હશે ! એનું રૂપ કેવું અલૌકિક હોય ! ઓહો ! ચક્રવર્તીને આવી સ્ત્રી ભોગવવા મળે છે ! કેટલો પ્રખર પુણ્યવાન !' ચાલી- ને વિચારણા-વિકલ્પોની પરંપરા ? એમાં પોતે ત્યાં એટલેથી અટકયા નહિ, પણ આગળ વધે છે. 'તો પછી મારા આટલા દીર્ઘ-સંયમ પાલન અને આટલી બધી ઘોર તપસ્યાનાં કષ્ટ શા કામનાં, જો આવું ફળ ન પામું ? બસ, મારા આટ આટલા તપસંયમનું ફળ હો તો મને આ સમૃદ્ધિ મળો.' બાંધ્યું નિયાણું !

એક વિકલ્પ પરથી કેટલે તણાયા ? વિકલ્પ ન જ આવે એવું નહિ, કદાચ ક્યારેક આવી ય જાય. પણ-

**એક વિકલ્પ આવતાં તરત એની પર સંભવિત વિચારધારાની ભયાનકતાથી ચોંકી ઊઠી આગળ અનુકૂળ વિચારધારા ન લંબાવતાં મન વાળી લેવું જોઇએ.**

**ખોટા વિકલ્પથી મન કેમ વાળી લેવાય ?**

**પ્રભુ અને મૈત્રીભાવની લાખગુણી મુલાયમતા**

દા.ત. અહીં 'વાળ બહુ મુલાયમ' એમ વિકલ્પ વિચાર આવ્યો, ત્યાં ઝટ એ વિચારને તોડનારો વિચાર કરાય કે 'આમાં શી મુલાયમતા ? વખત જતાં એ રદ્દી થવાના અને ચિતામાં સળગી જવાના ! બહુ મુલાયમ માનીને કોઇ એને ઘેર રાખી મૂકી ઉપયોગ નહિ કરે, એટલા એ સળગાવી નાખવા લાયક બનશે ! મુલાયમતા શાની ? વળી કેશ મુલાયમ કરતાં સો હજાર-લાખ ગુણા મુલાયમ કેવા મારા ભગવાન છે ! જીવલેણ દુશ્મન પર પણ કરુણા વરસાવી છે ! પાપાત્મા સંગમ દેવ પર દયાનાં આંસુ સાર્યાં છે ! ત્યારે પ્રભુએ ઉપદેશેલા, કેશ કરતાં લાખ ગુણા સુંદર, કેવા મારા મૈત્રી આદિ ભાવો છે ! કેશમાં મોહવા-આકર્ષાવા કરતાં મારા ભગવાન અને મૈત્રી આદિ ભાવોમાં જ ન મોહું ? ન આકર્ષાઉં ? એની વિચારધારા જ ન ચલાવું. ભગવાને કેવું કમાલ કામ કર્યું ? કેવું એમનું જીવન ! કેવી કેવી સાધના ! અરે ! ભારે પરીષહો વચ્ચે પણ પોતાની તત્ત્વચિંતન-ધારા એવી અખંડ અસ્ખલિત ચલાવ્યે રાખી કે વચમાં પરીષહકષ્ટના એક પણ પાપવિકલ્પને પેસવા દીધો નહિ. દા.ત. 'ઠંડી વધુ પડી' એટલોય વિકલ્પ નહિ...'

આમાં શું થયું ? કેશ મુલાયમનો વિકલ્પ ક્યાંય ઊડી ગયો, ને અરિહંતનું ધ્યાન લાગ્યું. એમ 'કેશ કરતાં મારો મૈત્રીભાવ લાખગુણો મુલાયમ, કરોડગુણો સુંદર,' એમ વિચાર કરતાં. 'એમ મૈત્રીભાવ એવો લાખગુણો મુલાયમ ?' એ વિચારાય. વિચારણા કોક આ પ્રકારની કે 'મૈત્રીભાવ એટલે જગતના જીવમાત્ર પ્રત્યે સ્નેહ, કોઇના ય પ્રત્યે દ્વેષ-વૈર અંટસ નહિ. એટલે આ સ્નેહ તો હૈયું દુશ્મન પર પણ લઇ જાય એટલું બધું મુલાયમ બનાવે ! મૈત્રીભાવથી મુલાયમ હૈયુ થઇ ગયું હોય, હૈયાને દુશ્મન પણ સ્પર્શે તો એનેય હૈયું સુંવાળું મુલાયમ સ્નેહભર્યું દેખાય.

ત્યારે આ મોંઘેરા જીવનમાંથી બીજું કમાઇ જવા જેવું છે શું ? વૈર-વિરોધ-અંટસ તો હલકાં વાઘ-વરુ બિલાડી-ગિરોલી વગેરેના કે અનાર્ય મ્લેચ્છના અવતારે બહુ કમાયા, બહુ કેળવ્યા, અહીયાં-

**ઊંચા આર્ય માનવ અવતારે આ સર્વજીવ મૈત્રીસ્નેહનો અભ્યાસ નહિ કરી જાઉં તો પછી આનાથી સારો બીજો ક્યો અવતાર મળવાનો છે કે ત્યાં આ કરી શકીશ ?**

નહિ કર્યો હોય એમને અગર ઊઠેલાને દાબી દીધો હશે એમને જીવન નિર્મળ ધારાએ વહેતું રહ્યું હશે.

શ્રીપાળ-મયણામાં મયણાસુંદરી પર બાપે મયણા પાસે તત્ત્વસિદ્ધાન્તથી વિરુદ્ધ બોલાવવા આગ્રહ કર્યો પણ મયણાસુંદરીએ સિદ્ધાંતની ટેક ન છોડી, ને બાપે ગુસ્સે થઇ ઠેઠ કોઢિયા સાથે એને પરણી જવા સુધીની સ્થિતિ લાવી મૂકી છતાં મયણાએ કશો પાપવિકલ્પ ન કર્યો કે દા.ત. 'આ તો બાપ છે કે સાપ ? હું રાજકુમારી અપ્સરા જેવી રૂપાળી અને મને કોઢિયાને પરણી જવા કહે છે ?' ના, બાપ પ્રત્યે કોઇ આવો કષાયનો વિકલ્પ નહિ-એ તો એણે 'સિદ્ધાંતની રક્ષા ખાતર આ કરવું પડે છે ને ? આ કરીને ય સિદ્ધાંતની રક્ષા થાય છે ને ? બહુ સરસ !' માની તરત જ કોઢિયાને પતિ તરીકે વધાવી લીધો !

**પાપવિકલ્પથી બચવું હોય ત્યારે આપત્તિ સહવાની તૈયારી જોઇએ.**

**આપત્તિનું અનુસંધાન કર્મ સાથે, ધર્મસાધના સાથે નહિઃ-**

આપત્તિની તૈયારી એટલે ? એ જ કે આપત્તિ આવે તે તો પોતાના કર્મથી





આવે છે એમ જ માનવાનું. એને આપણી ધર્મઆરાધના સાથે કશી લેણદેણ નહિ એવું મનને નક્કી રાખવાનું. ધર્મ કરવા ગયા એટલે આપત્તિ આવી એવી કડી જરાય જોડવાની નહિ. આપણાં પુણ્ય દૂબળાં હોય, અશુભ કર્મના ઉદય હોય તો આપત્તિ તો આવે જ. ધર્મ ન કરતા હોઇએ તો ય આવે. દુનિયામાં ધર્મ નહિ કરનારા કરોડો છે. શું એમને આપત્તિ-કષ્ટ-દુઃખ નથી આવતાં ? આવે જ છે, કેમ આવે છે ? ધર્મ કરવાને લીધે ? ના, પોતાના અશુભ કર્મના લીધે.

બસ ત્યારે મનમાં આ નિશ્ચિત બેસાડી રાખવાનું કે પાપોદયેજ આપત્તિ આવે, ધર્મ કરવાથી નહિ.

**ધર્મ સાથે દુઃખ-આપત્તિની કડી નહિ જોડવાની.**

**પાપોદય સાથે વર્તમાન દુઃખની કડી.**

**ધર્મઆરાધના સાથે ભાવી સુખની કડી.**

આ જેણે મનમાં નિશ્ચિત કર્યું હોય એ ગમે તેટલાં દુઃખ આવે છતાં પાપવિકલ્પ શું કામ કરે ?

મયણાસુંદરીએ કોઢિયાને પરણી જતાં લોકોએ બહુ નિંદા કરી કે 'આ છોકરી ઉદ્ધત, બાપ સાથે ઉદ્ધતાઇ કરી તો લ્યો આ ફળ પામી !' છતાં એણે મનમાં જરાય દુઃખ કર્યું નહિ કે 'હાય ! ક્યાં સિદ્ધાંત સાચવવાનો ધર્મ કરવા રહી, ને આ કોઢિયાને વરવું પડ્યું અને આ નિંદા ફિટકાર જોવાના આવ્યા ?' ના, આ દુઃખ ન કર્યું.

કેમ મનને દુઃખ ન કર્યું ? કારણ ધર્મઆરાધના સાથે એણે દુઃખની કડી જોડી જ નહોતી કે, 'સિદ્ધાન્ત રક્ષાના ધર્મને, આરાધવાથી દુઃખ આવ્યું. દુઃખ કર્મથી આવે, ધર્મથી નહિ. ધર્મથી તો અમાપ સુખ જ મળવાનું છે.' આ નજર સાથે બરાબર તરવરતું હતું. પછી એક પણ પાપ વિકલ્પ શું કામ કરે ?

ત્યારે શ્રીપાળકુમાર પણ એ માનનારા છે, તેથી જ્યાં નવપદ આરાધના પછી કોઢ મટ્યો, દેવકુંવર જેવા થઇ રાજાને ત્યાં માનભેર રહે છે, ને રસ્તાના જનાર કોઇકે એમની ઓળખ રાજાના જમાઇ તરીકે ઉચ્ચારી તો ખટકો લાગ્યોઃ 'હેં ? મારી આવી જઘન્ય ઓળખ ? જાતના પરાક્રમથી નહિ, બાપથી ઓળખ નહિ, ને સસરાથી ઓળખ ? બસ આ સ્થિતિમાં અહીં રહેવાય જ નહિ. પરદેશ જાઉં, પરાક્રમ કરું દુનિયા પરાક્રમી તરીકે ઓળખે, કોકના જમાઇ તરીકે નહિ.'

શ્રીપાળને ત્યાં એવો મુફલિસ વિકલ્પ ન આવ્યો કે 'હેં ! ત્યારે આવી રૂપરૂપની અંબાર જેવી મયણા પરણવા મળી, એના મજેના વિષયસુખ મૂકી કેમ હાથે કરીને ભટકવા જવાય ? જેને એવી પત્ની નથી મળી એ કેટલાય બિચારા ઓરતા કરે છે કે અમારાં ભાગ્ય ક્યાં કે આવી કન્યા પત્ની મળે ? તો પછી મને મળેલી તે એના રોજના વિષયસુખ છોડીને પરદેશ ભટકવા જાઉં ?' શ્રીપાળકુમારે આવો પાપ વિકલ્પ કર્યો નહિ. મનમાં એવું સ્ફુરતું જ નથી. કેમકે-

**શ્રીપાલે માનવજીવન વિષયસુખ માટે માન્યું જ નથી, જીવન સત્ પરાક્રમ માટે માન્યું છે, પછી શું કામ વિષયસુખના પાપ વિકલ્પ કરે ?**

જીવન વિષય સુખ માટે માને એ પાપવિકલ્પો હાલતાં ને ચાલતાં કરે છે. જીવન સત્ પરાક્રમ માટે માનનારને પાપવિકલ્પની જરૂર જ નથી લાગતી, એટલે તો શ્રીપાળકુમાર પરદેશ નીકળી ધવલના લશ્કર સાથે તવઇ આવી, પણ શ્રીપાળે બધાને ભોંયચાટતા કર્યા પછી હવે ધવલ પગે પડતો આવી માફી માંગી પોતાનાં અટકી ગયેલાં વહાણ ચલાવી આપવા પ્રાર્થના કરે છે, ત્યારે શ્રીપાળને પાપ-વિકલ્પ ન આવ્યો કે 'મને મારી નાખવાની પેરવી કરનારનું શું હું વહાણ ચલાવી આપું ?' કેમ આ વિચાર ન આવ્યો ?

શ્રીપાળ સમજે છે જીવન સત્ પરાક્રમ માટે છે, ને દુશ્મનનું પણ ભલું કરવાનું સત્ પરાક્રમ કરવાનો આ અવસર આવ્યો છે. તો સત્ પરાક્રમ કરી લેવું.

**વિષયના લંપટ, અભિમાનના પૂતળા, ને ક્ષુદ્ર હૃદયના ધણીથી આ સત્ પરાક્રમ શે બને ?**

**દુશ્મનનું પણ ભલું કરવા ખેલદિલી જોઇએ.**

પાપવિકલ્પનો પાયો જ નથી નાખવો પછી એની લંગર લગાવવાની વાતેય શી ? ઉદારતાથી ખેલદિલીથી દુશ્મનનું પણ ભલું કરવાની શુદ્ધ પરોપકારી વૃત્તિથી શ્રીપાળકુમારે ધવલનાં વહાણ ચલાવી આપ્યાં. હવે બબ્બર દ્વીપમાં ધવલ દાણચોરી કરવાથી રાજાના સિપાઇઓ વડે પકડાયો, દોરડે બંધાઇ જકડાયો, તો શ્રીપાળે પાપ-વિકલ્પ ન ચલાવ્યા કે ''આવા હરામખોરને હવે શું બચાવવો ? આ તો એના પાપે મરે 'આ ઉચ્ચ મહામૂલ્યવાન આર્ય માનવજન્મ એટલા માટે જ મળ્યો છે કે અહીં વૈર-વિરોધ-અંટસ અટકાવી સર્વજીવ સ્નેહનો લખલૂટ અભ્યાસ થાય, જેથી મૈત્રીભાવ





સહજ બની જાય, સિદ્ધ થઇ જાય. હવે જો વારે ને વારે એક યા બીજાની પ્રત્યે વૈર-વિરોધ-અંટસ કર્યા કરીશ, તો એ જીવનના છેડા સુધી ચાલશે ! પછી મૈત્રીભાવનો અભ્યાસ ક્યારે ? લાકડામાં ગયે ?'

**કરુણાભાવની મુલાયમતા**

આમ, કરુણાભાવની મુલાયમતા વિચારાય, જગતના દુ:ખી અને પાપી જીવ માટે કરુણાનો વિચાર કરાય. એમાં ય ખાસ કરીને આપણા પ્રસંગમાં આવતા કષાય પીડિત જીવ પ્રત્યે કરુણાનો વિચાર લવાય, આપણું નુકસાન કરતા, આપણને પ્રતિકૂળ વર્તતા, આપણો કોઇ અપરાધ કરનારા જીવ માટે દયા વિચારાય કે 'બિચારા કર્મથી પીડિત હોઇ આમ કરે છે. એ જીવ પોતે એવો ખરાબ નથી, પણ એનાં બિચારાનાં કર્મ ખરાબ છે તે એની પાસે આ ખોટું કરાવે છે. બિચારો કર્મપીડિત છે, કર્મ તો એના પર રૂઠી રહ્યાં છે, હવે હું એના પર શું રૂઠું ?'

વિચારો, 'કરુણા કેવી મુલાયમ ! મહાત્માઓ હૈયું કેવું મુલાયમ બનાવે કે મોટા અપરાધી પ્રત્યે પણ એ મુલાયમ રહે ?' આવી વિચારધારા ચાલે ત્યાં 'કેશ મુલાયમ'નો વિચાર શો આગળ ચાલે ? અરે ! જરાક વિચાર આગળ પણ ચાલ્યો કે 'ત્યારે આવા મુલાયમ કેશવાળીનું શરીર કેવું રૂપાળું !' તો ત્યાં જ એમાંથી મન આ રીતે વાળી લેવાય કે 'ભલા રે જીવ ! શું હાડ-માંસ-લોહીભર્યા શરીર પર મોહે ? શરીર નાશવંત, આયારામ ગયારામ, હમણાં છે પછી નથી, ને તું અવિનાશી-તું આમાં ક્યાં અટકી પડ્યો ? તને મોહરાજા બનાવી રહ્યો છે કે 'મૂરખ ! તારા પોતાના અનંતકાળનાં ભટકણ અને અનંતકાળનાં કાળાં કામનો વિચાર અને ભારે ખેદ કરવો મૂકી, નાશવંત કાયામાં અટકી ન પડ, જેથી તારા આત્માની ભૂતકાળ જેવી ભાવી દુર્દશાની તૈયારી થાય !' આમ મન વાળી લેવાય.

શરીરના વિકલ્પથી મનને એમ પણ વિચારીને વાળી શકાય કે 'શરીર જેટલું સુંદર એટલો (૧) ઘોર રાગ કરાવનારું, તેથી જ (૨) ભાન ભુલાવનારું, દેવ ગુરુ-ધર્મનું ભાન જ ન ઊભું રહેવા દે.. સાથે સાથે (૩) એ સુંદર શરીરનો મોહ એ શરીરવાળી સ્ત્રીની ગુલામી કેટલી કરાવે ? (૪) એ ગુલામી પાછળ હિંસા અસત્ય વગેરે પાપો કેટલાં કરવાનાં ? (૫) ક્રોધાદિ કષાયો કેટલા કરવાના ? (૬) મનની વૃત્તિઓ કેટલી બગાડવાની ? (૭) આર્તધ્યાન-રૌદ્રધ્યાન પણ કેવાં આવે ? આટલા બધા અનર્થ એક સુંદર શરીરના મોહ ખાતર વહોરવા ?'

સંભૂતમુનિ જો એક વિકલ્પ ઊઠવા પાછળ સાવધાન થઇ ગયા હોત અને આ રીતે મન વાળી લીધું હોત કે 'હું સાધુ, સંયમ બ્રહ્મચર્યનો અમૃતસ્વાદ વરસોનાં વરસો સુધી ચાખનારો, મારે વળી આ ગલીચ જડપુદ્ગલમાં શું રીઝવાનું ? માનો કે આ સમૃદ્ધિ મળી ય ગઇ, પણ તે ક્યાં અમર ટકવાની હતી ? એ તો પાછી જવાની !

**સમૃદ્ધિ તો ગઇ પણ જીવે જે એમાં ભુખારવા થઇને અમન-ચમન ઉડાવ્યા એની ખણજો વધી જવાની, વાસના પુષ્ટ થવાની, નષ્ટ નહિ. તો વધી ગયેલ તગડી થયેલ ખણજ વાસનાઓ લઇને પરભવે ગયે જીવની કેવી કારમી વિષયમૂઢ દશા !**

ને ત્યાં મળવાનું શું ? ઠીકરા જેવા વિષયો. ચક્રવર્તીનાં સુખસાધન ફરીથી થોડાં જ મળે. એટલે વિષયભૂખ જાલિમ ઉગ્ર. ને વિષયસાધન ઠીકરા જેવાં, કે એવા ય નહિ મળવાના ! જીવની કેવી ઘોર વિટંબણા !'

પરંતુ સંભૂતિમુનિને આ કશો વિચાર નહિ એટલે મન પાછું વળે નહિ, એટલે પેલા એક વિકલ્પે પછી અનેક પાપ વિકલ્પો જગાવવાની ભૂંડાઇ કરી, એમાં નિયાણું, ને નિયાણામાંથી ત્રીજા ભવે બ્રહ્મદત્ત ચક્રવર્તી, તે ત્યાંથી મરીને સાતમી નરકે ! અશુભ એક પણ વિકલ્પ ભૂંડો ! કેવા કેવા અનર્થ સારે !

### અગ્નિશર્મા એક પાપ વિકલ્પમાં

અગ્નિશર્માને પહેલું પારણું ચુકાયું, બીજું ચુકાયું, ત્યાં સુધી અસત્ વિકલ્પ ન ઊઠ્યો, પરંતુ ત્રીજું પારણું ચૂકાતાં એક વિકલ્પ ઊઠ્યો, 'હેં ! રાજા મશ્કરીથી મારાં પારણાં ચૂકાવે છે !' બસ, પત્યું. આ એક પાપ વિકલ્પ પર વિકલ્પોની વણઝાર લાગી, 'મારો બાળકાળનો વૈરી ! બાળપણે મારી મશ્કરી કરતો હતો તે મશ્કરીની આદત હજી એની ગઇ નહિ ? હું તાપસ એટલે જાણે દીન-અનાથ, ને એ મોટો રાજા મારી મશ્કરી કરી શકે ? શું સમજે છે એ સાધુને ? પણ એને અમારા તપોબળની ખબર નથી. મારા તપના પ્રભાવે હું એને ભવોભવ મારું.'

એક અસત્ વિકલ્પમાંથી ક્યાં જઇ ઊભો ! રાજાને જન્મોજન્મ મારવાનું નિયાણું કર્યું ! લાખો માસખમણોનો મહા તપ વેચી નાખ્યો ! બાળી નાખ્યો ! ને અંતે જો એ એક વિકલ્પ ન કર્યો હોય અગર વિવેકના વિચારથી વિકલ્પને દાબી દીધો હોત, તો આમ-





**તપના સીધા પ્રતાપે અલ્પભવી થાત તે પાપ વિકલ્પે અનંત સંસારી બન્યો !**

એક પણ અસદ્ વિકલ્પ ઉઠાવવો કેટલો બધો ભૂંડો !

આજે ભાઇ-ભાઇ, પિતા-પુત્ર, સગાવહાલાં વગેરેમાં રગડાઝગડા અને જીવનભરના અંટસ પડી ગયા છે. એમાંય જોશો તો દેખાશે કે પ્રારંભમાં કેટલેયે સ્થાને માત્ર એક પાપવિકલ્પ કષાય વિકલ્પ ઊઠ્યો હશે. જેમાંથી પછી એને અનુરુપ વિકલ્પો ચાલી પડતાં રગડાઝગડા શરુ થયા હશે. ત્યારે પાપવિકલ્પ ઊઠવા જ છે તે મરવા દેવો. મેં તો એને પહેલાંથી કહ્યું હતું કે તારા હજાર સુભટ નકામા છે, એ તેં જોયું છે. તો એ બધાના પગાર જેટલા પગારથી મને રાખ તો તારું ગમે ત્યાં રક્ષણ કરીશ. આમ પહેલેથી આપણે તો કહેલું પણ એ એણે ન માન્યું, ને ઉપરથી એનાં વહાણ મફત ચલાવી આપ્યાં છતાં મને એ એના વહાણમાં મુસાફરી ભાડું લઇને કરાવે છે. આવા હરામીની હવે રક્ષા શી કરવી ? ફોડશે એનું ભાગ્ય ?'

ના, આવા કશા પાપવિકલ્પની હારમાળા નહિ. દુશ્મનનું પણ મોકો આવે તો ભલું કરી લેવું. આ જ એક વૃત્તિ તે રાજા સાથે લડાઇ કરીને જીત્યા. ધવલને છોડાવ્યો. પાપ વિકલ્પો કર્યા હોત તો બચવાનું મન ન થાત. પરંતુ મૂળથી એક પણ પાપવિકલ્પ મગજમાં ઊઠવા નથી દીધો, એટલે એનું પૂછડું શાનું ચાલે ?

ત્યારે ધવલશેઠ બિચારો પાપવિકલ્પનો જ ટેવાયેલો છે, તે અહીં જ્યાં શ્રી પાલકુમાર શૂરવીરતાથી રાજાને હરાવી ધવલને છોડાવે છે, ત્યાં ધવલ એ જ રાજાની તલવાર લઇ રાજાને મારવા તૈયાર થાય છે. કેમ વાણિયાભાઇને ક્યાંથી આટલી હિંમત આવી ? કહો, શ્રીપાલકુમારે ધવલનું ઉપરાણું લઇ રાજાને હરાવી વશ કર્યો છે ને ? એટલે શ્રીપાલની ધવલને હૂંફ-ઓથ લાગે છે કે 'હું રાજાને મારું તો શ્રીપાલ સામે આ રાજાનું કશું ચાલવાનું નથી.' કેવો ફરક ?

**શ્રીપાલકુમાર રાજાને ક્ષમા આપે છે, એ શુભવિકલ્પ.**

**ધવલશેઠ રાજાને મારવા ઊઠે છે, એ પાપવિકલ્પ.**

ક્ષમા કોના બાપની ? સંકલ્પથી સિદ્ધિઃ

''બુદ્ધિ કોના બાપની ?'' બોલો છો ને ? હવે એમ બોલો ''ક્ષમા કોના બાપની ?'' શુભ વિકલ્પ કોના બાપનો ? પૂછો, આ બોલવાથી શો ફાયદો ?

ફાયદો આ, કે જેમ બુદ્ધિ એ બાપના વારસાની વસ્તુ નથી કે બાપે છોકરાને સારા પૈસાની જેમ બુદ્ધિ આપી તો જ છોકરા પાસે સારી બુદ્ધિ આવી. એ તો બાપમાં ન હોય પણ છોકરો પોતાના પુણ્ય-ખંત-ઉદ્યોગ વગેરેથી બુદ્ધિ-નિધાન બની શકે છે. એમ બાપમાં ક્ષમા ન હોય છતાં છોકરો એ કેળવી શકે છે. માત્ર મન ઉપર લેવું જોઇએ, સંકલ્પ કરવો જોઇએ કે ''ક્ષમા કેળવવા ખાસ યોગ્ય એવા આ વિશિષ્ટ માનવ-ભવમાં એ કેળવીને જવું છે. બીજાઓ તરફથી ભલે મને ગમે તેટલી અગવડ આવે, ભલે બીજાઓ મારા અપરાધી થાઓ, એમનાથી મને ભલે નુકસાન થાઓ, પરંતુ મારે ક્ષમા જ રાખવી છે. અનેકાનેક જીવન-પ્રસંગોમાં જો હું આ ક્ષમાનો જ અભ્યાસ રાખ્યા કરું, તો પછી તો મારો આત્મા, મારું મન ક્ષમાની ટેવવાળું, ક્ષમાના સ્વભાવવાળું થઇ જાય. એમ-

**ક્ષમાદિની જેમ પાપ-વિકલ્પ ટાળવા માટે પણ આર્યમાનવ જન્મ જ ખરેખરો યોગ્ય છે.**

તો ગમે તે પરિસ્થિતિમાં મન પર ચોકી રાખી મારે પાપવિકલ્પ-પાપવિચાર ટાળવા છે. એ માટે પાપવિકલ્પ ઊઠવા જાય ત્યાં ગમે તે શુભ વિકલ્પનો હું અભ્યાસ રાખીશ, કમમાં કમ ભગવાનનો કે ભગવાનની આજ્ઞાનો વિચાર ખડો કરીશ.'' આવા સંકલ્પનું બળ છે, એ કામ કરે છે. માટે કહેવાય છે સંકલ્પથી સિદ્ધિ થાય.

**પાપ વિચાર ટાળવા શુભ વિચારનો નમૂનોઃ**

દા.ત. સ્ત્રીનો વિચાર ઊઠવા થાય ત્યાં નજર સામે મહાવીર ભગવાન. દુષ્ટ શૂળપાણિયક્ષના મંદિરમાં યક્ષ તરફથી જાલિમ ઉપદ્રવો વરસી રહ્યા છે ! યક્ષ મોટા વિશાલ હાથી-સાપ વગેરેનાં રુપ કરી ત્રાસ આપી રહ્યો છે. પછી શરીરના એકેકે મર્મસ્થાનમાં ઘોર પીડા ઉપજાવે છે. આટલું બધું સહી લેવાને બદલે પહેલેથી કે વચમાંથી પ્રભુ મંદિરની બહાર જઇ શકતા હતા, પરંતુ ધરાર ન ગયા ! ત્યાં ને ત્યાં જ ઉભા છે. 'અરેરે ઉપસર્ગ ક્યાર પતશે ?' એટલો વિચાર પણ નથી લાવતા ! પ્રભુ પર એકેકો ઉપદ્રવ કેવા કેવા સ્વરુપનો, એમાં આપણે મન લગાડી વિચારવા જતાં પેલો સ્ત્રીનો વિચાર બંધ પડી જાય છે.

**(ક્રમશઃ)**



''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૭ • અંક-૨૨ • તા. ૧૦-૨-૭૯

ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા-''પ્રવચન મહોદધિ'' ભાગ-૩૧